# p]Sp] p]r]g]

ic}t]n]]tm]k in]b}D] s}g-h

l0K]k : Þæ̀rlk b]l. iß º ly]n]

---

## a n]ßm]

### jel0K] v]}c]v]0 h0y] t0n]] n]]m] p]r kl]lk kr0


1. kel]n]] s]0dy] D]]m]m]}
2. s]jn]n]l s]i&q]m]}
3. a N]D]]rl a ]Pt] q]N0
4. p]irisT]it]n]0 sv]lk]r
5. x] t]m]n0 ic}t]] a 0 s]t]]v0 C?e
6. «v]n] Ak kl]] Ce
7. iv]Ãv]]s]n]0 d0r t]qe Cety]]re...
8. sv]t}^]t]]
9. b0d rk]rln] p]irN]]m]
10. x] t]m]]r b]]Lk zrp]0k C?e
11. [ts]]h «v]n]n]0 s^]0t] Ce
12. v]&0n]l m]m]t]]
13. y]v]]v]S]
14. m]n]n]l m]Jv]N]
15. «v]n]m]} m]y]]d]n] m]h–v]
16. s}s]]rn]l m]hkt]l Pl]v]]zl
17. qlk] krv]l A x] m]]n]v]ln]0 sv]B]]v] C?e
18. y]v]]p0Zln]0 iv]k]s]
19. b]]Lkn]l ijç]]s]]v]i& kel rlt0 s}t]0S]x]0?
20. s}t]]n]0 p-ty0n]0 m]]-b]]p]n]0 a iB]g]m]
21. a ]y]n]]rl m]xkel]m]} a zg]
22. «v]n]m]} ty]]g]n] m]h–v]
23. v]&0] n] b]n]0 m]h]n] b]n]0
24. t]m0 b]l j]n0 kel n]]j rej a 0 C0?
25. l]gn]«v]n]n]l s]PLt]]
26. p-el]n] m]h–v]
27. p-ep}T] p]]v]kn]l jv]]L]
28. b]]Lkn]] «v]n]m]} D]]im]k ix]X]N]n] m]h–v]
29. hj m]]n]v]t]] m]rl p]rv]]rl n]T]l
30. vy]ikt]m]} v]]st]iv]kt]] kel]] p-m]]N]m]}?
31. sv]t}^]t]]
32. a ]p]N0 b]l j]n0 m]dd krlA ty]]re
33. m]0s]]Ln]l m]0G0rl m]m]t]]
34. k]g]z] v]cc0 b]l]b]l]
35. m]]n]l iv]d]y]
36. m]]r] b]]p]«

## લેખકનો પરિચય

જન્મ - ૨ જી ડિસેમ્બર, ૧૯૫૪માં અમદાવાદમાં થયો. બાલ્યાકાળમાં જ માતા જીવીબાનું અવસાન થતાં થોડો સમય ગામની સરકારી શાળામાં ત્યારબાદ આંકલાવ આર.સી.મિશન છાત્રાલયમાં રહીને પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું. માધ્યમિક શિક્ષણ વતન કોસિંન્દ્રા પિતા પાસે રહીને, બે કિલોમીટર દૂર પગપાળા ચાલીને આંકલાવ હાઈસ્કૂલમાં બીજા વર્ગમાં એસ.એસ.સી. પાસ કર્યું.

એસ.એસ.સી. થયા બાદ વતન કોસિન્દ્રાથી દૂર આવેલા ભાદરણ ગામે 'ભાદરણ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ' માં રોજ પાંચ-છ માઈલ ચાલીને બી.એ. નો અભ્યાસ ગુજરાતી તથા સંસ્કૃત વિષય સાથે પૂર્ણ કર્યો.

'શ્રી રતનશી પુરુષોત્તમ અનડા મહાવિદ્યાલય', બોરસદમાં મુખ્યવિષય ગુજરાતી તથા ગૌણ વિષય ઈતિહાસ સાથે બી.એડ્ કર્યું.

બી.એડ્ નું શિક્ષણ મેળવ્યા પછી આંકલાવ આર.સી.મિશન પ્રાથમિક શાળામાં જ શિક્ષક તરીકે તથા 'યાકુબ છાત્રાલય' માં ગૃહપતિ તરીકે બે વર્ષ સેવા બજાવી. બાદ થોડો સમય 'દૂત' કાર્યાલયમાં ફા. વર્ગીસ સાથે કાર્ય કર્યું. હંગામી કાર્યક્ષેત્ર હોવાને કારણે સંઘર્ષમય સ્થિતિમાં જયાં નોકરી મળી ત્યાં કાર્ય કર્યુ.

બાદ અમદાવાદની વટવા ખાતે આવેલી આશિષ વિદ્યાલયમાં માધ્યમિક વિભાગમાં સેવા બજાવી. બાલ્યાકાળમાં જ માતાની છત્રછાયા ગુમાવતાં પિતાની પ્રેમાળ સંભાળ નીચે સ્વબળે આગળ આવ્યા છે. નિખાલસ, પ્રેમાળ તથા ધાર્મિક સ્વભાવ વૃત્તિવાળા કવિ-લેખકનું જીવન ઝંઝાવાતો સામે ઝઝૂમીને સદા પુરુષાર્થમય રહ્યું છે.

કિશોરાવસ્થાથી જ લેખનનો શોખ હોવાથી કાવ્યો, લેખો, વાર્તાઓ લખે છે. જે 'સ્ત્રી', 'દૂત', 'પ્રખર', 'સહિયર', 'જનસત્તા', 'અભિષેક', 'ક્ષિતિજ', 'મનાંકન', 'ખ્રિસ્તીબંધુ', 'નયા માર્ગ', 'પથદર્શન', વગેરે સામયિકોમાં પ્રકાશિત થયેલાં છે.

પ્રકૃતિપ્રિય સ્વભાવ હોવાથી તેમની રચનાઓમાં તેનું પ્રતિબિંબ ઝીલાયેલું દર્શાઈ આવે છે. તો પ્રણય, મૈત્રી, પ્રભુશ્રદ્ધા અને અર્વાચિન સામાજિક દુર્દશા પણ તેમનાં ટેરવામાંથી શબ્દ સ્વરૂપે શબ્દસ્થ થઈ છે. કરૂણાનો સ્ત્રોત વહેતો અનુભવાય છે. માનવીય મૂલ્યોને સંસ્કારોના ચાહક છે.

## પુષ્પ પરાગ વિષે......

અવિરત વહેતા સમયને, આપણે ભલે સેકંડ, મિનિટ અને કલાકોના બંધનમાં બાંધી, ઘડિયાળમાં કેદ કરી દીધાની ભ્રમણામાં રચના હોઈએ. પણ એતો અનાદિકાળથી નિરંતર વહ્યે જાય છે ! ઈશ્વરનાં અદ્‌ભુત સર્જનોમાંનું 'સમય' પણ એક અદ્‌ભુત સર્જન છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન તો માનવીના ફળદ્રુપ ભેજાની નીપજ છે. જીવનને સુવ્યવસ્થિત કરવા માટે સમય સાથે કદમતાલ મિલાવવાની માનવીય કમાલ છે ! છતાં સમયને કોઈ બાંધી શક્યું નથી કે બાંધી શકવાનું નથી. વળી સૂરજ, ચંદ્ર, તારાઓ તથા નક્ષત્રોને ઊગ્યા - આથમ્યાનું પૃથ્વીવાસીઓને અનુભવાય છે. પણ હકીકતે તેવું નથી. આ વાત આધુનિક વિજ્ઞાને પુરવાર કર્યું છે. પૃથ્વી પોતાની ધરી ઉપર પરિભ્રમણ કરતી હોવાના કારણે જ આપણેને રાત-દિવસ થયાની અનુભૂતિ થાય છે. તો પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી હોવાના કારણે જ ઋતુઓ સર્જાય છે. આ પરિબળોના આધારે જ જીવ માત્રનું જીવન વ્યતિત થાય છે. આ ઈશ્વરી રાઝ છે. કાળની અસર આપણા સૌ ઉપર વરતાય છે.

આમ, વહ્યે જતા સમયની ગણતરી પ્રમાણે કહું તો મારા પ્રથમ કાવ્ય સંગ્રહ 'મારા નામના અક્ષરો' પછી ઘણો સમય વહીગયો. ત્યાર પછીનું મારું આ બીજું પુસ્તક છે. જેને આપ સૌના હસ્તકમલમાં અર્પું છું. આ નિબંધ સંગ્રહમાં મારી તમારી, આપણા સૌની વાત લઈને આવ્યો છું. હૃદયગુહામાંથી નીકળતો શબ્દ છે. જોયેલું, જાણેલું અને અનુભવેલું તથા કોઈ અગોચર હાથે મને આશીર્વાદીત કરીને લખવા પ્રેરેલું લેખન છે.

વાચકને કદાચ એમાં ક્ષતિઓ જણાય તો તે મારી પોતાની ક્ષતિઓ હશે, છતાં ક્ષીરનારની વૃત્તિ રાખીને જે સારું છે એ ગ્રહણ કરે એવી શુભભાવના રાખીને મેં હંમેશાં લખ્યું છે.

હું કિશોરાવસ્થામાં હતો ત્યારથી માંડીને આજ લગીનું લખાયેલ લેખન છે. હાઈસ્કૂલમાં ભણતો ત્યારથી જ મોટાભાગના લેખો 'સ્ત્રી' સાપ્તાહિકમાં છપાયેલા છે. પણ પુસ્તકરૂપે પ્રકાશિત કરવાના મારી કોઈ જ ત્રેવડ નહોતી. તો ઝાઝો સંપર્ક ન હોવાથી આ બાબતે જોઈતો સહકાર પણ મળ્યો નથી.

એક દિવસ બપોરના હું આરામ કરતો હતો ત્યારે અચાનક, મારી નાની પુત્રી પ્રિયંકા મારી પાસે આવી બોલી ઊઠી : 'ઊઠો ! જાગો અને ધ્યેય પ્રાપ્ત કરો, સૂઈ કેમ રહ્યા છો !?'

બસ, આટલી જ વાત ! પણ તેણે મને ઢંઢોળી નાખ્યો. મને હિંમત આપવા જાણે સ્વામી વિવેકાનંદ તેના મુખેથી પ્રગટ થયા ન હોય એવું મને લાગ્યું. અચાનક મને હાઈસ્કૂલમાં ભણેલું હીંદી કાવ્ય

" उठ बाग मुसाफिर भोर भई,<br>
अब रैन कहाँ जो सोवत है ?<br>
जो सोवत है, वह खोवत है,<br>
जो जागत है, वह पावत है । "

યાદ આવ્યું. જેણે આપની આગળ મને પ્રગટ થવાની હિંમત આપી.

આ પુસ્તકમાં મેં માનવમૂલ્યોની, જીવનમાં સુખ-દુઃખની, જીવનના આદર્શો, સંસ્કારો તથા જીવનને પડકારતાં પરિબળોનો સામનો કરી ઝઝુમવાની વાતો વણી લીધી છે. ક્યાંક પ્રેરણાનો પિયુષ પણ છલકાતો જોવા મળશે. કોને કેટલું ગ્રાહ્ય થશે એનો વાચક ઉપર આધાર છે.

આ અવસરે પ્રથમ પિતા પરમેશ્વરનો હું આભાર માનું છું. સાથે જાણીતા લેખક ફા. વર્ગીસ પોલ કેમ ભૂલાય? તેઓશ્રીએ મારી લેખનશક્તિને બળ પૂરું પાડ્યું છે. તો વળી મારી કિશોરાવસ્થામાં ધોરણ - ૯ માં અભ્યાસ સાથે મને સહાયક રહેલા મારા ગુરૂજન શ્રી ગુણવંતભાઈ પટેલ, કોલેજકાળમાં શિક્ષણ સાથે લેખનમાં પ્રેરણાબળ પૂરું પાડનાર પ્રોફેસર ડો. નવીનભાઈ ત્રિવેદી, પ્રો. મીસ કાનાવાલા, પ્રો. મુકુંદભાઈ પટેલ, પ્રો. ઈન્દ્રવદન ત્રિવેદી, બી.એડ કોલેજના આચાર્યશ્રી પુનમભાઈ પટેલ વગેરેનો હું આભારી છું.

મા સાહિત્યકાર મિત્રો બાસીલ મેકવાન, ડો. રમણભાઈ, કવિ યોસેફ મેકવાન, કવિ ફિલિપ કલાર્કનો પણ આભારી છું. કિશોરાવસ્થાથી જ ‘સ્ત્રી’ સાપ્તાહિકમાં મારા લેખો પ્રગટ કરીને મને પ્રેરણાબળ પૂરું પાડનાર સ્વ. લીલાબહેન પટેલ તથા ‘સંદેશ’ પરિવાર તથા ‘દૂત’ પરિવારનો આભાર માનું તેટલો ઓછો છે.

માત્ર, ફોનથી જ વાત કરીને આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપવા વિનંતી કરતાં જ ઉમળકાભેર મને આવકારી પુસ્તકની પ્રસ્તાવન લખી આપવા બદલ હું સાહિત્યકાર શ્રી જોસેફ મેકવાનનો હૃદયપૂર્વક આભાર માનું છું.

મારા નિબંધોને કોમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવા બદલ શ્રી સ્નેહલભાઈ તથા લીનાબહેન અને ઓફિસ સ્ટાફનો પણ આભાર માનું છું. આ પુસ્તકનું સારી રીતે પ્રુફરીડીંગ કરી આપવા બદલ શ્રી મણીભાઈ પ્રજાપતિનો આભાર માનું તેટલો ઓછો છે. મારા આ પુસ્તકની તમામ જવાબદારીઓ માથે લઈ એને ખૂબ સુંદર રીત પ્રકાશિત કરવા બદલ શ્રી યાકુબભાઈનો હૃદયપૂર્વક આભાર માનું છું.

અંતે, વાચકો, ભાવકોને મારા આ પુસ્તક ‘પુષ્પ પરાગ’ ને આવકારી તેમના પ્રતિભાવો પત્ર દ્વારા મને પાઠવશે તો મને જરૂરથી ગમશે.

- ફ્રેડરિક બી. ક્રિશ્ચીયન

૮, સરિતા પાર્ક
વટવા - વિંઝોલ રેલ્વે ક્રોસિંગ રોડ,
ઊર્મિજીવન સોસાયટી પાસે,
વટવા,
અમદાવાદ - ૩૮૨ ૪૪૫.

## ફ્રેડરિકભાઈ - એક સંવેદનશીલ સર્જક

હિન્દી કવિ અને લેખક શ્રી મહાદેવી વર્માએ એકવાર કહ્યું હતું કે, “ મારે માટે તો મનુષ્ય જ એક સજીવ કવિતા છે. કવિની કૃતિ તો આ સજીવ કવિતાનું માત્ર શબ્દચિત્ર છે, જેમાં માનવીના વ્યક્તિત્વ અને સંસારની એકતાનું આલેખન જોવા મળે છે.”

હું મારા મિત્ર શ્રી ફ્રેડરિક ક્રિશ્ચીયન અને લેખો વાંચું છું ત્યારે મને મહાદેવીજીની પ્રસ્તુત વાત યાદ આવે. કારણ, ફ્રેડરિકભાઈનાં કાવ્યો અને લેખો વાંચુ છું ત્યારે મને મહાદેવીજીની પ્રસ્તુત વાત યાવ આવે. કારણ, ફ્રેડરિકભાઈનાં કાવ્યો હોય કે અન્ય પ્રકારનાં લલિત નિબંધ કે વાર્તા જેવાં લખાણો હોય એમાં લેખક - કવિનું પ્રતિબિંબ ઝીલાયું છે.

એટલે મારે ફ્રેડરિકભાઈનો વિશેષ પરિચય આપવાની જરૂર નથી. એમનાં લખાણો જ એમનો સર્વશ્રેષ્ઠ પરિચય આપી શકે છે. હું ફ્રેડરિકભાઈ વિશેની કેટલીક બાબતો નોંધું છું. પરંતુ એમના આત્માની ઓળખ એમનાં લખાણો વાંચીનને મેળવવી રહી.

એક સિદ્ધહસ્ત કવિ તરીકેની ફ્રેડરિકભાઈની સ્વ-ઓળખ એમણે પોતાના પ્રથમ કાવ્યસંગ્રહ “એમની રચનાઓમાં કેટલીક પંક્તિઓની અભિવ્યક્તિમાં ઘણે સ્થાને તાજપનો અનુભવ થાય છે. જીવનની તાવણીમાં એમણે કવિતાનો જે કલરવ સાંભળ્યો છે એના આનંદને પ્રકૃતિનાં વિવિધ રૂપોમાં એમણે મૂર્ત કર્યો છે. પ્રકૃતિ એ રીતે એમને માટે સમાશ્રાયક છે. આશા તેમ શ્રદ્ધાનું પ્રેરક સ્થાન છે અને કાવ્ય રચનાનું ઉલ્લાસભર્યું સૌદર્ય સ્થાનજ પણ છે. એટલે જ તેઓ ગાઈ શકે છે : ‘ગગન ઝૂક્યું ડાળ થઈ બારીએ’ ”

હવે, ફ્રેડરિકભાઈ પોતાનો પ્રથમ નિબંધ સંગ્રહ લઈ આવે છે. એમના કાવ્ય સંગ્રહની જેમ નિબંધ સંગ્રહને પણ આવકારવામાં મને અનહદ આનંદ છે.

દૈનિક જીવનના અનુભવોમાંથી ચોટદાર દાખલાઓ લઈને ઉદાત્ત વિચારોને સાદી અને સરળ ભાષામાં રજૂ કરીને પોતાની વાતને નાનામોટા સૌ વાચકોને સમજાવવાની ફ્રેડરિકની શક્તિ એમના એકેક નિબંધોમાં જોઈ શકાય છે. એમાં એમની શબ્દભંડોળનો વૈભવ, તેમની ભાષા શક્તિ તથા તેમનો પ્રકૃતિ-પ્રેમ વિશેષ નોંધી શકાય છે.

બાલ્યાકાળમાં જ માતૃશ્રીની છત્રછાયા ખોઈ બેઠેલા ફ્રેડરિકભાઈને પિતાશ્રીનો અનહદ પ્રેમ મળ્યો છે ખરો. છતાં ગરીબાઈ અને જીવનના ઘણા અભાવો વચ્ચે હિંમત હાર્યા વિના સંઘર્ષ કરીને સ્વમહેનતે ફ્રેડરિકભાઈ આંતર સૂઝબૂઝથી આગળ આવ્યા છે. એમાં અમેની ધર્મપત્ની માર્ગારિટબહેન જેવા સુશીલ અને કાર્યક્ષમ જીવનસાથીની ઓથ એમને મળી છે.

ફ્રેડરિકભાઈ વિવિધક્ષેત્રે નોકરી કર્યા પછી છેલ્લે અમદાવાદના વટવા ખાતે ‘આશિષ વિદ્યાલય’ ના માધ્યમિક વિભાગમાં શિક્ષણની સેવા કરીને નિવૃત્ત થયાં છે. હું આશા રાખું છું કે ફ્રેડરિકભાઈ અત્યારસુધી ‘હોબી’ તરીકે પોષેલા વાચન અને વિવિધ પ્રકારના સાહિત્યિક લખાણને હવે વધુ ન્યાય આપી શકશે.

મને શ્રદ્ધા છે કે વાચન અને કાવ્ય, વાર્તા અને નિબંધ જેવા વિવિધ પ્રકારના સાહિત્ય-સ્વરૂપોના ખેડાણ દ્વારા ફ્રેડરિકભાઈ આપણને વૈચારિક આગેવાની પૂરી પાડશે. ફ્રેડરિકભાઈનું આ નવું પુસ્તક સૌને પ્રેરણાદાયી અને ઉપયોગી નીવડશે એવી મારી આશા અને પ્રાર્થના.

- ફાધર વર્ગીસ પોલ, એસ.જે.


સી.આઈ.એસ.એસ.
અમીબેલા બિલ્ડીંગ
સન્માન હોટલ પાસે
અમદાવાદ - ૩૮૦ ૦૧૪
ફોન : (૦૭૯) ૨૭૫૪૨૯૨૨
મુલાકાત :ુ.દ્દૅઠ્ઠેન્નંજદ્ધ.ઁન્નિ

# ૧. કેરલના સૌદર્ય ધામમાં

મેં કેરલમાં પગ મૂક્યો ને મારા શ્વાસમાં જાણે ફૂલો ઊગી નીકળ્યાનું મહેસુસ થયું. આંખમાં છવાઈ જતી લીલીછમ હરીયાળી મારામાં નવિન ચેતનાનો સંચાર ભરી દેતી હતી. અરબ સાગરનાં ઉછળતાં મોજાં સંગાથે મારી ભીની લાગણીનો ઉછાળ પણ કંઈ ઓછી નહોતો. ડુંગરાળ ધરાનો લીલોછમ ધબકાર મારા હૃદયના પ્રત્યેક ધબકાર સાથે એકત્વ પામી ચૂક્યો હતો. અમદાવાદની આગ ઝરતી લૂ માથેથી હું સામાન્ય ગરમીના પ્રદેશમાં વિચરી રહ્યો હતો. ચમકતી વીજળીને વરસતો વરસાદ જાણે મારું સ્વાગત કરતાં હોય એવી અનુભૂતિ થતી હતી.

હજી તો મારાં પગલાંની પૂરી છાપ હું અહીંની ભોમકામાં ઉપસાવી શક્યો નથી ત્યાંજ આભમાં ચમક-દમક થતી વીજળી જાણે કથકલી નૃત્ય કરી રહી હોય તેમ તેના તેજસ્વી રૂપથી મારી આંખમાં અંજાઈ જતી હતી. ભયંકર મેઘગર્જના તો જાણે આભમાં દ્વન્ધ યુદ્ધ કરતા હાથીઓ ગરજી રહ્યા હોય તેવી અનુભૂતિ થતી હતી. નશામાં ડોલતા ને છકી ગયેલા માણસની જેમ નાળિયેરી, સોપારી, રબર, અનાનસ, જાયફળ જેવાં વિવિધ વૃક્ષોની સાથે કેળ તથા આમ્રવૃક્ષો વિંઝાતા વાયરામાં ડોલી રહ્યા હતાં. જાણે વૃક્ષોનેય વરસાદી વાયરાનો કેફ ન ચડ્યો હોય ?! ને હું ય આ રમણીય ને આહ્લાદક પ્રાકૃતિક સૌદર્ય નજરથી પીતો કો અલૌકિક આનંદની અનુભૂતિ માણી રહ્યો હતો. ઘર, શહેર ને સ્વજનોથી જોજો માઈલ છેટે હતો તો બીજી તરફ આ અજાણ્યા કેરલ પ્રદેશનાં તમામ કુદરતી તત્ત્વો સાથે એકમેક બની ગયો હતો.

હરીયાળા ડુંગરા નેધરતીની લીલી લીલી વનરાજિ મને તેની સાથે મને રોજ રમવા હાંક દેતી હતી. ધરતી મારા વિશાળ દેશનું એક અભિન્ન અંગ જ હતું ને ? જેનાં ચરણ રાત-દિવસ અરબ સમુદ્ર પખાળતો હતો. પ્રકૃત્તિ અહીં પૂરજોશમાં ખીલી હતી. તમતમતા સ્વાદમાં સૌને રસાળવા મરીના વેલાઓ વૃક્ષોને વીંટળાઈને વ્હાલ કરતા હતા. તો ક્યાંક મ્હેંકથી મઘમઘતા ઈલાયચીના વેલા ક્યાં પાછીપાની કરે તેવા હતા ?! આ બધાનો સ્પર્શ મને રોમાંચિત કરતો હતો. તન મન નિજાનંદમાં ઓળઘોળ હતું.

કુદરતની ભવ્યતા મને ભગવાનની યાદ અપાવતી ભાવવિભોર કરતી હતી. સુંદર મજાનાં વૈવિધ્ય સભર તાજગી દેતાં વૃક્ષો જાણે મને સંદેશ આપતાં હતાં કે ‘જીવનમાં મારી જેમ અડગ, અચલ રહી સતત પ્રગતિ કરતાં રહેવું તેમજ પોતીકા જીવન થકી અન્યને તેનો લાભ આપતા રહેવું. પરોપકારિતાનો ગુણ ખીલવી જાતે ઘસાઈને બીજાને ઉપકારક થવું અને તેમાં જ જીવનની ખરી સાર્થક્તા છે.’ સાચે જ આપણા જીવનમાં જન્મથી લઈને મરણ પર્યત વૃક્ષો સૌને અતિ ઉપયોગી બની રહ્યાં છે. અમર્લ્ય વૃક્ષ્ થકી મનુષ્ય, પશુ-પંખીઓને જીવનભર અમૂલ્ય લાભ થાય છે. વરસાદ એને આભારી છે. પર્યાવરણ માટે પ્રાણ સમાન છે.

આજે આધુનિક તેમજ ઔદ્યોગિકકરણના યુગમાં પર્યાવરણ નામશેષ થતું જાય છે ત્યારે આપણા સૌના હિત ખાતર વૃક્ષોનો ટકાવી રાખવું તેમજ તેનું જતન કરવું આપણી નૈતિક ફરજ બની જાય છે.

સ્વ. પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી પ્રેરિત સ્વાધ્યાય પરિવારને તેઓશ્રીએ એક સૂત્ર આપેલું કે : “છોડમાં રણછોડ” આ સૂત્રને મંત્ર સમું ગણી લઈ ઘણી વેરાન ભૂમિમાં વૃક્ષો વાવીને હરીયાળીથી હરીભરી ભૂમિમાં પલટાવી દીધેલ છે. મારું વ્યક્તિગત માનવું છે કે દરેક મનુષ્યે પોતાના જીવનમાં એકાદ વૃક્ષ તો વાવીને ઉછેરવું જોઈએ. ધરતી પ્રત્યેનું આપણું એટલું ઋણ અદા કરવું જોઈએ. ધરતીને કરેલું આપણું એ તર્પણ છે.

આમતો મારે ગોવા ખાતેના ઈન્ડિયન કેથોલિક પ્રેસ એસોસિએશનના સેમિનારમાં જવાનું થયું હતુ. પરંતુ ત્યારબાદ ગુજરાત ક્રિશ્ચીયન પ્રેસ કાઉન્સિલ (જી.સી.પી.એ) ના ડાયરેક્ટર ફાધર વર્ગીસ પૉલ સાથે તેમના માદરે વતન કેરાલા જવાનો અવસર સાંપડી ગયા હતો. ગોવા ખાતે કેટલાક મિત્રો અગાઉ ગયેલા. પરંતુ અમે કારણોવસાત બે દિવસ બાદ ગયેલા. પૂર્ણાહુતિના છેલ્લા દિવસે સંસ્થા તરફથી ગોવાના ગર્વનરશ્રી તથા ફિલ્મ ડાયરેક્ટર મહેશભટ્ટ સાથે તેઓશ્રીની પૂત્રી જાણીતી ફિલ્મ અભિનેત્રી પૂજા ભટ્ટને નિમંત્રણ આપેલું હતું. પછી સમાપન થયેલું આ દિવસો દરમ્યાન કેથલિક પત્રકારત્વ બાબતે વક્તાઓ દ્વારા આ બાબતે વિશદ છણાવટ આપતું વક્તવ્ય, ચર્ચાઓ, બેંકકોંગ ખાતે થાઈલેન્ડમાં ભરાયેલ અધિવેશન દર્શાવતું ટ્રેલર શો ઈત્યાદિ બાબતો આવરી લેવાઈ હતી. આ સમયે થોડો અવકાશ મળતાં સંત ફ્રાન્સિસ ઝેવિયરના પાર્થિવ દેહનાં દર્શન કરવાનો અમૂલ્ય લ્હાવો પણ લીધો હતો. છેલ્લા દિવસે બીચ ઉપર જઈને ન્હાવા-જમવાનો પોગ્રામ હતો. પરંતુ એ દિવસે રાત્રિના અમારે કેરાલા જવાનું હતું તેથી જ થઈ શકાયું.

આતિથ્ય કોને કહેવાય એનો સાચા અર્થમાં મેં વિન્સેન્ટભાઈ તથા તેમના પરિવાર તથા ફાધર વર્ગીસનાં માતૃશ્રી અન્નાકુટ્ટી દ્વારા ભારોભાર અનુભવ કર્યો. જે જિંદગીનો એક અમૂલ્ય લ્હાવો હતો. એથી વિશેષ તેમનાં બુને પક્ષનાં સાધુ-સાધ્વી થયેલ વ્યક્તિઓની સંગત મળી એ પણ આનંદદાયક સ્મૃતિ બની રહી. માત્ર મૂંઝવણ હતી ભાષાની છતાંય આત્મિયતાની અનુભૂતિ થતી હતી.

હું કવિ જીવ હોવાથી આ રમ્ય માહોલમાં સારી એવી કાવ્ય રચનાઓ લખી શક્યો જેનો પ્રેરણા પીયુશ અહીંની ખુશખુશાલ પ્રકૃતિએ પૂરો પાડ્યો. વળી પ્રવાસનો શોખીન હોવાની નાવિન્ય સભર કુદરતના ખોળે હોંશથી રમવાનો-ભમવાનો અદકેરો આનંદ મળ્યો.

## ૨. સર્જનની સૃષ્ટિમાં

એક સવારે હું માત્ર નિશાળે પહેરવાની ખાખી ચડ્ડી પહેરી ઉઘાડા ડિલે, ફળિયામાં આવેલ, રસ્તા પરના મકાનની ઓટલીની કુંભીને અઢેલીને વાચન કરતો હતો. હાઈસ્કૂલમાં જવાને હજી વાર હતી. ત્યારે અમારા ગામાં હાઈસ્કૂલ નહોતી. પાસેના બે કિલોમીટર દૂર આવેલા ગામની હાઈસ્કૂલમાં સૌ ભણવા જતાં. સૌ સાથે પગપાળા ચાલીને ભણવા જતો.

ફળિયામાં નીરવ શાંતિ હતી. ફળીનાં લોકો પોતાના કે બીજાના ખેતરમાં કામ કરવા ચાલ્યા ગયાં હતાં. માત્ર નિશાળે ભણવા જતાં નાનાં બાળકોનો રમવાનો થોડોઘણ કોલાહલ અથવા તો બંધ ઘરના બારણે પરસાળમાં બાંધેલ ગમાણમાં કોઈ ભેંસ આરડયા કરે તેનો અવાજ સંભળાય. આવા

વાતારવણમાં હું મગ્ન બનીને સ્ત્રી સાપ્તાહિક વાંચતો હતો. આનંદનો પારન હતો કારણકે જે અંકનું હું વાંચન કરતો હતો તેમાં મારો લેખ છપાયો હતો. આમ તો હું કાવ્યો લખતો તે મોકલું તો તેમાં છપાતાં હતાં. પણ આજે તો મેં લખેલો એક લેખ  પ્રકાશિત થયો હતો. લેખ કોની પ્રેરણાથી લખાયો, તે ક્યારે લખાયો તે યાદ નહીં પણ વાસ્તવિક્તા એ હતી કે તે છપાયો હતો.

આવા, શાંત સમયમાં એકાગ્રતાથી મારું જ લખાણ આનંદવિભોર થઈ હું વાંચતો હતો ત્યાં એક આધેડ વયના ભાઈ આવી ચડ્યા. સાપ્તાહિક ઉપર છપાયેલ સ્ત્રીનું ચિત્ર જોઈ મને ઉદ્દેશીને બોલી ઉઠ્યા 'ફ્રેડરિક ભાઈ શું વાંચો છો ?' મેં સલુકાઈથી મારો આનંદ અભિવ્યક્ત કરતાં કહ્યું : 'જુઓ, અમારં મારું લખાણ છપાયું છે. પછી મારું નામ છપાયેલું તે પણ બતાવ્યું. છતાં કોણ જાણે કેમ મને એક ગરીબ ઘરનો, નમાયો છોકરો સમજી બોલી ઊઠ્યા 'ભલે,પણ સ્ત્રીઓ માટેનું આ પેપર તમારાથી વંચાય જ નહીં નહીં. તરત જ મેં કહ્યું 'જુઓ, સ્ત્રીઓ માટેનું ભલે આ સાપ્તાહિક હોય, છતાં ય મારો લેખ છપાયો છે. એ મારું ગૌરવ છે. તેનો મને હર્ષ છે.'

મારો જવાબ જાણે તેમને ખૂંચ્યો હોય તેમ તેમના સ્વભાવ પ્રમાણે મારી ઉપર તેમનો પ્રભાવ છાંટતાં પેલી કહેવત પ્રમાણે 'મીયાં પડે તોય પોતાની તંગડી ઉંચીને ઉંચી રાખે' ને સાર્થક કરતાં બોલ્યા 'પણ, પેપર તો સ્ત્રીઓ માટેનું જ છે ને ?!' અને એમ પોતાનો એક્ડો ઘૂંટીને ચાલતા થયા. આમ તો તેઓ પાસે એડવા લાયક ઘણી જમીન, સાથે સાથે રાજકારણી માણસ તેથી પાંચમાં પૂછાતા. હું ઘણીવાર રજા હોય ત્યારે કે ભણવાનો દિવસ ભાંગીને તેમના ખેતરમાં મજુરીએ જતો. વળી ગામાં કોઈ વસ્તુ લેવા જાઉં તો વચમાં આવતા તેમના ઘેર છાપું પણ વાંચી લઉં. જો મારું કાવ્ય કે લેખ પૂર્તિમાં છપાયં હોય તો છાપાવાળા પાસે બીજા દિવસે તે મંગાવી લઉં છું. ને સાચવી રાખું. હજી પણ ારી પાસે એ જૂના અંકો સંગ્રહાયેલા છે.

બીજો પ્રસંગ પણ કૈંક આવા પ્રકારનો લેખી શકાય. મારે ગોવા ખાતે પત્રકારોના અધિવેશનમાં જવા માટેનું ટાણું મળતાં જવાનું થયું. ભારતના વિવિધ પ્રાંત-રાજયોમાંથી ખમતીધર પત્રકારો, લેખકો આવેલા. આ સમયે ગુજરાતમાંથી આવેલા મિત્રોમાંના મારા તરુણા અવસ્થાના સમયના એક મિત્ર સાથે વાતો કરતો હતો. વાતોમાં એ સવાલ પૂછી બેઠો : 'ફ્રેડરિક, તું હમણાં શું કરે છે.? મેં જવાબમાં મારી સ્થિતિની નિખાલસતાથી જાણ કરી. ત્યારે તેણે પૂછેલા જવાબમાં કહ્યું 'મોટેભાગે તો વાચન, લેખન ને મનગમતી પ્રવૃત્તિ કરું છું.' જવાબ સાંભળી મિત્ર કહે 'કંઈક નક્કર પ્રવૃત્તિ કર, પૂસા કમા.' તું ટ્યુશન -બ્યુશન નથી કરતો ?'

મેં નકારમાં નન્નો ભણ્યો ત્યારે મિત્રે જવાબ દીધો. 'આ કવિતત્બવીતા લખવાનું છોડી દે ને પૈસા મળે એવું કર. કવિતા લખવાથી તને આર્થિક લાભ મળે છે ?' વાત તેની કંઈ ખોટી નહોતી. પણ તેણે જે કુદરતબક્ષી લેખનશક્તિ મને મળી છે તેને દાબી દેવાની વાત પસંદ ન પડી. તેથી પ્રત્યુત્તર વાળતાં બોલ્યો. 'યાર, કવિતા તો નાપણથી મારા લોહીમાં વણાઈ ગયેલી છે, તેને કેમ કરી તરછોડી શકાય ? તેનાથી મને નિર્દોષનીજી આનંદ મળે છે. જીવન બોઝીલ બનવાને બદલે હળવુફુલ બને છે.' તો મિત્ર કહે :  'આજે કવિતાને કોણ વાંચે છે ? છાપે પણ કોણ ?' છાપે તો પૈસા કોણ આપે છે ? નાહકનો

મોકલવા માટે ખર્ચ કરવો પડે છે. સામયિકો ને સંસ્થાઓમાં ય હવે તો જૂથબંધી ને વગવસીલાવાળું માળખું જોવા મળે છે. !'

મેં ઉત્તર આપ્યો 'દોસ્ત, તારી વાત સાચી છે. એનો ભારોભાર અનુભવ મને છે. ભલે, આના કેટલાક અપવાદ બાદ કરતાં મોટેભાગે તું કહે તેમ હોય પણ જયાં છપાય છે તેને ય હું મારું અહોભાગ્ય માનું છું. કોઈક તો છે જેમના દ્વારા મનેઅને બીજાઓને લાભ થાય છે. હું નાનકડો દીવડો બનીને ટમટમીસ તોય ઘણું છે. વળી લખવું એ મારો લોહીનો ગુણ છે. ખોટનો ધંધો છે પણ બીજાને તો આનંદ મળે છે ને ? ને મને નિજનંદ ! જો કે તે પણ લખે છે. તેનું ય છપાય છે ને હું વાંચુ છું.

આ લખું છું તે વિચારું છું, વિચારું છું ને લખું છું ત્યારે મારા મનમાં સવાલ જરૂર ઊગી નીકળે છે કે આજના ટી.વી., ફિલ્મ ઈત્યાદી દ્વારા મેળવાનો આનંદ યા ગામગપાટામાં જ સમય વેડફનારા કે ક્રિકટમાં જ મોટાભાગે સમય વિતાવતા લોકો જોવા મળશે. પણ સારું વાચન માટે સમયનો ભોગ આપનારા કેટલા ? માત્ર થોડાક. તેમાંય ભણતા વિદ્યાર્થીઓને જો પોતાનું પાઠ્યપુસ્તક વાંચવુ ગમતું ન હોય તો બીજાં સાહિત્યીક કે ધાર્મિક કે જીવન દર્શન કરાવતાં પુસ્તકો ક્યાંથી વાંચે. મારા શિક્ષક તરીકેના અનુભવ મુજબ આજના શિક્ષકો જ વાચનની રસ-રુચિ વગરના હોય ત્યાં અન્યની શી વાત કરવી?

સામાન્ય ગણાતા માણસોના કે ભણતા વિદ્યાર્થીઓના હાથમાં ખર્ચાળ મોબાઈલ જોવા મળશે. મા-બાપના પૈસે, જયાં ત્યાં વિના કારણ દ્વિચક્રી વાહનોમાં પૈસાનો ધુમાડો કરતા નજર આવશે. મા-બાપની છાતી પણ એ જોઈને ગજ ગજ ફૂલતી હશે. વટ પડવાનો સવાલ છે ત્યાં પુસ્તકનો સામું કોણ જુએ ? આ છે આજના જમાનાની તાસીર ! જયાં ત્યાં લાગેલી હોડમાં વાચન ખાળે પડ્યું છે. જે વાંચે છે તે બહુ થોડા છે. એટલે તો કેટલાંક સારાં, સામયિકોનો મૃત્યુઘંટ વાગી ચૂક્યો છે. છે તેને શ્વાચ્છોશ્વાસ આપીને જીવંત રખાય છે ! પુસ્તકોની વાત કરીએ તો પુસ્તકો એટલાં મોંઘા હોય છે કે વાંચવાની ઈચ્છા ધરાવનાર ખરીદી કરી શક્તા નથી. વળી જે લખે છે તેમનું ય પ્રકાશકો દ્વારા શોષણ થતું રહે છે. ક્યારેક લેખકોને પોતાના સ્વખર્ચે પુસ્તક પ્રગટ કરવું પડે છે. તો તેના વેચાણનો સવાલ ઉભો રહે છે.

વાચનના અભાવે, સમાજમાં બદતર સ્થિતિ જોવા મળે છે. આજના માણસોમાં ધાર્મિકતા જોવા મળે છે પણ સંસ્કાર કે સદાચાર નથી દેખાતાં. માત્ર બાહ્યાચરણ જ છે. ધર્મની ઉંડાઈ કે નીતિમત્તાનાં ખાસ દર્શન નથી થતાં. ધાર્મિક હોવું એ સારી વાત છે. પણ નીતિમત્તા સિવાયની ધાર્મિકતાનો કોઈ અર્થ નથી. આજે માણસ માણસને છેતરવામાં પાવરધો થઈ ગયો છે. મંદિરો ઉભરાય છે. કથાકારોની કથામાં ભીડ જામે છે. ધાર્મિક વાર-તહેવારો રંગેચંગે ઉજવાય છે પણ મોકો મળતાં માણસાઈને નેવે મૂકી દે છે. કોમી રમખાણો આ માટેનાં જવલંત ઉદાહરણો છે.

ક્યારેક માણસની ધાર્મિકતા પંચતંત્રની પેલા વાઘની વાર્તા જેવી સાબિત થાય છે. શિકાર ન કરી શક્તો વૃધ્ધ વાઘ ગામમાં મોટી માળમ પહેરી, પ્રભુનામ સ્મરણ કરતો સરવર કાંઠે બેસી રહે છે ને પોતે ભક્ત હોવાનો ઢોંગ રચે છે. તરસ્યાં એકલ દોકલ પાણી પીવા આવતાં પ્રાણીનો શિકાર કરી તેનાં

અસ્થિને વગે કરી દે છે. સારું વાચન તો સંસ્કારોનું ઘડતર કરે છે. આપણને શુધ બુધને પ્રેરણા આપે છે. જીવનમાં આવતી આપત્તિઓ સામે ટકી રહેવા બળ અને સામર્થ્ય પૂરાં પાડે છે. અવરોધો વચ્ચે પણ વહેતી નદી સમું આપણા જીવનને વહેતું રાખે છે. માણસાઈનું નક્કર ઘડતર કરે છે તમને પોતાને સમજવા માટે સમર્થન પૂરું પાડે છે.

હું મારી વાત કરું તો અભ્યાસ સિવાયનાં વિવિધ પ્રકારનાં સારાં 'પુસ્તકોના વાચનથી મારું જીવન ઘડાયું છે.' પુસ્તકો મારાં ઉત્તમ મિત્રો બની રહ્યાં છે. પુસ્તકો થકી જ કપરા કાળમાં ય મને લેખન માટે હિંમત ને ધગશ મળી રહ્યાં છે. નિરાશ થયો છું ત્યારે આશા જન્માવી છે. ભૂલો વચ્ચે ભૂલો પડી જાઉં તો મને ભાન કરાવ્યું છે. પર્વતોની ખડકાળ ગલીકૂંચીમાં પણ પસાર થતી. અખંડ ગંગાની ધવલતા સમી શૂચિતા અર્પી છે.

## ૩. અણધારી આફત ટાણે

જિંદગીમાં આવેલી અણધારી પરિસ્થિતિનો ખુમારીભેર સામનો કરવો એ વીરતા છે. અચાનક આવીને જિંદગીના દ્વારા ખખડાવતી કેટલીક ઘડીઓ તો પ્રત્યેક માનવજીવનમાં સ્વાભાવિક હોય છે. હા, એની માત્રા સમય-સંજોગ પ્રમાણે ઓછી-વધતી હોઈ શકે છે. પરંતુ તમે તેનો સામનો કેવી રીતે કરો છો તે મહત્વની બાબત બની રહે છે.

માનવજીવન ઈતિહાસ આ બાતે ચોક્કસ ગવાહી પૂરે છે. જુઓ હેલનકેલર ! પ્રારંભના તેનાં બાલ્યાવસ્થાનાં વર્ષો પ્રત્યેક બાલિકાની જેમ સરલ હતા. સંપુર્ણ તંદુરસ્તીની હસ્તી ધરાવનાર એ બાલિકા અચાનક તાવમાં પટકાઇ ગઇ. જે જીવલેણ બનતી અટકી ગઇ તો ખરી, પણ હેલનની ખાનાખરાબી કરતી ગઈ. પાનખરની થપાટથી પર્ણવિહીન કોઈ વૃક્ષને તમે જોયું છે ? જાણે એ ફરી કદી નવપલ્લવિત નહીં બની શકે એવું જોનારને પ્રથમ દૃષ્ટિએ લાગે છે. માત્ર ડાળી-ડાળીઓથી જ સંલગ્ન એ વૃક્ષ એની મૂળ ગરિમા ગુમાવી દે છે. દેખાવમાં બેડોળ-કદરૂપું લાગે છે. બસ, આજ સ્થિતિ હેલનકેલરની બિમારીની પાનખરે કરીમૂકી. તે સંપુર્ણ બધિર, અંધ બની ચૂકી. છોકરીની જાત, તેમાંય ન જોઈ શકે ન સાંભળી શકે ! મા-બાપ માટે એ સમસ્યારૂપ થઈ પડી. તેમની ચિંતાનો વિષય બની ગઈ. પરંતુ અચાનક આવી પડેલી આફતથી ડરી ન જતાં તેના મા-બાપે ધીરજ ધરી. જેટલો થઈ શકે એટલો ઉત્કર્ષ કરવા કમર કસી. જાણે મરણિયો પ્રયાસ ! સફળતા તો કુદરતને આભારી હતી. જે કુદરતે ક્રુરતાનો જોરદાર તમાચો મારી તેમની હાંસી ઉડાવી હતી !

તેઓ તક મળી તેનો જ મદાર ન રાખતાં અન્ય તકને ધીરજથી પ્રયાસપૂર્વક શોધતાં રહ્યાં. જેમાં તેમને સફળતા મળી. તેમણે હેલનકેલર માટે એક શિક્ષિકા રોકેલી તેય એવી શક્તિસ્વરૂપ જેણે ખંત તથા પ્રયાસથી હેલનનો ઉત્કર્ષ કરવામાં ભારોભાર જહેમત ઉઠાવી.

આ બધું તો હતું પરંતુ હેલન ? એક બધિર-અંધ તથા દુનિયાની બિલકુલ અજ્ઞાન બાલિકા ! શરૂ શરૂમાં અક્ષરજ્ઞાન તથા દુન્યવીજ્ઞાન મેળવવામાં કુદરતે ઉદારતાથી બક્ષેલી બાધા - અડચણો તેની આડે આવતી હતી. પ્રત્યેક પગલે એ ત્રાસદાયક બની રહેતી છતાં એક ઘડી એવી આવી પહોંચી

જેમાં હેલનકેલર વિજયી નીવડી.આજે તેનું નામ ઈતિહાસમાં ખ્યાતિ તો ધરાવે છે છતાં એટલું જ ગૌરવ અને માન પણ પામે છે.

કેટલીક પરિસ્થિતિઓ એવી હોય છે કે જેનો સ્વીકાર સખેદ કરવો જ પડે છે, કેમકે માનવશક્તિઓની લાચારી-મર્યાદાઓ ત્યાં આડે આવીને ઊભી જ રહે છે. એને વેઠ્યા વિના બીજો કોઈ આરો રહેતો નથી. આમ પરિસ્થિતિનો સ્વીકાર એ સ્વાભાવિક બાબત સર્વ કોઈ માટે બની જાય છે, આમ અણધારી આવેલી આફતોનો સ્વીકાર એ એક વાત વછે. પરંતુ તેનોસ્વીકાર કર્યા પછી સ્વપ્રયત્ને તેમાંથી હળવાસ મેળવવા પ્રયાસ કરવો એ બીજી બાબત છે. તેમાંથી કેટલો ઉગારો થાય છે, કેટલી સફળતા સાંપડી રહે છે તેનો મદાર સમય-સંજોગ પર આધારિત રહે છે. દુર્વાસા મુનિનો શ્રાપ જેટલો સહજ છે તેટલું તેનું નિવારણ પણ સહજ છે. ક્રોધિત દુર્વાસા તેમનુ અપમાન થતાં જ શ્રાપ વરસાવી દેતા, પરંતુ તેમાંથી કેવી રીતે મુક્ત થવાય તેનોય રસ્તો બતાવી દેતા. કુદરત પણ ક્યારેક આવી જ રમત માનવજીવન સાથે ખેલે છે. શ્રાપ અને આશીર્વાદ ને સાથે રહે છે. જો તેમ ન થાય તો જીવના રસાતાળ થઈ જાય છે.

કેટલાંક આવાં રસાતાળ જીવન આપણને નજરે જોવા મળે છે. જે આપણી વચ્ચે જ હયાતથાી ધરાવતાં હોય છે. ગીતામાં કહેવાયું છે કે : “કર્મણ્યે વાધિકારસ્તથાી મા ફલેષું કદાચન !” જેમાં કર્મ કરતા રહેવા માટે અનુરદઘ કરાયો છે. અર્થાત તું કર્મ કર્યે જા કર્મ મુજબ ફળ સાંપડશે જ. પરંતુ કર્મ કરવા છતાં કર્મ મુજબ ફળ ન પામતાં વિપરિત ફળ પામ્યાનો વસવસો ધરાવતી હસ્તી આપણી મધ્યે જ છે. આ બધું કુદરતની કરામત-ખેલ તરીકે ઓળખાય છે. આમ ક્યારેક પ્રયત્નો- કર્મ કરવા છતાં ધાર્યું ફળ નથી સાંપડતું એ દુર્દૈવ નહિ તો બીજું શું હોઈ શકે ?

ભલે ઉપર જણાવ્યું તેમ ધારી સફળતા ન સાંપડે છતાં પરિસ્થિતિને તદ્દન વશ થઈને બેસી રહેવામાં પણ ડહાપણ નથી. ઉપરોક્ત બાબત અપવાદરૂપ ગણીએ તો પણ ધીરજપૂર્વક પ્રયાસ જારી રાખવો એ માત્ર માનવકર્તવ્ય જ નથી પણ જીવમાત્રનું કર્તવ્ય છે. સ્લોથ નામનું પ્રાણી આ બાબતનું જવલંત ઉદાહરણ છે. સૃષ્ટિના પ્રારંભથી આજદિન સુધી કેટલીયે હસ્તીઓનું અસ્તિત્વ સમયે મિટાવી દીધુંછ. વિશાળકાય ડાઈનોસોર જેવાં પ્રાણીઓ નામશેષ થઈ ગયાં. આ સિવાયની જીવસૃષ્ટિ પણ સંપૂર્ણ લોપ પામી ગઈ. છતાં આવેલી સ્થિતિને અનુરૂપ બનીને જીવવા કેટલાય જીવો સૃષ્ટિ પર કટિબધ્ધ થયા. જે હજીય અસ્તિત્વ ધારી છે. તેમાંનુ એક છે સ્લોથ. જે વિચિત્ર રીતભાતવાળું જીવન ધરાવે છે. સમગ્ર સમય એ વૃક્ષની ડાળે વાગોળની જેમ ઊંધા માથે જ કાયમ લટકેલું જોવા મળે છે. તેની કેટલીક કુદરતી ખામીઓ જ તેના કાયમી જીવન ટકાવાવ માટે આશીર્વાદરૂપ છે. એવું આજના વૈજ્ઞાનિકો માને છે.

જીવનમાં કેટલીક પરિસ્થિતિ અલ્પ સમય માટે હોય છે તો કેટલીક પરિસ્થિતિ દીર્ઘજીવન ધારણ કરી બેસે છે. ઉપર હેલનકેલરના ઉદાહરણમાં જોયું તો ન સાંભળી શકવાની કે ન જોઈ શકવાની તેની ક્ષતિઓ કાયમી દંડ સમી જ હતી. છતાં પ્રયત્નોને આધારે તેને અસમાન્ય વ્યક્તિ બનવા માટે સહાયક બની રહી. પુરાતન કાળથી આજદિન સુધી સ્લોથે સંજોગોને અનુકૂળ થઈ પ્રાણી

જગતમાં પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું જેમાં કુદરતે બક્ષેલી ઉણપોવાળી તેની શરીર રચના ખાસ સહાયભૂત બની છે. સ્ફૂર્તિને બદલે સ્લોમોશનની જીવનરીતિ જ તેનો વિનાશ કરવામાં અવરોધક બની.

પ્રત્યેક માનવીમાં પ્રગતિકારક અવરોધક બાબતો રહેલી છે જ. અને આ બંને બાબતો તેના જીવનમાં સમય - સંજોગો પ્રમાણે સક્રિય રહ્યા કરે છે. અણધારી આફતોને સહેવા કે તેનો ઉકેલ શોધવા આ જ માનવસંલગ્ન તત્વો શક્તિવંત રાખે છે. કવિ કલાપીએ કહ્યું છે તેમ પ્રત્યેકને જીવનાભૂતિ થવાની કે : “જે પોષતુ એ મારતું એ ક્રમ નથી શું કુદરતી ?” એટલે કે જે પોષે છે એજ મારે છે. તો ક્યારેક જે મારે છે એ જ જીવનને પોષે છે. તેની વચ્ચે આપણે કેવો રાચહ અપનાવીએ છીએ એ જોવાનું રહે છે.

## ૪. પરિસ્થિતિનો સ્વીકાર

અયોધ્યા નગરીના સૌ નગરજનોને ખબર હતી કે, દશરથપુત્ર રામનો આવતીકાલે રાજ્યાભિષેક થવાનો છે. અયોધ્યા નગરીના વૃદ્ધ રાજવી પોતાના પાટવીકુંવર રામને નગરીનો સઘળો કારભાર સોંપે સન્યાસ ગ્રહણ કરશે. એટલે તો સમગ્ર નગરીમાં અનેરો ઉત્સવ ઉજવવાનો હોય એવો આનંદોલ્લાસ વર્તાતો હતો. સૌનાં હૈયાં હરખમાં હરખાતાં હતાં. અરે ! ખુદ યુવાન રામ પણ એમ અનોખી મુંઝવણમાં હતા ! પોતે ગાદીનશીન થયા પછી તન - મન - ધન થકી પ્રજાકલ્યાણના શુભ કાર્યમાં કેવી રીતે પોતાની વાતને ગોઠવવી. પોતાનું સમગ્ર કૌવત દાખવી રાજ્યધૂરા સંભાળતાં શું અને કેવી જવાબદારી અદા કરવી પડશે એની મીઠી મુંઝવણમાં હતા. જ્યારે વૃદ્ધત્વને પામેલા રાજા દશરથ નિરાંતનો દમ ખેંચી મળવી હાસ અનુભવતા હતા. આમ સમગ્ર રીતે અયોધ્યાપેરી એક અનેરા ઉલ્લાસમાં હતી. આનંદ - મંગલના ગીતો ગવાતાં હતાં. આંગણે આંગણે અને ચૌટે ચૌટે તોરણો બંધાતાં હતાં. સઘુકૂળ સાથે સર્વપ્રજામાં આનંદ આનંદ વર્તાતો હતો.

પણ.... એ આનંદની ઘડીઓને છીનવાઈ જતાં વાર ન લાગી. પુષ્પોભર્યા સમયનો સથવારો ચાલ્યો ગયો ને કંટકછાયા પંથનો ટંકાર થયો ! વિસ્મૃત થયેલા કૈકેયી રાણીના વચનથી માગણીને મંથરા દાસી દ્વારા જાગૃતિ સાંપડી. દશરથ રાજા દ્વારા અપાયેલાં વચનોની કૈકેયીરાણીને તક સાંપડયાં માંગણી થઈ અને.... અજરાજાના એ વારસદારો પર સંક્ટની ઘડી આવી ઉભી ! માગ્યાં વચન મુજબ ગાદીવારસ રામ નહીં પણ ભરત બને અને રામ ચૌદ વરસ વનવાસ સેવે એવી દુર્ઘટના સેવાઈ ગઈ ! ઘડીના છઠ્ઠા ભાગમાં થવાનું હતું તે થઈ ગયું.

પ્રત્યેક જીવનમાં જે બનવાનું હોય છે તે બન્યા જ કરે છે. અહીં પણ અશુભનું આક્રમણ થયું એનો સ્વીકાર કરવો કે ન કરવો એવી ગડભાંજમાં ઊતર્યા વિના, કોઈ દલીલ કર્યા વિના સમક્ષ આવેલી પરિસ્થિતિનો સ્વીકાર રાજા દશરથે અને એમના પાટવી કુંવરે કરી લીધો. અણધારી આફતને શીરોમાન્ય ગણી તેના અમલ માટે પોતાની જાતને તૈયાર કરી લીધેલ. થોડા સમય પછી ગાદીનશીન

થનારને ચૌદ વરસ માટે વનવાસ જવું પડ્યું !

અણધારી આફતનો આઘાત ન સહેવાતાં રાજા દશરથનો પ્રાણ ચાલ્યો ગયો. સમગ્ર નગરીનો આનંદ શોકમાં પલટાઈ ગયો! કોણ રોકનાર હતું. આ અમંગલ ઘડીને ? મને કે કમને તેનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નહતું. આવા સમયે ડાહ્યા માણસો સંતાપ કર્યા વિના આવેલી દુઃખદ સ્થિતિનો સહજ સ્વીકાર કરી લે છે તેઓ જાણે છે કે, રોતાં રોતાં દુઃખદ ઘડીનો સ્વીકાર કરવો તેના કરતાં હસતે મુખે કેમ સ્વીકાર ન કરવો ? શાણાજનો શાણપણ દાખવી સહજ સ્વીકાર કરી લે છે. વીંઝાયેલી ક્રુરતાની તલવારનો વાર પોતાના ઋજુ દિલને વ્રજની ઢાલ બનાવી ઝીલી લે છે. પણ પીછેહઠ નથી કરતા કેમકે તેઓ સારી રીતે જાણે છે કે 'જે થવાનું છે તે થઈને જ રહે છે' અને એને રહેવા માટે પોતાની જાતને તૈયાર કરે છે.

પોતાના મૃત્યુની આગલી રાતે ઈસુ સ્વયં ઘડીથી વિહ્વળ બની જાય છે. સઘળી ખબર હોવા છતાં માનવી દેહ માટે એ ક્રુર યાતનાઓ વેઠવી અસહ્ય થઈ પડે છે. જૈતુનવાડીમાં પ્રાર્થનામય ઈસુ વ્યગ્ર હૈયે પરમપિતાને પુકારી ઉઠે છે. 'હે બાપ! જો શક્ય હોય તો આ વાટકો (દુઃખરૂપી) મારાથી દુર કર" અને પછી શાણપણ ધરી નમ્રપણે વદે છે : "પ્રભુ ! મારી નહી પણ તારી ઈચ્છા મુજબ થાઓ" અહીં જે થવાનું એ છે તે બાબતે  જ્ઞાત હોવાથી પોતે વધુ ચિંતીત છે. રંતુ જે થવાનું છે તે મુજબ જો થવાનું હોય તો તેનો સાહજિક પણે કેમ સ્વીકાર ન કરી લેવો ? વિધિની વક્રતા સહ્ય કે અસહ્ય બને પણ તેનો નમ્રભાવે સ્વીકાર કરી તે માટે પોતાની જાતને હવાલે કરી દે છે.

દુનિયા પરનો પ્રત્યેક જીવમાત્ર કોઈ એવા પરમ તત્ત્વને આધિન છે. કેમકે સઘળી સત્તા તેને હાથ છે. તે અમર્યાદિત છે. બીજા બધા મર્યાદિત છે. અન્યને કોઈક સીમા છે. જ્યાં કેવળ પરમાત્મા પણ ત્યાં પામર બનીને નહીં પણ મજબૂત દિલે - મનથી તેને સ્વીકાર કરી લે છે. જીવનમાં સારા - માઠા પ્રસંગો આવે છે અને જાય છે. સુખ-દુઃખની ઘડી પલટાયા કરે છે. તેનો દોરી સંચાર કરનાર કોઈક છે જેને આપણે સહુ પૂજ્યગણી "ઈશ્વર" ને નામે ઓળખીએ છીએ. પરંતુ ક્યારેક એવી જટીલ સમસ્યા સન્મુખ આવીને ઊભી રહે છે કે જાણે કાળ કોળિયો બનાવીને હડપ કરી જવા ન માગતો હોય ! ત્યારે જાત માટે બરદાસ્ત કરવું કઠીન બની જાય છે. વર્ષાટાણે કોઈ લીલા ઝાડવા પર આકાશી વીજ તૂટી પડે છે અને એને  ખાખ કરી દે એવું થતું હોય છે. ત્યારે હતપ્રભ બની જવાય એ સ્વાભાવિક છે. પણ પછી સુજ્ઞ મનથી સુજ્ઞજનો "તારી ઈચ્છા પૂરી થાઓ" તારી મરજી એવી છે તો હું તેને સ્વીકારી લઉં છું" એવી મનથી ઈચ્છા ધરી સામે આવેલી એ દુઃખદ ઘડીનો સ્વીકાર સહજ કરી લે છે એટલે તો કવિ ખબરદાર ગાયું છે તેમ

"ગુજારે જે શીરે તારે, જગતનો નાથગ તે સહેજે
ગણ્યું જે પ્યારું, પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે"

એમ અતિપ્યારું ગણી સ્વીકારી લે છે એ કાયમી હોય કે ક્ષણિક, નાનુ દુઃખ હોય કે મોટું પણ એ આવેલી ઘડીનો સ્વીકાર કરી લેવામાં જ ડહાપણ સમજે છે.

## ૫.  શું તમને ચિંતાઓ સતાવે છે ?

ચિંતા વિષે કહેવાયું છે કે :

"ચિંતા બડી અભાગિણી, ચિંતા ચિતા સમાન,
ચિતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ, ગુણ ને જ્ઞાન"

ચિંતા એક એવી બાબત છે કે સૌ કોઈને સતાવે છે. નાની કે, મોટી સમસ્યાઓ દ્વારા જીવનમાં એ સર્જાય છે. જેનાથી માનવી તંગ આવી જાય છે. જેવી તમારી સમસ્યા એવી તમારી ચિંતા. આ ચિંતાઓથી મુક્ત થવા માનવી કોઈને કોઈ પ્રયાસ આદરે છે જ. ક્યારેક ઉકેલ એના હાથમાં હોય છે, તો ક્યારેક નથી પણ હોતો. છતાં માણસ એની સામે ઝઝૂમે છે. સમસ્યાઓનો ઉકેલ શોધવા એ વિચાર કર્યા કરે છે. મનમાં થયા કરે છે, 'કેમ કરીને હું આમાંથી છંટકારો મેળવું ?' જટિલ સમસ્યાઓ હોય છે ત્યારે પણ તેનો ઉકેલ તેની પાસે નથી હોતો ત્યારે એ પરવશ બને છે. ને ક્રમે ક્રમે ચિંતાઓના બોજ નીચે એ કચડાતો જાય છે. એક જાતની તીવ્ર વેદના અનુભવતો થઈ જાય છે. એને કોઈ જાતનો રસ્તો દેખાતો નથી. ત્યારે તે ચિંતા જાણે એનો પીછો પકડી રહી હોય એવી પ્રતીતિ એના મનને થતી રહે છે. શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક કે અન્ય પ્રકારની ચિંતાઓથી સતત ફડચામાં ફસાયેલો માણસ છેવટે ન કરવાનાં કાર્યો કરી બેસે છે.

ચિંતા કરવાથી નુકશાન માત્ર તેમને જ થાય છે. વળી માત્ર ચિંતા કર્યા કરવાથી કોઈ પ્રશ્ન કદી ઉકેલાતો નથી. પેદા થયેલી પરિસ્થિતિનું દુઃખ મનમાં હરકોઈને હોય એ સ્વાભાવિક છે. પણ ચિંતા કરવી એ સાચો રસ્તો નથી. તેનો ઈલાજ શોધવો અને કરવો એ સાચો રસ્તો છે.

ચિંતા માણસને ધીમે ધીમે મારે છે. ચિંતા માનવીમાં જીઙ્ગુઁજહ નું કામ કરે છે. એ માણસને ખતમ કરી તેની કેટલાય બનાવી દે છે ? વ્યક્તિનું અસ્તિત્વ પણ મિટાવી શકે છે. કેટલાય છાતીગજા માનવીઓ ચિંતાની આગમાં ભસ્મ થઈ ગયા છે.

ચિંતાની ચુંગાલમાંથી છૂટવા માટે કેટલાક વાજબી, સરલ અને ફલદાયી રસ્તાઓ છે. જેના દ્વારા તમે રાહત કે મુક્તિ મેળવી શકો છો, ધ્યાન, પ્રાર્થના કે યોગ જેવી બાબતો કરવાથી મન સ્થિર રહે છે. એના દ્વારા એક અલૈકિક આનંદ પ્રાપ્ત થાય છે. એકચિત્તે થવા પ્રયાસ કરવો જેથી નકામા વિચારો મનોપ્રદેશમાંથી ઉદ્ભવી શકવા અસમર્થ બનશે. મન સ્થિર થતાં રાહતની લાગણી જન્મશે.

વાચન કે સંગીતનો આશો પણ ચિંતાજનક વિચારોથી મુક્ત થવા માટે સહાયક બને છે. સારું ને ઉત્તમ વાચન કરવાની ટેવ પાડો. વાચન તો સારા મિત્રની ફરજ પૂરી પાડે છે. તમારી નકામી વિચારસૃષ્ટિનો નાશ કરવા એ સમર્થ બનશે. તદુપરાંત તમારામાં ઉચ્ચ વિચારોનો પ્રાદુર્ભાવ પણ થશે. સારું વાંચન મનનો શણગાર બને છે. સાચી સમજ કેળવાશે ને મન સ્ફૂર્તિલું બનશે. સાથે સાથે

તમકારા જટિલ પ્રશ્નોનો ઉકેલ આણવામાં કે તેને બરદાસ્ત કરવામાં મદદરૂપ થશે.

સંગીત વિષે પણ એવું જ છે. તમને મનગમતું સંગીત સાંભળો, તેનાથી વ્યગ્ર મન શાંત થશે. દિલનો બોજ હળવો થશે. બેબુનિયાદી વિચારોના નાશ કરવા સંગીત પણ અસરકારક બની રહે છે, આજે તો વિવિધ પ્રકારની સંગીતની મજા લૂંટી શકાય છે. ગીત-સંગીત સાંભળા. જો તમને વ્યક્તિગત વધુ રસ હોય તો સંગીતને સ્વયં વગાડો, ગીટાર, બંસરી, હાર્મોનિયમ, તબલાં ઈત્યાદી સંગીતના વિવિધ પ્રકારનાં વાજિંત્રો દ્વારા તમે સંગીત સાથે એકરૂપ થશો. આ એકરૂપતા તમારા દુ:ખને ભૂલવા માટે આશીર્વાદરૂપ બની રહેશે. મન, હૃદય સ્વસ્થ ને શાંત થશે. રાહતની સાચી લાગણી અનુભવશો. સંગીત તો ગમે તેવાં દર્દો દુર કરવા માટે પણ સમર્થ છે. એવું આજના ચિકિત્સકો માને છે.

કર્તાહર્તા ઈશ્વર છે. આપણે તો માત્ર તેના હાથનાં રમકડાં છીએ. એ આપણો અધિપતિ છે. એ ગેબીહાથ જેમ રમાડે તેમ કઠપુતલીની જેમ આપણે રમવાનું છે. તેની ઈચ્છા પ્રમાણે જ વર્તવાનું છે. આવા ભાવ મનમાં કેળવો. તન-મન તેનામાં સમર્પિત કરો, લાચારીથી વિવશ ન થતાં સ્વસ્થ રહેવા પ્રયાસ કરો. વધુ પડતી મહત્વકાંક્ષાઓથી વેગળા રહો. મહત્વકાંક્ષી થવું એ સારી વાત છે પણ પોતાની મર્યાદાને ધ્યાનમાં રાખો. જેથી ધાર્યા સ્વપ્નો સાકાર ન થતાં નાહકનાં દુ:ખી ન થવાય. આમ કરવાથી તમારામાં એક જાતની નવી સમજ કેળવાશે. જે તમને નવો રાહ બતાવશે. જિંદગીમાં આવતી આપત્તિઓ તમને થકવી નહિ નાખે. મનને દ્રઢ કરો, સારા સંકલ્પ કરો જેથી મન ઉદ્વેગમાં નહીં રહે.

જેટલી આસાનીથી તમે સફળતાનો સ્વીકાર કરો છો. તેટલી જ આસાનીથી નિષ્ફળતાનો ય સ્વીકાર કરો. આમ કરવું એ કંઈ સહેલું નથી. પરંતુ મીરાંબાઈની ભક્તિ રચના ‘ઝેર તો પીધાં છે જાણી જાણી નથી પીધાં અણજાણી’ સમું હૃદયને કેળવો. તેનો સાહજિક સ્વીકાર કરો.

કેટલાક વ્યસનોનો આશરો લે છે. જે વાજબી નથી. તેનાથી તો તેમને ક્ષણિક સમય - સંજોગ પુરતી જ રાહત મળવાની, કાયમી નહીં. તેની અસર દૂર થતાં ફરી પાછી એ સમસ્યા તમારી સામે ખડી થવાની. રાહત મેળવવા ફરી તમે વ્યસનોનો ઉપયોગ કરવાના. આમ તમે એક ખરાબ લતમાં ફસાઈ જશો. તન, મન, ધન પર તેની માઠી અસર તો થશે જ. સાથે સાથે તમારી પ્રતિષ્ઠાને પણ ધક્કો લાગવાનો. આમ વ્યસનોના આશરાથી તમને બેવડું નુકશાન થવાનું એ નિ:શંક છે. આમ એક દુશ્મનને દૂર કરવા, તમે બીજા દુશ્મનનો આશરો લો છો એવું થયું કહેવાય. માટે પ્રથમ જ સાવધાન બની તેનાથી દૂર રહો. હું ઘણી એવી વ્યક્તિઓને ઓળખું છું કે જેઓની આજે ઉપર જણાવ્યા પ્રમાણેની સ્થિતિ છે. તેઓ પણ જાણે સમજે છે છતાં એક જાતની લાચારી સિવાય એમની પાસે કંઈ જ નથી. સમજવા છતાંય અણસમજુ જેવા છે માટે ગલત રાહ કદિ ન અપનાવો.

## ૬. જીવન એક કલા છે.

સવારે ઊઠું છું. નિંદ્રા આંખના પડદા પાછળ ઓઝલ થઈ ગઈછે. સમગ્ર બદનમાં તાજગી અનુભવું છું. નિત્યક્રમ મુજબ ઈશ્વરને યાદ કરી લઉં છું. સઘળું એને હવાલે કરી દઉં છું. દિલમાં ઈશ્વર

પ્રત્યેતથા તેણે દીધેલ જીવનપ્રત્યે શ્રદ્ધા જન્મે છે. ને દૃઢ કરું છું. નવી આશા લઈને પ્રગટેલી ઉષાનો સત્કાર કરું છું. કેટલી ફળશે, કેટલી નહીં એ કેન્દ્રબિંદુની બહાર છે. એટલે ચિંતા પણ નથી. નવું કામ છે નવો દિવસ છે. નવા માનવીઓ વચ્ચેનો સહાસ છે. સુમેળ, વિશ્વાસ તથા નિષ્ઠાપૂર્વક જેટલી સુંદરતા માણી શકાય, અનુભવ પામી શકાય એટલી પામવાની મનમાં ઈચ્છા છે. માત્ર ઈચ્છા એકલી નથી. સ્વપ્રયાસ કરવાની તૈયારી પણ છે. સજાગૃતતા છે. શ્રી કૃષ્ણે ગીતામાં કર્મયોગમાં પ્રબોધેલ મંત્રની મનમાં ઝાંખી થાય છે. શબ્દ બની અધરો પર ફરકી ઊઠે છે. “કર્મણે વાધિકારસ્તે મા ફલેસુ કદાચન.” સામેની દીવાલે ટીંગાવેલ કેલેન્ડર સાથે સાયુજ્ય સાધતા અનુભવાય છે. વિવિધ રંગોથી અંક્તિ બંસીધરનું ચિત્ર કેલેન્ડર પર દ્રષ્ટિગોચર થાય છે. નયનરમ્ય પ્રકૃત્તિની આભા વર્તાય છે. વૃક્ષો, પહાડો વચ્ચે ખળખળ વહે જતી સરિતા જાણે ખરેખર વહેતી ન હોય એવું લાગે છે ! જીવન પણ એવું જ છે ને ? એટલે તો જીવનની જુદી જુદી વ્યાખ્યાઓ વચ્ચે એક ફીલોસોફરે પણ જીવનને વહેતા પાણી સાથે સરખાવ્યું છે. વહેવું એ તો નિર્મળતાનું પ્રતીક છે. મુક્તિનું અમુલ્યદર્શન છે. પાણી વહે છે. જીવન પણ વહે છે. પાણી શક્તિનું દ્યોતક છે. જીવન પણ ! વહેતા પાણી વચ્ચે ન કળાય એવા અવરોધો છે. જીવનમાં પણ એવું જ છે. પાણીમાં જીવ માત્રનું પોષણ છે. સર્વોપયોગી છે. જીવન પણ એવું જ છે. આમ વૈવિધ્યપૂર્ણ અર્થસભર પાણી સાથે જીવનનું સાયુજ્ય સધાયું છે.

પથારીમાંથી ઊભો થાઉં છું. શક્તિ પ્રવાહિત બની ઊઠે છે. ડગ માંડતાં કેલેન્ડર પ્રતિ જાઉં છું. હાથ લંબાય છે. વૃક્ષ પરથી પીળું પર્ણ પવનથી ખરી પડે એમ કર સ્પર્શ થકી તારીખનું જૂનું ચોપાનીયું ખરી પડે છે. રાહ જોઈને બેઠેલી આજની તારીખ, વાર નવા ચોપાનિયા પર બેઠાં છે. ‘સુસ્વાગતમ્’ નો ઉલ્લાસિત ભાવ હૃદયમાં અનુભવું છું. ત્યાં જ એક સુવાક્ય પર મારી નજર ખોડાઈ જાય છે.

“જીવવું મરવું એ પણ એક કલા છે.”

વાંચીને મન-ભીતર હેલે ચઢે છે. પ્રશ્નોની પરંપરા સર્જાય છે. ઘણીવાર હતાશા સાંપડી છે ત્યારે પ્રશ્ન ચૂછી બેઠું છે : ‘જીવનનો અર્થ શો ? માત્ર જન્મ ધારત કરવો, પછી જીવવું (થોડી વાસ્તવિક્તામાં ને બહુધા સ્વપ્નમય) છેવટે મરવું ! બસ આજ જીવન ?’ આજે એજ મનને જીવનમાં કૈંક અર્થ પ્રતિબિંબિત થાય છે તેઓ તો જીવનને વિશાળ દૃષ્ટિએ મૂલ્ય આંકે છે. જેનો સ્પર્શ હજી આપણને નથી થયો. કેમકે આપણે તો છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક સુવિધાઓ કેમ પ્રાપ્ત કરવી ને બિન્દાસથી કેવી રીતે જીવાય (માત્ર પોતાનો જ ખ્યાલ અન્યનો નહિ) એની જ પેરવીમાં રચ્યાપચ્યા છીએ.

ખરેખર જીવન એક કલા છે એ જેટલી હસ્તગત થાય એટલું જીવન સાફલ્ય જીવનમાં કેટલી સફળતા મળવી કે નિષ્ફળતા ખે વ્યક્તિ ઉપર આધારિત છે તો કેટલીક વાર કૂદરત ઉપર પણ અવલંબિધ છે. જીવન સાથે સમય-સંજોગનો મહત્તમ ફાળો છે. એટલે વ્યક્તિએ સમય-સંજોગ મુજબ જીવી જાણવું જરૂરી બને છે કાયર બનીને નહિ. સંગ્રામવીર બનીને, સમય-સંજોગ પ્રમાણે જીવી ન જાણે એવા જીવનનો શો અર્થ ? જીવન મનસ્વીપણે જીવવા માટે નથી. પણ જીવન જીવનની રીતે જીવવા માટે છે. એમાં અખિલપણાથી સ્વને વેગળું ન મૂકાય. સ્વને વેગળુ મૂકવામાં પતન છે. પરમઅર્થ

ભૂલાઈ જાય છે. અન્યના ભોગે સ્વ વિકાસ સાધવો એ સાચું જીવન નથી. જેટલું પોતાના જીવનનું મૂલ્ય છે એટલું અન્યના જીવનનું પણ મૂલ્ય છે. કિંમત છે એટલે પોતાના જ નહિ પરંતુ અન્યના જીવનની કદર કરવી જોઈએ. એમાં જ સાચું માર્ગદર્શન સમાયેલું છે. આજે આપણે આ બધું ભૂલ્યા છીએ. માત્ર ભૌતિકવાદ તરફની દ્રષ્ટિએ જ આજના વિશ્વમાં અશાંતિ, અજંપો તથા ભય વધારી દીધાં છે. એ દોષ વત્તીઓછી માત્રામાં આપણા સૌનો છે. અરે ! એની સમજણ પણ ખોઈ બેઠા છીએ.

જીવનમાં માનવીની મનમાની જ થાય ત્યારે સ્વભાવગત ગ્લાનિ અનુભવાય એ સ્વાભાવિક છે. પરંતુ એ પણ હકીકત છે કે આ સંજોગથી જીવન પ્રત્યે ઉદાસીનતા ધારણ કરીએ તો જીવન માટે ભારોભાર જોખમ છે. જેવું છે તેવું - સુખમય કે દુ:ખમય પણ ઉલ્લાસથી જીવન જીવી જાણે એ સાચો માનવ. જીવન છે એટલે આધિજ વ્યાધિ કરીને અવનિ પર અવતરેલા માનવને જ નહિ બલ્કે પ્રત્યેક જીવમાત્રને કોઈને કોઈ સમસ્યા તો રહેવાની જ. કેટલીક સમસ્યાઓ સ્વ પ્રયત્ને પણ ટાળી શકાય છે. કેટલીક બરદાસ્ત કરવાની રહે છે. જીવનમાં વિવિધ પરિબળો વચ્ચે તમે કેવા પ્રકારનું જીવન જીવો છો એ અગત્યનું છે.

કેટલાક દુ:ખમય જીવનને પણ હસતાં હસતાં જીવી જાપે છે. તો કેટલાક મરી મરીને જીવે છે. કેટલાક જીવી જાણે છે તો મરી પણ જાય છે. જ્યારે કેટલાંકને જીવતાંય નથી આવડતું તો મરતાં ય નથી આવડતું. મુશ્કેલીઓ કે અવરોધો વચ્ચે સરળ રીતે અને સ્વસ્થપણે જીવવું અઘરું તો છે જ પણ અશક્ય નથી. જીવનમાં કોઈ પણ પરિસ્થિતિને વધુ પડતું પ્રાધાન્ય ન આપવું, કેમક કે પરિસ્થિતિને વધુ પડતું પ્રાધાન્ય ન આપવું. કેમ કે પરિસ્થિતિ હંમેશાં પલટાતી રહે છે. જિંદગી તો પરિવર્તનશીલ છે. એ ક્યારેય સ્થિર નથી. આ કુદરતી નિયમ છે. જે હકીકતરૂપે છે. તેનો સ્વીકાર કરવો જ રહ્યો. આ આવડત જેણે હસ્તગત કરી છે તે જીવનને સાચી રીતે જીવી જાણે છે. એમાં જ વ્યક્તિનું સાચું જીવનદર્શન છે. સાધનાસિવાય દર્શન ક્યારેય થતું નથી. સાધના ભોગ માગે છે. પ્રયત્ન માગે છે. જીવન દર્શન માટે પણ સાધનાની જરૂર છે. પ્રયત્નની આવશ્યક્તા છે.

ઘણા - થોડાં જીવનને સાચી રીતે જીવી જાણે છે. ઘણાં બધાં જીવનને સાચી રીતે જીવી જાણતા નથી. જીવન તથા મરણ બંનેનો સાચી રીતે સ્વીકાર રહ્યો. પરંતુ આપણને તો માત્ર જીવન જ વહાલું છે. મરણ નહીં, જીવન જીવવામાં રસ છે. મરણમાં નહીં. મરણથી ડરીએ છીએ. દૂર ભાગતા ફરીએ છીએ હસતાં હસતાં જીવનારા તો ઠીક પણ હસતાં હસતાં મરનારાં કેટલા ? મરણ છે એટલે મરવાનું છે. લાચાર છીએ, એટલે મરવું રહ્યું એ મરણ પ્રત્યેનો સાચો સ્વીકાર નથી.

કેટલાક જિંદગીથી કંટાળી જઈને મોતને સ્વીકારી લઈ આત્મહત્યા કરે છે. તેઓ મરણને સ્વીકારે છે પણ જિંદગીનું અપમાન કરે છે. અપમાન કોઈનું ન થાય. જિંદગીનું કે ન મૃત્યુનું. આ આર્ષદ્રષ્ટિ એટલે જ કલા ! ચાલો આ કલાને હસ્તગત કરીએ. એ સૌને હસ્તગત થઈ શકે. માત્ર સભાન પ્રયત્ન - સાધનાની જરૂર છે. જેમાં જીવન અને મૃત્યુ બંનેનું ગૌરવ છે.

## ૭. વિશ્વાસનો દોર તૂટે છે ત્યારે....

અમદાવાદ મિશનને પચાસ વર્ષ પરાં થાય છે ત્યારે તેની ઉજવણી જ્યુબીલીના પ્રગટ થતા 'સ્મૃતિગ્રંથ' માટેના કાર્યના એક અંશભાગરૂપે આણંદ જઈ રહ્યો હતો. ગુજરાત એક્સપ્રેસ સમયની ગતિઓ જાણે પ્રતિસ્પર્ધી ન બન્યો હોય એમ દોડ્યે જતો હતો. ભરચક માનવમેદની વચ્ચે ઊભા રહેવા માટેની જગ્યાનો ય ત્રાસ હતો. જેમ તેમ કરી જગ્યા તો મેળવી લીધી. શિયાળામાં વે'લી સવારની ગુલાબી ઠંડીની અસર વાતાવરણમાં ઝળુંબી રહી હતી.

ખબર નહી કેમ ! પરંતુ મારા મસ્તિક પ્રદેશમાં અચાનક એક વિચાર, પ્રશ્નો સાથે ઝબૂકી ઊઠ્યો : માણસ વિશ્વમાં સૌથી બુદ્ધિશાળી, સાથે વિચક્ષણ, શક્તિઓ ધરાવતું ઉચ્ચકોટિનું પ્રાણી ગણાય છે. છતાં 'વિશ્વાસ' માટે એને કહેવું હશે તો કહી દેશે કે 'પ્રાણીઓમાં સૌથી વફાદાર પ્રાણી હોય તો શ્વાન તથા અશ્વ છે. જે પોતાના માલિકને સર્વાંગીપણે ગમે તે પરિસ્થિતિમાં પણ વફાદાર રહે છે. દગો કરતાં નથી ત્યારે મને આ વિચારની સાથેસાથે એક સવાલ ઉદ્ભવ્યો. નીમ્નકોટી વર્ગનું પ્રાણી હોવા છતાં માત્ર શ્વાન કે અશ્વ વિશ્વાસનીય કેમ ? શા માટે માણસ નહીં ? પ્રત્યેક બાબતે શ્રેષ્ઠતાનું ગૌરવ ધારણ કરનાર માણસજાત આ બાબતે કેમ નીમ્નકક્ષા ધરાવે છે ? કેમ પગુ લાગે છે ? શું માણસ વફાદાર પ્રાણીઓમાં શ્રેષ્ઠ પદ ન ધારણ કરી શકે ? આમ, કૈંક કેટલાય સવાલોથી મારો મનોપ્રદેશ છવાઈ ગયો. પરંતુ અત્યાર સુધી એનો કોઈ ઉચિત પ્રત્યુત્તર મને સાંપડ્યો નથી. સવાલ માત્ર સવાલ જ રહ્યો છે. સાથેસાથે મારું મન એ પણ કબૂલતું થયું છે કે માણસ માટે માણસ જેટલો દ્રોહી કે વિશ્વાસઘાતી બન્યો છે એટલું અન્ય પ્રાણીવર્ગ નથી બન્યું.

હજી તો કલાકો પસાર થયાની ગણતરી મારી આંગળીના વેઢે છે ત્યાં જ ખાસ બુલેટીન દ્વારા સમાચાર સાંભળ્યા કે પોતાના ખાસ સલામતી - વિશ્વાસુ રક્ષકોએ જ વડાપ્રધાન શ્રીમતી ઈન્દીરાજીની અસંખ્ય ગોળીઓ દ્વારા હત્યા કરી ! કેવો કરૂણ અંજામ ! વિશ્વાસે જ કરેલો વિશ્વાસઘાત ! ટ્રેનના મારા વિચારો મને ફરીથી ઘેરી વળ્યા, સવાલ સાથે માણસ આટલો બધો હલકટ ! કે જયાં સામાન્ય પ્રાણી પણ આ કક્ષામાં મૂકાઈ જતું નથી ! સવાલ ઉદ્ભવતાં જ એના અનુગામી બનીને ઐતિહાસીક પ્રસંગો છતા થયા. '

રાણા પ્રતાપ અને એના વફાદાર ઘોડા ચેતકથી તો સૌ વિદિત છે. રણસંગ્રામમાં ચેતક પોતે હણાયો - મર્યો પણ પોતાના માલિકને સલામત રાખ્યો. જીવતદાન બક્ષવામાં નીજ પ્રાણ ન્યોછાવર કર્યા. એ માણસ જાતની મૂઠેરી ઊંચો બની ગયો !

બીજો પ્રસંગ છે શ્વાન અને તેના માલિકનો. પોતાના વફાદાર કૂતરા સાથે એ માણસ જઈ રહ્યો હતો. માર્ગમાં જતા સંકટ આવ્યું ને કોઈ કારણસર એ માલિક બેહોશ થઈને રેલપાટાની બરાબર વચ્ચે જ ઢળી પડ્યો. આ સમય એવો હતો જયારે ટ્રેન ત્યાં થઈને પસાર થવાની હતી. પોતાના માલિકને બેહોશ જોઈને કૂતરો ચિંતામાં પડી ગયો. દૂરથી ધસી આવતી ટ્રેનની વ્હીસલનો અવાજ કૂતરાના કાને પડ્યો. કૂતરો પરિસ્થિતિને પામી ગયો. સમય-સૂચક્તા વાપરી એ પુર ઝડપે આવતી ટ્રેન બાજુ રેલવે પાટાની મધ્યે દોડતો જાય. ટ્રેન ડ્રાઈવરે આ દ્રશ્ય જોયું. તેણે કૂતરાને દૂર કરવા ઘણી વ્હીસલ વગાડી પણ કૂતરો જરાય રેલની વચ્ચેથી ખસ્યો નહીં. આ દ્રશ્ય ડ્રાઈવર માટે જુગુપ્સાપ્રેરક બન્યું, તેણે દૂર

નજર કરી તો રેલપાટાની વચ્ચે એક માણસને દીઠો. તરત જ તેણે ટ્રેન ઊભી રાખી. પેલો માણસ બચી ગયો. છે તે વફાદારીનું સુંદર પ્રતીક ! ઉમદા નમૂનો !

આ સાથે મને બાઈબલનો જયુડાસ યાદ આવ્યો. સત્ય માટે જે વાણી, વર્તન, વ્યવહાર દ્વારા શુદ્ધ જીવન આચરીને, પોતાના શિષ્યો સાથે હરક્ષણે ઉમદા નમૂનો દાખવતા ઈસુએ ક્યો એવો અપરાધ કર્યો હતો ? પરંતુ તેમનું જીવનદર્શન ફરોશીઓ માટે, અધર્મ આચરનારા દંભી લોકો માટે એક પડકારરૂપ હતું. બસ, આ હતો એમનો ગુનો ! માણસ જાત યુગોથી જે જીરવી શકતી નથી. એનવું જીવન મિટાવી દેવા એ સદર ધ્રુવ પગે તૈયાર હોય છે ! યહુદા ઈસુના શિષ્યમંડળનો વિશ્વાસુ માણસ હતો પરંતુ તેણે જ માત્ર ત્રીસ રૂપિયાના સિક્કામાં પોતાના ગુરુને વિરોધીઓના હસ્તક સોંપો દીધો - વેચી દીધો.

દ્રોહનું નાટક પણ એણે કેવું સર્જેલું ? જેતુનવાડીમાં પ્રાર્થનાની ક્ષણોમાં એણે વ્યૂહરચના પ્રમાણે છળ આદર્યું. તેણે પોતાના ગુરુ પાસે આવીને મીઠું ચુંબન દીધું. જેનો સંકેત એ થતો હતો કે : ‘આ જ ઈસુ છે. તમારો દુશ્મા. જેને તમે શોધો છો.’ આમ પ્રેમનું - વહાલનું નાટક સર્જીને પોતાના ગુરુને વિરોધીઓના હવાલે કરી દીધો. જેમણે અનેક કારસ્તાન દાખવી ઈસુનું જીવન છીનવી લીધું. મોતને ઘાટ ઉતાર્યા !

પોતાના ભોગે પોતાના માલિક્નું જીવન રક્ષવા, બલિદાન દેનાર નીમ્ન કક્ષાનું ગણાતું પ્રાણી ક્યાં અને સ્વજન બનીને દ્રોહ કરનાર મણસ ક્યાં ? સૌથી વધારે હરામી હોય તો તે માણસ છે. જે અનેક સ્વાંગ સજીને, છળકપટ રચીને પોતાના જ વિશ્વાસુ માણસનું કાશળ કાઢી નાખે છે, સદીઓથી આમ થતું આવ્યું છે.

સ્વર્ગસ્થ ઈન્દિરાજી પણ આ જ હાલતના ભોગ બન્યાં. જેણે દેશની અખંડિતતા જાળવી રાખવા, દેશના કલ્યાણ સાથે પ્રત્યેક પ્રજાનો ખ્યાલ કર્યો હતો એવી વિશ્વ - વિખ્યાત વિભૂતિને પોતાના જ સલામતી રક્ષકોએ ક્ષણમાં મિટાવી દીધાં.

માણસ વિશ્વાસ આપે છે તો વિશ્વાસ તોડી પણ શકે છે. પોતાનો સ્વાર્થ અવરોધાય, પોતાનું જ ધાર્યું ન થાય ત્યારે એ મન માન્યું કરી બેસે છે. જેમાં અન્યના હિત-અહિતનો ખ્યાલ રહેતો નથી. એટલે તો આપણને નવાઈ ઉપજે, અચંબો પમાડે એવા માનવ ઈતિહાસ સર્જાતા રહ્યા છે. પોતે બુદ્ધિશાળી હોવાના નાતે એ પોતાની પ્રિય - વિશ્વાસુ વ્યક્તિ સાથે રમત રમી શકે છે. જ્યારે એક વ્યક્તિ બીજી વ્યક્તિ પ્રત્યે પૂર્ણ વિશ્વાસ મૂક્તી થઈ જાય છે ત્યારે જ દ્રોહનો ઈતિહાસ સર્જાયો છે. તમે, હું કે આપણે સૌ જે જીવન જીવીએ છીએ એમાં નાના-મોટા અનુભવો ક્યાં બોલતા નથી ?

માતા તો પ્રેમનું સ્વરૂપ ગણાય છુ. પોતાના સ્વભોગે પણ પોતાનાં જણ્યાનું રક્ષણ કરે છે. છતાં આજકાલ એવા પણ પ્રસંગો બને છે જે આપણું હૃદય થડકાવી દેતા નથી ? આપણે સૌ આવા પ્રસંગે ફિટકાર વરસાવ દઈએ છીએ. પણ આપણે જ એ ઓલાદ છીએ જેની મધ્યે સદીઓથી આમ થતું આવ્યું છે, થાય છે ! નાની-મોટી બાબતોમાં જેને આપણે જાણ્યે-અજાણ્યે પોષીએ છીએ. માત્ર આપણી

હસતી માટે, સલામતી માટે. આપણા ક્ષુલ્લક સ્વાર્થો માટે! છે માનવજીવન માટે એક કલંક સમાન છે.

માણસ જાતને પ્રત્યક્ષ વિરોધ કે દ્રોહ કરવા કરતાં પોતાના જ બની જઈને વિદ્રોહ કરવાની વધુ ફાવટ હશે ? પોતે દોસ્તી - મિત્રાચારીનો સ્વાંગ સજી દ્રોહ કરવામાં પાવરધી થઈ ગઈ છે. ચહેરે મહોરાં પહેરી, અવનવી તરકીબો રચી એક વિશ્વાસુ વ્યક્તિ બની જાય છે. જેના પર વિશ્વાસ ધરાય છે. પરંતુ એ બદનસીબ વ્યક્તિને ક્યાં ખબર હોય છે કે જેના પર વિશ્વાસ કર્યો છે. વિશ્વાસમાં જાત સમર્પી છે એ જ વ્યક્તિ ગદ્દાર બની પોતાનું નિકંદન કાઢશે ! અને આમ જ વિશ્વાસનો દોર તૂટે છે ત્યારે વ્યક્તિ હતી ન હતી થઈ જાય છે. માણસમાં રહેલી માણસાઈ મરી પરવારતી જોઈએ છીએ. માણસ હોવાના નાતે એ ભલે ઊંચા પલ્લે બિરાજે પરંતુ વિશ્વાસની બાબતે તો એ સમય - સંજોગે અવિશ્સનીય જ રહેવાનો. પ્રાણીથી અદકેરો નહીં જ બની રહેવાનો.

મહાત્માગાંધીની હત્યા થઈ ત્યારે બર્નાડ શૉએ યથાર્થ કહ્યું હતું : “માણસ જ એવું પ્રાણી છે કે જે પોતાની સેવા કરનારની કતલ કરે છે.”

## ૮. સ્વતંત્રતા

સ્વતંત્રતા એક એવી બાબત છે જેને સૌ કોઈ ઝંખે છે. પછી એ સ્વતંત્રતા વ્યક્તિગત હોય કે સામૂહિક, માનવી તો ઠીક પરંતુ સૃષ્ટિ પરનાં પશુ-પંખી કે નિમ્નકોટિના જીવો પણ સ્વતંત્રતાના ચાહક હોય છે. પરાધિનતા કોઈને ય પસંદ નથી. કુદરતે પણ સૃષ્ટિ સ્વતંત્રતાના મૂલ્યે સર્જી છે. કુદરત રચિત ઘણી બધી બાબત એછવી છે કે જે મુક્તતાનો પર્યાય પૂરો પાડે છે. વનશ્રીમાં વિચરતાં હિંસક કે અહિંસક જીવો, જલરાશિ પર નિર્ભર જીવો કે પૃથ્વીના પટ રપ નિર્ભય જીવોને માટે પણ કુદરતે મુક્તતતાનો અવસર પૂરો પાડ્યો છે. જીવમાત્રમાં કુદરતે મુકેલ અંતર્ગત ભાવતત્ત્વ એ માટે પ્રેરક બની રહે છે. આમ તમામ જીવસૃષ્ટિ બંધનરહિત જીવન જીવવાની આકાંક્ષા સેવે છે.

પરંતુ આ બધામાં માનવ એક એવું બુદ્ધિગમ્ય પ્રાણી છે જેણે પોતાના સ્વાર્થ ખાતર અવનવી તરકીબોના અજમાયશ કરીને કોઈને કોઈ પ્રકારનું બંધનનું વર્તુળ રચી પરતંત્રતા ઊભી કરી દીધી છે. પોતાની જ હકૂમત કે આણ વર્તાય અને એનો અધિપતિ સ્વયં હોય એવી પેરવી એણે કરી છે. એટલે જ સૃષ્ટિ પર કૈં કેટલીયે જાતના સવાલો ઉદભવ્યા છે. ક્યારેક પોતે રચેલી જાળમાં જ એ ખુદ કે એની ઓલાદ ફસાઈ પડી છે. એના ઉપાયો છે પણ એ મોંઘામૂલા થઈ પડ્યા છે. જે કેવળ વિનિપાત જ સર્જે છે ! વળી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એની દૂરગામી અસર પણ વર્તાયા વિના રહેતી નથી. વ્યક્તિ માત્રને સ્વતંત્ર રહેવું છે પણ બીજા પર એનો અધિકાર પ્રસ્થાપિત કરવા માગે છે. એટલે તો સર્જાઈ ગઈ સરમુખત્યારશાહી, રાજાશાહી વગેરે જ્યારે જ્યારે વ્યક્તિ પરના અન્યોન્યના વિવિધ જુલ્મોએ માઝા મૂકી છે અને પરાધિનતા પરાકાષ્ટાએ પહોંચી છે ત્યારે એની સામે સ્વતંત્રતાનો ભાવઅંશ યુદ્ધે ચડ્યો છે જ. ઈતિહાસ એની સાક્ષી છે.

જ્યારે વ્યક્તિ સ્વતંત્ર હોય છે ત્યારે એનું જીવન શાંત અને સૌમ્ય હોય છે. એના વિકાસની

તક ઉજળી તથા આસાન રહે છે. પછી એ વિકાસ ભૌતિક હોય કે આધ્યાત્મિક પણ એ હાંસલ કરી શકે છે. વિશ્વમાં જે જે મહાન વીભૂતિઓ થઈ એમાં કેટલીક વિભૂતિઓએ જીવનના વિકાસ માટે (પછી એ વ્યક્તિગત હોય કે સાર્વત્રિક) જે જે બંધનો આડે આવ્યાં એનો ત્યાગ કર્યો છે. મહાવીર કે બુદ્ધ જેવી આપણા દેશની વિભૂનિઓ કે વિશ્વની અન્ય વિભૂતિઓ આ બાબતનાં ઉત્તમ દ્રષ્ટાંતો છે. બંધનોનો ત્યાગ કર્યો છે અને સ્વતંત્રતા-મુક્તિનો માર્ગ અખત્યાર કર્યો છે. પોતાને માટે અને બીજાઓ માટે પણ ! મધર ટેરેસાએ સંસાર ત્યાગ્યો અને નન (સાધ્વી) બન્યાં. પરંતુ સાધ્વી જીવનમાં ય તેમને મઠના બંધનો આડે આવ્યાં. ઉત્કર્ષ માટે નડતરરૂપ એવો પરિવેશ સાપની કાંચળીની જેમ ત્યાગી પોતાનો માર્ગ મોકળો કર્યો. સ્વતંત્રતા થયાં ને નવસર્જન કર્યું. જેમાં કલ્યાણકારી તત્ત્વ મહત્તમ બની રહ્યું. સ્વાર્થ ક્ષુદ્ર બની ગયો. ગણવા બેસીએ તો આવા નામી-અનામી કેટલાંય નામ મળી આવે.

સ્વતંત્રતાનો સાચો અર્થ-મૂલ્ય જે વ્યક્તિ આંકી જાણે એ જ આ માર્ગે સાફલ્યને વરી છે. કેવળ નિમ્નસ્તરે એનું માળખું આવૃત્ત રહે તો ક્યારેક એમાંથી ગેરલાભ પણ થાય છે. સામાન્ય જીવનમાં તો સ્વતંત્રતાનો દુરપયોગ થતો જોવા મળે છે. સ્વતંત્રતા મનમાની કરવા માટે નથી. એમાં શ્રેય અને પ્રેયનું તત્ત્વ પણ આવશ્યક છે. જેમાં સર્વનું હિત હોય. દરેકને સમાનપણે જીવવાનો અધિકાર છે છતાં આજે વિશ્વમાં જોઈશું તો કોઈ પણ દેશ કે રાષ્ટ્ર એવું નહિ જ્યાં પૂરેપૂરી રીતે આ માળખું જળવાઈ રહ્યું. યેનકેન પ્રકારે વ્યક્તિ પર બંધનો લદાયાં છે કેમ ? એમાં મારી દ્રષ્ટિએ બે બાબતો ધ્યાનમાં આવે છે. (૧) વ્યક્તિનો સ્વાર્થ તથા (૨) વ્યક્તિ સ્વતંત્રતાના નામે મનમાની ન કરી દે. જેથી વિકૃતિ ન સર્જાય તથા એનું માઠું પરિણામ ભોગવવું ન પડે. જો પ્રત્યેક વ્યક્તિ એટલું બરાબર સમજે અને વર્તે કે મને જેટલો સ્વતંત્ર જીવન જીવવા માટેનો અધિકાર છે એટલો અને એવો અધિકાર બીજાઓને પણ છે જ. માટે મારે મારી સ્વતંત્રતામાં એવી રીતે જીવવું જોઈએ કે જેના દ્વારા અન્યને નુકશાન જ નઈ બંધનોમાં વ્યક્તિઓ સબડે છે. બીજાઓની મર્યાદા કે પરવશતાનો ગેરલાભ ઉઠાવી જીવવામાં આખરે નૈતિક્તાનું અધઃપતન જ છે, પણ આજે કોણ એ સમજે છે ? આમ ન બને એ માટે નિયમો-કાયદાઓ ઘડાયા છતાં પરિસ્થિતિ તો બસ વોહી રફતાર.....!! સમાજમાં જાત-જાતના વાડા તથા સંપ્રદાયોના જે ભેદ સર્જાયા છે એ હોત. પુરુષની જેમ જ મુક્તજીવન અધિકાર કુદરતી રીતે જ સ્ત્રીઓ પણ પ્રાપ્ત કરીને જન્મે છે. પણ પુરુષવર્ગની ક્રુર તરાપ દબાવ બનીને એના માથે આજ લગી ઝઝૂમી રહી છે. જો કે એમાં સ્ત્રીઓ પણ ઓછી જવાબદાર નથી. સામાજિક ધોરણે રચાયેલ વર્ગો કે ધાર્મિક રીતે ઉદ્‌ભવેલા વિવિધ વાડાઓ પણ ઉપરોક્ત બાબતનું જ પરિણામ છે. આજે ભલે આપણે એને દૂર કરવા પ્રયાસ કરીએ પણ જ્યાં સુધી વ્યક્તિઓમાં આ બાબતની સાચી સમજ નહિ કેળવાય તથા અધિકારોની બાબત વચ્ચે લાવી સ્વનો છેદ નહીં ઉડાડી દેવાય ત્યાં લગી આ પ્રકારની વિકૃતિઓ આપણી મધ્યે દ્રષ્ટિગોચર થવાની જ.

આપણને મન-લાગણી છે, તેમ બીજાઓને પણ છે. કોઈપણ પ્રકારનું સુખ-દુઃખ આવે અને એની અસર જેમ આપણને વર્તાય-અનુભવાય છે એ સ્પષ્ટ છતાં આપણે સમય આવ્યે કાચબાની સ્થિતિ ધારણ કરી બેસીએ છીએ. આપણે આ વૃત્તિ-પ્રવૃત્તિનો ત્યાગ કરીશું અને સાચેસાચ સમ્યક દ્રષ્ટિ કેળવીશું તો જ સ્વતંત્રતાનો સાચો અર્થ પામીશું અને સૃષ્ટિ પર સ્વર્ગનું અવતરણ કરી શકીશું.

માનવતાની મ્હેંક મ્હેંકાવી શકીશું. વિશ્વને પ્રેમ, શાંતિ અને સલામતીની અનુભૂતિ કરાવી સાર્વત્રિક અને સનાતન કુદરતે દીધી સ્વતંત્રતાની શીતલતાનો સ્પર્શ કરાવી શકીશું.

## ૯. બેદરકારીનું પરિણામ

મન સ્વાંડ્યુસ્ચ ઝીયુંગ ૧૬ મી ઓક્ટોબર-૭૮ માં એના ટૂંકા લેખની હેડલાઈન ધ્યાન ખેંચે એવી હતી. એના શબ્દો આ પ્રમાણે હતા. "અધીરાઈની કિંમત જીવનથી ચૂકવવામાં આવી."

રેલ્વે ક્રોસીંગના બંધ ઝાંપા આગળ આવીને ઊભી રહેલી એક મોટર ગાડીના સતત વાગી રહેલા હોર્નથી ત્યાં સેવા બજાવતી એક યુવાન સ્ત્રી નોકરે નિર્ધારિત સમય પહેલાં જ ઝાંપો ખોલી નાખ્યો. આ કારણે "અધિરા મોટર ડ્રાઈવર" ને પસાર થઈ જવાની તક મળી. એ સહેજ આગળ મોટરગાડી હંકારી ગયો. ત્યાં ધસમસતી ટ્રેન આવી પહોંચી. એની વેગવાન ગતિ સાથે એ મોટરગાડીને ટક્કર સાથે પાટાઓ ઉપર જ ૧૮૦ મીટર દૂર ઘસડી ગઈ. આ જર્મન સામયિક્ના લેખે પછી સમાપ્તિમાં જણાવ્યું કેઃ ૪૪ વર્ષના ડ્રાઈવરે પોતાની અધિરાઈના ભોગમાં પોતાના જીવનની કિંમત ચૂકવી.

આવું તો કેટલીયે વાર આપણે રોજ-બરોજ સાંભળ્યું હશે. એવા કંઈક બનાવો બનતા હશે કે જેમાં વ્યક્તિની અધિરાઈ કારણભૂત બની હશે. જો કે ઘણા માણસો એને "નિમિત્ત" લેખે ઘટાવે છે. પરંતુ એમાં કેટલું સત્ય-તથ્ય છે એ તો સમજીએ ત્યારે જ જાણી શકીએ.

હું એક કંપાસબોક્ષમાં કે જેનો મેથેમેટીકલ-ડ્રોલંગના સાધનો તરીકે ઉપયોગ થાય છે. સ્કૂલમાં બાળકો એનો અભ્યાસમાં ભૌમિતિક- ડ્રોઈંગના કામમાં ઉપયોગ કરે છે. ત્યાં નોકરી કરતો હતો. બધા જ સાથીદાર વર્કરો કામમાં વ્યસ્ત હતાં. ત્યાં અચાનક એક ભાઈની દર્દનાક ચીસ સંભળાઈ. જોયું તો કટીંગ મશીન પર કામ કરતા એક ભાઈ સ્ટૂલ પરથી નીચે પડ્યા હતા ને વેદનાભરી ચીસો પાડતા હતા. નજરમાં એ ભાઈની ચોપાસ પડેલા પતરાં ને મશીનની આજુબાજુ હાથમાંથી વહી રહેલા લોહીનો છંટકાવ થઈ રહ્યો હતો. વેદનામય ચીસો અને વહેતા રક્તવર્ણી લોહીએ સૌના દિલમાં એક આછી કંપારી જન્માવી દીધી. બન્યું એવું હતું કે મશીનના પડતા ઓટોમેટીક "ડબલ સ્ટોક"થી એ ભાઈના ડાબા હાથનાં આંગળા કપાઈ ગયાં હતાં. જે મશીનની અંદર જ કટીંગ થઈને પડ્યાં હતાં. જો કે આ મશીનના ફોલ્ટથી થવા પામ્યું હતું. સુપરવાઈઝર મેનેજર બધાને ખબર હતી કે મશીનમાં કાંઈ ફોલ્ટ છે છતાં તેમણે માત્ર પ્રોડક્શન પર જ ધ્યાન આપ્યું હતું. મશીન પ્રત્યે બેદરકાર હતા. અને આ બેદરકારીએ એક આશાસ્પદ યુવાનને ચણચણતું જીવન જીવવાનો મોકો ( ? ) આપી દીધો હતો. કાશ ! એક યુવાનનો હાથ વિનાનો કરી મૂક્યો હતો.

જ્યારે અમે એ અંગે ફરિયાદ કરી તો એના સંચાલક ને માલિકે જણાવ્યું કે "થવાનું થયું . કદાચ એ ભાઈના નસીબમાં એવું હશે. અહીંના બદલે કંપની બહાર પણ આમ બની શકે છે."

અહીં પ્રથમ પ્રસંગને કોઈક કદાચ "નિમિત્ત" ગણે. પણ શું એ અધિરાઈનું પરિણામ હતું કે નિમિત્તના કારણે બન્યું હતું ? દરેક અકસ્માતમાં "નિમિત્ત" નથી હોતું. બેદરકારી, અધિરાઈ કે ઉતાવળપણું પણ ક્યારેક મોટું જોખમ ઉભું કરી દે છે.

ધીરજ ધરવી એ ઘણી કઠીન બાબત છે. જીવનમાં ક્યારેક આપણે પણ ખૂબ અધીરા થઈ જઈએ છીએ. જીવનમાં ધરેલી આ અધિરાઈના કારણે જ્યારે વિપરીત પરિણામ પ્રગટ થાય છે ત્યારે જ એનોસાચો ખ્યાલ આવી શકે છે. વ્યક્તિ એના જીવનમાં કેટલું સહન કરે છે. એટલી એણે ધીરજ રાખી ગણાય. જીવનમાં કૈંક વેઠવું, તકલીફો વચ્ચે મનને અને હૃદયને મક્કમ રાખી સહન કરવું પણ ઉતાવળ ન કરવી એનું નામ ધીરજ ! ધીરજ ધરવી અઘરી છે. એનું મૂલ્ય ચૂકવવું સહેલું નથી. એના માટે તો ભોગ આપવો પડે. અંતરની આસ્થા ટકાવી રાખવી પડે. પોતાના ઉદરમાં રહેલા સંતાનને એની માતા કેટલી ધીરજ ધરીને સંભાળે છે - દુઃખ સહે છે. પ્રસવની પીડા દારૂણ હોવા છતાં ધીરજ ધરીને વેઠે છે અને ત્યારે એ બાળક મેળવ્યાનો અનેરો આનંદ પ્રાપ્ત કરે છે.

નાનકડા એ જ શીશુને માતા કેટલા ધૈર્ય અને જતન સાથે ઉછેર કરે છે ? ધીરજનું આ કેવું ઉમદા પ્રતિક છે. આ ક્યારેક અધીરાઈ નીપજાવે છે. મર્યાદીત જ્ઞાન ધરવાની જરૂર જોવામાં નિષ્ફળ જાય છે. ક્યારેક બધી બાબતોનું જ્ઞાન જાણકારી હોવા છતાં પણ વ્યક્તિ ધીરજ ગુમાવી બેસે છે. "અધીરા મોટર ડ્રાઈવરે" આવતી ટ્રેનનું અંતર અને ઝડપ લક્ષમાં રાખ્યાં હોત તો એ જરૂર ધીરજ ધરી શક્ત.

અહંકારી માણસ પણ ક્યારેક ધીરજ ગુમાવી બેસે છે. બાઈબલમાં ઈખ્યું છે કે "આત્મામાં અહંકારીના કરતાં જે ધીરજવાન છે તે વધુ સારો છે (સભાશિક્ષક ૭:૮)" આમ વ્યક્તિ ધીરજ ન ધરતાં અધીરી કેમ બને છે એનાં ઘણાં કારણો ધ્યાનમાં લઈને જો આપણે વ્યવહાર કરીશું તો જીવનમાં મોટી કિંમત ચૂકવવાનું બદનસીબ આપણને નહીં મળી શકે. એ વાત સદનસીબ જ બની રહીશું. અધીરો માણસ માત્ર મૂર્ખાઈને જ મહત્વ આપે છે. ઉપરના દાખલામાં જો ડ્રાઈવરે મૂર્ખામી ન કરી હોત તો જીવનનું મોટું મૂલ એને ચૂકવવું ન પડત.

કદાચ એ થોડી મિનિટો માટે રાહ જોવામાં એના કોઈપણ નિયોજિત મુલાકાત કે કાર્ય માટે કંઈક મોડો પડ્યો હોત પણ એ આ પ્રકારની સંપૂર્ણપણે નિષ્ફળતા પામવાનું કારણ ન બન્યો હોત ને ?

ક્યારેક આપણે પણ પોતાની સાથે જ ધીરજવાન બનવામાં નિષ્ફળ નથી જતાં ? આપણી મર્યાદાઓ અને અપૂર્ણતાઓ જ્યારે જ્યારે આપણે વિસારે પાડીએ છીએ ત્યારે આપણી બાબતે પણ આમ જ બને છે. રોજીંદા જીવન વ્યવહારમાં તમને એવો અનુભવ થતો જ હશે. બાઈબલમાં બીજી એક જગ્યાએ પણ ધીરજ બાબતે સુંદર ઉલ્લેખ કરેલો છે : "ભાઈઓ, એ માટે તમે, પ્રભુની હાજરી પર્યત ધીરજ ધરો. જુઓ ! ખેડૂત પૃથ્વીના કિંમતી ફળ માટે રાહ જોયા કરે છે. અને શરૂઆતનો વરસકાદ તથા છેલ્લો વરસાદ આવે ત્યાંસુધી ધીરજ રાખે છે. તમે પણ ધીરજ રાખો, તમારાં હૃદય

મક્કમ બનશે.”

ગુજરાતીમાં પણ એક કહેવત છે કે “ધીરજનાં ફળ મીઠાં હોય છે.” ધીરજ ધારણ કરનાર માણસ એક અડક જેવો છે. અણનમ અને અડગ ! તો આપણે જીવનમાં ધીરજવાન બનીએ. આપણે આપણી સાથે સોથે દરેક વ્યક્તિ સાથે સહનશક્તિવાળા અથવા ધીરજવાન બનીએ.

જીવનમાં આવી પડતી આપત્તિઓ ક્યારેક આપણું અસ્તિત્વ ઓગાળી નાખવા, આપણને મિટાવી દેવા તત્પર હોય છે. આપણે એમનો ક્યારેક એનો સામનો કરવાનો રહે છે ત્યારે આપણે હારી જઈએ છીએ, થાકી જઈએ છીએ. પરંતુ આવી નાજુક ક્ષણે નાસીપાસ ન થતાં ધીરજ ધરીને એનો સમાનો કરવો જોઈએ. ધીરજ ધરવામાં આપણી સાથે બીજાની પણ સલામતિ ક્યારેક સમાયેલી હોય છે. એટલી ધીરજનું સાચું હાર્દ સમજી જો જીવનમાં એનું અમલીકરણ કરીશું તો આપણે જીવનમાં આપવા પડતા જીવનના મોટા બદલામાંથી ઉગરી શકીશું.

## ૧૦. શું તમારું બાળક ડરપોક છે ? :

નિખાલસપણે પ્રારંભ કરું છું. મારથી કરું છું. આજે હું જે કહેવા માગું છું તેના અનુસંધાનમાં છે. સામાન્યતઃ સ્ત્રીઓ ગરોળીથી બીએ છે. પરંતુ મારી પત્ની તો ખાસ ડરે છે. ઊંદરથી પણ એ તેટલી જ ડરે છે. ગામડે તો મોટે ભાગે ઉંદરોનું ઘણું પ્રમાણ. હું જ્યારે અમદાવાદથી ઘરે જાઉં ત્યારે ત્યારે એને ઊંદરોનો ત્રાસ અસહ્ય થઈ પડે. ગરોળી તો અહીં અમદાવાદમાંય ખરેખરી ડરાવે. મને ગરોળીનો ડર નથી. હા, ચીડ-સૂગ ખરા. છતાંય ગરોળી પકડું છું. આ કલા હું નાનો હતો ત્યારે ફાધર સૂર્યા દ્વારા શીખેલો. તેઓ બોર્ડિંગમાં નાના બાળકોને દેખતાં કળા અને ચપળતાથી ગરોળીની ડોક પકડી લે. પછી બીજા હાથથી આંગળી વડે તેની નીચેના મુલાયમ ભાગે સ્પર્શ કરે. અમને તેમ કરવા પ્રેરે. આમ તેના ડરથી અમને બચાવે, ત્યારથી મારા માનશમાં તેનો ડર નથી.

આ થઈ ડરને દૂર કરવાની સપ્રયાસ તાલીમ. એ સમયે અને નાના તેથી ડરપોક ખરા. અંધારાથી ઘણા ડરીએ. મારા સહાધ્યાયીઓમાં ત્રણચાર જણા ખૂબ ડરપોક. ત્યારે અમુક સમયે રાત્રિ ફેરી કરવાનો નિયમ રાખેલો. મારા દોસ્તોની એક ટુકડી પાડેલી જે સૌથી વધુ ડરનારા હતાં. પરંતુ અમારી ફેરીનો સમય એવો રાખેલો કે જ્યારે સૌ ઘસઘસાટ ઊંઘ લેતા હોય. રાત્રિના એક-બેનો ગાળો પસંદ કરાય. જો કે અમને પૂરતું સાંત્વન ને હિંમત પણ અપાતી. આમ અમારું બીકણપણું કાઢવાના પ્રયાસ આદરતા.

કહવાય છે કે નેપોલિયન બોર્નાપાર્ટ કે જે સમગ્ર યુરોપને ધ્રુજાવનાર ભડવીર હતો. ગમે તેનાથી ન ડરનારા આ સમ્રાટ એક બિલાડી જેવી બાબતથી ડરતો. હિંમતમાં હિંમતવાન વ્યક્તિ ક્યારેક મામૂલી બાબતોથી ડરતી હોય એવું બન્યું છે. ગાંધીજી પણ નાના હતા ત્યારે અંધારાથી ખૂબ ડરતા હતા. જો કે સ્વપ્રયાસ તથા સમજથી તેઓ પછીથી નીડર બની ગયેલા.

‘ભય’ એ માણસ માત્રમાં કુદરતી રીતે જ સાપંડેલ સાહજિક ગુણ છે. પ્રત્યેક માણસમાં ‘ભય’નું સ્થાન રહેવાનું જ. પછી ભલે તેના પ્રકારો કે બાતો અલગ અલગ હોય ! ગમે તેવો છાતીગજો માણસ પણ કોઈને કોઈ પ્રકારના ભયથી વંચિત નહીં હોય. હા, જે માથું મૂકીને જ પ્રત્યેક ક્ષણને જીવે છે તેવા કેટલાક અપવાદરૂપ હોઈ શકે. જીજીવિષા ભયનું મુખ્ય કારણ છે. મરવું કોઈને ગમતું નથી. બધાને જીવવું છે. તેથી સલામતી જોખમમાં મૂકાય એવું કોઈ નહીં ઈચ્છે પણ વધુ હાસ્યાસ્પદ એ છે કે ન ડરવા જેવી બાતોથી પણ ડરવું. જેનો ખાસ ડર ન હોય એવી બાબતોથી ડરવું એ એક મૂર્ખામી છે. નાની નાની બાબતોથી જે વ્યક્તિ ડરે છે તે નાહિંમત છે તેવું નથી પણ તેનાથી ક્યારેક એવું દ્રશ્ય-બનાવ સર્જાઈ જાય છે જેનાથી વ્યક્તિ હાસ્યને પાત્ર બને છે. બીજાઓ ડરપોક માની બેસે છે.

જો કે આમ બનવું સ્વાભાવિકપણે નથી હોતું. તેની પાછળ કોઈને કોઈ હાથ કાર્યવત રહેલો છે. અણસમજુ નાનું બાળક ડરથી દૂર હોય છે. ડર શું એનો ખ્યાલ એને નથી હોતો પરંતુ તે જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેનામાં બુદ્ધિ ખીલતી જાય છે, સમજ આવતી જાય છે. જેના કારણે એ સમજણું થાય છે. આ સમયગાળાથી માંડીને તે પક્વબુદ્ધિનું થાય ત્યાં સુધીમાં જાતજાતની બીક તેના મગજમાં ઘૂસી જાય છે. અરે ! ઘૂસાડવામાં આવે છે. એવું કહીએ તો ય ખોટું નથી. આ પ્રક્રિયા ઘરમાંથી શરૂ થાય છે. બાળક કંઈક માને ને હઠીલું બને તો તેને રોક્વા તેની મા કહે છે : ‘એ બાવો આવ્યો ! પકડી જશે !’ ને બાળક ગભરાઈ જાય છે. ‘બાવો’ શું તેની ખબર નથી. તે બાળક ‘બાવા’થી ડરતું થઈ જાય છે. શેરી કે ફળીમાં ફરતુંફરતું થતાં દોસ્તો સાથે પણ આવા બનાવો બનતા તે બાવાથી ડરવા લાગે છે. કેટલીક માતાઓ પોતાના રડતાં બાળકોને છાનું રાખવા ‘એ ઊંદર આવ્યો !’ ‘એ બિલાડી આવી!’ ‘એ પોલીસ આવ્યો ! પકડી જશે !’ જેવાં વેણ ઉચ્ચારી પોતાનાં બાળકોનાં મનમાં ભય પેદા કરે છે. જે ભય તેના માટે જીવનનું અંગ બની જાય છે. મા-બાપ કે વડીલો દ્વારા આવી જાતજાતની તરકીબો થતી રહે છે તે સમય-સંજોગ પુરતી તેઓ રાહત મેળવી લે છે. પરંતુ તેમને એ ક્યાં ખબર રહે છે કે પોતાની આ ક્ષણની રાહત માટે યોજેલ તરકીબ એમના બાળકના ભાગ્ય જીવન માટે દુખઃદાયક બની રહેશે. આ જ બાળક મોટું થયા પછી પણ એ ડરામણા ડરથી ડરતું રહે છે.

આ મનૅવૈજ્ઞાનિક બાબત જો આજનાં મા-બાપો સમજે તો તો પોતાનાં સંતાનોને ખરાબ પરિણામોમાંથી બચાવી શકે છે. કિંતુ વડીલોને આવી બાબતોનો સ્વપ્ને પણ ખ્યાલ રહેતો નથી. ને પોતાની રીતે જ બાળક સમક્ષ વર્તાવ કરે છે. આમ ન કરતાં નાનપણમાં બાળકને બીક બતાવવાનું ટાળો. તેમ કરવાથી તમે તેનું મોટપણ બગાડશો. નકામી ગણાતી ખોટો ખોટી ધાક-ધમકી ન આપો. તેને મારો નહીં કે ખોટા લાડ પણ લડાવો નહીં. માત્ર તેને પ્રેમની જરૂર છે એને પ્રેમ કરો. પ્રમ વિનાનો ઉછેર બાળકને નિષ્ઠુર દિલવાળું બનાવશે. બેદરકારી કે ઉપેક્ષા સેવવાને બદલે તેનામાં સભાનપણુ સારી બાબતોનું સિંચન કરો. બાળકનો વિચાર્યા વિના કે બેફામ ઉછેર કરી તમારાં બાળકોને ભાવિ જીવનની મુશ્કેલીઓમાં ન મૂકો. આ સામાન્ય સમજ તરફની ઉપેક્ષા આગળ જતાં કેટલો ને કેવો ભયંકર વળાંક ક્યારેક લાવી આપે છે. તે તો તમે ક્યાંથી જાણી શકો ? જ્યારે તેના જીવનમાં જટિલ સમસ્યા સર્જાય અને કોઈક મનોચિકિત્સક પાસે જવાનો વારો આવે ત્યારે જ ખબર પડે છે. પ્રત્યેક મા-બાપે એ જોવાનું છે કે પોતાનું બાળક ડરપોક નહીં પણ હિંમતવાન બને, છાતીગજું બને. હિંમતવાન

વ્યક્તિ ગમે તેવી સ્થિતિનો સામનો કરવા સમર્થ બને છે. તેમાંય કન્યાઓ પ્રત્યે જે દુર્લક્ષ સેવાય છે એ ન જ હોવું જોઈએ. ભારત વર્ષની ઘણી વીરાંગનાઓ એવી થઈ ગઈ છે કે જેણે સિંહણસમી છાતી રાખીને ઝઝૂમ્યે રાખ્યું છે. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ ગમે તેવા સૈન્ય સામે ટક્કર લેતી. કદાપી ડરતી નહીં. શિવાજીને શૂરવીર બનાવનાર કોણ હતું ? તેમની માતા જીજાબાઈ ! આજના સમયમાં સ્ત્રી પોતાનું રક્ષણ સ્વયં કરતી રહે એવું તેનું ઘડતર થવું જોઈએ. છોકરો હોય કે છોકરી તેમના ઉછેરમાં કદાપિ પક્ષપાત ન રાખો. જાણ્યે-અજાણ્યે પણ બાળકોને ડરપોક થતું ટાળો. તેમનામાં હિમંત પ્રેરો. નકામી કે કલ્પિત વાર્તાઓ કહીને જેનાથી ડરવા જેવું નથી તેવી બાબતોથી ડરામણા ન બનાવો.

## ૧૧.ઉત્સાહ જીવનનો સ્ત્રોત છે.

માનવ જાતને અનેક સુખદાયક વૈજ્ઞાનિક ભેટ ધરનાર મહાન વૈજ્ઞાનિક અલ્વા એડિસન છેક વૃદ્ધાવસ્થાના આરે પહોંચ્યા છતાંયે તેઓ પોતાના સંશોધનક્ષેત્રે સતત પ્રવૃત્તમય રહેતા હતા. પોતાની પ્રયોગશાળામાં તેઓ અવનવા પ્રયોગો કર્યા જ કરે. પોતે હજી પણ નવીનતમ શોધખોળ કરીને કેરવી રીતે માનવજાતને વધુ ઉપયોગી બની શકે, એ ઉત્કંઠા તેમના મનમાં રમ્યા કરતી હતી ! વૃદ્ધાવસ્થાની સ્થિતિમાંયે તેમનું હૈયું તો જુવાનને ય શરમાવે એવી રીતે ધબક્યા કરતું.

એમના એંસીમાં જન્મદિવસની વધાઈ આપવા આવેલા તેમના એક નિક્ટતમ મિત્રે જયારે તેમને કહ્યું કે : ‘તમારે હવે કોઈક મનપસંદ હોય એવી રમત-ગમતમાં રસ લેવો જોઈએ. વળી એવો વધારાનો શોખ કેળવવો હોય આ ઉંમરે જરૂરી પણ છે એવું તમને નથી લાગતું ? મિત્રના આવા સવાલથી અલ્વા એડિસન તરત જ ચોંકી ઊઠ્યા. તેમણે મિત્રના સવાલનો જવાબ આપતાં કહ્યું : ‘મિત્ર ! હજી હું એટલો વૃદ્ધ ક્યાં થયો છું કે એ માટે મારે આરામના અવનવા કીમિયા શોધવા પડે ?’ પછી ઉત્સાહ છલક્તાં એડિસન મીઠું મલકી ઊઠ્યા.

ઉપરના પ્રસંગથી જોઈ શકાય છે કે કેટલીક એવી પણ વ્યક્તિઓ હોય છે જે ક્યારેક વૃદ્ધ દેખાતી નથી. ‘સદાબહાર’ની જેમ સદા નવયુવાન જ દેખાય છે. પછી ભલે તેમની કાયા વૃદ્ધત્વ ધારણ કરી બેઠી હોય ! એમનામાં તો નિરંતર ઉત્સાહ અને જિંદગીનો આનંદ છલકાતો રહે છે.

આપણા માજી વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈ પણ વૃદ્ધ ઉંમરના હોવા છતાંય આજે તેઓ પચીસ-ત્રીસ વર્ષના જુવાન જેટલા જોશીલા જણાય છે. આજે પણ તેઓ રોજિંદા કાર્યો એક યુવાન કરી શકે એવી હેસિયતથી કરી શકે છે કેમ ? કેમકે તેઓ જીવન પ્રત્યે સદા ઉત્સાહી રહ્યા છે.

નોબલ પારિતોષીક વિજેતા મધર ટેરેસા વયોવૃદ્ધ હોવા છતાં પણ જુવાનીનું જોમ દાખવીને કેટકેટલાં અનાથ અને અશક્ત માનવીઓની પ્રેમસભર શુશુષા કરી રહ્યાં છે ! ગરીબો તથા દુઃખી પીડિતોને પડખે સ્વજન બનીને સેવા કરી રહ્યાં છે ! સેવાના શ્રમથી તેઓ ક્યારેક થાક્યાં નથી. આજે વિશ્વભરમાં ફેલાયેલી તેમની સેવા સંસ્થાનાં માર્ગદર્શક તથા સૂત્રધાર છે. આજનો ક્યો જુવાન એ હેસિયતથી કામ કરી શક્વા સમર્થ છે ? અને તે પણ કોઈ જાતની આશા-અપેક્ષા કે બદલાની ભાવના

વિના ! છતાં આજે આપણે એમની વૃદ્ધાવસ્થામાં ય એમની સેવાપ્રવૃત્તિમાં થનગનતી યુવાની જોઈ શકીએ છીએ. જીવન પ્રત્યેનો એ જ ઉલ્લાસ અને આનંદ એકધારો જોઈ શકીએ છીએ. કષ્ટોથી તેમની કાયા ક્યારેય ભાંગી પડી નથી. આવી વ્યક્તિઓ વિશ્વમાં કેટલી ! માત્ર ગણી ગાંઠી !

આ ઉત્સાહ શું છે ? ઉત્સાહ એ કૈંક એવુ ગૂઢ તત્ત્વ છે જે સામાન્ય માનવીને પણ એક વિરલ વ્યક્તિ બનાવી દે છે. ઉત્સાહ એ એવી વસ્તુ છે જે થાકમાંથી શક્તિપ્રતિ ઊંચા કરે છે. એમાંથી જ આત્મવિશ્વાસ પ્રગટી ઊઠે છે. વૃદ્ધાવસ્થામાં ય જુવાનીનું જોમ જાળવી રાખે છે. એમાં એક જાતનું ચુંબકીય તત્ત્વ છે જે અન્યને પોતા તરફ આકર્ષે છે. દિગ્મૂઢ કરે છે. એટલે તો આપણે એવી થોડી વિરલ વ્યક્તિઓ પ્રતિ પ્રવાહિત બનીને ખેંચાઈ જઈએ છીએ. જિંદગી પ્રત્યેની ઉદાસીનતા પાયામાં લૂણો લગાડે છે જ્યારે ઉત્સાહ જિંદગીને હરક્ષણે નવપલ્લવિત રાખે છે.

શક્તિનો સ્રોત એટલે ઉત્સાહ ! એનાથી ચમત્કારિક શક્તિ સ્ફૂરે છે. જેનો ઉત્સાહ સૂકાતો નથી એનું જીવન સૂકાતું નથી. ઉત્સાહનું ઝરણું સદાય જિંદગીને લીલુંછમ હર્યુ-ભર્યુ રાખે છે. તમારામાં આ ઉત્સાહ હશે તો જીવનમાં ગમે તેવી સાંપડેલી હતાસા, સૂર્યના તાપમાં જેમ ગાઢ ધુમ્મસ પણ ઓગળી જાય એમ ઓગળી જશે. તમે તમારું મલક્તું સ્મિત બીજાને આપી શકશો. અન્યને પ્રેરણારૂપ બની શકશો.

હું નાનો હતો ત્યારે 'આનંદી એન્જિનવાળો' પાઠ નિશાળમાં ભણેલો, એ અત્યારે યાદ આવે છે. એ સદાય આનંદી રહેતો. ઉનાળીની સખત લૂ વરસતી ગરમી, તેમાં ભળે એન્જિનની આગ ઓકાતી અસહ્ય ગરમી. છતાં એ હસતો રહેતો અને આનંદથી એન્જિન હાંક્યે રાખતો. ઉનાળો હોય કે શિયાળો યા ચોમાસું હોય, પરંતુ દરેક સમયે એ આનંદી રહેતો. આગગાડીના દોડતા એન્જિનની જેમ પોતે પણ ઉત્સાહ-ઉમંગથી જિંદગી દોડાવ્યે રાખતો, જીવ્યે જતો. જ્યારે જ્યારે જીવનમાં વળાંક લેતી સ્થિતિ સર્જાઈ છે ત્યારે મને એણે ઘણું બળ આપ્યું છે. પ્રેરણા પિયુષ પાયો છે. ગમે તેવા દુઃખ વચ્ચેય જીવવાની અનોખી ખુમારી દીધી છે. એનો ઉત્સાહ એ મારો ઉત્સાહ બન્યો છે.

શું તમે પણ તમારો આ ઉત્સાહ બીજાને ન આપી શકો ? જેઓ અકાળે વૃદ્ધ રહેવાની દિશામાં છે ! પરિવર્તનનું બીજું નામ એટલે જિંદગી ! સામાન્ય રીતે આપણે સૌ મોટેભાગે એવું જ ઈચ્છીએ છીએ કે જીવન સરળ રહે, સરળ વહે. દુઃખોને તો સ્વપ્નમાં પણ વિચારવા તૈયાર નથી. આપણે તો કેવળ સુખવાંચ્છુઓ જ બની રહીએ છીએ. દુઃખનો કે વિપત્તિનો સહેજ પણ પડછાયો આપણા ઉપર ન પડે એ માટે સજાગ રહીએ છીએ. છતાં આવનાર બાબત આવે છે જે આપણા હાથની બહાર છે. આવા સંજોગોમાં જ્યારે અચાનક આફતની આંધિ ચઢી આવે છે ત્યારે આપણે પેલા ઊંટની જેમ આપણું મોં છૂપાવી દઈએ છીએ. (રણમાં જ્યારે તોફાન-આંધિ ઊઠે છે ત્યારે ઊંટ તેનાથી બચવા પોતાનું મોં રેતીમાં છૂપાવી દે છે.) આજ રીતિ-નીતિ આપણે અખત્યાર નથી કરતા ? હૃદયથી ત્રસ્ત નથી થઈ જતા ? ધીરજ ગુમાવી દેતાં ઉલ્લાસ મરી જાય છે. જેની અસર પાર્થિવ દેહ ઉપર તો ઠીક પરંતુ મન, હૃદય તથા બુદ્ધિ ઉપર પણ થાય છે. જે વ્યક્તિને વૃદ્ધત્વ તરફ ખેંચી જવા માટેનું બળ પૂરું પાડે છે.

ચાલો, જીવનની હરકોઈ ક્ષણે આ ગુમાઈ જતો ઉત્સાહ-ઉમંગ ટકાવી રાખવા સભાન બનીએ. ક્ષણો પૂરતો ભલે તે ઓસરી જાય પણ એનું મૃત્યુ તો ન થવા દઈએ. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા-આસ્થા એમાં જ છૂપાયેલી છે. આ શ્રદ્ધા જ તમને ટકાવી રાખશે. હર સમયે નવજુવાન બનાવીને ! તમારે કોનો સ્વીકાર કરવો એ તમારા હાથની વાત છે.

## ૧૨. વૃક્ષોની મમતા

ગ્રીષ્મના દિવસો છે. પાણી માટે વલવલતી ધરા દિન-પ્રતિદિન તૃપ્ત થતી જાય છે. સૂકીભઠ્ઠી થતી ભોમકા ઊની ઊની લૂના વિંઝાતા વાયરામાં લપેટાય છે. બળતી બપોરે દૂર વૃક્ષોની શીળી છાયામાં ગાયોનું ધણ નિરાંતે વાગોળે ચઢ્યું છે. સામેના બંગલામાં પાણી વિના ઉછરતાં વૃક્ષો પોતાની અસલિયત ગુમાવતા જાય છે. કેટલાંક તો બીલકુલ સૂકાઈ ગયાં છે. અર્ધવિકસિત સોસાયટીમાં પાણી ઊંડાણ માપતા હોય તેમ નીચે ઉતરી ગયાં છે. ને તેથી તો ‘જીવન’ તરીકે ઓળખાય એ કુદરતી તત્ત્વ શી ચીજ છે અથવા તો તેની કેટલી કિંમત છે તે તો તેના અભાવમાં જ સમજાય ! પોતાનામાં જ વ્યસ્ત-મસ્ત માનવો આસાનીથી સાંપડતી બાબતો પ્રત્યે દુર્લક્ષ સેવે છે. વસ્તુના મૂલ્યના ઉપેક્ષા વૃત્તિએ જ આજના કરૂણ દિવસો સર્જ્યા છે. તેનું ભાન માનવીને મોડે મોડે ય થાય છે તે સારી વાત છે ! કુદરતે જે ઉદાર હાથે દીધાં છે તે સઘળાં હવા, પાણી, વૃક્ષો વગેરેનો વિનાશ સર્જવા કે તેને વિકૃત કરવા માનવજાતે કમી નથી રાખી. વિશાળ વૃક્ષાચ્છાદિત જંગલોની જગ્યાઓ માનવ સર્જીત વસાહતો સ્થપાય છે. વૃક્ષો તો વરસાદ લાવે તે જ્ઞાન ભૂલ્યો હોય તેમ તેના વર્તથી આજે વરસાદ, વરસાવવામાં વિલંબ કરે કે ન વરસે. તેમાં નવાઈ શી ? ચોખ્ખી હવા તે કુદરતી દેના છે. તેને દૂષિત કરતા માણસોને કુદરતી વાતાવરણમાં વિકૃતિ આણી દીધી છે. આ બધું જાણવા-સમજવા છતાં પોતાના ક્ષુલ્લક સ્વાર્થ ખાતર માણસે ખાનાખરાબીજ સર્જી છે !

વહેલી સવારે એક દ્રશ્ય નજરમાં રોપાય છે. પાસેની, ચોતરફશીળી છાંય દેતા લીમડાઓ અને અન્ય વૃક્ષોની કતારથી આવૃત્ત જમીન આવતીકાલે ધીમે ધીમે વેરાન જથઈ જશે ! જેનાં બંને બાહુ સલામત છે તેવા લોક એક પછી એક વૃક્ષને નિત કાપી રહ્યા છે. નજરમાં થોડા દિવસો પછી આ રમ્ય દ્રશ્ય ઓઝલ થશે. કાયમ માટે ! કેમ કે પછીના દિવસોમાં ત્યાં સીમેન્ટ-કોક્રીંટનું વન ઊંભું થશે ! વૃક્ષો ત્યાં જ રહે તો ય વાંધો આવે માટે તે મૂળસોતાં કંપાય છે. કડ..ડ..ડભૂસ ના અવાજોથી, કુહાડીઓના ઘા પામી ધરાશય થતાં વૃક્ષોના એક પછી એક અવાજો મારા કર્ણપટે અથડાતા જાય છે, હું વૃક્ષની વેદનાને અનુભવું છું.

બપોર થવાનું ટાણું આંગણે આવીને ઊભું હોય તેવો સમય છે ઘડીયાળમાં જોઉં છું તો ૧૧.૩૦ નો સમય દર્શાય છે. કામ અર્થે હું તૈયાર થઈ બહાર નીકળું છું. રોજનો એ માર્ગ છે. જયાં વચ્ચે એક જીર્ણ-શીર્ણ ઝૂંપડી જેવું, જાણે બાળકોએ બાંધ્યું હોય તેવી દશા દર્શાવતું સ્થાન રોજ જોઉં છું. મેલાઘેલાં લૂગડામાં એક અપંગ કાયા ક્યારેક નિરાંતે બિન્દાસથી સૂતી હોય ! જેને જોઈ સભ્ય ગણાતી વ્યક્તિને સૂગ થઈ આવે. ક્યારેક ડામરના કે ધૂળિયા રસ્તા પર તેના સાજા રહેલા એક હાથના ટેકાથી ઢસડાતા

તે માણસ જતો કે આવતો નજર આવે. બંને પગ અપંગ. વીણેલાં લાકડાં કે નકામી ગણાઈને ફેંકાઈ ગયેલી વસ્તુઓથી તેની ઝોલા જેવી થેલી ગળાથી કે માથે આધાર આપીને પીઠ પાછળ લટકાવી હોય. બિલકુલ અપંગ છતાં લાચાર બન્યા સિવાય સમય સાથે ટક્કર લઈને જીવતી એ વ્યક્તિ પ્રત્યે મને ઘણીવાર અહોભાવ પ્રગટ્યો છે. તો ક્યારેક ઉત્સાહપ્રેરક બની છે. વિધિની વક્રતાની પરવા તેના મુખાવિંદ પર મેં ક્યારેય નથી ભાળી. સાજા-નરવા છતાં મરવાના વાંકે જીવતા માણસોની સામે તે મને વધુ ઉંચેરો જણાયો છે. સંપત્તિ કે પ્રાથમિક ચીજવસ્તુઓના અભાવવાળા આ આદમીને જ્યારે મેં અને મારી પત્નીએ એક દિવસ મેલાઘેલાં હાથે, રસ્તા પરની તેની ઝૂંપડીમાં ભજીયા તળતો જોયો ત્યારે થયું કે ભીખ માગીને ખાવા કરતાં નકામી ચીજવસ્તુઓ વીણી, વીણી તેના વેચાણથી પેટગુજારો કરતો આ માણસ આવો 'ટેસ' પણ ધરાવે છે ! તાજુબ દિલે તેના ખુમારીભર્યા અસ્તિત્વને નિરખી રહ્યો હતો. કોઈને ય જોતાંવેંત દયા ઉપજે એવા આ આદમીને વટવા જી.આઈ.ડી.સી.ની 'અંબિકા ટ્યુબ્સ' કંપનીની પાસેથી પસાર થતા રોડની સામેની બાજુએ બે વર્ષથી હું જોતો રહ્યો છું. સ્વચ્છતા નહીં એવું એનું સમગ્ર વાતાવરણ છતાં એને નિરોગી હાલતમાં જ જોઉં છું ! તાપ, ઠંડી, વરસાદ જેવા સમયે સદાય એની પ્રવૃત્તિઓથી રત આ માણસ આજે મને જુદા જ લેબાસમાં જોવા મળ્યો !

વિત્તની પાછળ ઘેલો બનેલો આજનો માણસ વૃક્ષોની બાબતે બેધ્યાન છે. તેના જીવનમાં આશીર્વાદરૂપ વૃક્ષ તો ડગલે ને પગલે તેની સેવામાં હાજર છે. સૃષ્ટિના આરંભથી ઉપયોગી બની 'સંત'ની ઉપમા પામનાર વૃક્ષ ગમે તે હાલતમાં ઉપયોગી બની રહે છે. તેનાથી કોણ અજાણ છે ? છતાં એની સાથે અડપલા ખેલતી માણસજાત વચ્ચે આ આદમીનો એક હાથ બળતા બપોર ટાણે વૃક્ષની માવજત કરતો જોયો. પીંપળીનું ડાળ રોપી, તેને પાણીનું સિંચન કરી, ખામણાને વધુ સારું કરવા નાનકડા હથિયારથી રહેઠાણથી ઘણાં ડગલાં દૂર. જે તેના ઉપયોગમાં ખાસ નથી આવવાનું. જ્યારે તે વૃક્ષ ઘટાદાર બની રહેશે ત્યારે તો તે વૃક્ષ કેટલાંય જણને ઉપયોગી નહીં બની રહે તેની કોને ખબર ? અન્યનાં ઉપયોગમાં આવે તેટલા માટે આ એક હાથ ધરાવનાર માણસ પરિશ્રમ કરી રહ્યો હતો ! ત્યારે મને મનમાં થયું કે 'વૃક્ષારોપણ દિને' કે અન્ય સમયે વૃક્ષારોપણ કરીને જ સંતોષ માનનાર રાજકિય કે મોટી ગણાતી વ્યક્તિઓ ફરી ભાગ્યે જ તે વૃક્ષ બાબતે કાળજી રાખે છે ! કદાચ, સૂકાઈ પણ જાય તો ય શું ? મોટા માણસો જે કરે તે મહાન ! સામાન્ય વ્યક્તિનું ગમે તેવું કાર્ય મામુલી ! ક્ષુલ્લક ! જેની નોંધ લેનાર હોય તો માત્ર ઉપરવાળો ! આજે એ અપંગ માણસ ભલે એકલો પ્રવૃત્તિ કરતો પણ આવતીકાલે તો મીઠા ફળ ભોગવનાર તો બધાં હશે !

કેવો વિરોધાભાસ ! બે હાથનું કૌવત ધરાવતો આદમી બેફીકર બનીને વૃક્ષો કાપ્યે જાય છે તો આ માણસ કવિ ટાગોરની કાવ્ય પંક્તિ "એકલો જાને રે...." મુજબ એકલવાયો જ વૃક્ષ ઉછેક રરી રહ્યો છે. હજારોનો સાથ હોય તેમ તેનો હાથ પ્રવૃત્તિમય છે. કેમ તે વૃક્ષની સાચી કિંમત સમજે છે.

મારા ગામની ભાગોળે જયાં બસ સ્ટેન્ડનું સ્થળ છે ત્યાં ખુલ્લી જગ્યા છે, 'ચરો' ગણાતી જગ્યાએ પંચાયત દ્વારા 'વનખાતા'ના સહકારથી વૃક્ષો ઉછરી રહ્યાં છે. પણ આ જગ્યાએ કશું વિશ્રામ લેવા જેવું નથી. જયારે હું અમદાવાદથી વતન જાઉં ત્યારે એ જગ્યાએ પંચાયત દ્વારા 'વનખાતા'ના

સહકારથી વૃક્ષો ઉછરી રહ્યા છે. પણ આ જગ્યાએ ક્શું વિશ્રામ લેવા જેવું નથી. જયારે હું અમદાવાદથી વતન જાઉં ત્યારે એ જગ્યાએ મારા બાપુજીની પ્રવૃત્તિ રૂપ વાડોલું જોવાય ત્યાં ઉભેલો ચા-ભજીયાંની લારીવાળો માણસ મને સંબોધીને કહે : 'તમારા બાપુજી રોજ આ વડલાને પાણી તાય સે, પણ સા...લા લોકો એવા સખણા ન રહે. તેમાંય ઘેટાંબકરાંવાળા ઘણા બેદરકાર ! તેમનાં પ્રાણઅીને રોકે નહીં. તો ક્યારેક ગામના લબરમૂછિયા કે અલ્લડ માણસો હશે ! છતાં કોઈ પરવા વિના ભલા આદમી, એ બધાનું હિતનું કામ કરે છે ? જેમાં જે ભાગ ન લે તે ઓછા ! આ તો યજ્ઞકાર્ય કહેવાય ! પણ સમજે છે કોણ ?

ઝઘડાના મૂળ કારણને લીધે અમે જયારે ખેતરનું એક આમ્રવૃક્ષ કાપેલું ત્યારે દુ:ખ થયેલું, કેમ કે તેની કેરીઓ ખાતા, વળી પિતરાઈ ભાઈઅલ તથા તેમનાં સંતાનો તેમના આંબેથી કેરીઓ ખાતા ત્યારે અમે કેરીઓથી વંચિત રહી ન જઈએ તે માટે તેઓ વે'લી સવારે ઊઠે. સાખ કે પડેલી કેરીઓ સીમમાંથી વીણી લાવે. અને અમને આપે. છતાં અમારી જમીનમાં તે ઝાડ રોપવા મથે. કેટલાકં જમીનની ચૂસ કરે તેવું સમજી ઝાડ કાપી નાંખે. અહીં મધુર રાયણનાં તોતીંગ વૃક્ષો હતાં. જે કોઈ આવે તેને ખાવા મળે. આજે તેમાં બચ્યાં છે તે ઠુંટાં છે. કેમ કે ખેતરની સીમાડું પ્રજા પોતાનાં પ્રાણઅીઓ માટે કે બીજા ઉપયોગ માટે છાનામાના કે રાત્રે કાપી જાય ત્યારથી માત્ર આંબા ઉછેરવા પિતાજી મને કહે. અત્યારે તેમાંના કેટલાક મેં પરિશ્રમ ઉઠાવી વાવેલા. ઉછરેલા છે. અને આજે ય પિતાજી એ પ્રવૃત્તિમાં રત ખરા. આજે પણ ઘરે જાઉં ત્યારે ખેતરે જઈ તેની નોંધ લઉં છું. હજીય એ વૃક્ષોની મમતા મનમાં તાજીતમ છે, જેનું જતન કર્યું તે કેમ ભૂલાય ? આજે તેના 'રખેવાળ'' સમા પિતાજી મીઠી નજરોથી તેને રક્ષી રહ્યા છે.

## ૧૩. યુવાવર્ષ

'જો ચટ્ટાનોસે ટકરાયે ઉસે તુફાન કહતે હૈ,
જો તુફાનો ટકરાયે ઉસે યુવાન કહતે હૈ.'

યૌવન તો ધોડાપૂર છે. એ ધોડાપૂર યોગ્ય માર્ગે વળે તો કલ્યાણકારક નીવડે. અવળા માર્ગે ફંટાય તો વિનાશ નોંતરે... કહી ન શકાય, કલ્પી ન શકાય. એવું એ પોતાને તો ઠીક અન્યને પણ જડબામાં ગ્રસી લે છે. સૃષ્ટિના સર્જનકાળથી માણસ આ સ્થિતિમાં જીવનમાં એકવાર આવે છે. એને ઓળખવું-પીછાણવું કઠિન છે. કેમકે એ એવી અવસ્થા છે જયાં થનગનતા તોખારની અનુભૂતિ થાય છે. કૈંક કરવાની મનમાં તાલાવેલી થઈ આવે છે અને એ કૈંક કરીને જ રહે છે. પછી એ કેટલું ઘટિત કે અઘટિત છે એ તો સમય જ કહી શકે છે.

વિશ્વમાં જયાં જયાં ને જયારે ત્યારે ક્રાંતિની સિથતિ પેદા થઈ છે ત્યારે પરિસ્થિતિનો પલટો લાવવા યૌવને ઘણો ભાગ ભજવ્યો છે. આ બાબતો તો ઈતિહાસ વિદિત છે. માનવ જીવનમાં "યૌવન"નું એક વિશેષ મહત્વ છે.

આજે જયારે સંયુક્ત રાષ્ટ્રસંઘના એક વિભાગે ચાલુ વર્ષને એટલે કે ૧૯૮૫ના વર્ષને "આંતર રાષ્ટ્રીય યુવાવર્ષ" તરીકે જવાજયું છે ત્યારે યૌવનને આંગણે ઊભેલા યુવાનો આ યુવાવર્ષને કેવી રીતે અપનાવશે એ તો જે તે યુવાને, સમજવાની વાત છે. યૌવનને આંગણે ઉભેલા આ "યુવાવર્ષ" ને ઈતર-તીતર પ્રવૃત્તિઓ કરીને સમારંભો કે શિબિરો યોજીને જ અટકી જવાનું નથી. પરંતુ એનો શ્રોત ચાલુ રહે એ જોવાનું પણ ખાસ રહે છે. યુવા વર્ષ ઉજવ્યું એટલે એમાં જ બધી અથઈતિ નથી થઈ જતી. પરંતુ પછીના સમય-સંજોગ પર એની અમીટ અસર પડે એ પણ ખાસ જોવાનું છે.

યૌવન તો આગસમાન પણ છે. એ ધારે તો પ્રજવાળે-ભસ્મ કરે કે પ્રકાશમય બનાવે. સ્વને, સાથે સાથે અન્યને પણ. એ પણ નક્કી છે કે યુવાનો દ્વારા જ સમસ્ત ઉદ્ધાર થઈ જવાની કોઈ શક્યતા નથી. યુવાવર્ષ આવ્યું છે તો ચાલો ઉજવી લઈએ એમ માનીને યુવાવર્ષ ઉજવવાથી માત્ર ચાલવાનું નથી. યુવાવર્ષનું મહાત્મય જળવાઈ રહે, સક્રિય બની રહે એ પણ લક્ષમાં લેવાનું છે.

જયારે ત્યારે કોઈ પણ પરિસ્થિતિને એના મૂળમાંથી જ ધરખમ ફેરફાર કરવાની ખેવાના કોઈ ધરાવે છે ત્યારે યુવાનોનો સાથ લે છે. કેમકે યુવાનો આ બાબતે મહદ્અંશે સચળ રહે છે. કામ પૂર્ણ કરીને ઝંપે છે. એટલે તો યુવાનો જ મોટે ભાગે નિશાન બને છે. કોઈપણ બાબતે વિરોધ દર્શાવવો હોય તો તેમાંય યુવાનો સામેલ (અહીં યુવાનો સાથે યુવતીઓ પણ સમાવિષ્ઠ છે).

આજની પરિસ્થિતિ જોતાં યુવાધન વેડફાઈ રહ્યું હોય એવું નથી લાગતું ? દેશ કે વિશ્વની વધતી જતી સમસ્યાઓમાં જકડાઈ ગયેલો આજનો યુવાન દિશાશૂન્ય દેખાય છે. એનું યોગ્ય પ્રતિનિધિત્વ દાખવીને દોરી, પ્રેરી શકનારની ઓછપ વર્તાય છે. જે છે તે ક્યારેક આ બહાને પોતાની જ ખીપડી પકાવી લે છે. અન્ય હિતકારક પગલું ભરીને ભેળું એમાં પોતાના હીતનું ય પગલું આયાસે-અનાયાસે માંડી દે છે. કિંતુ આ બધાથી પર રહીને જે પ્રતિનિધિત્વ દાખવી શકે એવું પ્રતિનિધિત્વ દાખવવાની શક્તિ કેટલામાં છે ?

આજે ગલોફામાં ૧૨૦ ના મસાલા ચાવતો, પોળ, ગલી કે ગામને ચોરે-ચૌટે ટોળટપ્પાં કે ઈતર અહિતકર પ્રવૃત્તિમાં આટોપાયેલો જુવાન મહદ્અંશે નજરે પડશે. પણ આ બધાથી પર રહેતો જેને સાચો યુવાન કહી શકાય એવો યુવાનવર્ગ કેટલો ?

આજનો યુવાન બસ કે પ્લેઈન હાઈજેક કરી જાણે છે. શાળા-મહાશાળાઓને તાળા મરાવી શકે, રાજમાર્ગ પર ચાલતા અશક્ત કે વૃદ્ધ માણસને મદદ કરવાને બદલે લાપરવાહમાં પોતાની સાયકલ કે અન્ય વાહનની ટક્કર લગાવી ભાગી શકે છે. આક્રમક બનીને છૂપા ઘા કરી શકે છે. રાષ્ટ્રનું હિત દૂર થયું છે તેથી તેની મિલક્તોને નુકશાન પહોંચાડી શકે છે. ત્યારે સવાલ એ થાય છે કે આજનો યુવાન ખરેખર 'યુવાવર્ષ' ને સમજવાનું શાણપણ દાખવી શકશે ? જયાંને જયારે-ત્યારે અત્યાચાર થાય, અન્યાય થાય ત્યારે દીર્ઘદ્રષ્ટિ દાખવી એનો ઉચિત સામનો કરી શકશે ? જેના પાયામાં ક્રાંતિ જ છે એવું આ યૌવન આ વર્ષે જરા થોભે, વિચારે કે 'આપણું યૌવન ક્યા માર્ગે વળ્યું છે ?' એ શ્રેય-પ્રેય કારક છે કે વિનાશક? જે દિશા પકડી છે તે સાચી દિશા છે કે કોઈના દોરવાયા જ

દોરાઈ રહ્યા છીએ ? હે યુવાનો ! જરા થોભો. ઘડીક વિચારો પછી આગળ ડગ માંડો.

પોતે જે તે સમાજમાં છે ત્યાં કેટલા જે કેવા પ્રકારના કુરિવાનો છે, એના મૂળમાં ક્યાં ધરખમ ફેરફાર જરૂરી છે તેનું ચિંત કરો ! સક્રિય બનો તો સમાજ માટે ય કર્યું ઘણું લેખાશે. માત્ર ધર્મ, જાતિ કે અન્ય કોઈપણ પ્રકારની વાડાબંધીના ન જકડાતાં સમસ્ત સૃષ્ટિને પોતાની ગણી-ધ્યાનમાં લઈ કાર્યરત રહેવાનું છે. જેમાં સૌનું ભલું છે. કલ્યાણ છે. પોતાની સાથે અન્યનું પણ ગૌરવ જળવાય તથા આવશ્યક પરિવર્તન કરવાની જરૂરત છે તેનો ઉકેલ લાવવા કા સક્રિય ન બનવું ?

યુવાની માત્ર રંગ-રંગમાં જ વ્યતિત કરવા માટે નથી. કિંતુ અન્ય બાબતો માટે ય એ સર્જાઈ છે. હે યુવાન મિત્રો ! તમે સમર્થ છો ! ઘણું કરી શકો તેમ છો. તો આ આવેલી તક ચૂકી ન જશો. તમારી પાસે જે જે શક્તિ છે તેનો સદુપયોગ કરી કૈંક કરી બતાવો કે "હમ ભી કુછ કમ નહીં" જે ભાવિપેઢી માટે ય માર્ગદર્શકને હિતકારક બની રહે. વિકાસશીલ રહેવું એ તો યુવાનીનો પ્રધાન સૂર છે. કર્મ છે. તમે વિકાસશીલ બની રહો. વિનાશને નોંતરનાર તરીકે નહીં સમાજમાં, રાષ્ટ્રમાં, વિશ્વમાં કેટલીક જોખમકારક સરસ્યાઓ સર્જાઈ ગઈ છે તે સર્જાતી રહે છે. જેમાં હિત નહીં પણ અહિત જ દ્રષ્ટિગોચર થાય છે. તો તે દૂર કરવાનું કામ તમારું છે. આ યુવાવર્ષમાં તે કામ તમને સોંપાયું છે. માત્ર આ વર્ષ માટે જ નહીં પરંતુ પછીના પ્રત્યેક સમય-ક્ષણ માટે, તો ચાલો ડગ માંડો, કોઈ સાથ ન હોય તો એકલાથી પ્રારંભ કરો. આગળ વધો એનું નક્કર પરિણામ આજે નહીં તો કાલે જરૂર સાંપડી રહેશે.

## ૧૪. મનની મૂંઝવણ

જીવનમાં પ્રત્યેક માનવીને કોઈ ને કોઈ સમસ્યા તો રહેવાની જ ! આબાલ-વૃદ્ધ કે ગરીબ તવંગર હોય પરંતુ તેની ઉંમર, કક્ષાતથા પરિસ્થિતિ પ્રમાણે નાની કે મોટી સમસ્યાઓના ગુંચળામાં ગૂંચાવાની. જેમ કરોળિયાની જાળમાં કોઈ જંતુ ફસાઈ જાય તો જમીન પર બિછાવેલી જાળમાં પંખી ફસાઈ જાય કે દરિયામાં નંખાયેલી જાળમાં માછલી ભરાઈ પડે અને તેમાંથી મુક્ત થવા- છુટકારો મેળવવા જે તરફડિયાં મારે એવી જ રીતે ધારેલી કે અણધારી માનવીય કે કુદરતી આવી પડેલી મુશ્કેલીઓમાંથી મુક્ત થવા માનવી મથામણ કરતો હોય છે. આવા સંજોગોમાં એ છુટકારો પામવા પ્રયાસશીલ રહે છે. અનેક જાતની તરકીબો કરે છે. સામે સમસ્યા છે. મૂંઝવળ છે કેવી છે તે તે જાણે છે. ને તેનો ઉકેલ શોધવાની ગડભાંજ કરે છે. મન વ્યથીત છે. મસ્તિક વિચારોમાં ઘેરાયેલું છે. હૃદય પર ભાર છે. સહ્ય હોય તો તે બરદાસ્ત કરી શકે છે. અસહ્ય હોય તો તે વધારે પીડાકારક બને છે. સામે પડકાર છે. સંજોગોએ વીંઝેલી તલવાર છે. ઢાલ બનીને તેનો વાર ઝીલવાનો છે. કોણ એવું છે જે જીવનમાં ક્યારેય આ સ્થિતિમાં મૂકાયું નહિ હોય ?

આ થઈ મુશ્કેલીની વાત. પરંતુ કેટલીક હલ થઈ શકે એવી છે. કેટલીક નથી. કેટલીક "દુ:ખનું ઓસડ દહાડા" સમી બની રહે છે. વ્યતીત થતાં દહાડાઓમાં તેને બરદાસ્ત કરવી પડે છે. ત્યારે વ્યક્તિ અતિ મૂંઝવણ અનુભવે છે. જેના કારણે તેનું રોજિંદું જીવન ભારેખમ બની જાય છે, ન

ક્હેવાય કે ન સહેવાય એવી પરિસ્થિતિમાં એ પોતે મુકાઈ જાય છે. દુ:ખને મનમાં સંઘરી રાખવું સારું નહિ, એ મન પર દબાવ પેદા કરે છે. આમ થવાથી વ્યક્તિ અંતમુખીં બની જાય છે. પોતાના મૂળ સ્વભાવમાં જેના કારણે સ્વાભાવિક આમૂલ પરિવર્તન આવે છે. કેટલીક વિકૃતિઓ સર્જાય છે. જેનો ખુદ વ્યક્તિને પણ ખ્યાલ નથી રહેતો ! સમય સાથે એ વિકૃતિ વકરે છે. ત્યારે જ તેના વિષે સાચું ભાન થાય છે. આવા પરિવર્તનથી અન્ય આડઅસરો અનુભવાય જેના કારણે વ્યક્તિ વધુ ત્રસ્ત બને છે. તેમાંથી છૂટવા તે સભાન રહી પ્રયાસો આદરે છે પણ ઘર કરી ગયેલી એ વિકૃતતા આસાનીથી દૂર થતી નથી. વારંવાર ભૂલોનુ પુનરાવર્તન થયા કરે છે. પરિણામે વ્યક્તિ પોતે અકળાય છે. સારું નથી તેની તેને જાણ છે છતાં સાહજિક રીતે તે થયા કરે છે.

આમ ન થાય તે માટે પ્રથમથી જ સર્જાયેલી સમસ્યાથી તંગ થવા વિના હળવાસ અનુભવવા પ્રયાસ કરવો રહ્યો. જો તે અસહ્ય બોઝીલ થઈ પડે તો બીજા પાસે જઈ તે વિષે ઉલ્લેખ કરવો અને મનની વાત મનમાં ન રાખતાં બીજા પાસે વ્યક્ત કરવી. જેથી સમય પૂરતી તો તમને રાહત થશે. ક્દાચ તેના દ્વારા કોઈ રસ્તો પણ નીકળી શકે. તેમ નહિ થાય તો તેનો દિલાસો તો તમને સાંપડશે જ. જેથી તમારો ભાર હળવો થશે. નવી વિચારધારા સ્ફૂરશે. ઢાંચો બદલાશે.

જો કે આમ કરવું આસાન નથી. તેમ કરવાથી ક્યારેક અવળાં પરિણામો કે નવાં જોખમો પણ સર્જાઈ શક્વાનો સંભવ રહે છે. આમ ન થાય તે માટે જરૂર છે વિશ્વાસુ દિલની ! વાત સાંભળે, સાંત્વન આપે કે ઉકેલ બતાવે અથવા તો છેવટે ‘અંગત’ જેવી બાબત હોય તો કાયમ ‘અંગત’ રાખી શકે એવા મજબૂત મનના માણસની ! નહિ તો પછી નબળા મનનો માણસ કે તકસાધુ વ્યક્તિ હશે તો ઊલટાનું આફતમાં મૂકી દેશે. આ પ્રકારનો અનુભવ ઓછે-વત્તે કદાચ તમનેય જીવનમાં ક્યારેક થયો હશે. પરિણામે “દૂધનો દાઝયો છાશ ક્પણ ફૂંકીને પીએ” એવું વાતાવરણ પાછળથી સર્જાય છે. કડવા અનુભવ પછી વ્યક્તિ પ્રત્યેકની બાબતે શંકાશીલ મન ધરાવતી થઈ જાય છે. નજરમાં પ્રત્યેક જણ ઉણાં-હીણાં લાગે છે. મનમાં સતત એક છૂપો ડર રહ્યા કરે છે જેના કારણે વ્યક્તિ ફરી કોઈ પણ પાસે મનની વાત ક્હેતી નથી. મનનું મનમાં રાખે છે. અને પછી અગાઉ જણાવ્યું તેવી સ્થિતિમાં જે તે વ્યક્તિ મૂકાઈ જાય છે એ અંતર્મુખી બની રહે છે.

હું માનું છું કે દરેક વ્યક્તિને “પોતાનું” ક્હી શકાય એવુ પાત્ર તો હોય છે જે. જેના પર તેને પૂરતો ભરોસો છે વિશ્વાસ છે. એક જાતની શ્રદ્ધા છે જેના લીધે તેવી વ્યક્તિ પાસે જેવી છે તેવી પોતાની જાત કે મનની વાત મૂક્તા અચકાવાતું નથી. જીભ થોથવાતી નથી. કેમ કે તેણે સર્વાંગી રીતે આપણો સ્વીકાર કરેલો હોય છે. હંમેશ માટે ! જેઓને આવી વ્યક્તિઓ સાંપડી છે તેઓ સદનસીબ ક્હી શકાય. નથી તેઓ દયાપાત્રમાં ઠરે. કેમ કે તેઓને કોઈ પાર ઝાઝો ભરોસો નથી રહેતો.

એટલે ખુલ્લા મનનું થવું સારું છે. પણ ક્યાં કોની પાસે થવું એ વિચારવા જેવી બાબત છે. નિખાલસતાનો દુરુપયોગ થાય ત્યાં ક્યારેય મનની વાત ન જણાવો. મનની મૂંઝવણ જણાવતાં પહેલાં સભાનપણે આ બાબત જાણી લેવી જરૂરી છે. સમય, સંજોગ તથા વ્યક્તિ જોઈને નિખાલસ થવું સારું છે. હિતભર્યુ છે, સલામતી છે.

મૂંઝવણ વ્યક્ત કરવાની પણ રીત હોય છે. ક્યા પ્રકારે, કઈ ઢબથી સામાને જણાવો છો તેનો ખ્યાલ અવશ્ય રાખવો. સામેની વ્યક્તિને તેના માનશનો ખ્યાલ રાખીને કહેવાથી ક્યારેય અવળો અર્થ લેવાતો નથી. તમને સમજવામાં એ સંપુર્ણ સમજદારી તથા સહાનુભૂતિ દાખવશે. સમય-સંજોગ પ્રમાણે તમને ધ્યાનમાં પણ રાખશે. કેમ કે તમે તમારી જાત એની પાસે વિશ્વાસથી મૂકી છે તેની તેને પણ કિંમત છે, કદર છે.

આ રીતે વિશ્વાસુ માણસ પોતે વાત વ્યક્ત કરવાથી તમારું દુઃખ વહેંચાઈ જાય છે. મનનો ભાર ઓછો થાય છે. હૈયું હળવું બને છે. અશાંતિ હતી ત્યાં શાંતિ સ્થપાય છે. ખળભળાટ હતો ત્યાં હળવાસથી 'હાશ' અનુભવાય છે. સાથેસાથે તમામી મિત્રતાની કસોટી થાય છે. પોતાનો મિત્ર સાચો હોવાનો અહેસાસ થાય છે. એક એવુ હૃદય છે જયાં તમારી શ્રદ્ધા, વિશ્વાસ મજબૂત બને છે. સમસ્યાઓ વચ્ચે જીવવાની તાકાત, નવું જોમ સાંપડે છે. મનની મુંઝવણથી મુક્ત થતાં નવી વિચારધારા સાંપડે છે. અભિગમ બદલાય છે.

## ૧૫. જીવનમાં મર્યાદાનું મહત્વ

જીવન એક સમરાંગણ છે. માનવી માટે તે અમૂલી ચીજ છે. ઘણી વખત વ્યક્તિ જીવનપર્યંત પોતાના જીવનનું સાચું મૂલ્યાંક્ન તથા તેનું સાચું સ્વરૂપ સમજી નથી શક્તી. પ્રત્યેક વ્યક્તિને જીવનમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે પછી તે અબાલ વૃદ્ધ કે યુવાન હોય. માનવીનું જીવન વિચિત્રતાતથી ભરેલું તથા વૈવિધ્યપૂર્ણ છે. તેમાંય યુવાન પેઢીનું જીવન કૈંક નવીન જાગૃતિવાળું છે.

યુવાવસ્થામાં વ્યક્તિ જયારે પગરવ માંડે છે ત્યારે તેનામાં જે સૂઝ અને અક્કલ હોય છે તે અનોખી હોય છે જેમ ઋતુઓમાં વસંતનું ઉન્માદક વાતાવરણ નવરચના ભર્યુ છે. વસંત ઋતુ પ્રકૃત્તિમાં અવનવું રૂપાંતર તથા નવી નિર્માણ કરી શકે છે. યુવાની પણ વસંત જેવી જ છે. છતાં જેમ કુદરત ખોળે પ્રત્યેક વસ્તુને મર્યાદા છે તેમ યુવાનીમાં પણ મર્યાદાઓનાં આછાં એંધાણ જોવા મળે છે. આમ પ્રત્યેક ઠેકાણે દ્રષ્ટિ ફેંકીશું તો છેવટે બારીક અવલોકનમાં આપણને પ્રકૃત્તિમાં પણ મર્યાદાઓનું સ્વરૂપ નિરખવા મળે છે. તો શું યુવાનીમાં મર્યાદા નથી. ?

અરે ! પ્રત્યેક માનવીમાં શુ મર્યાદા નથી ? ને મર્યાદા હોવી પણ જોઈએ. મર્યાદા એ જીવનનું એક ઉત્તમ પાસું છે. જીવનમાં આપણને પ્રત્યેક સમયે મર્યાદા દ્રષ્ટિગોચર થાય છે. બાળક-બાળક વચ્ચે, બાળકો અને યુવાન વચ્ચે તથા બાળકો અને વડીલો વચ્ચે મર્યાદા પ્રત્યેક બાબતોમાં છે જ. સંતાનો અને મા-બાપ વચ્ચે પણ મર્યાદાઓ ભરી છે અને આ તે પ્રમાણે વર્તન વ્યવહારથી જીવન સરળ બને છે. છતાં માનવી મર્યાદાને સારી રીતનું મૂલ્યાંક્ન આંક્વામાં થાપ ખાઈ બેસે છે. મર્યાદાનું સાચું મૂલ્યાંક્ન કરવામાં આજનો માનવી ભૂલ્યો છે. માનવીની જો દૈનિક પ્રવૃત્તિમાં તથા તેના આહાર પાણીમાં જો મર્યાદાઓ ન જળવાય તો તેના શરીરમાં વિકૃતિ જાગતાં તેને રોગનો ભોગ બનવું પડે છે, ક્યારે ? જયારે તે મર્યાદા ચૂકે છે ત્યારે.

પણ આજના પલટાતા જતા નવાયુગમાં કદમ માંડતા માનવીની મર્યાદાનો લોપ થતો જોવા મળે છે. અમર્યાદિત વર્તન ચારિત્ર્યનું ખંડન કરે છે. આજના માનવીના વિચાર, આચાર અને વ્યવહાર બધું જ જુદું જોવા મળે છે. સમાજ જેમ ભૌતિક બાબતોમાં પ્રગતિશીલ જણાય છે, તેટલો જ અમર્યાદિત વર્તનમાં પણ જાણે પ્રવૃત્તિમય થયેલો હોય તેમ લાગે છે.

માનવીના જીવનની ખરી સાર્થક્તા ભૌતિક તેમજ વધુ પડતી આધ્યાત્મિક પ્રવૃત્તિની મર્યાદા પર વધુ અવઈંબીત છે, અને તેમાં જ સમાવિષ્ઠ થયેલી છે. બાળકો તેમજ યુવાન-પેઢીના અનુસંધાનમાં જોતાં આજનામા-બાપ પણ અમર્યાદિત ક્યાં ઓછા ઊતરે એવાં છે ? વ્યવહાર હોય ત્યાં તેના ભેદ કેમ જોઈ શકાય ? સમાજના ભદ્ર અને પ્રતિષ્ઠિત કહેવાતા માનવોનાં જ ....... જીવનમાં કેવાં અને કેટલાં અભદ્ર, દંભી અને અમર્યાદિત જુઠાણ પ્રવર્તી રહ્યાં છે ! અને તેમાંય વળી પાશ્ચાત્ય પ્રગતિશીલ, વિશ્વના આગળ પડતા દેશો કે જયાં વિશ્વમાં તેમના નામની બોલબાલા છે તેવા દેશોમાં તો આ સ્થિતિ ઘણી જ વિકૃત થવા પામી છે. હજુય ભારત જેવા રાષ્ટ્રોમાં મર્યાદા સારા પ્રમાણમાં જોવા મળે છે. કિંતુ આજની બીજાની અનુકરણ કરવાની વૃત્તિ ભારતને ક્યાં લાવી મૂક્શે તે પ્રશ્ન છે.

આજના નવાયુગની નવી પેઢીએ આ બાતમાં પોતાનું ઉચ્છખંલ અને ઉદ્ધતાઈ ત્યજી કોઈપણ આડંબર વિના તેનું સાચું મૂલ્યાંક્ન આંક્વુંજોઈએ. અંધકારભરી રાત્રીમાં ધવલ ચાંદની પ્રસરાવતા ચંદ્રની જેટલી અગત્યના છે તેવી જ જરૂરીયાત માનવજીવનના પ્રત્યેક પાસામાં મર્યાદીત છે.

તેમાંય ઉંમરના બંધન તોડી જયારે યુવાવસ્થામાં યુવક કે યુવતિ પગરવ માંડે છે ત્યારે તેનામાં નવીન પ્રકારની ચેતના તથા નવીન ઉષ્મા જોવા મળે છે. આ જુવાનીનું જોમ જયારે મર્યાદા મૂકે છે ત્યારે ઘણાં અનિષ્ટ સર્જાય છે.

યુવાનવય એક એવી અવસ્થા છે કે તેમાં યૌવનના સહજ ગુણો દેખાય છે. તેમનામાં જે સૂઝ હોય છે તે અનોખી પ્રતિભા ધરાવે છે. પરંતુ આ યૌવન વયમાં આ સહજ ગુણોનાં બંધન તૂટે છે ત્યારે તે ભયંક્ર સ્વરૂપ ધારણ કરે છે. સાથે યૌવનમાં રહેલી કામુક્તા આ જમાનામાં વર્ચસ્વ જમાવી બેઠી છે. તેના પ્રત્યેક વર્તન, વાણી, વિચ્ર અને અંગોમાં આ નટખટતા જોવા મળે છે. અને તેવી છલનાને પોષનારાં સાધનો પણ ક્યા નથી ? સંતતિ નિયમનના સાધનોનએ તેમને સ્વતંત્ર બનાવી દીધાં છે. તેમના માટેનું સાહિત્ય, વસ્ત્રો, મનોરંજન વસ્તુઓ ઈત્યાદિ થોક્બંધ જોવા મળે છે. નિર્લજ્જ નૃત્યો કિશોર કિશોરીઓમાં ઉત્તેજના લાવી તેમની સુશુપ્ત કામુક્તાને છંછેડે છે, જે આજના પ્રગતિશીલ ગણાના ભદ્રસમાજમાં લાલબત્તી બતાવે છે.

આ બધું બનવાનું કારણ છે અમર્યાદા, મર્યાદાનો લોપ. આજે કોલેજમાં કે મોટા શહેરોમાં જોઈશું તો ફેશનના નેજા અંગ પ્રદર્શનો શું નથી યોજાતાં ?

ફેશનનાં અંચળા ઓથે યૌવનની કામોત્તેજક વૃત્તિઓ જ જોવા મળે છે. ફેશનને પણ મર્યાદા હોય છે. દેખાવમાં દેખાતી ભદર્તામાં શેં અભદ્રતાનાં દર્શન નથી થાતાં ? આ બધાની યુવાન દિલની વિદ્રોહ જાગે છે. મર્યાદાથી પર જતા તેમના દ્વારા અમર્યાદિત ચેષ્ટાઓ અને પ્રવૃત્તિઓનો જન્મ થાય

છે.

યુવાની સહજ છે, આ યુવાનીમાં વિજાતિયના સાથની ઝંખના પણ સહજ છે. તેવા દિલમાં જાગતો પ્રેમ પવિત્ર ચીજ છે. પરંતુ જયારે તેમાં સ્વાર્થ તથા વાસના ભળે છે ત્યારે તે સ્વર્થી પ્રેમ ઘણું જ અનર્થ ઉપજાવે છે. આજકાલ ‘પ્રેમ’ શબ્દ સામાન્ય અને સસ્તો થઈ પડ્યો છે. હા, તે સ્વાભાવિક છે કે પ્રત્યેક યુવાન દિલ પ્રમેની ઝંખના કરે જ છે. પ્રેમમાં જો મર્યાદાઓ લોપ થાય તો પણ માઠાં પરિણામ જોવા મળે છે.

ઘણીવાર યુવાન વર્ગ વાસનાને સાચો પ્રેમ માની તેમાં ઝંપલાવે છે ને તેથી જ તે ઠોકર ખાય છે. આમ પ્રેમમાં પણ મર્યાદાનું ઉલ્લંઘન થાય છે ત્યારે વિકૃત પરિસ્થતિ સર્જાય છે. પરિણામે ઘણીવાર વ્યક્તિને આઘાત અને પ્રત્યાઘાતમાં જીવવું પડે છે. વ્યક્તિએ પોતાના નૈતિક બળથી ચારિત્ર્યનો પાયો જીવનની ઈમારત માટે મજબૂત બનાવવો જોઈએ. મર્યાદાઓથી પર જતાં આ જીવનના પાયાને લૂણો લાગે છે. યુવક-યુવતિ વચ્ચેનો મર્યાદિત સંબંધ જો તૂટે મર્યાદાઓની લક્ષ્મણરેખા ખંડન થાય ત્યારે તેમનો સમય વિકૃત બનતાં તેમના જીવનમાં કાજળઘેરી નિશા પ્રગટે છે.

આજના આ ભદ્ર ગણાતા સમાજમાં પ્રત્યેક વર્ગમાં, યુવાન પેઢીમાં ઘેલછા, અમર્યાદિત પ્રવૃત્તિથી અરાજક્તા વ્યાપેલી હશે ત્યાં સુધી આપણી સાચી પ્રગતિ લેખાશે નહિં. જયાં “વાડ થઈને ચીભડાં ગળે” એવી પ્રવૃત્તિ હશે ત્યાંસુધી કોઈ અર્થ આ બાબતમાં સરવાનો નથી. છતાં યુવાનવર્ગે પોતાના બળે જ પોતે જાગૃત બનવું જોઈએ.

આમ ઉપરોક્ત અમર્યાદા અબાલ વૃદ્ધમાં મોટા મોટા પ્રમાણમાં જોવા મળે છે. તેનો અંજામ કલ્પવો મુશ્કેલ છે. જો સમુદ્ર તેની માઝા મૂકે તો ? આપણા જીવન સાથે જડાયેલ અણમોલ મોતી જેવું મર્યાદાનું મૂલ્યાંક્ન છે.

## ૧૬. સંસારની મહેંક્તી ફૂલવાડી

લગ્ન એ તો જીવનની એ કડી છે. જેમ કડી એક બીજા સાથે જોડાઈને સાંકળનું સ્વરૂપ ધારણ કરે છે તેમ આ દુન્યવી જીવનમાં સ્ત્રી પુરૂષ એકબીજા સાથે જોડાઈ સાંકળરૂપ બને છે. ધાર્મિક ક્રિયાથી કે અલૌકિક ભાવનાથી પરસ્પર સંકળાય છે ત્યારે પ્રથમ પગલે ઐક્યતાના શ્રી ગણેશ મંડાય છે.

લગ્ન પહેલાં સ્ત્રી પુરૂષ નશીલી ધરતી પર ઘુમતા રહે છે. તેમની ઉત્સાહભરી દુનિયા રંગીલી હોય છે. રાસાયણિક પદાર્થ સમાં સ્ત્રી પુરૂષને લગ્નના બીબામાં ઢાળતાં સુંદર પ્રતિમા તૈયાર થાય છે. તેમાં પરસ્પરના જીવનમાં સાથીનો સાથ સાંપડતાં નવુ જીવન શરૂ થાય છે. જીવનનું નવલું પ્રભાત પ્રગટે છે. ઈશ્વરે સૃષ્ટિના સર્જન પાછળ ગહનતા મૂકી છે. ગૂઢતા પણ છે. જેમાં કોઈ પાર પામી શકે છે, કોઈ નથી પણ પામી શક્તું. કેવુ નિરાલું જીવન !

આદમ બાવાના આરંભથી ઈશ્વરે સ્ત્રી અને પુરૂષનું નિર્માણ કર્યું તેની પાછળની ભાવના ઊંચી

હતી. દૈવી હતી. ચોક્કસ ધ્યેય સમાયેલું હતું. જે આજ સુધી અનુભવી શકાય છે. બંનેની ઐક્યતાની ભાવનામાં સૃષ્ટિની વૃદ્ધિની ભાવના મૂકેલી હોય છે. શક્તિનો નિચોડ કરી સ્ત્રી-પુરૂષમાં ઈશ્વરે સમાવી દીધા છે. આ શક્તિની ગૂઢતા માનવ વંશવૃદ્ધિમાં સાંપડેલી છે જે અદમ્ય ભાવનામાં ભળેલી છે. આ થઈ સામાન્ય વાત પરંતુ આ સાંપડતાં અણમોલ જીવનને ધન્યતામાં ભરી દેવું એ બીજી વાત.

સમગ્ર સૃષ્ટિમાં પ્રાણી, પંખીમાં પણ કુદરતે તેના ઉમદા ઉદાર હાથ ક્યાં નથી લંબાવ્યા ? સુક્ષ્મ તથા વિશાળ જીવોમાં પણ ઈશ્વરે તેની ભવ્યતા મૂકેલી છે. પણ ઘણીવાર જે દાંપત્ય ઐક્યતા યશ પંખીમાં જોવા મળે છે. તે માનવ જીવનના દાંપત્ય જીવનમાં સાંપડતા નથી. આ મર્મ કેટલો ગૂઢ છે ?!!

સારસ જેવું સારસ પંખીનું દાંપત્ય જીવન જેટલું એકમય જોવા મળે છે. તેવું માનવ જીવનમાં ભાગ્યે જ થોડાં દૃષ્ટાંતોમાં જોવા મળે છે. કેવી ભવ્ય ઐક્યતા સારસ બેલડીની ! સારસ બેલડીમાંથી જો કોઈ એકનું મૃત્યુ થાય તો બાકી રહેલું સારસ કદાપિ જીવિત રહી શક્તું નથી. તેને માટે હોય છે કેવળ મોત ! અલબત્ત તે વિયોગી બની તેના સાથીની પાછળ ઝુરી ઝુરીને મરણને શરણ થાય છે. આ પંખી માનવ માટે દાંપત્ય જીવનની ઐક્યતા માટે ઉત્તમ નમુનો પૂરો પાડે છે. કેવું ઐક્યતાનું રમ્ય પ્રતિક !

સ્ત્રી-પુરૂષ જયારે લગ્નગ્રંથીથી જોડાય છે ત્યારે તે કોમળ તંતુથી જોડાય છે. છતાં આ તંતુ કોમળ છતાં વજ્ર છે. અતૂટ છે. માણસ માટે તે જવાબદાર નથી ? એકબીજાને સમજયા વિના જે સંબંધ બંધાય છે તેને તૂટતા કે વિકૃતિ આવતાં વાર નથી લાગતી. ઘણાં કુટુંબોમાં નિરિક્ષણ કર્યા બાદ જોવા મળ્યું છે કે પહેલાં કિલ્લોલ કરતું સુખી જીવું પાછળની જિંદગીમાં લૂણો લાગતાં ખારાશભર્યું-છિન્નભિન્ન થયેલું છે. કારણકે જીવનની સાચી સમસ્યા તેઓ સમજી શક્યાં નથી.

અત્યારે યુવાનો લગ્ન કરે છે ત્યારે ઘણીવાર કેટલાક કિસ્સામાં વડિલોને પણ ખ્યાલ નથી હોતો કે મારી પુત્રી કે પુત્રએ કંકુના કરી નાખ્યા છે. છતાંય તેમાંય ઘણીવાર ઐક્યતા નથી હોતી.

આજનાં મોટાભાગનાં પ્રમલગ્નો નિષ્ફળ જવાના કારણો ઘણાં છે. વ્યક્તિ સ્વતંત્રતાના ઓછાયા પાછળ જયારે સ્વછંદતા વાપરે છે ત્યારે આ સ્વછંદતા ને આવેગમાં કરેલ વ્યક્તિની પસંદગી સાચી પસંદગી નથી હોતી છતાં જો એકબીજાને સમજવા પ્રયત્નો થાયતો વિકૃતિને ભાગ્યે જ ચાન્સ મળે.

જીવનમાંની બાંધછોડનો સ્વભાવ ઘણો ભાગ ભજવે છે. જો એક વ્યક્તિ ઉડાઉ હોય કે બીજી કંજૂસ હોય તો ત્યાં અવશ્ય વિરોધ પેદા થવાનો. એ વિના એક વ્યક્તિનો સ્વભાવ તામસી હોય ને બીજાનો સ્વભાવ શાંત હોય તો તેમાં કજિયાને જૂજ સ્થાન મળે છે. કિંતુ બંને પક્ષ પ્રખર તામસી હોય તો ત્યાં અવશ્ય મહાભારત ખેલાવાનું. જો વિકૃત માનસ ધરાવતું સાથી હોય તો સમય કજિયો જીવનમાં મહત્વની વસ્તુ છે. મહત્વ તે માટે કે જીવનમાં હળવો યા ભારે કજિયો તો થવાનો જ. જીવન એક નાટક છે. તેમ, સંઘર્ષ તો હોવાનો જ. મીઠો ઝઘડો તો થવો જ જોઈએ. તે સિવાય જીવનમાં મજા કેમ સાંપડે ? પરંતુ તાંડવ નૃત્ય ખેલતા નટરાજ જેવો ઉગ્ર કજિયો જીવનમાં ઐક્યતાનું સત્યાનાશ વાળી દે છે. આપણામાં જૂની કહેવત છે કે 'ઘેર ઘેર માટીના ચૂલા' અર્થાત્ સંપુર્ણ શાંતિવાળું ઘર

ભાગ્યે જ મળશે. તેમના જીવનમાં એકબીજા પ્રત્યે કોઈને કોઈ ટંટો ફિસાદ થવાનાં જ. છતાં તેમાંય પણ ફેર ઘણો છે. જીવનમાં એકબીવા પ્રત્યે અહોભાવ દુર થતાં, એકબીજાથી સંતોષ અને શાંતિ નહીં સાંપડતા સ્ત્રી પુરૂષ વચ્ચે લઘુતા યાને સંકુચિતતા ઉદભવતી. સામસામા દોષો, એકબીજાની ઉણપો જોવાનું શરૂ થાય છે. જીવનમાં દરરોજ દિવાની કોર્ટ શરૂ થાય છે. ને જીવન ડામાડોળ થઈ જાય છે. જો જીવનમાં એકબીજાને સમજવાની કોશિષ થાય તો હું નથી ધારતો કે જીવનમાં ઐક્યતા વિલીન થાય.

જીવનમાં ઐક્યતા મુખ્ય છે. તેમાંય લગ્નજીવનમાં સ્ત્રી પુરૂષની ઐક્યતા વધુ મહત્વની. અરે કહોને જરૂરી જ છે. સુખ કે દુઃખ બંનેમાં એકબીજાને સમજવા પ્રયત્ન કરવા જોઈએ. દુઃખમાં પડી ન ભાગતાં તેને ઈશ્વરનો આર્શીવાદ માની, આશાતંતુ અડીખમ રાખી સામનો કરવો જોઈએ. એકબીજાને આશ્વાસન ને હિંમત આપવાની જરૂર રહે છે. પોતાનાં બાળકોમાં પણ આ ભાવના ત્યારથી કેળવવી જોઈએ. જેથી જીવનમાં કદાપિ દુઃખ સાંપડતાં નાસીપાસ ન થાય. સુખને પણ સમભાવની ભાવનાથી જોતાં તેમાં એકબીજાને વધુ સહાય થતાં જીવનની ઐક્યતાનો પાયો વધુ મજબૂત બનાવવો જોઈએ. જીવનમાં તંગદીલી ઉભી ન કરતાં એકબીજાએ પરસ્પર આત્મિયતા કેળવવી જોઈએ. જીવનમાં દાંપત્ય જીવનની સફળતાની ચાવી પ્રત્યેક પળનીી ઐક્યતામાં છે. અહીં સહનશીલતા, વફાદારી તથા નિખાલસ પ્રેમ દાખવવાની ઘણી જ જરૂર છે. પ્રત્યેક જણે લગ્નની વાસ્તવિક્તા સ્વીકારી પોતાનો સર્વોત્તમ પ્રેમ, પોતાના સર્વોચ્ચ પ્રયત્નોનો ફાળો અને એ પ્રમાણે પતિએ પત્ની પ્રત્યે કે પત્નીએ પતિ સાથે વ્યર્થ દલિલ કે સંઘર્ષોમાં ઉતરી એકબીજાને ઉતારી પાડવાનો પ્રયત્ન કદાપિ કરવો જોઈએ નહીં.

હાલના સંજોગોમાં સ્ત્રો નોકરી કરતી થઈ છે. અમુક બાબતોમાં તે પુરૂષ સમોવડી થવા પ્રયત્ન કરે છે. પણ તે ઈર્ષા કે પ્રતિસ્પર્ધી બનીને નહીં કિંતુ આદર્શ ભાવનાથી કે ઉત્તમ લક્ષથી પુરૂષ સાથે ખભેખભા મિલાવીને કરવું આવશ્યક છે. છતાં આગળ આવતાં તેણે એટલો ખ્યાલ અવશ્ય રાખવો જરૂરી છે કે આખરે તે ગૃહિણી છે. ઘર તેનું ર્વસ્વ છે. આ કહેવા પાછઈ એ હેતુ નથી કે તે ઘરની ચાર દિવાલોમાં રહે. પ્રથમ તેણે નારી તરીકેની ફરજ ઘરમાં અદા કરવાની છે. તેનો પ્રેમાળ વફાદાર પતિ, નિર્દોષ આંગણામાં ખેલતાં બાળકો, સુંદર ને શાંતિભર્યું ઘર, તે સ્ત્રીનું વિશ્વ છે. તેથી તો કહેવાયું છે ‘ઘરતીનો છેડો ઘર’ - સ્ત્રી વિશ્વના બાહ્ય જગતમાં ગમે તેટલી સિદ્ધિ સંપાદન કરે કિંતુ જો તે ઘરની વ્યવહારિક બાબતમાં નિષ્ફળ જાય તો કંઈ જ નથી.

પુરૂષે પણ સ્ત્રીને પોતાના જીવનમાં સન્માનીય સ્થાન આપવું આવશ્યક છે. સ્ત્રી પ્રત્યે જે પુરાણી લઘુતા છે તે દુર કરવી જોઈએ. સ્ત્રી પુરૂષની ગુલામી નથી પરંતુ પત્ની છે. સાથે સાથે મિત્ર પણ. જીવનમાં બંને પક્ષે લેવા કરતાં આપવાની ભાવના વધુ રાખવી. જેથી જીવનમાં પ્રેમનો પ્રકાશ પથરાતાં ઐક્યતા આપોઆપ પ્રગટશે. જીવન આદર્શ બની મહેંકી ઉઠશે !

## ૧૭. ટીકા કરવી એ શું માનવીનો સ્વભાવ છે ?

આપણી આજુબાજુની દુનિયામાં જોઈશું તો કોઈપણ એવી વ્યક્તિ નહિ મળે કે જેની પાસે

ટીકાત્મક વલણ નહીં હોય ! સૂશ્રજ પાસે જેમ અજવાળું - તેજ નિશ્ચિત છે તેમ માનવીમાં ટીકાનું વલણ નિશ્ચિત છે. ટીકા માનવીનો સ્વભાવ થઈ પડ્યો છે. ટીકાનો વારસો માણસને એના બાલ્યાકાળથી સાંપડે છે. બાળક નાનું હોય, બરાબર સમજણું ન હોય ત્યારથી તે ઘરમાં થતી પરસ્પરની ટીકા, ફળિયામાં કે ગલીમાં વસતા લોકોની સાંભળે છે. અનુભવે છે. અવાર નવાર સારા માઠા પ્રસંગે થતી ટીકાઓ પછી તો બાળકના ઘડાતા જીવનમાં અંકુરો નાખવા માંડે છે. આ અંકુરો બાળકના ઉછેરના વાતાવરણ પ્રમાણે વિકાસ પામે છે. પછીથી તો તેની સમજ તથા તેની અવસ્થા પ્રમાણે પ્રસંગ મળ્યે એ પણ અન્યની ટીકાઓ કરતો થઈ જાય છે પછી તો ટીકા એના વ્યક્તિત્વનું એક આગવું લક્ષણ બની જાય છે આ છે સંતાનોને ગળથૂંથીમાંથી જ મળેલો ટીકાનો વારસો.

આપણા વિષે આપણી ગેરહાજરીમાં આપણી ઘણી ઘણી ટીકાઓ થતી હોય છે. આપણે પણ સમય આવ્યે એ જ પ્રમાણે અન્યની ટીકાઓ કરતા હોઈએ છીએ. બાળકો એની રીતે, યુવાનો એમની રીતે અને વૃદ્ધો પણ એમની રીતે એકબીજાની ટીકા કરતાં રહે છે. આપણા વિષે થતી આપણી બધી જ ટીકાઓ જો આપણને જાણવા મળે તો આપણે જેને મિત્રો યા તો સ્વજન કહીએ છીએ તે બહું જ જુજ પ્રમાણમાં છે એનો સાચો ખ્યાલ આવે. પણ આમ થવું એ આપણી મર્યાદાની બહાર છે. તમારી કે મારી પાસે કોઈ એવી શક્તિ નથી કે આપણી ગેરહાજરીમાં થયેલી આપણી ટીકાઓ યા તો સારીનરસી વાતો સંપુર્ણપણે આપણે જાણી શકીએ. આપણી સામે જે કંઈ આવે છે તે માત્ર બાહ્ય આડંબર ન છે. સત્ય બાબત જૂઝ હોય છે. માનવતાની ભીતરમાં ડોકિયું કરી તપાસતાં આ બાબત સ્પષ્ટ જણાઈ આવશે. આંતરિક વલણ અને બાહ્ય વલણ વચ્ચે ઘણું મોટું એતર રહી જાય છે. જો કે આમ થવા પાછળ વ્યક્તિમા ઊંડે ઊંડે ય છૂપાઈ રહેલો અહમ છે. આ જ અહમ વ્યક્તિને આવું વર્તન કરવા જરૂરી પરિબળો પૂરાં પાડે છે. સાચીને નિસ્વાર્થ લાગણીઓ ધરાવતી ટીકાઓ અને સ્વાર્થી લોલુપ વ્યક્તિઓની ટીકાઓ વચ્ચે ઘણો મોટો તફાવત છે. પ્રથમ સ્વભાવ ધરાવતી વ્યક્તિની ટીકા આપણને ફળદાયસ અને પ્રેરક બની રહે છે. જયારે બીજા નંબરવાળી વ્યક્તિઓની ટીકા આપણું અશુભ કરી બેસી છે. ક્યારેક આપણને વિપરીત તથા સમસ્યામય પરિસ્થિતિમાં લાવી મૂકે છે.

આ રીતે જોઈએ તો ટીકા બે પ્રકારની છે એક સર્જનાત્મક પ્રકારની ટીકા તથા બીજી વિનાશાત્મક પ્રકારની ટીકા - સર્જનાત્મક ટીકા કડવી દવા જેવી છે. એ વાસ્તવમાં લાગે છે કે કડવી, હૃદયને ખૂંચે છે. પણ એનો અસલી અવાજ આપણી ઉનનતિનો હોય છે. આપણું નબળું પાસુ ત્યાગી સબળું પાસું પામવાની તાકાત મેળવી આપે છે. આપણને આવા ટીકાકાર ક્યારેક હરીફરૂપે કેમિત્રરૂપે પણ મળે છે. જેના દ્વારા આપણને આપણા અંતર-મનમાં ડોકિયું કરવાનો અવકાશ સાંપડે છે. આપણી જાતનું નિરીક્ષણ કરી એને કઈ યોગ્ય દિશામાં વાળવી એનું ભાન કરવે છે. જયારે વિનાશાત્મક ટીમા માત્ર આપણને હેઠા પાડવા પૂરતી હોય છે. આપણી પ્રગતિ, આપણી શક્તિ, આપણું કાર્ય જે જે વ્યક્તિને રુચતુ નથી. પણ એની આંખમાં ઈર્ષાનો કણ બની ખૂંચયા કરે છે. ક્તેવી વ્યક્તિઓ આપણી ગેરહાજરીમાં એનું કાર્ય કરે છે. જો આપણે બરોબર ખ્યાલ રાખીશું તો આપણા કુટુંબમાં, સમાજમાં કે પછી જાહેર જીવનમાં આ વિષે જાણવા મળશે.

જો બીજા પ્રકારની નીચલી કક્ષાનું ટીકા કરવાનું વલણ આપવામાં હોય તો એનો ત્યાગ કરાવો જોઈએ. કારણ એમાં બીજાનું મોટે ભાગે અહિત થવાનો સંભ રહે છે. સાથેસાથે આ પ્રકારના ટીકાકારોને વધુ પ્રોત્સાહન કે તક આપવી ન જોઈએ. આવા ટીકાકારો મોટે ભાગે ઈર્ષાળુ સ્વભાવ ધરાવતા હોય છે. એ વાત નિશ્ચિંત છે. ઈર્ષા એ એવી વસ્તુ છે કે જે બીજાને અને પોતાને પણ ભયમાં તથા પતનમાં લાવી મૂકે છે.

## ૧૮. યુવાપેઢીનો વિકાસ

પુષ્પો પાંગરે છે અને સમય આવ્યે મુરઝાઈ પણ જાય છે. પોતાની મીઠી ફોરમ હવામાં મૂક્તાં જાય છે. કૈંક દિલોના શ્વાસોને પ્રફુલ્લીત કરી જાય છે. હૃદયની હવાને મ્હેંક અને પ્રેમથી ભરી દે છે. સવારે ખીલવું અને સાંજના મુરઝાઈ જવું ! ક્ષણનું જીવને છતાંય મધુરી મ્હેંકભરી યાદ મૂકી જાય.

મનુષ્ય જીવન પણ કૈંક આવું જ છે. આપણી દૃષ્ટિની ભ્રમણામાં દેખાતું જીવન વાસ્તવમાં ક્ષણિક છે. પછી ભલે આ સમય પચાસ, સાઈઠ કે સો વર્ષનો હોય. વિશાળ કાળના વિસ્તારમાં ભલા વર્ષોની શી વિસાત ? માનવી પણ આ સંસારનું અમલું પુષ્ણ જ છે ને ? અને તેથી જ તલ આપણા કવિ શ્રી ઉમાશંકર જોષી સાથે જ સહસા ઉદ્‌ગાર કાઢતાં પોતાના કાવ્યમાં નોંધે છે. "સૃષ્ટિ બાગનું અમુલ ફુલ બની માનવી -" માનવ જીવન પણ વિશ્વનું અમુલું ફરજંદ છે. માનવ જીવનમાં પણ એક વિલક્ષણ જાતની કુમાશ છે. માધુર્ય છે. અલબત્ત પ્રત્યેક જીવનમાં ભિન્નતા જોવાશે, છતાંય અંતિમ કેડી તો એક જ છે. લષ્ય એક જ છે. જીવન એ સાચે જ જીવન છે. અમીનું વન છે. તો પછી પ્રશ્ન એ ખડો થાય છે કે આપણામાં અમીનાં એંધાણ છે જ ક્યાં ? આજે આપણો સાચો રાહ ભૂલી બેઠા છીએ. આપણે આપણી સંકુચિતતા અને સ્વાર્થમાં સઘળું વિસારી બેઠા છીએ. જગત ભલે મરે આપણે જીવવું છે. જગત ભલે ડૂબે આપણે તરવું છે, અને આ રીતની કેળવાયેલી દૃષ્ટિમાં જ આપણા જીવનની સાચી અસ્મિતા ગુમાવી બેઠા છીએ, સાચા વ્યક્તિત્વની કેડી વસમી લાગે છે.

વ્યક્તિ છે તો તેનું વ્યક્તિત્વ છે. વ્યક્તિ દ્વારા એનું જીવન વ્યક્તિત્વ અંકાય છે. જેવી વ્યક્તિ તેવું બને વ્યક્તિત્વ. જીવનના વિકાસમાં વ્યક્તિત્વનો મહત્વનો ફાળો છે. જીવનને મહેક્તું તો તેનું વ્યક્તિત્વ જ કરે છે. આજે આપણે ગાંધીજી, બુદ્ધ કે જીસસ ક્રઈસ્ટને શા માટે યાદ કરીએ છીએ ? સ્વામી નિવવેકાનંદ, સોક્રેટીસ કે ટોલસ્ટોયને કેમ વિસારે નથી પાડતા ? કારણકે તેઓનું જીવન આપણને વિસવા નથી દેતું. તેમનું વ્યક્તિત્વ આજે પણ મહેંકના પુષ્પની જેમ આપણા મનને અને હૃદયને અરે ! ક્હોને સારાયે અંગને મીઠી સુવાસથી ભરી દે છે. વર્ષો વિત્યા પણ મ્હેંક રહી ગઈ ! ત.ઓનું વ્યક્તિત્વ અન્ય કરતાં જુદા જ પ્રકારનું હતું. અમાસની ક્લ્મેષ વર્ષતી રાત્રિમાં ઝળહળતા આકાશના સિતારા જેવું હતું !

પ્રત્યેક વ્યક્તિને પોતાનું અનોખું વ્યક્તિત્વ છે. તેના આ વ્યક્તિત્વને વિકસાવવા તેણે સ્વયં પ્રયત્ન કરવો જોઈએ. પછીથી તે કિશરો હોય, યુવાન હોય કે પછી વૃદ્ધ હોય. વ્યક્તિ સાથે જીવનમાં

અસમાનતા - પ્રતિકુળતા - આવી મળવાની જ. પછી તે માનસિક, શારીરિક કે આર્થિક હોય, છતાંય આ અસમાનતા તાટસ્થય દાખવી પોતાનું અનોખું વ્યક્તિત્વ સાચવી રાખે તેનું નામ વ્યક્તિ, નવલકથા કે ıવર્તા જ છે. તેથી નવકથાની જેમ અહીં પણ સંઘર્ષ યા ભરતી કે ઓટ આવવાનાં જ. જીવનની પ્રતિકુળતા રહેવાની જ છતાંય આ પ્રતિકુળતાનો સામનો કરી, અલિપ્ત રહી પોતાનું વ્યક્તિત્વ યથાવત જાળવી રાખે તે સાચી વ્યક્તિ ગણાય. જો કે કોઈક સમય એવો પણ આવે કે પોતાના અસલી સ્વરૂપનું અસ્તિત્વ જોખમાય. છતાં એ બધું ક્ષણ પૂરતું છે. આખરે તેનું પોત પ્રકાશવાનું જ. જીવન છે તેને મ્હેંક્તું કરવાનું છે, તેના માટે જાગૃત રહેવાનું છે.

વ્યક્તિ અને તેનું ઘડતર આ એક જીવનનું અંગ છે. પ્રત્યેક અવસ્થાએ વ્યક્તિએ પોતાનું અવસ્થાએ વ્યક્તિત્વને અભરખે ન મૂક્તાં યોગ્ય લેબાસમાં ઢાળવાનું રહે છે. વ્યક્તિત્વનો ઓટો અંચળો કાયમ નથી રહેતો. ક્ષણમાં લુપ્ત થઈ જાય છે અને તેથી જ તો વ્યક્તિત્વની કિંમત અંકાય છે.

દંભથી કેવાયેલું વ્યક્તિત્વ કેવળ દંભ જ બનીને રહે છે. ઉછીનું તેજ લઈ અમાસની રાત્રિમાં ઝળહળતા સિતારા અજવાળી રાત્રિમાં ઝાંખા પડવાના જ ! જુઠ્ઠાઈનો સર્જેલો સ્વાંગ ક્ષણજીવી હોય છે.

સ્ત્રી હો યા પુરૂષ કિંતુ જો પોતાના વ્યક્તિત્વને સુંદર ઘાટ આપવા પ્રયત્ન કરશે તો તેનું વ્યક્તિત્વ દેદિપ્યમાન થઈ ઝળહળી ઊઠશે. વિદ્યાર્થી અવસ્થાનું વ્યક્તિત્વ એના પ્રમાણમાં અવશ્ય જાળવી રાખવું જોઈએ. શિક્ષકે પોતાનું વ્યક્તિત્વ એવું કેળવવું રહ્યું કે જેથી છાપ પોતાના વિદ્યાર્થીના માનસપટમાંથી ક્દાપિ લુપ્ત ન થાય. તેઓનો આદર્શ એ જ વિદ્યાર્થીઓનો પણ આદર્શ બની રહે. જીવનનો સાચો માર્ગ બની રહે. સાધુ હોય યા સંસારી પણ પોતાના વ્યક્તિત્વની ઊણપ તેણે સાલવા દેવી ન જોઈએ. અલબત્ત મારો આશય એ નથી કે બધાજ આદર્શોને જડ રીતે વળગી રહેવું આવશ્યક છે. સમય અને જનસમુદાયને લક્ષમાં રાખી સમાજને હાની ન પહોંચે પણ ફળદાયી નીવડે એ રીતે વર્તવું જરૂરી છે. આજના યુગની સ્ત્રીમાં અને વહ્યા ગયા કાળના સમયની સ્ત્રીમાં ઘણો જ તફાવત પડી ગયો છે. ત્યારની સ્ત્રી કદાચ ફક્ત ચાર દિવાલોમાં ભીંસાઈ રહેવા સર્જાયી હોય એમ મનાતું. આજે એ માન્યતા તૂટી છે. ત્યારના વખતની આજ અબળા ગણાતી નારી આજે સબળ બની છે. પોતાનું ઉન્નત મસ્તક જુના આદર્શોનું બંધન તોડી ગૌરવવંતુ બન્યું છે. આ વખતે ફક્ત શાસ્ત્રોના લખાણો પૂરતી જ સ્ત્રી પુજાતી હતી. માન પામતી હતી પણ વાસ્તવરમાં રેંસાતી હતી. જયારે આજે તો એ જ નારી જાગૃત બની છે. તેના વ્યક્તિત્વમાં રૂપાંતર આવ્યું છે. સાચી સૂઝ આવી છે. પોતાના વ્યક્તિત્વને વિક્સાવવાની તક સાંપડી છે તે પછી તેણે કેમ પોતાના હાથની જંજીરોને તોડી ન નાખવી ? હજી આજે પણ ઘણી સબળા ગણાતી સ્ત્રી અબળાના લેબાસમાં રહી છે. જોવાય છે. અનુભવાય છે. એક સ્વાર્થી વ્યક્તિત્વ અન્ય વ્યક્તિને રુંધી કારાગારમાં ધકેલી રહ્યું છે. એક વ્યક્તિત્વ અન્ય વ્યક્તિત્વને રુંધે છે જે જીવનમાં જોઈ શકાય છે. આવી વ્યક્તિઓ પોતાની તાકાતનો, પોતાના સાચા વ્યક્તિત્વનો ખ્યાલ જગતને કરી બતાવવો જોઈએ. પોતાના વ્યક્તિત્વને વિક્સાવવાનો સર્વને સરખો હક્ક છે.

યુવાપેઢીનું વલણ આ બાજુ ઉદાસીનતા સેવે છે. પ્રત્યેક યુવાન દેશનું ગૌરવ છે. રણમોલું રતન છે. પોતાના વ્યક્તિત્વને રુંધતા પરિબળોને તેણે સામર્થ્યથી સામનો કરવો જોઈએ. આમ વસંત સમી યુવાની તરફ ઉદાસીનતા દાખવી ન પાલવે. પોતાની શક્તિઓને ઈસ્ટ માર્ગે વાળી તે ધારે તો સમાજમાં જુનાં બંધનોને પોતાનો અનોખી તાકાતથી ફગાવી શકે છે. સમાજનો જે સડો છે તે ખંખેરી નાખવા માટે કટીબદ્ધ થવું જોઈએ. દુર્લક્ષ ન સેવતાં પોતાના સામર્થ્યનો એ દિશા તરફ અભિમુખ કરવું સાવ આવશ્યક છે. હિતકર છે. અનેક શોષાતા જીવોને દુષ્ટતામાંથી સબડતાં બચાવી લેવા જોઈએ. યુવાન પેઢી એ સ્વયં યુગ દ્રષ્ટા છે. ઘણીવાર જોઈશું તો યુવાનોની આ સંચિતા શક્તિ તોફાને ચઢેલી આંધીની માફક દ્રષ્ટિગોચર થાય છે. જો કે તેમનાં હિંસક વલણો સામે તેઓ સ્વયં નહી બલ્કે સમજ જ જવાબદાર છે. એ બધું શિખવ્યુ કોણે ? સમાજે. ઘડતરમાં વિકૃતિ લાવનાર કોણ ? સમાજ. એ આ બધા પ્રશ્નોનો જવાબ બની રહે છે. કારણ એવી વૃત્તિ-વલણોને સમાજના અગ્રગણાતા ભારેખમ લોકો જ સંતોષતા હોય છે. તેઓના આ પતન અર્થે સમાજ કંઈ ઓછો જવાબદાર નથી ?! તેઓ પણ જવાબદાર છેજ. આજે ડોકીયું કરીશું તો યુવાનોને યોગ્ય માર્ગે વાળી તેમના વ્યક્તિત્વને વિકસાવનાર યોગ્ય પથદર્શક નહીં જ મળે. સાત હશે તો પાંગળો હશે. એની ચરણ સીમાએ પહોંચનારની ઉણપ છે. આજનો યુવાન કંઈક ઝંખે છે. તેને કંઈક કરી જવાની તમન્ના છે. ધગશ છે. કિન્તુ રંજ એ વાતનો છે કે આ શક્તિઓને પારખી જગાડનાર કોણ છે ? યુવાન પેઢીના હૃદયને સમજનાર સચજો સમજદાર ક્યાં છે. ? આજે તો ‘વાડ ચીભડાં ગળે’ એવી સમાજની હાલ થઈ છે. યુવાન પેઢીને નવરંગીલા ધસમસતા પ્રવાહને યોગ્ય માર્ગે વાળનાર નેતા ક્યાં છે ? છે કેવળ ધુમ્મસ જેવા આભાસો. આ બાબતમાં યુવાન વર્ગ ખિન્નતા અનુભવે છે. સમુદ્રનાં સાચાં મોતી માટે ડુબકી મારનાર મરજીવા ક્યાં છે ? વણપાછચાં મોતી હજીયે છીપમાં બીડાયેલા પડી રહ્યાં છે. ક્યાં છે એ મરજીવો ? કે ક્યાં છે એનું સાચું મૂલ્યાંક્ન કરનારો ઝવેરી ? યુવાનોની વેડફાઈ જતી શક્તિને પારખી સમાજે તેને ઘડતરમાં વાળી આપવું જરૂરી છે. ને તોજ સમાજ સુસંસ્કારી ને કેળવાયેલો, પ્રગતિકારક બની રહેશે. સમાજના લોકોએ આ બાબતમાં આંખ આડા કાન કરવા ન જોઈએ.

અલબત્ત મારા કહેવાનું તાત્પર્ય એ નથી કે યુવાનપેઢી આ માટે જવાબદાર નથી જ. યુવાન શક્તિ એ મહાન શક્તિ છે. પ્રત્યેક યુવાન હૃદય પોતાના અડગ સામર્થ્યથી, પોતાના અડગ ધૈર્યથી પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધી પોતાના જીવનને મ્હેંકતી ફૂલવાડી સમુ કરી દેવું જોઈએ. પોતાના અદમ્ય એવી તાકાત વડે યુવાનોએ જાગૃત થઈ પોતાના વ્યક્તિત્વનું ઘડતર કરવું જોઈએ. સમય-કાળે-કખી આંધી આવશે. તુફાન જાગશે. પરંતુ તેણે તો જ એજ ખ્યાલમાં રાખવું જોઈએ. કે, !

કાંટા આવે કંટાર આવે ધોમ
ભખંતી રેતી આવે

ખાંડાની ધારે ને ધારે ધૈર્ય ધારી ચાલ્યો.” સમાજ છે વિઘ્નો આવશે. પરંતુ એ વિઘ્નોથી હામ હારી જઈશું તો ? થશે કેવળ પતન.

# ૧૯.બાળકની જિજ્ઞાસાવૃત્તિ કેવી રીતે સંતોષશો

બાળકમાં જીજ્ઞાસાવૃત્તિ હોય છે. એ સ્વાભાવિક છે. વાસ્તવિક છે. પોતાનો ખોળો મૂકીને હરતું ફરતું થયેલ પ્રત્યેક બાળકમાં ધીમે ધીમે એની બુદ્ધિનો વિકાસ થાય. એનુ માનસ વિસ્તૃત થતું જાય એમ એનામાં જિજ્ઞાસાવૃત્તિ વિકાસ પામતી જાય છે. પછી એ બાળક ગરીબનું હોય કે પછી શ્રીમંત માણસનું હોય કેવળ કેળવણી પામેલ વ્યક્તિનું બાળક હોય કે અભણ માણસનું બાળક હોય ! પરંતુ આ વૃત્તિ એનામાં એની કક્ષા પ્રમાણે જાગૃત થયા કરે છે. કુતુહલ એ બાળકનું એક લક્ષણ છે એમ કહીએ છીએ એમાં કાંઈ ખોટુ નથી.

બાળક સમજતું થતાં એના માનસપટ પર અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. પ્રત્યેક માબાપ આ બાબતથી વિદિત હોય છે. જો કોઈ આવી બાબત બની તો તુરત જ એના અંગે એના મસ્તિષ્ક પ્રદેશમાં પ્રશ્નો ખડા થઈ જશે. એના અંગે જાણવા એ ઉત્સુક બનવાનો.

હમણાં ચાલુ સમયમાં જ પાકિસ્તાન સરાકર પ્રમુખ મહમદ ઝીયાએ એના ભૂતપૂર્વ વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી બુટ્ટોને ફાંસીને માંચડે ચઢાવી મોતની સજા ફટકારી ત્યારે સમોવડીયા મિત્રો તથા ઘરના સભ્યો સાથે મારે એ અંગે ચર્ચાનો દોર ચાલતો હતો. અનેક દેશોની વિનંતીઓની અવગણના કરનાર પ્રમુખ ઝિયાએ વિશ્વની ગણનામાત્ર ગણાતી વ્યક્તિઓમાં ગણાતી એક પ્રતિષ્ઠીત વ્યક્તિને કાયદાના હાથ વડે રહેંસી નાખી એ બાબત ચર્ચાતી હતી. ત્યાં જ અમારી વચ્ચે જામતી ચર્ચામાં અવાજ ટપકી પડ્યો.

“મામા, ભુટ્ટો કોણ ?”

હું પ્રશ્ન સાંભળતા જ રસભરી વાતોમાં વિક્ષેપ પડવાથી મારા નાનકડા ભાણેજ પર ગુસ્સે થયો. ત્યાં જ મને ખ્યાલ આવી ગયો. ને મેં મારી જાતને એની બાલસહજ જીજ્ઞાસા વૃત્તિમાં મૂકી દીધો. એને સમજણ પડે એ રીતે ખ્યાલ આપ્યો ય ખરો. એ હું અને કેટલું સમજયો એ તો એને ખબર ! પણ તરત જ બીજો સવાલ ઊભો થયો.

“હેં મામા, ફાંસી એટલે શું?”

આ જરા અતડો અને વિચિત્ર પ્રશ્ન સાંભળી હું ગુંચવાયો કેમકે “ફાંસી” શું એ તો એને સમજાવી શકાય પરંતુ “ફાંસી” એટલે માણસને ‘મારી નાખવો’ એવું સમજવું તો એના બાળમાનસ પર ‘મોત’ ની વિકૃત અસર પડે ! એને મારી નાખવું તો ભય કદાચ મનમાં પેસી જાય. આ બધું વિચારું છું ત્યાં તો બંદુકમાંથી ગોળી છુટે એમ વધારાનો પ્રશ્ન મારા કર્ણપટે અથડાયો. “ફાંસી કેવી હોય મામા ?”

બાળકને જે સમજાવું એ સાચું સમજાવું-જુઠું નહીં, એટલે મેં એને સાદી-સરળ ભાષામાં એના પ્રશ્નોની સમજ પાડી ન પાડી ત્યાં મને જ ભય હતો એનો જ પ્રશ્ન વળી પાછો પૂછાઈ ગયો.

"આપણને પણ ફાંસી વડે મારી નાંખશે ? "

મેં કહ્યું "ના ભાઈ, આપણે ક્યાં કોઈ ગુનો કર્યો છે ?" આપણે તોસારા માણસ અને તું તો સૌથી સારો માણસ આપણને કે છોકરાને કોઈ ફાંસી ના આપે, કોઈ ના મારી નાંખે, અને આમ એને પ્રશ્નોનો જવાબ આપી સંતોષ આપવા પ્રયાસ કર્યો. આ તો એક સામાન્ય પ્રસંગ થયો. પ્રત્યેક સંતાનો-બાળકો તરફથી કોઈને કોઈ રીતે આવા પ્રશ્નો એમાંનો સ્નેહીજનો કે મા-બાપને પૂછાતા હોય છે. શું આવા સમયે આપણે બાળક પ્રત્યે લક્ષ આપીએ છીએ ? એના પૂછાયેલા પ્રશ્નોના યોગ્ય જવાબ આપીને એને સંતોષ થાય અને એ કૈંક જાણે - કે જેનાથગી એ બિલકુલ અજાણ છે, અજ્ઞાન છે. એની યોગ્ય સમજ આપીએ છીએ કે પછી એના પૂછાયેલા પ્રશ્નોને અવગણીએ છીએ ? શું આપણા કામમાં કે વાતમાં વિક્ષેપ પડેલોજોઈ એના પર ગુસ્સે થઈ ધમકાવીને બોલતાં બંધ કરી દઈએ છીએ ? જો આ બધું હકારમાં હોય તો તે ખોટી બાબત છે. ઘરમાં કે ઘરની બહાર આપણી સાથે કે બીજાઓ વચ્ચે કે પ્રતિકુળ સમયે સારા-નરસાનો ખ્યાલ વેગળો મૂકી એને યોગ્ય સમજણ આપવી ઘટે. કેમકે સારું કે નરસું, સાચું કે ખોટું એ બધું આપણા મનમાં છે. આપણી પાસે છે, બાળક પાસે એમાંનું કંઈ જ નથી હોતું. એ તો સદાય નિર્મળ છે. કારણકે, એ બાળક છે. બાળક તો બીજરૂપ છે. એમાંથી વિકાસવૃદ્ધિ પામીને એ માનવ બનવાનો છે. તો પછી આપણને એને અવગણવાનો તથા આપણી જાતને જ વધુ સારા, સાચા માનીને એને તુચ્છકારવાનો આપણો ક્યો અધિકાર ?

બાળક માટે આ દુનિયા અને એમાં સમાવિષ્ટ થયેલા પ્રત્યેક ચીજ-વસ્તુઓ કે બાબતો એના માટે પડકારરૂપ છે. આપણી જેમ એને પણ પ્રત્યેક બાબતોનો સામનો કે સમન્વય કરવાનો છે. એ આપણે જાણીએ છીએ. એટલું બાળક નથી જાણતો. એને જાતે કરવો એમાં આપણે સહાયરૂપ થવાનું કહે છે. શારીરિક, માનસિક કે ધાર્મિક તથા અન્ય બાબતો વિશે, આ - દુનિયા વિશે એની કુતુહલ વૃત્તિને એના જીજ્ઞાસા પ્રેરક માનસને આપણે સાથ નહીં આપીએ તો કોણ આપવાનું છે ? એટલો ખ્યાલ જરૂર રાખો કે બાળક એ બાળક છે. પોતાનું હોય કે પરાયું હોય પરંતુ આપણને જ્યારે એ બાઈ સહજતાથી પ્રશ્ન પૂછી બેસે તો એને યોગ્ય રીતે સંતોષવા પ્રયત્ન કરજો. એમાં ઈશ્વરનો રહેમ રે'શે એ બાળકની દુઆ તમારી સંગતમા રહેશે. પૂછાયેલા પ્રશ્નોથી અકળાઈને કદી એને બોલતો બંધ ન કરો કે પછી જેમ તેમ અગડમ બગડમ સમજાવીને અને અવળો ન દોર. રોજ રોજ કે વારંવાર પ્રશ્નો તો એની પાસે રહેવાના જ કે જેનાથી એ બિલકુલ અજાણ છે. બાળકની શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ થાય એમ તમો ઈચ્છતા હો તો અન્ય કાળજીઓની જેમ એની જીજ્ઞાસાવૃત્તિનો પણ ખ્યાલ રાખો. બાળકની જિજ્ઞાસાવૃત્તિને કદી દાબી ન દો. કારણ એમ કરવાથી ઉલટાની બાળકમાં વિકૃતિ પેદા થશે. જે ભાવિ માટે ખતરારૂપ ન બને. વિશ્વને આર્શીવદ સમાન એ બની રહે એ માટે તત્પર રહેવું એ પ્રત્યેકની નૈતિક ફરજ છે.

## ૨૦. સંતાનો પ્રત્યેનો મા-બાપનો અભિગમ

સવારમાં નિદ્રાદેવીના ખોળામાંથી જાગૃત થતાં આંખ ખોલું છુ ને નજરને બરાબર સભાન કરું છું ત્યાં જ પ્રભાતમાં બ્રાહ્મણો સહજ રીને જેમ સંસ્કૃતના શ્ર્લોકો ઉચ્ચારતા હોય, અથવા તો કોઈ હરિભક્ત સહજભાવે ભક્તિગીત લલકારતો હોય એવી જ સહજ વાણીમાં પાડોશમાંથી ગાળોનો અવાજ મારા કાને અથડાઈ ચૂક્યો ! સ્ત્રી એનાં બાળકોને ભાંડતી હતી. એમાંય કંઈક અધૂરું હોય એમ એનાં પતિએ સાથ પુરાવ્યો.

'સા.લો છે જ હારમખોર.' પછી પોતાની બૈરીને સંબોધન કરી બોલ્યો : 'તે ક્યાંથી આવી વેતાર પેદા કરી. ?'

'જેવું તારૂ લોઈ એવી તારી વેતાર !' સ્ત્રી બોલી અને આમ બાળકનો ઝઘડો પતિ પત્નિમાં પેઠો. અને ચોમાસાન તોફાની ગર્જનોની જેમ સામસામી તદ્દા બીભત્સ ગાળો બોલવાની શરૂ કરી દીધી.

હજી તો આ સંવાદો કાન પરથી હઠ્યા નથી ત્યાં જ લગભગ ત્રીજે ઘેર પાછા એ જ રીતના શ્લોકો-ગાળોસ્તો ! સંભળાયા સવારની ચ્હા થવા છતાં હજી સુધી પથારીમાંથી નહીં ઊઠતા બાળકને ઍની મા ભાંડતી હતી. તો વળી ફળિયામાં બે-ત્રણ બાળકો લડતાં હતાં ને મહોમાંહે ન સંભળાય એવી ગાળ ઉચ્ચારતાં હતાં. ત્યાં તો વળી પડોશમાં જ દૂધ લેવા આવેલાં એક ડોશીને કૂતરું અથડાયું. બીજું તો કંઈ ન થયું પરંતુ ડોશીમાએ બધો જ રોષ કૂતરા ઉપર ગાળો બોલીને સમાવ્યો.

આવી બધી બાબતોથી કાન તો રોજના ટેવાઈ ગયેલા સવાર શું કે બપોર શું ? સાંજ શું કે રાત્રિ શું ? આ શ્લોકો તો સંભળાય જ. અડધી રાત્રે જો છોકરું જાગી ગયું ને રોવા લાગ્યું તો એની ઉપર પણ ગાળગ્રહણ થવાનું જ. આપણે જોઈશું તો ગામ કે શહેર, ફળિયામાં કે પાડોશમાં કે પોતાના ઘરમાં આ ગાળ શિક્ષણ અવિરત ચાલુ જ જોઈશું. ગાળ કેમ શીખવી એ બાળકને બતાવવું નથી પડતું. બાળક ગાળ એના ઘરમાં જ શીખે છે. કદાચ કોઈ સંસ્કારિત ઘર હશે અને એનું બાળક જો આ ગાળના શિક્ષણથી વંચિત રહી ગયું હશે તો એ ફળિયામાં કે શેરીમાં રમતાં બાળકો પાસેથી પણ શીખવાનું. કારણ ગાળ વસ્તુ શું છે એનો ખ્યાલ એને નથી હોતો, જો ખ્યાલ હોય તો એ ગાળ શીખે જ નહિં.

સામાન્ય સમાજમાં આ બદી વધુ વ્યાપક પ્રમાણમાં દેખાય છે. કંટાળેલી કે ગુસ્સે થયેલી માતા એનાં જ જણ્યાંને બસ બેફામ રીને તમને ગાલીપ્રદાન કરતી જોવા મળશે. જો કે સભ્ય સમાજ આ બાબતમાં પર છે એમ તો ન જ કહી શકાય. ઘણીવાર સભ્ય ને સંસ્કારી લાગતા માત્ર બહારથી માણસોના ઘરમાં પણ આ નાટક ભજવાતું રહે છે અને એનો પડછાયો પડે છે બાળક ઉપર !

જે બાળક આવતીકાલનો નાગરિક છે, સંસ્કારો અને સંસ્કૃતિનો વારસો છે, દેશ અને વિશ્વનું ભાવિ નેજા હાથમાં છે એનો ઉછેર કેમ અને કેવી રીતે થવો જોઈએ એ દરેક માતાએ સમજવું છે. માત્ર એનો શારીરિક કાળજીભર્યો ઉછેર કરવો એથી કંઈ પતી જતું નથી. પરંતુ એટલો જ એના આંતરિક સંસ્કાર ભીતરનું જીવન ઘડવાનો હક્ક છે, ફરજ છે. બકાળકની બાહ્ય અને આંતરિક ઉજ્જવલતામાં જ એના ધાવણનું ગૌરવ છે. આપણા મહાનુભાવોએ આ કારણોથી જ સ્ત્રીને સો શિક્ષક સમાન ગણી

છે. માતા જો કેળવણી પામેલી, સંસ્કા સંપન્ન તથા ધાર્મિક હશે તો એનું બાળક ઝાઝી બદીઓમાં નહીં ફસાય. કેમકે આવી માતા ઘરમાં જ બાળકની ચિંતા રાખીને અટકી નથી જતી પરંતુ ફળિયામાં કોનાં ને કેવાં બાળકો સાથે રમે છે, નિશાળમાં એનો સંગ કેવો છે એ જોશે અને એનું વર્તન પણ જોશે, ને એને પ્રેમથી દોરવણી કે શીખામણ આપશે.

બાળક તો કોરી સ્લેટ જેવું છે. શું સારું કે શું ખરાબ એનો કોઈ ખ્યાલ નથી હોતો. આ ખ્યાલ એનાં મા-બાપે પ્રેમાળપણે આપવો જરૂરી છે.

જો રોજ-બરોજ ઘરમાં જ પતિ-પત્ની વચ્ચે ઝઘડા થતા હોય, પિતાને દારૂની કે બીજી ખરાબ લત હોય એની અસર બાળકના ભાવિજીવનને સ્પર્શવાની એમાં શંકા નથી. તમારા બાઈકનો ઉછેર તમારા હાથમાં છે. તમારું બાળક એ તમારું નથી પણ પ્રભુનું વરદાન છે, ભેટ છે. એ વરદાન-ભેટને તમે જેટલું જાળવશો એટલું જળવાશે. શું ઢાઈ અમૂલ્ય મોતી છે. એની સંભાળ પણ એટલી કાળજીથી રાખો. ક્દી બાળક પ્રત્યે બેદરકાર ન રહો. કેમકે આ બાળક ભાવિમાં તમને, દેશને કે રાષ્ટ્રને ભયરૂપ ન બને. તમારા બાળકના ઘડતરમાં જ તમારી પ્રભુભક્તિ સમાયેલી છે. તમારા કૂળની લાજ સમાયેલી છે.

૧૯૭૯ નું ચાલે વર્ષ 'આંતરરાષ્ટ્રીય બાળ વર્ષ' તરીકે ઉજવાઈ રહ્યું છે. ત્યારે આપણે બાળક માટે શું કરીશું ? બીજાના બાળકો તો ઠીક પણ તમારા ખુદના બાળકો વિષે શું કરશો ? એના સર્વાંગી વિકાસ અર્થે ચિંતિત છો ? તમારા બાળકનું ભાવિ તમારા હાથમાં છે. એને સંભાળો, એને કેળવો, તમે તમારી રીતે નહીં એને એની રીતે જીવવામાં અને ઉછેરવામાં મદદ કરો. વેલાને યોગ્ય વાડે ચડવા દો, ગુલાબનો છોડ જેમ પોતાની સમગ્ર જાતને રસ આપીને સુગંધીત ફૂલ સજાવે છે એમ તમારા બાળક માટે પણ કરો. એને મ્હેંકાવો, 'માનવફૂલ' બનાવી ને !

## ૨૧. આર્યનારી મુશ્કેલીમાં અડગ

આર્યનારીનો એ ગુણ છે કે મુશ્કેલીઓ સામે એ કદી ઝૂક્તી નથી. જીવનમાં આવતી ગમે તેટલી આપત્તિ મુશ્કેલીઓનો શાંત અને હળવા હૈયે સામનો કરે છે. અરે ! કદાપિ ઉ...ફ જેવો દર્દદાયક શબ્દ પણ કોઈના કાને નહીં પડવા દે. હા, આવતી આપત્તિને હલ કરવા એ જરૂર પ્રયાસ કરશે. ક્યા કારણે એ ઉદભવી અને કેમ કરી એનો અંત આવે એટલું જ એણે જાણી લીધુ તો બસ થઈ રહી વાત ! આજે આવી આર્યનારી આપણી મધ્યે છે જ. ભલે કોઈ શિકાયત કરે કે 'જવા દોને આજકાલના બૈરાંની વાત જ.' પણ આ શબ્દો અમુકના કારણે બધાને આજે સાંભળવા પડે છે. હા, આજે નારી પુરુષ સમોવડી થવાના એના પ્રયાસોને કારણે ક્યારેક એના વર્તનમાં ફેરફાર જણાય છે. એનું મનોવલણ અને વર્તન બદલાતું જણાય છે. પણ સમજુ, વિવેકી અને સંસ્કારી નારી તો ગમે તે ક્ષેત્રે હશે તોય એનું આર્યાવ્રત નથી છોડવાની !

આજની કેળવણી અને વધુ પડતી સ્વતંત્રતા મળ્યાની વાતને કારણે નારી જાતિ, બહેકી

ગયાની વાતને ભલે સમર્થન મળે પણ કેટલી વાતે એમાં સત્ય-તથ્ય છે એ સ્થિર માનસ રાખીને જાણવા કદી પ્રયાસ કર્યો છે? હા, કદાચ અમુક અપવાદો ઉપર જણાવેલ બાબતોની દુરુપયોગીતા કર્યાના કારણે હોઈ શકે પણ સર્વત્ર એવું જ છે એમ તો ન જ કહી શકાય. આજકાલ યુવા વર્ગ માટે ચારિત્ર્ય એક શંકાશીલ બાબત બની ગઈ છે. વધતી જતી અવનવી ફેશનો, ફિલ્મો તથા અન્ય કારણોને લઈને આ બાબતે વડિલ વર્ગની આંખને કૈંક ખટકે એમાં એમનો દોષ નથી. પણ એમની યુવાની અને આજની યુવાનીના ગાળામાં ખૂબ તફાવત પડી ગયેલો એમની નજરે માલુમ પડે છે. જો કે આ બાબતનું ખમીર તો યુવાન વર્ગે જ બતાવી આપવાનું રહે.

પહેલાના જમાનામાં આજના જેટલું કેળવણી ક્ષેત્ર વિકસ્યું નહતું. તેમાંય નારી વર્ગ માટે નિશાળે જવું એ સમસ્યા હતી. સ્ત્રી કેળવણી શું એ વાત તો કોઈ સમજતું નહતું પરંતુ અંગ્રેજોના સહવાસ તથા કેળવણીથી વાતાવરણમાં તફાવત પડયો. ઘણાં સમાજ સુધારકોએ નિંદા, અપમાન વહોરીને પણ સ્ત્રીને ભણતી કરી દીધી. આજે એજ સમાજની ઔલાદ સારી એવી કેળવણી પામીને વિવિધ ક્ષેત્રે પુરુષ સાથે કામ કરતી થઈ ગઈ છે. સામાન્ય સમાજની નારી માટે માત્ર ઘરના ચાર ખૂણા જ હતા. પતિ બાળકો તથા ઘરને અનય વાતે સંભાળવું એ એનું મુખ્ય કાર્ય હતું. આજે એનું કાર્યક્ષેત્ર બદલાઈ ગયેલું નથી જણાતું જો કે ઘર સંસાર સંભાળ એ તો એનો ધર્મ છે. એનાથી એ જેટલી વેગળી જશે એટલી વાતે એ પોતાની ફરજ ચૂકી ગણાશે. નારીએ પૌરુષત્વ પણ બતાવ્યું છે. સાથે સાથે નારીત્વ પણ જાળવી રાખ્યું છે.

જીવન સાથે મુશ્કેલીઓ તો હોય જ. એનું સાચું હાર્દ પેલા કવિએ પોતાના કાવ્યમાં બતાવી જ દીધું છે કે : "સુખ દુઃખ મનમાં ન આણીયે ઘટ સાથે રે ઘડીયાં" આ ઉક્તિ મુજબ આવતી આપત્તિઓને મૌનપણે સહીને આર્યનારીએ પોતાનો ગૃહધર્મ બજાવ્યો છે. વિવિધ પ્રકારના દુઃખોનો અનુભવ એની પાસે ખાસ છે. આવનાર દુઃખોને પોતીકાં ગણીને સહ્યાં હોય તો આર્યનારીએ! પુરાણકાળથી આજ લગી આર્યનારી જીવનના અવરોધ સામે કદી ઝુકી નથી! સમય આવ્યે અડગ મેરુ સમાજ બનીને એનો સામનો પણ કર્યો છે. મૃત્યુના મુખમાં ગયેલો સત્યવાન પોતાના હાથમાંથી યમરાજના હાથમાં ગયો ત્યારે ધીરજ ગુમાવ્યા વિના સાવિત્રીએ પોતાના હાથમાં એને પાછો મેળવ્યો હતો. એ ભાંગી પડી ન હતી કે નખશીખ નાસીપાસ બની ગઈ નહોતી. પણ પોતાના નારીત્વના પ્રભાવ વડે પોતાના પતિને પાછો મેળવ્યો હતો. હાયવોય કરી મૂકી નહોતી!

રોજ બરોજના જીવનમાં આપણે જોઈશું તો આપણી મા, બહેન, પુત્રી કે પત્ની પોતાના ભોગે પણ આપણા સૌનું કેવું ભલું કરે છે? આપણાં સૌને માટે ગૃહ સંસારમાં એ કેટલું બધું વેઠી રહી છે એનો ખ્યાલ જયારે આપણે એનામય બની જઈને જોઈશું ત્યારે આવ્યા વિના નહી રહે.

મોટેભાગે અન્યને કાજે એ પોતાની જાતને પણ વેગળી મૂકીને પોતાનું કર્તવ્ય પાલન કર્યે જાય છે. આ છે આર્યનારીનો ઉમદા ગુણ! પોતે વેઠવું એને ધર્મ માને છે. સમય આવ્યે એ અન્યાય સામે માથું ઉચું કરે તો એની પાછળ પણ કોઈ કલ્યાણીક ભાવના હશેજ! જીવન જીવી લેવામાં એ નથી માનતી પણ યોગ્ય જીવન જીવવામાં જ એનો આગ્રહ રહેલો હોય છે. કદાચ આધુનિક સમયમાં નારી

જગતનું કાર્યક્ષેત્ર વિસ્તરેલું જણાશે. વિવિધ ક્ષેત્રે વત્તા થોડા અંશે એણે પોતાનું કાર્ય આરંભી દીધું છે. પશ્ચિમની અસર હેઠળ એક જાતની ઉચ્છંખલતા તો આજની યુવાનારીને સ્પર્શી ગઈ છે એમાં શંકા નથી પણ આ બાબતે એનું આધળું અનુકરણ સિવાય બીજું શું હોઈ શકે? આ બાબતે જો આજની નારી સભાન નહીં બને તો ભાવિ પેઢી પર એની વિકૃત અસર ઉદ્‌ભવવાની એમાં લેશ માત્ર શંક નથી. પોતા વિશે તેમજ પોતાના બાળકો (સમગ્ર ગૃહસંસાર) વિશે આજે નારીએ ચિંતિત થવા જેવું છે. ગાફેલ રહી જીવવાનું હવે એને પરવડે તેમ નથી. વિજ્ઞાનના વિકાસ સાથે એનું કાર્યક્ષેત્ર વિસ્તરવાથી એની જવાબદારી આજે ખૂબ વધી ગઈ છે. મેળવેલ કેળવણીનો ઉપયોગ એણે પોતાની સાથે અન્યની ઉન્નતિ અર્થે કરવાની જરૂર છે. સમય પલટાતો જાય છે એમ એણે પલટાવવું જોઈએ પરંતુ એના 'નારીત્વ' ના સ્વકેન્દ્રને લક્ષમાં રાખીને જ. સીતા જેવા સીતાએ પણ પોતાની મર્યાદા (લક્ષ્મણરેખા) ઓળંગી ત્યારે જ રાવણને એમના અપહરણની હિંમત જાગી અને સીતાનું હરણ કરી ગયો. આજની નારીએ પણ પોતાની લક્ષ્મણરેખા જાળવવી જ રહી. પ્રગતિના ઉત્સાહમાં, સ્વતંત્રતાના ઉમંગમાં ગાફેલ રહેતા કૈંક લક્ષ્મણ રેખા બહાર કદમ મૂકાઈ ન જાય નહીં તો દુષ્ટતાનો રાવણ એનું હરણ કરી જ જવાનો!

સમગ્ર સમાજનો આધાર નારી છે. એટલે તો શુભચિંતકોએ તથા મહાનુભાવોએ નારીને 'એક માતા બરાબર સો શિક્ષક' સમાન ગણી છે. આ બધું એણે સ્વયં સમજવાનું છે.

એનું આર્યત્વ જળવાઈ રહે એ રીતનો વ્યવહાર કરવો, એ એનું પોતીકું કાર્ય છે. અને એ માટે તો 'સહનશક્તિ' નામની મહાન શક્તિનું વરદાન ઈશ્વરે પુરુષને બદલે એનેજ વધુ પ્રમાણમાં આપ્યું છે. કારણ સમગ્ર સંસારનો આધાર સ્ત્રી છે. સ્ત્રી એટલે સહનશીલતાની મૂર્તિ! સ્ત્રી સબળ હશે તો માણસ સબળ રહેવાનો. સ્ત્રીમાં મહાનતા હશે તો એના સમાજમાં મહાવીરો પેદા થવાના, સ્ત્રીમાં કઠિનાઈઓનો સામનો કરવાની અનોખી તાકાત અને ખુમારી હશે તો એના સમાજની ઓલાદ પણ મુશ્કેલીઓ સામે ઝઝૂમીને એનો સામનો કરવાની તાકાત ધરાવવાનો. હે આર્ય નારી તું તારા આર્યત્વને છોડ મા! તારા મૃદુ છતાં વજ સમાજ હૃદયને પલટી નાખ મા! હે આર્યનારી તું તુજ રહે અને તારા પગલે વિશ્વને સત્ય અને શાંતિના માર્ગે દોરતી રહે.

## ૨૨. જીવનમાં ત્યાગનું મહત્ત્વ

મનુષ્યનો એક મૂળગત સ્વભાવ છે કે, એ દેવા કરતાં લેવામાં માનતો હોય છે. જગતના મોટા ભાગના માણસો જીવનમાં બીજાઓ પાસેથી કંઈને કંઈ પામવાની મેળવવાની અદમ્ય ઈચછા રાખનારા છે. જ્યારે પોતાની જાતને વેગળી મૂકી બીજા માણસોને કેટલે અંશે મદદરૂપ થઈ શકે છે એવી ભાવનાવાળા માણસો ખૂબ થોડા છે. મનુષ્ય એક પ્રાણી છે, અને એને જીવવા માટે બીજાના આધારની કોઈને કોઈ રીતે જરૂર તો પડે જ છે. પરંતુ આ જરૂરિયાત અને સ્વાર્થ એ જીવનમાં ભિન્ન બાબત છે. જરૂરિયાતવાળો માણસ જો સંતોષી હશે તો એની કક્ષા પ્રમાણે એ ઘણીખરી બાબતોમાં સંતોષ માની જે છે તેટલું જ પામીને જીવન જીવશે. એની મર્યાદા, કક્ષા તથા પોતાની વાસ્તવિક્તાનો ખ્યાલ રાખીને

જીવશે. પરંતુ સ્વાર્થી મનુષ્ય તેની પાસે છે તેનાથી વધારે તથા બીજાનું કેમ કરીને પોતીકું થઈ જાય એનું ખાસ ધ્યાન રાખશે. આવા માણસોને માત્ર પોતાની જ પડી હોય છે. બીજાનો ખ્યાલ એને નથી રહેતો. આવા માણસોને સમાજે સ્વાર્થમાં ગણાવ્યા છે, જે પોતાનામાં જ રચ્યાપચ્યા રહે છે.

જીવન જીવવાનો દરેકને અધિકાર છે. જેટલી જરૂરિયાત પોતાને છે એટલી અને એવી જરૂરિયાત બીજાઓને પણ છે એનો ખ્યાલ જીવનમાં સ્વકેન્દ્રી જીવન જીવતા માણસોને નથી હોતો, તેઓ તો સામ, દામ, દંડ અને ભેદની ચારેય રિતીઓ અપનાવીને પણ બીજાનું છીનવી લેવા તત્પર હોય છે. બીજાનો પૂરેપૂરો લાભ ઉઠાવી લેવા તેઓ ખૂબ તત્પર હોય છે. આથી એમના માનસમાં સારા નરસાનો ખ્યાલ પણ નથી હોતો. તેમનું જીવન ધ્યેય હોય છે બસ માત્ર ગમે તેમ કરીને મેળવવું ને સઘળું બને ત્યાં લગી પોતાનું કરીને જીવવું!

દુનિયામાં એવા પણ માણસો છે કે જે ‘જીવો અને જીવવા દો’ ની સદભાવનાવાળા હોય છે, તેઓ પોતાના જીવન જેટલો જ બીજાના જીવનો કે બીજાની જરૂરિયાતોનો ખ્યાલ રાખતા હોય છે. પોતાના જેવું અન્યનું જીવન હોય છે એવું દ્રઢપણે માનતા હોય છે. આ ભાવનાવાળા મનુષ્યો જેટલી મદદની આશા રાખતા હોય છે એટલી અને એવી મદદની આશા બીજા માટે પણ રાખે છે. એમના જીવનમાં ત્યાગ અને ભોગમાં બંને પલ્લાં સમાન હોય છે.

જયારે ત્યાગી મનવાળા મનુષ્યો કંઈક જુદી જ પ્રકૃતિવાળા માણસો હોય છે તેઓ જીવનમાં હંમેશા એટલું જ વિચારતો હોય છે કે બીજાને હું કેમ કરી ઉપયોગી થાઉં? મારા દ્વારા બીજાનું ભલું કેમનું થાય એજ એમની દાનત હોય છે. આવા ત્યાગીજનોમાં આપણને સ્વાર્થ કે લોલુપતાનો બિલકુલ અભાવ જોવા મળશે. બીજાના ભોગે જીવન જીવવા કરતાં મરવાનું તેઓ વધુ પસંદ કરશે. અથવા તો બીજી વ્યક્તિના ભોગે પોથે કદી સુખી થવા નહિ ઈચ્છતા હોય પોતે સામાના સુખે સુખી અને સામાના દુઃખે દુઃખી કલ્યાણ આવા માણસોના હાથથી થયું છે, થતું રહ્યું છે, અને થતું રહેશે. ત્યાગનું મહત્વ તેઓ સારી રીતે જાણે છે. પોતાના સુખ ખાતર અન્યનો ભોગ લેવામાં આ મહાવીરો નથી માનતા. વિશ્વમાં આવા સેંકડો સંતો મહંતો કે મહાનુભાવો થઈ ગયા છે. જેમણે પોતાના ત્યાગી જીવન વડે જગતના સદા જીવંત રાખ્યું છે, જવલંત રાખ્યું છે.

ત્યાગ એ મહાન વસ્તુ છે. મામુલી બાબત નથી. એના માટે વ્યક્તિએ આપવો પડે છે ભોગ ! અને આ સ્વભોગમાંથી જ એમને મળ્યો છે દિવ્યાનંદ ! ફુલ જેમ સમગ્ર માટે છે. પ્રકાશ જેમ સર્વે માટે છે ને હવા અને વર્ષા સમગ્ર સૃષ્ટિ અર્થે છે એમ પોતે પણ સમગ્ર જગત માટે છે, એમ તેઓ માનતા હોય છે. બુદ્ધ જગત માટે ગૃહત્યાગ કર્યો. ઈસુએ સત્ય તથા જગત કલ્યાણ અર્થે પોતાની જાતનું સમર્પણ કર્યું. સત્ય માટે સોક્રેટીસે ઝેર પીને કસતે વદને જાત ન્યોછાવર કરી. આમ વિશ્વમાં અનેક ઋષિમુનિઓ પયગંબરો કે સતો-મહંતોએ પોતાની જાતને લક્ષ્યમાં રાખ્યા વિના કુરબાની આપી એ અન્યોન્ય અર્થે જ , નહિ કે, પોતાને વાસ્તે ! આવા ત્યાગી જનોએ પરપીડા અર્થે પોતાની જાતને ઉપયોગી ગણીને ધન્યતા અનુભવી છે, દેહધારી હોવા છતાં સામાન્ય માનવી જેવું જ જીવન જીવવા છતાં તેઓ માણસની પર રહ્યા છે, આથી જ તેઓ પરમ કહેવાય છે. આપણી આજુબાજુ નિહાળીશું

તોઆપણી વચ્ચે જીવતા સમુદાયમાં કોઈક તો એવા હશે જેણે બીજાના અર્થે જીવનમાં ભવ્ય ત્યાગ કર્યો હોય, પોતાનો સ્વાર્થ અન્યોન્ય કાજે કે સ્વજનો કાજે જતો કર્યો હોય. ભલે તેઓ સામાન્ય જન હોય, પરંતુ તેમના જીવનમાં ડોકિયું કરીશું તો આ ત્યાગમાં આપણને પ્રેમનું જ દર્શન થશે. માનવી પ્રત્યેના પ્રેમ અર્થે જ આ ત્યાગ એમના જીવનમાં ઉદ્‌ભવ્યો પ્રેમીજન અન્યને પીડા દેવામાં નહિ બલ્કે પીડા સહેવામાં રસ દાખવતા હોય છે.

જીવનમાં એણી વ્યક્તિ એવું જીવન જીવતી હોય છે કે જેના જીવનમાં વત્તે-ઓછે અંશે ત્યાગના દર્શન થશે. બીજાને કાજે પોતાના સુખને જતું કરી દુ:ખને વહોર્યું હશે. આવા જનો માત્ર દર્દમાં રીબાતા હોય છે. પીડા એમના જીવનમાં મુખ્ય અંગ બની બેઠું હોય છે. બીજાના ભલામાં એમને આવી મળ્યું છે માત્ર દર્દ ! કારણ ત્યાગ તો પીડા જ આપે છે. કિંતુ આ પીડા સહેતાં સહેતાં આ ત્યાગીજનો તો અનેરો દિવ્યાનંદ અનુભવતા હોય છે.

જગતમાં માનવીઓ ત્યાગનું સાચું હાર્દ તથા મૂલ્ય સમજાવ્યું હોય તો આવા ત્યાગીજનોએ ત્યાગની ભાવનાથી વિશ્વને જીવંત તથા જવલંત રાખનાર મહાનુભાવોએ કદી પણ પોતીકા જીવનમાં આ અગેનો આક્રોશ વ્યક્ત કર્યો નથી. આથી જ સમાજના દર્પણમાંથી એમનો ચહેરો કદી લુપ્ત થયો નથી. જગતમાં જયાં લગી ધર્મ અને નીતિનું સ્થાન રહેશે ત્યાં લગી આવા પરોપકારી મહાનુભાવો લુપ્ત થવાના નથી, કે નથી થવાની નષ્ટ એમની જીવન પ્રત્યેની ઝિંદાદિલી!

## ૨૩. વૃધ્ધ ન બનો મહાન બનો.

અંગ્રેજીમાં એક સુંદર વાક્ય છે અર્થાત "વૃદ્ધ ન બનો પણ મહાન બનો." આ વાકયમાં ભવ્ય પ્રકારનો મર્મ-અર્થ સમાયેલો છે. હું જયારે હાઈસ્કુલમાં અભ્યાસ કરતો હતો ત્યારે આ વાક્યે મારા ઉપર જબ્બર પક્કડ જમાવી દીધેલી અને આજે પણ એ સોનેરી વાક્ય મારા ભીતરી મનમાં એક સુંદર કૃતિની જેમ કંડારાઈ ગયું છે. આ વાક્યનું મૂલ્ય મેં કદી ઊણું આંક્યું નથી. આજે જે અવસ્થામાં હું કૈંક છું એનો સઘળો યશ એને આભારી છે. ચણા ફૂંકીને જીવવના એ વસમા દિવસોમાં ભણવું એ મારે માટે અતિ વિકટનું કામ થઈ પડુલું. બાલ્યકાળથી માતાનું સ્વર્ગપ્રયાણ થવાથી ઘરમાં કરવા પડતાં નાનાં-મોટાં સઘળા કામ કુમારાવસ્થામાં જ મારે શિરે આવી પડેલાં. પેટનો ખાડો પુરવા માટે ભણતાં ભણતાં ક્યારેક વૈતરું કરવા પણ જવું પડતું. ક્યારેક દિવસે સ્કુલ જતાં અને રાત્રિએ ખળીના કમે પણ જવું પડતું. ઘરમાં પિતાજીને ત્રણ ત્રણ નાનકડાં સંતાનના ઉછેરની જવાબદારી ઘણી વસમીને કઠણ હતી. પરિણામે મારે એ બધું કર્યા વિના છૂટકો પણ ક્યાં હતો ? સંજોગો એટલા બધા પ્રતિકુળ હતા કે મારે ભણવા માટેનો ખર્ચ પિતાજી માટે મુશ્કેલ હતો. આ દિવસોમાં જીવનના માઠા દિવસોમાં મારે કેવી રીતે ભણવું આગળ ધપવું એ વિકટ પ્રશ્ન હતો.

આ બધુ હોવા છતાં હૈયામાં એક જાતની હામ હતી. વિશ્વાસ હતો. દ્રઢ મનોબળ હતું. પિતાજી પોતાનો ભાર વહન ન કરી શકવાથી કયારેક મને અભ્યાસ મૂકી દઈ કામ કરવાની ને કૈંક રળવાની

તરફેણમાં ખરા. આ બધું હોવા છતાં મેં મારી ભણવાની ઈચ્છા અને પ્રયત્નો જારે રાખ્યા ઉપર દર્શાવ્યા પ્રમાણેના અવરોધોને અભાવો વચ્ચે ભીંસાઈને ભણવાથી ક્યારેક અભ્યાસમાં શિથિલતા આવી જતી. એનું પરિણામ એ આવ્યું કે જયારે મેં મેટ્રીકની પરિક્ષા આપી બીજીવાર પરિણામ આવ્યું તો એના વિષયોમાં એક્ઝામશન આવ્યું ખરું પણ પરિણામ નિષ્ફળતામાં આવ્યું. મારે તો મેટ્રીકમાં ઉત્તીર્ણ થઈ આગળ કોલેજ કરવાનો વિચાર હતો પણ પરિણામ તો પરાજય લઈને આવ્યું. ઘડીક તો હું નાસીપાસ થયો. પરંતુ ફરી પાછુ દ્દઢ મનોબળ જાગી ઊઠ્યું. મારા આચાર્યશ્રીએ મને અંગ્રેજી વિષય છોડી દઈને ફરી પરીક્ષા આપવા જણાવ્યું મેં મક્કમ પણ ના પાડી કેમકે એ દિવસોમાં કોલેજ માટે અંગ્રેજી ફરજિયાત હતું. જો હું તેમ કરું તો કોલેજમાં જઈ શકાય જ કેવી રીતે ? મારું મક્કમ મનોબળ જોઈ આચાર્યશ્રીએ કહી દીધું ય ખરું 'કે' તું અંગ્રેજીમાં કદી પાસ થવાનો નથી તેથી મેટ્રીક પણ પાસ થવાનો નથી. મને આ શબ્દો છાતી સોંસરવા સ્પર્શી ગયા. ને ઓક્ટોબરમાં બીજીવાર મેટ્રીકની અંગ્રેજી વિષય લઈને જ આપી. બીજીવા પરિણામ અવ્યુ તો ત્રણ માર્ક્સ માટે હું નપાસ જાહેર થયો. હવે શું કરવું ? આ મૂંઝવણમાં આચાર્યશ્રીએ ફરીથી ઉપર મુજબનો આગ્રહ રાખ્યો ને અગાઉના શબ્દો દોહરાવ્યા. પરંતુ એ ક્ષણે મેં નિશ્ચય કરી લીધો કે આભ પડે કે ફાટે પણ અંગ્રેજીમાં પાસ થવું જ. મારી નજર સમક્ષ પેલું વાક્ય તરવરવા લાગ્યું. મેં કમર કસી પરિણામ સફળતામાં આવ્યું ?

મેટ્રીકમાં હું બીજાવર્ગમાં ઉત્તીર્ણ થયો. પરંતુ જ્યાં હાઈસ્કુલનું શિક્ષણ લેવા મારા ગામથી પાંચ માઈલ દૂર જવું પડે એમ હતું. જવા-આવવાનું બસ ભાડું, કોલેજ ફી પુસ્તકો તથા નોટ બુકોનો ખર્ચ ક્યાંયે નજર નાખતાં દેખાય નહીં ! પરંતુ દ્રઢમનોબળ સાથે ઈશ્વર પર શ્રદ્ધા રાખનાર કદી નાસીપાસ થતો નથી એવું મારા મનમાં ખરું. પ્રયત્નોથી મને અચાનક એક શ્રીમંત માણસની મદદ સાંપડી ગઈ ! તેઓ મારી કોલેજ ફી ભરવા તૈયાર હતા. હવે પ્રશ્ન રહ્યા આવવા-જવાનો મેં જાતને તૈયાર કરી. માત્ર પગપાળા ચાર-પાંચ માઈલ ચાલીને મેં કોલેજમાં જવા માંડ્યું. એ દિવસોમાં માર્ગમાં નાનકડા જંગલ જેવુ આવે. એમાં જંગલી ગાયો (રાનીગાય) રહે. માણસને ઠેર મો એવી કદાવર ને રૂપાળી શિંગડીઓ ધરાવતી એ જંગલી ગાયો વચ્ચેથી ડરીને તો ક્યારેક હિંમતભેર ગયો છું. ક્યારેક છત્રીના અભાવે વરસતા વરસાદમાં ભીજાઈ ગયેલાં કપડાં સાથે પણ વર્ગમાં બેસીને અભ્યાસ કરતાં અચકાયો નહોતો. ચાર ચાર વર્ષની કઠીન તપશ્ચર્યા પૂર્ણ કર્યા બાદ આજે હું જે મહા પ્રયત્ને શિક્ષણ મેળવી શક્યો છું એનુ ગૌરવ પેલા વાક્યને આભારી છે.

ગમે તેવી પરિસ્થિતિ કે સંજોગો હોય છતાં પોતાનામાં સુસુપ્ત પડેલી શક્તિઓનો વિકાસ કરવાની આવડત, ઈચ્છા ને દ્દઢમનોબળ હશે તો તમે ધાર્યુ પરિણામ નીપજાવી શકશો. તમે તમારી જાતને કદી હીણી ન માનશો. સમગ્ર યુરોપ ખંડને ધ્રુજાવનાર કોણ હતો ! તુલોનના ખારવાનો એક ગરીબ છોકરો ! એ નેપોલિયન પોતી નોંધપોથીમાં આમ લખ્યુ છે કે : "માણસ માટે દુનિયામાં બધું શક્ય છે. અશક્ય જેવું કંઈજ નથી." અત્યાર સુધીના મારા પ્રગતિના સોપાનમાં એણે અગ્રગણ્ય સ્થાન શોભાવ્યું છે.

દુનિયામાં એવા કેટલાય એવા મહાનુભાવો વીરો, મહારાજાઓ, વિદ્વાનો, પંડિતો, સંતો - મહંતો,

આચાર્યો થઈ ગયા છે. ધણા તદ્દન દરિદ્ર માણસો ગર્ભશ્રીમંત સમા બની ગયા છે એ ક્યા કારણે ? કારણ એટલું જ કે તેઓએ કદી વૃદ્ધ બનવાના પ્રયાસ નથી આદર્યા ! તેઓ હંમેશા કંઈક કરી જવાની તમન્નામાં હતા. જેમને કૈંક સારુ થવું જ છે, કૈંક બનવું છે એમનો માર્ગ પ્રતિકુળતા ભર્યા વાતાવરણમાંયે મોકળો માર્ગ સાંપડી રહેવાનો. હા, તમારે શું લક્ષ્ય સિદ્ધ કરવું છે એ બરાબર જાણી લેવું અને ત્યાર પછી એને મેળવવાનો માર્ગ ઉપાય જાણી લેવાના. પછી તો તમારે પ્રયત્નો જ કરવાના છે ને ? પ્રયત્નો અંગે તો આપણા પેલા સંસ્કૃત કવિઓએ સાચેજ કહી દધું છે કે ઉધમનો મર્મ કવિઓએ સચોટ રીતે સમજાવી દીધો છે. સાહસ વિના સિદ્ધિ ક્યાં છે ? “મને હોય તો માળવે જવાય” મન હોય અને એની સાથે પ્રવૃત્તિ ભળે તો અનેક અવરોધો વચ્ચે પણ તમારી સિદ્ધિ તમે હાંસલ કરી શકવાના છે.

કોતરો અને કંદરાઓના ખોળામાં ઉછરનાર એક વિધવા માતાનો પુત્ર એક છત્રપતિ રાજા બની રહેશે એની કોને કલ્પના સરખી હતી ? છતાં એ પોતાના બાહુબળે રાજસિંહાસને બેસી શક્યો ? કુદરતે જેની ઉપર પૂરેપૂરી ક્રુરતા આચરી હતી એવી એક અંધ, બધિર ને મૂક નારી સમગ્ર વિશ્વની વિખ્યાત સ્ત્રી બની રહેશે એવી કોને ખબર હતી ? આજે એ હેલન - કેલર એના જેવા અનેક માનવોનો શિલાસ્તંભ સમી બની ગઈ છે. જો તેણે પોતાની જાતને સદા વૃદ્ધ માની હોત તો સિદ્ધિ એનાં ચરણ ચૂમતી ન હોત! આપણી સંસ્કૃત ભાષાનો શિરમોર ગણાતો કવિ કાલિદાસ અને અભણ ને ગમાર માણસથી વધારે શું હતો ? છતાં એણે પોતાની જાતને એની કક્ષા પ્રમાણે કેળવી ને મહાન સાહિત્યકાર બની શક્યો. ગ્રીક કવિ હોમર અંધ હતો છતાં એણે ગ્રીક સાહિત્યને ઉન્નત બનાવવામાં ઉત્તમ ફાળો આપ્યો છે. આવાં તો કેટલાંયે ઉદાહરણો મળી આવશે જેણે સામાન્ય માણસથી અધિક કંઈ જ ન હોવા છતાં પોતાની જાતને અસામાન્ય બનાવી દીધી હશે ! ભારતના મહાગ્રંથોમાં જેની ગણના થાય છે એ રામાયણ રચિતા વાલ્મિકી ઋષી કોણ હતા ? વટેમાર્ગુઓને લૂંટી લઈને જીવન જીવતો એક જંગલી લૂંટારો જ ને ?

તમે તમારી યોગ્ય કક્ષા અને મર્યાદાઓને ધ્યાનમાં લઈ તમારી જાતને આગળ ધપાવવા નિષ્ઠાપૂર્વકના પ્પ્રયત્નો કરશો તો અવશ્ય તમે સામાન્ય માણસ જેવું જ જીવન જીવતા હોવા છતાં સામાન્ય માનવીઓથી અધિકતમ બની શકશો. બાઈબલમાં એક વાક્ય છે કે “હજારો ચકલીઓ કરતાં તમારી કિંમત સો ગણી મોટી છે. અર્થાત આ સમગ્ર સૃષ્ટિના અલ્પજીવો કરતાં ઈશ્વરે તમને શ્રેષ્ઠ સર્જયા છે. એ શ્રેષ્ઠતાને કદી આંચ આવવા ન દેશો અને ઉન્નતિના પંથે લઈ જજો.”

## ૨૪. તમે બીજાને કેવી નજરે જુઓ છો ?

માણસ જાતના એ સ્વભાવગત ગણે છે કે એ પ્રથમ પોતાની જાતને જ વધુ પડતું મહત્વ આપે છે. જોકે પોતાની જાતને કદી ઉતરતી કક્ષાની કે હીનતાભરી નજરે ન જોવી એ સારી વાત છે. પરંતુ એની સાથે સાથે એ પણ ન ભૂલવું જોઈએ કે પોતાની જેમ બીજાઓ પણ આ દુનિયામાં હયાતી ધરાવે છે. તેમને પણ એમની ખાસ અલાયદી માન્યતાઓ ને જીવનના કૈંક અભિગમો હોય છે. એમનું પણ એક વિશિષ્ટ જીવન હોય છે. જેમ વિવિધ વૃક્ષો ને ફુલછોડ હોય છે એમને પણ એક ખાસ પ્રકારની

અલગ વિશિષ્ટતાઓ હોય છે એના આકાર, ઊંચાઈ, પાન, ફુલ, ફળ ઈત્યાદીમાં અલગ અલગ ભિન્નતાઓ જોવા મળે છે. એમ પ્રત્યેક માનવી વિશે પણ એવું જ છે. ।ણસ તરીકે સૌ એક છે છતાંયે દેશ-કાળ પ્રમાણ્ પણ કૈંક જુદાપણું વર્તાય છે, એમનાં પણ વ્યક્તિગત રંગ-રૂપ હોય છે.

આ ભિન્ન ભિન્ન વિશષ્ટતાઓના કારણે તો તેમના કાર્યો પણ અલગ અલગ હોય છે. કોઈને સમાજ સેવામાં રસ હોય છે તો કોઈને..... પોતાના વ્યક્તિત્વના પરિધાનમાં ન ઘૂમતા રહેવું ગમતું હોય છે. કોઈને આ સંસારમાં રહીને ગૃહજીવન માંડી સંસારવેલ વિકસાવવાનું ગમે છે તો કોઈને મન આ જગત ક્ષુલ્લક ભાસે છે. પરિણામે જગત પરના પ્રત્યેક રંગ-રાગ પ્રત્યે વિતરાગ જાગે છે. અને શરીરી સંબંધ કરતાં આત્મિક સંબંધોને વધુ મહત્વ આપે છે એને આત્મકલ્યાણના માર્ગે પોતાનો જીવનરાહ પલટાવી દે છે.

કોઈ વ્યક્તિને માત્ર ધન કમાવવામાં જ રસ-રૂચિ હોય છે તો કોઈને સંચિત કરેલ ધનનો પોતાની સાથે સાથે જનહિતાર્થે ઉપયોગ કરવાનું મનોવલણ હોય છે. ભારત વર્ષ તો ધર્મને વરેલો દેશ છે. અને એ એની ખાસ વિશિષ્ટતા છે. એના કારણે તો એના ખોળામાં જુદા જુદા ધર્મો કે સંપ્રદાયો વિશ્રાંતિ પામ્યા છે. લોકમાનસ ઉદાર તથા પ્રીતિવાન હોવાથી તો એ સર્વધર્મ સમાનતામાં માને છે. અહીં શું બતાવે છે ? પોતાની સાથે સાથે બીજાઓનો ખ્યાલ કે બીજાઓ પ્રત્યેનો સમભાવ જ પ્રગટ થાય છે ને ? જો કે આજકાલ આ માનસ પલટાતું જાય છે એના કારણે તો આજનો માનવી કેન્દ્રવર્તી બન્યો છે.

અત્યારે મને એક પ્રસંગ યાદ આવે છે. એક કુટુંબની કન્યાઓ પરણવા લાયક થઈ હતી. પરંતુ યોગ્ય મુરતિયો નતો. ક્યાંક ચોકઠું ગોઠવાતું પો પ્રતિસ્પર્ધીઓ આડે આવી બેસતા. તો વળી ક્યારેક અનેક શંકા-કુશંકાઓ ધરી એ કન્યાઓની વાત પડતી મૂક્તાં. આ સમય દરમ્યાન એમાંથી એક છોકરીની વાત એક યુવક સાથે ચાલતી હતી. આ સમયે એક બહેને મને એ અંગે કૈંક પૂછપરછ કરી. આ વાતચીત દરમ્યાન એક અજાણ્યો માણસ અમારી સમીપ ઉપસ્થિત હતો. મેં એ વાતના દોરને તોડી નાખવા ઈશારો કર્યો પણ પેલાં બહેને તો એમાંનું કંઈ જ ગણકારતાં પૃચ્છા કરી. મને એ ન ગમતાં હું મૌન રહ્યો, જયારે પેલા ભાઈ ત્યાંથી ગયા ત્યારે પેલા બહેનને મેં કહ્યું “આમ કોઈની વાત ગમે તે વ્યક્તિની હયાતીમાં કે સમય - સંજોગો પારખ્યા વિના ન થાય. ત્યારે પેલા બહેનજી તતડી ઉઠયાં : “એમાં શું ?”

તરત જ મેં સામો સવાલ વાળી દીધો : “મોટાભાગની સમસ્યાઓ અહીં જ પેદા થાય છે. વ્યક્તિ જયારે એવું માને છે કે “એમાં શું ?” અને “મારે શું ?” ત્યારે એ બીજાની સલામતિ વિશેના ખ્યાલના વર્તુળમાંથી બહાર નીકળી જાય છે, જેમ આપણે સલામતિ ઈચ્છીએ છીએ તેમ સામેની વ્યક્તિ પણ એની સલામતિ નહીં ઈચ્છતી હોય ? બીજાઓ પ્રત્યેની ઉપેક્ષા કે એમના વિષે સેવેલી બેકાળજી ક્યારેક ગંભીર સમસ્યાઓ ઊભી કરી દે છે. મતલબ કે કોઈક સંજોગોના કારણે આ યુવક-યુવતી લગ્નગ્રંથીથી જોડાઈ ન શક્યાં તો પછી એ વિશે લોકો શંકા-કુશંકાઓ કરવાના, મનફાવી અટકળો કરવાનાં ને પછી એ વાતનું વતેસર કરવામાંજ ! લોકોને હંમેશાં પારકાની પંચાતમાં વધુ પડતો રસ

હોય છે !"

તમે બીજાઓને કેવી બીતે નજરે જુઓ છો એ તમારે પોતે જોવાનું છે કે શું હું મારા સિવાયની અન્ય વ્યક્તિઓની ઉપેક્ષા કરું છું ? કેટલા પ્રમાણમાં ? આટલું વિચારશો તો તમને કંઈક ગળે ઉતરવાની કે આપણા વિશે પણ અન્ય વ્યક્તિઓ આવું જ વલણ અપનાવતી હોય તો ? તો, તો આપણે પણ અસલામત ખરા જ !

ક્યારેક શારીરિક ખોડ-ખાંપણવાળી વ્યક્તિઓ પ્રત્યે આવું ઉપેક્ષિત મનોવલણ હોય છે. સમાજમાં તેઓને શ્રાપિત કે નીમ્નકક્ષાના માનવીઓ માનનારા કંઈ જોઈ શકાય છે. ભણેલાઓ અભણ થોડા નથી ! આવું તો પ્રત્યેક બાબતોની, ગરીબોની તવંગર કે શ્રીમંતો, મોભાદાર વ્યક્તિઓ, સામાન્ય વ્યક્તિઓની, વડીલો બાળકોની, અને જુવાનીયાં વૃદ્ધોની, સવર્ણો (?) અસપૃશ્યો (?) ની હંમેશા ઉપેક્ષા જ કરતાં રહ્યાં છે. ગોરાઓ પણ કાળાઓની સદા ઉપેક્ષા કરતા આવ્યા છે. આમ કેમ ? કેમકે પ્રત્યેક વ્યક્તિ કે સમાજ યા દેશને અન્યની ઊંચા દરજ્જાનું સ્થાન કે મોભો જોઈએ છીએ. આ કેટલું અધમ મનોવલણ કહેવાય ? નૈતિક રીતે જોઈશું તો આ મનોવલણ કે વ્યવહાર સત્યમય તો નથી જ.

તમે જેમ તમારી જાતને જેટલું મહત્વ આપો છો એટલું અને એવું મહત્વ બીજાઓને પણ આપતાં શીખવું જોઈએ. જો તમે બીજાઓને માનની દૃષ્ટિથી જોતા હશો તો બીજાઓ વિશે પણ તમે કંઈક ચિંતિત છો, બીજાઓ પ્રત્યે હમદર્દી છે એ પ્રતીત થવાનું જ.

બીજાઓ પ્રત્યે ઉપેક્ષા કે અવગણના ધરાવતુ મનોવલણ કે વ્યવહાર માનવ, માનવ વચ્ચેની સાઠમારી જન્માવે છે. દિલમાં એક જાતનો ધિક્કાર પેદા કરે છે. અને આ ધિક્કારમાંથી સર્જાય છે અસમાનતા અથવા તો યુદ્ધ ! કવિ ટોલ્સટોય એ કારણે તો પોતાની 'યુદ્ધ અને શાંતિ' નવલકથામાં સાચે જ કહે છે કે : "પ્રથમ યુદ્ધ તો માનવીના મનમાં જન્મે છે." અને આ યુદ્ધ ધિક્કાર કે અવહેલનામાંથી જ પોષ મેળવીને મોટું થાય છે ને ?"

આજે વિશ્વમાં પ્રત્યેક માનવી ભયમાં તોળાઈ રહ્યો છે. એક દેશને બીજા દેશના એક માનવીને બીજા માનવીનો ભય આજે સતાવી રહ્યો છે. સૌની સલામતના પાયામાં આજે લૂણો લાગી ચૂક્યો છે કેમ આમ ? કેમકે તેઓની પાસે યોગ્ય દ્રષ્ટિ નથી રહી. એમની નજર ઝાંખી પડી છે. માનવતાનો આકાર નજરમાંથી લુપ્ત થતો જાય છે. એમની આંખોમાં વસેલો માનવતાનો પહાડ ધીરે ધીરે ઓગળી રહ્યો છે, અને એના કારણે જ પ્રત્યેક માણસ એનાથી ભીંજાયેલો માલુમ પડે છે.

બીજાઓ પ્રત્યેનું સૌમ્યસ્વરૂપ જ માનવીને સચ્ચાઈનો રાહ ચિંધે છે, સલામતિ આપી શકે છે, જો તમારે એ સચ્ચાઈ જોઈતી હોય, સલામતિની ખેવના હોય તો બીજાઓનો પણ ખ્યાલ રાખતાં શીખો. વિશાળ મનોદ્રષ્ટિ કેળવો. તમે ક્યારેય પણ બીજાઓને ઉપેક્ષીત દ્રષ્ટિથી કે અવહેલનાભરી નજરે ન જેઓ. પણ સૌ પ્રત્યે સમભાવ કેળવો. જો આમ કરશો તો તમને સમાજનું કે તમારું વિકલાંક સ્વરૂપ ક્યારેય નહીં દેખાય. ખોટી હુંસાતુંસી કે સાઠમારીથી જો તમે વેગળા રહેશો તો તમે જીવનભર સૂરજરાશી સમું સમત્વ પામી શકશો. કુદરતના પ્રત્યેક અંશ સાથે તમે એકરૂપ બની શકશો. તાદાત્મય

સાધી શકશો.

એટલું યાદ રાખો કે તમે જેવું બીજાને માન આપશો, એવું બીજાઓ તમને પણ માન આપશે. એ નિઃશંક છે, જેમાં તમારું અને અન્યનું ગૌરવ સમાયેલું છે અને એ ગૌરવ વિશ્વમાં શાંતિની જ અભિવૃત્તિ કરશે, વિશ્વનું કલ્યાણ કરશે.

## ૨૫. લગ્ન જીવનની સફળતા

લગ્ન કર્યા પછી સુખી જીવન ગાળવું એ તો ભાગ્યની વાત છે. ઘણાં સ્ત્રી-પુરુષો લગ્નગ્રંથિથી જોડાય છે. પરંતુ હજારો દંપતિમાંથી બહુ ઓછા દંપતિ - યુગલો ખરેખર સુખી હોય છે. બાકી આપણી ચોપાસ ઘર માંડી બેઠેલા યુવાન નવદંપતિથી માંડીને વૃદ્ધાવસ્થાને આંગણે આવી પૂંગેલા પૌઢ દંપતિ જોઈ ચૂક્યાં હોય એવાં સ્ત્રી - પુરુષો વારંવાર પરસ્પરની પરેશાનીથી તંગ આવી ગયેલાં જોવા મળે છે. જેણે પરસ્પર વર્ષોથી સંગત માણી છે. પોતાના સંતાનોનાંય પણ જેને સંતાનો થઈ ચૂક્યાં છે એવાં ઘણાં સ્ત્રી-પુરુષો લગ્ન વિશે અસફળ રહ્યાં છે. સુખી લગ્ન જીવન પામી શક્યાં નથી ! આમ કેમ !

આપણે ત્યાં કહેવત છે કે "બે વાસણો ભેગાં થાય તો ખખડે પણ ખરાં." હા, એ સ્વાભાવિક છે કે પરસ્પર ભિન્ન પ્રકૃતિ ધરાવતી વ્યક્તિઓ વચ્ચે સંઘર્ષ જાગે પણ ખરો. પરંતુ એ સંઘર્ષ એટલી હદે તો ન જવો જોઈએ કે જેમાં સ્વમાન આડે આવીને ઊભું રહે ! જીવનમાં પતિ - પત્નિ વચ્ચે જયારે સ્વમાનનો પ્રશ્ન વચ્ચે આવીને ઊભો રહે છે ત્યારે 'અહમ' ના કારણે 'પ્રથમ કોણ ઝુકે ?' નો સવાલ ખડો થાય છે. ને ત્યારે સંસારની મ્હેંકતી ફુલવાડીને અભિમાનરૂપી પાનખર છિન્નભિન્ન કરી મૂકે છે. ત્યારે નથી હોતા કોઈ લાગણીના અંકુરો, સમજદારીની સૂઝ કે પ્રેમની નિઝરતી આત્મીય સરવાણી ! આમ બેદરકારીના પરિણામે આ બધું ત્યારે સ્વમાનના ધુમ્મસમાં ઓગળી જાય છે, દ્રષ્ટિ અવરોધાય છે. તે ચોપાસ અનુભવાય છે માત્ર પોતાનું દુઃખી અસ્તિત્વ ! અરે ! ક્યારેક તો એવી તિરાડ ઊભી થાય છે કે જે લગ્ન જીવનનો વિચ્છેદ પણ કરી નાખે છે. અને સમયના પ્રવાહમાં બે એક્ય ધારણ કરી બેઠેલા ( ? ) વ્યક્તિત્વ વિખુટાં પડી જાય છે.

પરંતુ જો આ બાબતને વધુ પ્રાધાન્ય ન આપતાં એકબીજાને સમજવા પ્રયત્નો જાય. પરસ્પર અનુકુલન સંધાય તો ઉપરોક્ત નિર્દેશેલ બાબતોના આક્રમણનો ભોગ બનવાનો ઓછો અવકાશ રહેલો છે. પોતાનો જો દંભી, જિદ્દી તથા વધુ અપેક્ષાઓ ભર્યો વિષમ સ્વભાય પોતાની વ્યક્તિથી દૂર રાખતો હોય તો આપણા મનનું વલણ એ સમયે ઉદાર બનાવી દામ્પત્ય જીવનને રસમય બનાવવા પ્રયત્ન કરવાં જોઈએ. બંને પાત્રોએ પરસ્પર શિખામણ આપવાનો શ્રેષ્ઠ બની રહેવાનો કે અવિશ્વાસપણે વ્યવસ્થા રાખવાનો આગ્રહ વધુ પડતો ન રાખવો જોઈએ.

જો કે સેક્સ એ લગ્ન જીવનનું અગત્યનું પાસું ગણાય છે. પરંતુ બાબતરૂપે એ વિઘ્નકર્તા ન બને એ બંને પાત્રોએ જોવું રહ્યું. ક્યારેક સ્ત્રી ઠંડી હોય તો પુરુષ વર્ગે એને સમજવાનો પ્રયાસ

આદરવો જોઈએ. નરી પાશવીવૃત્તિ ન દાખવવી જોઈએ. સ્ત્રી પક્ષે પણ આ બાબતે યોગ્ય સૂઝ કેળવી પતિ સાથે સહયોગ સાધવો જોઈએ. બંને પાત્રોએ આ વિષે સમજદારી કેળવી પરસ્પર વફાદાર રહેવું ખૂબ આવશ્યક છે. જાતિયતા સિવાય પણ જીવનમાં ઘણું બધું છે. પ્રેમ, હૂંફ, સહિષ્ણુતા તથા મનનું ઐક્ય પણ દાંપત્ય જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. માત્ર કામુક્તા જ હોય પણ જો પરસ્પર પ્રેમનો અભાવ હોય તો એવા લગ્ન જીવનનો અર્થ શો ? જાતિયતા એ દેહજન્ય છે. તો પ્રેમ, હૂંફ, લાગણી એ ભીતરની વાત છે. આંતરજન બાબત છે. એટલે તો કહેવાય છે કે લગ્ન એ તો મન અને દેહનું મિલન છે. અને આ ઐક્ય સધાય ત્યારે જ લગ્નજીવન સુખની ચરમસીમાનો સ્પર્શ કરી શકે.

લગ્નજીવનની સફળતાનો આધર મુખ્યત્વે પરસ્પરના પ્રેમ, વિશ્વાસ, લાગણી, પરસ્પરનું અનુકુલન અને વફાદારી પર આધારિત છે. જેમાં પ્રેમ મુખ્ય છે. છતાં માત્ર પ્રેમ એકલો જ જીવનને સફળતા નથી અપાવતો. પ્રેમ લગ્નજીવનનો પાયો છે પણ એ અપૂર્ણ હોય અથવા એકબીજા પ્રત્યે અવિશ્વાસ હોય. પરસ્પરની વફાદારી ન હોય તો પણ લગ્નજીવન પાંગળું બની શકે છે. પતિ પત્ની વચ્ચે તો પૂર્ણ પ્રેમ જોઈએ. વિશ્વાસમાંથી જન્મે છે વફાદારી. વફાદારી શંકાને દૂર રાખે છે અને વિશ્વાસને પેદા કરે છે. એ વિશ્વાસ પ્રેમનું ઝરણું વહાવે છે.

પતિ પત્ની વચ્ચે સમય સ્થળ પ્રમાણેનો યોગ્ય સહાયોગ અનુકૂલન ન હોય તો પણ દંપતિ વચ્ચે કજિયા થવા સંભવ છે. જીવનમાં અસંગતતા ઉદભવવા પામે છે. બંને પાત્રોના સ્વભાવ, શોખ તેમજ વ્યક્તિગત લાક્ષણિક્તાઓ પર જો વ્યક્તિ વધુ પડતો ઝાડ આપે તો પણ પતિ - પત્ની વચ્ચે વિસંવાદિતા ઊભી થાય છે અને વિસંવાદિતામાંથી જન્મે છે કજિયા ! રોજ - બરોજના નાની નાની બાબતે થતા કજિયા પણ ક્યારેક વિરાટ સ્વરૂપ ધારણ કરી બેસે છે. જો તમારા સ્વભાવમાં લડવુ - ઝઘડવું સાહજિક હોય તો એને વિસરી જવું પણ સાહજિક હોવું જોઈએ. એને વધુ મહત્વ આપશો, મનમાં કોઈ એકાદ ખૂણે એને છુપાવી રાખશો તે એ ક્યારેક પણ વિસ્ફોટક બની જીવનને કલુષિત કરી મૂકશે.

ક્ષમાનો ગુણ હોવો એ પણ દાંપત્યજીવન માટે અગત્યની બાબત છે. ક્ષમા તમને નિર્મલ રાખશે. પતિ કે પત્નીને જાણ્યે-અજાણ્યે કરેલી ભૂલને ઉદારદિલે ક્ષમા આપવી જોઈએ. પરિણામે ભૂલ કરનાર પાત્રને સુધરવાની તક સાંપડી રહે. પરંતુ એ ક્ષમાનું પાસું એટલું નબળું ન હોવું જોઈએ કે ભૂલનું વારંવાર પુનરાવર્તન થાય. અહીં આવે છે સમજદારીની વાત. સમજદાર વ્યક્તિ વારંવાર થતી ભૂલનો ભોગ નહીં બનતા પોતે સુધરવા પ્રયાસ કરશે.

પતિ - પત્નીની પરસ્પરની વધુ પડતી અપેક્ષાઓ કે મહત્વકાંક્ષાઓ પણ ક્યારેક ગંભીર વાતાવરણ કરી મૂકે છે. મળે એટલામાં સંતોષ માનો. ન મળે તો દુઃખી કે નિરાશ ન બનો. પરંતુ ખુશીથી એ અભાવને પચાવી જાઓ. એમ કરવાથી તમને ઊણપ કે અભાવનું દુઃખ ઝાઝુ નહીં પડે. મુશ્કેલીમાં યે સદા આનંદિત રહેવા પ્રયાસ કરશો તો હરક્ષણને તમે આનંદથી જીવી શકશો.

તમે ક્યારેય પણ પોતાના પાત્રને હીનભાવે ન જુઓ. સંસ્કૃતમાં કહ્યું છે 'ગળ્દભ્શ્ચ ગળ્દભ્શ્ચ ઋદ્દબ્ગ બ્ર્દિ્દઃ' એ પ્રમાણે તમારી જીવન કે જીવનસાથી ભિન્ન સ્વભાવે કરેલ હોઈ શકે છે. કદાચ

પોતાની શક્તિ કરતાં પોતાનું પાત્ર વધારે ક્ષમતા ધરાવતું હોય તો એના પ્રત્યે ઉદારતા દાખવો. પરંતુ એને કદી તુચ્છ ગણી ઉતારી પાડવાનો પ્રયાસ કદી ન કરો. આ કારણે પણ પતિ - પત્ની વચ્ચે ક્યારેક વિસંવાદિતા ઊભી થવા સંભવ ખરો.

આ સિવાય ધ્યાનમાં રાખવા જેવી કોઈ અન્ય વાત હોય તો એકબીજાનું મહત્વ જાળવવું. અન્યની આગળ તમે તમારા પાત્રને હંમેશા મહત્વ આપજો. એમ કરવાથી તમારું મૂલ્ય એટલું તમારા પાત્રની નજરે ઊંચકવાનું તમે તમારા પાત્રને સદાય પ્રસંશનીય દ્રષ્ટિથી નિહાળો. પત્નીને સમય સંજોગ પ્રમાણે ખુશ રાખવા પ્રયત્ન કરો. પત્નીએ પણ આ બાબતે પતિને ખુશ રાખવા સદા જાગૃત પ્રયાસ રાખવો આવશ્યક છે. જમતી વેળાએ પત્નીએ કરેલી રસોઈની અને એના પ્રેમાળપણાની યોગ્ય પ્રશંસા કરો. મતલબ કે યોગ્ય કદર કરો. પરિણામે એ તમારી વધુ કાળજી લેવા પ્રયાસ કરશે. તમને સદા માનની દ્રષ્ટિથી જોશે. પરસ્પરની થતી કદર એકબીજા પ્રત્યે માન, પ્રેમની અભિવૃદ્ધિ કરશે. આ બાબતે પતિ - પત્નીએ કૌટુંબીક જવાબદારી સભાનપણે દાખવી પરસ્પર સુખ આપવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

તમારો વાણી વ્યવહાર પરસ્પર શુદ્ધ અને પ્રેમલ રાખો કટાક્ષમય કે ધારદાર શબ્દો વાપરીને તમારા પ્રેમીજનને કદાપી દુઃખી ન કરો. વાણીમાં અને વ્યવહારમાં જો વિવેક દાખવીને કામ કરશો તો તમારું જીવન નંદનવન સમુ બની રહેવાનું એમાં શંકા નથી. ભાગ્વશાળી સુખી થઈ શકે છે એ ખરું પરંતુ તમેય સભાન પ્રયત્નથી સુખી શકો છો જો, તમોર પતિ પત્ની પરસ્પર મનનો મેળ સાધીને સુખ દુઃખમાં એકબીજાનાં સહભાગી બની રહેશો તો તમે પણ સુખી લગ્નજીવન જીવી શકવાનાં એમાં શંકા નથી. પરંતુ એ માટે સભાન રહીને પરસ્પર અનુકૂળ બનીને જો સદા પ્રયત્નશીલ રહીને જીવન વ્યવહાર કરશો તો તમે પણ એવા ભાગ્યશાળી બની શકશો ને સંસારના અન્ય દાંપત્યજીવનને ઉત્તમ આદર્શ પૂરો પાડી શકશો. પતિ પત્નીના સુખનો સાચો આધાર બંને પર આધારિત છે ને ? જો તમારી આ ફરજમાંથી તમે છટકી જવા પ્રયત્ન કરશો તો તમારો જીવનરથ સરલ ગતિએ કદાપિ આગળ નહીં વધી શકે. પરંતુ તમારા જીવનમાં ઝેર રેડાશે, તમે તમારા જીવનમાં ઝેર રેડવા કદિ પ્રયાસ ન કરો પરંતુ અમીનાં ઝરણાં વડે એને સદા લીલી હરિયાળી બનાવવાનાં પ્રયત્નમાં રહો.

પતિ-પત્નીનું ઐક્ય ત્યારે જ સંભવ જ્યારે એમાં જુદાઈ ન હોય. તમે જુદાઈ ક્યારેય ન અનુભવો પરંતુ એક બનવા પ્રયાસ કરો.

## ૨૬. પ્રેમનું મહત્વ

હજરત ખલીફાને પોતાના એક કાણા-કુબડા નોકર પ્રત્યે વિશેષ પ્રેમ હતો. અન્ય નોકરો તથા ખિદમતકારોને એ જોઈને ઘણી નવાઈ લાગતી હતી. તેઓ આ બાબતનું રહસ્ય સમજી શક્તા નહોતા. બધા જ માણસો માટે આ વાત એક ભેદી ખજાનારૂપ થઈ પડી હતી. સદાય તેમના મનમાં સવાલ સળવળ્યા કરતો હતો કે “હજરત સૌથી વધારે વહાલ આ સામાન્ય માણસ પ્રત્યે કેમ દાખવે છે

? કોઈ વિશિષ્ટ કૃત્ય પણ ક્યાં એણે કર્યું છે કે એ બધાથી ચડિયાતો છે એવું કહી શકાય !

આખરે એક દિવસે, યોગ્ય સમય પારખીને હજરત ખલીફાને આગંતુક બનીને પુછી બેઠા : “નામદાર, અમને આપનું એ રહસ્ય કદી સમજાઈ શક્યું નથી કે આપ એક મામુલી નોકર કે જે સ્વરૂપમાં પણ કુબડો છે એના પ્રત્યે ક્યા કારણે હૃદયભર્યું હેત ઢાળી રહ્યા છો ! આપ ક્યા કારણે એને આટલા ચાહો છો ?”

મર્માળુ સ્મિત સાથે ખલીફા બોલી ઊઠ્યા : “બસ, આટલી જ વાત છે ને ? તો બતાવું. એક સમયની વાત છે, મુસાફરી કરતાં કરતાં મારા ઊંચને કારણોસર લથડિયું આવી ગયું. એનું મ્હોં પટકાઈ પડવાથી પહોળું થઈ ગયું પરિણામે એના મુખમાં સંતાડી રાખેલ મોતી વેરાઈ ગયા. જે ખાસ જગ્યાએ રાખ્યાં હતાં. આ સમયે મેં સૌ સાથીદારોને એ વેરાઈ ગયેલાં કિંમતી મોતી શોધી કાઢવા કહ્યું, સૌ મારી આજ્ઞાનું પાલન કર્તવ્ય સ્વરૂપે વેરાઈ ગયેલાં મોતી શોધવા ગયા. આ સમયે મારી પાસે માત્ર એક માણસ ઊભો રહ્યો. પાસે ઊભા રહેલા એ માણસનું જોઈ મેં પૂછયું : “ ભાઈ, બધા જ મોતી શોધવા ગયા અને તું જ કેમ અહીં ઊભો રહ્યો છે ત્યારે પ્રત્યુત્તર આપતાં એણે નમ્રભાવે કહ્યું : “ નામદાર, સાચું અને અમુલ્ય મોતી તો આપ છો, એ વેરાઈ ગયેલાં મોતી ફરી મેળવી શકાશે પરંતુ આપ જેવાને અમે ક્યાંથી ફરી મેળવી શક્વાના છીએ ? આપના રક્ષણાર્થે ઊભો છું.

એનો જવાબ સાંભળીને હું અવાક થઈ ગયો. એના મારા પ્રત્યે કેટલું વહાલ છે એ હું સમજી શક્યો. એણે મારા માટે એના હૃદયમાં જે ખાસ પ્રેમભર્યું સ્થાન રાખ્યું એ જ સ્થાન મને એના પ્રત્યે વધુ પ્રેમ કરવા ફરજ પાડે છે. હું પ્રેમ નથી કરતો પણ એક સાચું હૃદય બીજા સાચા હૃદયને ચાહે છે.”

આ સાંભળીને બધા જ માણસો શરમિંદા બની ગયા. તેઓ કંઈ જ વધુ ન બોલી શક્યા. કેમ કે તેઓ કદરૂપી નોકરની બરોબરી કરી શકે એવી અનોખી તાકાત ધરાવતા નહોતા.

## ૨૭. પ્રેમપંથ પાવકની જ્વાળા

પ્રેમ શું છે ? એવો સાહજીક સવાલ પ્રત્યેક માણસને થાય એ સ્વાભાવિક છે. પરંતુ પ્રેમ એ કોઈ કહેવાની વસ્તુ નથી કે દર્શનીય વસ્તુ નથી કે એને દેખાડી શકાય. પ્રેમ એ કોઈ સ્થુલ પદાર્થ નથી કે જે ઇંદ્રીયો દ્વારા પારખી શકાય. સૃષ્ટિના સર્જતથી અત્યાર સુધી જેણે પ્રેમને જાણ્યો છે, માણ્યો છે ને નાણ્યો છે એમણે પ્રેમ વિશે કહેવાથી સમજાય નહીં એ તો અનુભવથી જ સમજાય કેમક કે પ્રેમ એ અનુભવની વસ્તુ છે, સાધારણ રીતે જેને પ્રેમ તરીકે ઓળખવામાં આવે છે તે તો રાગ છે. પ્રેમમાં રાગ ન હોઈ શકે. પ્રેમ રાગ હોય તો પ્રેમ વાસના મય છે. જયારે રાગમુક્ત પ્રેમ વાસના રહીત છે. વાસનાથી પર હોય એનું નામ પ્રેમ ! રાગમુક્ત પ્રેમ બધાને માટે હોય છે. સાર્વત્રિક હોય છે. પ્રેમ બીજાનામાં ભૂલાવી દે છે.

પ્રથમ દૃષ્ટિએ જોતાં પ્રેમ અને મોહનો આકાર એક્સરખો છે છતાં બંને વચ્ચે ઘણો તફાવત છે.

પ્રેમ તો હૃદયનો ધર્મ છે. મોહ શરીરનો ધર્મ છે. પ્રેમની અનુભૂતિ કરનાર કદી નિરાશ થતો નથી જયારે મોહ નો નિરાશ કરે છે. પ્રેમ ભોગ આપે છે જયારે મોહ ભોગ માગે છે. પ્રેમમાં સમર્પણ હોય છે. મોહમાં વળતર હોય છે. ગણતરી હોય છે. મોહમાં સરવાળા બાદબાકી હોય છે. પ્રેમમાં એ બધું હોતું નથી. કેમકે પ્રેમ એ કેવળ પ્રેમ જ છે. મોહમાં એટલે તો વિષાદ હોય છે. જયારે પ્રેમમાં કેવળ આનંદના જ દર્શન થાય છે, અનુભુતી થાય છે.

જેમ સૂરજમાંથી પ્રકાશ નિસૃત થાય છે, તેમ પોતાનામાંથી પ્રેમ નિસૃત થાય છે. પ્રેમ તો આંતરિક પ્રવાહ છે. જે સદાય નિર્મલ છે. પ્રેમ તો આપણને સમગ્ર સાથે જોડે છે. પ્રેમના અભાવમાં આપણે અસ્તિત્વથી અલગ અને અટૂલા થઈ જઈએ છીએ. પ્રેમનો અભાવ માણસને એકાંકી બનાવે છે. પ્રેમના અભાવ જેવી મોટી દુર્ઘટના, એવું મોટુ દુર્ભાગ્ય માણસમાં બીજું કોઈ નથી. એટલે તો પ્રેમના અભાવમાં દરેક જણ પોતની અંદર બંધ છે. એમાં બીજા સુધી જવા માટે કોઈ ઉદ્ધાર નથી, કોઈ સેતુ નથી.

પ્રેમ અને શક્તિનું જ સર્જનાત્મક ઊર્ધ્વીકરણ છે. આથી પ્રેમ જયારે પૂર્ણ બને છે ત્યારે કામશૂન્યતા અનાયાસ ફલિત થાય છે. કામથી જેણે મુક્ત થવું હોય તેણે પ્રેમનો વિકાસ કરવો જોઈએ. કામના દમનથી તો કોઈ મુક્ત થતું નથી. કામની મુક્તિ કેવળ પ્રેમમાં જ છે.

ઈસુનું વચન છે : 'પ્રેમ જ પ્રભુ છે.' સંત ઓગષ્ટીનને કોઈએ પૂછેલું : 'હું, શું રહું, કેવી રીતે જીવું કે જેથી મારાથી પાપ ન થાય?' ત્યારે સંતે કહ્યું : 'પ્રેમ કર, અને પછી તું જે કંઈ કરીશ, એ બધું બરોબર હશે, શુભ હશે.'

પ્રેમ જ જીવન છે અને પ્રેમ સિવાય બીજું કોઈ જીવન નથી. પ્રેમ તો મનુષ્યને પશુતાની અવસ્થામાં પ્રભુતા તરફ લઈ જાય છે. પ્રેમ કરતો નથી. એ તો ચેતનાની એક અવસ્થા છે જેમાં તે થાય છે. પ્રેમ દિવ્યતા તરફ લઈ જવામાં સમર્થ છે.

ફુલોની કિંમત એના રંગરૂપમાં નથી પણ એની મીઠી મ્હેંકમાં છે. માણસના જીવન વિષે પણ કંઈક આવું જ છે. પ્રેમ વિનાનો માણસ પશુ સમાન છે. પશુઓ પણ પોતાના માલિકને પ્રેમ કરી જાણે છે એટલે તો એ પોતાના માલિક કે સાથીને વફાદાર રહે છે. પ્રેમમાંથી જ સાચી વફાદારી જન્મે છે.

પ્રેમ કરવો સકહેલો છે પણ એને નિભાવવો કઠીન છે. બાઈબલમાં એક જગ્યાએ કહ્યું છે કે "દેવી પ્રીતી છે." જો, દેવ પ્રીતિ ન હોત તો આ વિશાળ સૃષ્ટિના આપણે હક્કદાર ન હોત. એટલે આપણે માનવું રહ્યું કે 'પ્રેમ પ્રભુ છે.' અને એ અંતિમ સત્ય છે. પ્રેમ વડે તો પરિવાર બને છે. પ્રેમના વિકાસથી જ પરિવાર મોટો થતો જાય છે. પછી એ પરિવારની બહાર જ્યારે કંઈ રહી જતું નથી. ત્યારે એ જ પ્રભુ બની જાય છે. પ્રેમમાં 'સ્વ' અને 'પર' નું અતિક્રમણ છે અને જયારે વ્યક્તિ પ્રેમમાં 'સ્વ' થી 'પર' નુ અતિક્રમણ છે. અને જયારે વ્યક્તિ પ્રેમમાં 'સ્વ' થી 'પર' બની જાય છે ત્યારે પ્રભુ પદને પામે છે ત્યારે પ્રભુપદને નમે છે, ત્યારે 'પર' પણ વિલીન થઈ જાય છે. અને ત્યારે વ્યક્તિમાં 'સ્વ' કે 'પર' જેવું કંઈ ન રહેતું નથી. હોય છ માત્ર ઐક્યતા, અધિતિયતા !

પ્રેમનો વિકાસ અને પૂર્ણતા જ છેવટે પ્રભુમાં પ્રવેશ કરાવે છે. આચાર્ય રામાનુજને કોઈ માણસે પોતાનો શિષ્ય બનાવવા વિનંતી કરી ત્યારે આચાર્યે પુછયું : “મિત્ર શું તું કોઈને પ્રેમ કરે છે. ?” તેણે કહ્યું : ‘ના, મને કોઈ માટે પ્રેમ નથી. હું તો પ્રભુને પામવા ઈચ્છું છું.’ આ સાંભળીને રામાનુજે વ્યથિત હૈયે કહ્યું, ‘ભાઈ, તો તો હું તારા માટે કંઈ પણ કરવાને માટે સમર્થ નથી. તારી અંદર પ્રેમ હોત તો હું એને પરિશુદ્ધ કરીને પ્રભુ તરફ લઈ શક્ત, પરંતુ તારામાં તો પ્રેમ જ નથી ત્યાં હું શું કરી શકું ?’

પ્રેમનો અભાવ એ માણસનો સૌથી મોટી દરિદ્રતા છે. માણસ પાસે સઘળો વૈભય હોય પણ પ્રેમનો વૈભવ ન હોય તો એ રાંક છે, દરિદ્ર છે. દુનિયામાં સૌથી કિંમતી ચીજ હોય તો તે પ્રેમ છે. પ્રેમ દિવાની મીરાંને એટલે તો આ દુન્યવી અમીરાઈ તુચ્છ લાગતી. એ કૃષ્ણ પ્રેમમાં નાની નાચીને કહેતી : “હીરલા-માણેક મારે કામ ન આવે.” ‘બાઈ, મારે મોંઘી નિરાત ગિરધર ગોપાલ, દુજા ન કોઈ’ આ છે સાચા પ્રેમનો રણકાર ! અને આ રણકારમાંથી જ મુક્તિનાં દ્વાર ખુલી જાય છે. કેમકે પ્રેમમાં તો મુક્તિનાં દ્વાર છે અને એ દ્વારમાંથી જ ધ્વસ્ત થયેલી પવિત્રતાનો પ્રદુર્ભાવ થાય છે. પ્રેમ જ માણસને નવો જન્મ આપે છે.

પ્રેમ તો પોતાને ભૂલાવી દે છે. પોતાની અંદર રહેલા ‘હું’ ને ઓગાળી નાંખે છે. પ્રેમમાં સ્વાર્થ હોતો નથી પણ પરમાર્થ હોય છે જે અલૌકિક આનંદથી ભર્યો ભર્યો રહે છે.

એક સુફી કથા છે. કોઈ એક પ્રેમીએ પોતાની પ્રેયસીનું દ્વાર ખટખટાવ્યું. બંધ બારણે અંદરથી અવાજ આવ્યો : ‘કોણ છે ?’ એણે કહ્યું : ‘હું છું. તારો પ્રિયતમ !’ આ સાંભળીને અંદરથી પ્રેમીકાએ ઉત્તર વાળ્યો : ‘આ ઘરમાં બે માટે જગ્યા નથી.’ ઘણા દિવસો પછી ફરી એ ત્યાં આવ્યો. એણે ફરી પોતાની પ્રેયસીનાં બંધ દ્વાર ખખડાવ્યાં. ફરીવાર પણ ગયા સમય જેવો જ સવાલ પૂછયો : ‘કોણ છે ?’ આ સમયે તેણે કહ્યું : ‘તું જ છે !’ આ સાંભળી એની પ્રેયસીએ દ્વાર ખોલી નાખ્યાં.

પ્રેમના માટે પણ એવું જ છે. જે ‘હું’ ને છોડવા તૈયાર થાય છે એના માટે દ્વાર ખૂલી જાય છે. પ્રેમ આપણને પૂર્ણતા તરફ દોરી જાય છે. જયાં સત્યમ શિવમ સુંદરમ નો વાસ છે. વ્યક્તિને લૌકિક્ક દુનિયામાંથી વાસો કરાવે છે.

આવા શુદ્ધ, નિર્મલ પ્રેમપંથે ડગ માંડવા આસાન નથી. કઠીન છે, દોહયલાં છે. એટલે તો કોઈક જ વીરલા એ પંથ પ્રતિ પ્રયાણ કરે છે ને પૂર્ણતાને પામે છે. કેટલાક જાય છે ને પૂર્ણતાને પામે છે. કેટલાક જાય છે ખરા પણ માર્ગમાં સંકટ આવતાં જ અડધે રસ્તેથી પાછા વળી જાય છે કેટલાક જાય છે તો સમજવા - વિચાર્યા વિના જ જાય છે અને માર્ગમાં જ અટવાઈ જાય છે. કેમ કે પ્રેમનું સાચું રહસ્ય, હાર્દ તેઓ પામ્યા નથી હોતા. પોતાના અસ્તિત્વને ઓગાળી સર્વમાં સમાઈ જાય એનું નામ જ પ્રેમ ! એટલે તો પ્રેમને કદી તોલી શકાતો નથી કે માપી શકાતો નથી. પ્રેમ તો અનુભવવાનો હોય એના અનુભવથી જ એ સમજાય છે. જેમ રણશૂરા જ સંગ્રામમાં ટકી શકે પ્રેમશૂરા જ પ્રેમ સંગ્રામમાં ટકી શકે, એના માટે ફના થઈ શકે. એટલે તો મજનુ લયલા પાછળ, મીરાં કૃષ્ણ પાછળ પાગલ થયાં હતાં, ફના થયાં હતાં, કેટલાયે એવા બનાવો આ દુનિયામાં બની ગયા છે જેમને દુનિયાભરનાં સંકટો માર્ગમાં

આવી મળ્યા હશે છતાં બેપરવા બનીને પ્રેમને જાણ્યો, માણ્યો ને નાણ્યો છે. ખાંડાની ધાર વચ્ચે ય પ્રેમમાં પરમ પદને તેઓ પામ્યાં છે.

## ૨૮. બાળકના જીવનમાં ધાર્મિક શિક્ષણનું મહત્ત્વ

અનુભવીઓએ કહ્યું છે કે "કૂણી ડાળને જેમ વાળો એમ વળશે. બાળકને પણ તમે જેવું ઘડશો એવું ઘડાશે." તમારા બાળક વિશે પણ એવું જ છે. તમે એને જેવું કેળવશો એવું એ કેળવાશે. નીમ્ન કોટિનાં પ્રાણીઓ પાસેથી માણસ સુયોગ્ય પ્રયત્નો દ્વારા ધાર્યું ફળ નીપજાવી શકે છે તો બાળક તો એ નીમ્ન કોટિનાં પ્રાણીઓ કરતાં સવિશેષ ગુણવત્તા અને ક્ષમતાવાળું અસ્તિત્વ ધરાવે છે. એના માટે શું દુર્લભ હોઈ શકે ? અધિક દ્રષ્ટિ માંડીએ તો જે સ્થૂળ પદાર્થો છે તથા નિષ્ક્રીય હાલતમાં આ પૃથ્વી પર અસ્તિત્વ ધરાવે છે એવા જડ પદાર્થો દ્વારા પોતાની ઉન્નતિ ને વિકાસ સાધ્યાં છે. એ કાળા માથાનો માનવી જો આટલાં અજાયબ કાર્યો કરી શકતો હોય તો પોતાની જે નીજી સંપત્તિ ગણાય છે એવાં એનાં વહાલસોયા સંતાનો અંગે કેમ કરી બેદરકાર રહી શકે ?

અલબત્ત, જે સમજદાર છે, જિંદગીની જેમને કિંમત છે એવાં મા-બાપ પોતાનાં બાળકોના સુયોગ્ય વિકાસ પ્રાપ્ત કરવામાં સહાયક બને છે જ. એમના વિશે પૂરેપૂરી કાળજી અને ચિંતા રાખે છે. પોતાનાં બાળકોના તન, મન, ધનનું શ્રેય સદા એમના હૈયામાં વસેલું હોય છે.

માનવજીવન કેવળ ભૌતિક સંપત્તિથી જ સંતોષી નથી રહ્યું. દુનિયાનાં ભૌતિક સુખો કરતાં પણ એક એવી બાબત છે જે માનવીને સાચો આનંદ આપી શકે છે. એ છે સાત્વિક આનંદ ! આ સાત્વીક આનંદ માનવીને ધર્મમાંથી સાંપડી શકે છે, નહીં કે ભૌતિક સુખોમાંથી ! માણસજાત આ બાબત બરાબર સમજે છે, જાણે છે છતાં પણ એ ક્યારેક ગોથાં ખાઈ જાય છે. જાગૃત મા-બાપો પોતાનાં બાળકોના બાહ્યજીવનની જેટલી કાળજી રાખે છે એટલી કાળજી રાખે છે એટલી કાળજી એના આંતરજીવન વિષે રાખે છે. એના વિશે એ કદાપિ દુર્લક્ષ સેવતાં નથી.

શું તમે આ વિશે ચિંતિત છો ? તમે તમારા સંતાનોને તમારા ઉત્તમ આદર્શો દ્વારા જીવનના સાચા માર્ગે કેળવી શકો છો ? તમારો રોજિંદો વ્યવહાર એ માટે ચોખ્ખો હોવો જરૂરી છે. તેમ નહીં હોય તો તમારા બાળકને તમે સારા માર્ગે વાળવા માટે નિષ્ફળ જશો. મતલબ કે તમે જેવા હશો એવાં તમારા બાળકો બનશે. એક મહાનુભાવે સાચે જ કહ્યું છે કે "કોઈપણ રાષ્ટ્ર કે દેશની સાચી કિંમત એની ભૌતિક સંપત્તિ દ્વારા નહીં પરંતુ એ રાષ્ટ્ર કે દેશનાં લોકો કેટલા ચારિત્ર્યવાન છે એના પરથી અંકાય છે."

અત્યારે મને એક પ્રસંગ યાદ આવે છે. ત્યારે હું એક મિશનરી ખાનગી પ્રાથમિક શાળામાં સર્વિસ કરતો હતો. એ સમયે હું કોલેજ શિક્ષણ મેળવીને એકદમ નવોસવો શાળામાં જોડાયેલો. કામ એકલે કામ ! જે કામ કરીએ એ પૂરી નિષ્ઠાથી કરવું એવું મનોવલણ હું ધરાવતો હોવાથી હું શૈક્ષણિક કાર્ય કરી રહ્યો હતો ત્યાં પાસેના વર્ગમાંથી એક બહેન આવીને મને કહી ગયાં કે 'નવા સાહેબ આવ્યા

છે ઓફિસમાં છે' મેં કહ્યું 'આવે એમાં શું એમની ફરજ છે ! પણ બોલાવ્યા વિના ચાલુ કામ છોડીને જવાબ ખરું ? ને મારું કાર્ય આગળ ચલાવવા લાગ્યો. થોડી ક્ષણો પસાર થઈ હશે ત્યાં એક વિદ્યાર્થી મારી પાસે આવીને કહી ગયો : 'સાહેબ, તમને ઓફિસમાં બોલાવે છે. હું તરત જ કામ છોડી ઓફિસમાં ગયો. બદલી પામીને નવા આવેલા નિરીક્ષક સાહેબે મને તરત જ કહ્યું સાહેબે મને તરત જ કહ્યું સૌ આવી ગયા ને તમે કેમ વર્ગમાં રહ્યા ? ત્યારે મેં સ્પષ્ટ કહી દીધું કે 'સાહેબ, ચાલુ કામ છોડીને કેવીરીતે આવી શકું ?'અને એય વળી બોલાવ્યા વિના ? 'મેં ઓફિસમાં નજર ફેરવી તો મારા સિવાય બધો સ્ટાફ ઉપસ્થિત હતો. નવા સાહેબે મારી ઓળખ માગીને મેં એ આપી. પરંતુ મારું અંગ્રેજી નામ સાંભળીને કહ્યું : 'તમે નામ પરથી ખ્રિસ્તી લાગો છો. શું તમે લાલચથી ધર્મ સ્વીકાર્યો કે કોઈ અન્ય કારણોથી ? ' આ અણધાર્યા પ્રશ્નથી હું હેબતાઈ ગયો. પરંતુ તરત જ સાહજિક્તાથી મેં સામે પ્રશ્ન પૂછ્યો : 'ધર્મ એ હૃદયની વાત છે કે બીજી કોઈ ?' પછીથી નમ્રપણે કહ્યું : 'ધર્મ તો હૃદય સાથે સંકળાયેલ બાબત છે. ધર્મ એ તો માનવીના મનની વસ્તુ છે. તનની નહીં. મારા ધર્મ મને વારસામાં મળ્યો છે. છતાં ખ્રિસ્તી હોવું, હિન્દુ હોવું કે મુસ્લીમ હોવું અગત્યનું નથી. પ્રથમ તો સાચો માનવ બનીને જીવવું ને સત્ય-પ્રેમમાં એકનિષ્ઠ બનીને જીવવું અગત્યનું છે. માનવતા ધારણ કરીને જીવવનું શિક્ષણ આપે ને સત્યનો માર્ગ દેખાડે એજ સાચો ધર્મ છે. મારી વાત સાંભળીને તેઓ બોલ્યા 'મારે તો ધર્મ વિશે તમારી વિભાવના જાણવી હતી માઠું ન લગાડતા માત્ર જાણવા માટે જ મેં પ્રશ્ન પૂછચો હતો મેં આ સિવાય આ સમય દરમ્યાનની એક વાત નોંધ્યા વિના પણ નથી રહી શક્તો. સામાન્યપણે શાળામાં પ્રથમ અર્ધો ક્લાક ધર્મશિક્ષણ આપવાનો નિયમ હતો. હું બીજું ધોરણ ભણાવતો. નાનાં બાળકોને તો પ્રાર્થનાઓ મોઢે બોલાવીને ધર્મ શિક્ષણ અપાતું હતું પરંતુ હું આ અંગે કૈંક જુદું મનોવલણ ધરાવતો કે જે હજી કક્કો - બારાખડી બરાબર ભણ્યાં નથી એ બાળકો ધર્મનું સાચું શિક્ષણ કેમ કરી સમજી શક્વાનાં છે ? વળી માત્ર પોપટની જેમ પ્રાર્થનાઓ મોઢે કરાવવાથી શો લાભ ? ગોખેલું તો કાળક્રમે ભૂલાઈ પણ જાય ! શિક્ષણ તો એવું આપવું કે જેની સમજ તેઓ કેળવે ને મનમાં એની છાપ કાયમ માટે રહે. મને મારો બાલ્યાકાળ યાદ આવતો. હું પણ આ પ્રમાણે પ્રાર્થનાઓ મોઢે કરાવાવથી શો લાભ? ગોખેલું તો કાળક્રમે ભૂલાઈ પણ જાય ! શિક્ષણ તો એવું આપવું કે જેની સમજ તેઓ કેળવે ને મનમાં એની છાપ કાયમ માટે રહે. મને મારો બાલ્યાકાળ યા આવતો. હું પણ આ પ્રમાણે પ્રાર્થનાઓ મોઢે કરીને ધર્મશિક્ષણ પામ્યો હતો. એમાંનું આજે મારી પાસે શુ છે ? કદાચ એવું પોપટીયું જ્ઞાન મુખે હોય પણ જો નૈતિક્તાનો મારામાં ભારોભાર અભાવ હોય તો એવા ધર્મશિક્ષણનો શો અર્થ ? એટલે હું માત્ર મુખપાઠ ધરાવતું ધર્મજ્ઞાન આપતો ન હતો પણ ધર્મક્થાઓ દ્વારા એમને બાળયોગ્ય શૈલીમાં હું ધર્મશિક્ષણ આપતો હતો.

સમય-કાળ પ્રમાણે જુદી જુદી અવસ્થા પ્રમાણે બાળકોનું માનસ હોય છે. એટલે એની કક્ષા પ્રમાણે મા-બાપોએ એને ધર્મશિક્ષણ આપવું જોઈએ. આપણી માન્યતાઓ કે આપખૂદી વલણોભર્યું શિક્ષણ બાળકોને કદી ન આપો. તમારી માન્યતાઓ ને વલણો તો આવતી કાલે બદલાઈ પણ જાય. પરંતુ જે સત્ય છે એ કદી બદલાતું નથી. એટલે મા-બાપોએ પોતાનાં સંતાનોને સાચું શિક્ષણ આપવા જ પ્રયત્ન કરવો જોઈએ.

હા, એ વાત પણ ખાસ જરૂરની છે કે મા-બાપ પોતે જે ધર્મ પાળતાં હોય એનું સાચું હાર્દ ધરાવતું શિક્ષણ આપવું આવશ્યક છે. બાળકો તો કોરી સ્લેટ જેવાં છે, એને જે આપશો એ ગ્રહણ કરે. એટલે એને સત્યથી વેગળા રાખે એવું શંકુચિત, બુઠુંને દંભી  શિક્ષણ કદી ન આપો. શબ્દ કરતાં તમારા ઉત્તમ નમૂના દ્વારા બાળક વધુ સારી રીતે ગ્રહણ કરશે. અરે ! માનવ માત્ર વાણી નહીં પણ શુદ્ધ વ્યવહાર માગે છે. જો તમે તેમ નહીં કરી શકો તો કાલ એ કબૂતરના માળાની જેમ પીંખાઈ જવાનું. બંધિયારપણે આપેલું શિક્ષણ તો આવતીકાલે ગંધાઈ ઊઠવાનું, માટે તમે તમારાં સંતાનોને ધર્મ અંગે એવું શિક્ષણ આપો જે કાયમી રહે, ટકી રહે. એટલું જરૂર યાદ રાખો કે અસત્ય કદી લાંબા સમય ટકી રહેતું નથી, એનો વિનાશ થાય છે જ. જ્યારે સત્ય સમય આવ્યે છતું થયા વિના નથી રે'તું.

ઉત્તમ નમુનો બતાવી તમારાં બાળકોને સાચું ધર્મશિક્ષણ આપો. તમે ગમે તેવું વર્તન કરશો તો તમારું બાળક પણ એ જ નમૂનો ગ્રહણ કરવાનું છે નહીં કે તમે આપેલું શાબદિક શિક્ષણ ! તમે સાચું બોલશો તો તમારા બાળકો સત્યવાણી ઉચ્ચારશે. તમે ચોરી કરશો તો તમારું બાળક ચોરી કરતાં શીખવાનું છે. તમે ઘરમાં પરસ્પર લડશો-ઝઘડશો, એકબીજાએ અપશબ્દ કે ગાલીપ્રદાન કરશો તો તમારું એ વર્તન જોઈને બાળક પણ એવું કરવા પ્રેરાવાનું જે તમે તમારા બાળકને દેવમંદીરે લઈ જશો પણ રોજીંદા જીવન વ્યવહારમાં આડેધડ વર્તન કરશો તો તમારા બાળક ઉપર કોઈ જ સારી છાપ નહીં પડે. તમે જેવું કરશો એવું તમારું બાળક શીખશે.

અમે ધર્મકથા છે, એક વેપારી માણસ હતો, સવારે ઊઠ્યાં પછી એ માણસે પોતાના બાળકને પાસે બોલાવીને કહ્યું : 'જો બેટા, ઘઉંમાં થોડાક કાંકરા નાખજે, ચોખ્ખા ઘીમાં થોડુંક વનસ્પતિ ઘીનું મિશ્રણ કરજે, પેલી હળદર છે એમાં થોડોક લોટ મેળવી દેજે, તથા દૂધમાં થોડુંક પાણી ઉમેરજે. આમ એક એક વસ્તુમાં જે બીજી વસ્તુનું મિશ્રણ કરવાનું હતું એ બધું બતાવી દીધું. થોડા સમય પછી પેલા બાળકે આવીને એના બાપને કહ્યું 'પિતાજી તમારા કહ્યા પ્રમાણે મેં બધું જ કરી દીધું છે કોઈ વસ્તુ બાકી નથી રહી.' ત્યારે પેલા ધર્માળુ (?) બાપે દિકરાને સંબોધીને કહ્યું 'તો ચાલો હવે દેવમંદિર જઈ આવીએ !' ને પછી બંને જણા દેવમંદિરે પૂજન કરવા ગયા. અહીં બાપે જે ન કરવાનું કાર્ય હતું એ એના બાળકને પ્રવૃત્તિમય બનાવીને પ્રથમ કરાવ્યું. આપણે પણ શું ક્યારેય આવું નથી કરતાં ? આવું બાળક મોટા થઈને શું બનશે ? માત્ર ભ્રષ્ટાચારી ને દુરાચારી જ ! પછી ભલે એ ધર્મનું આંધળુકીયું બાહ્ય વર્તન કરે ! આવા ધર્મશિક્ષણથી શો લાભ થવાનો છે ? મોટા થતાં એની પાસે નહીં હોય સંસ્કાર કે ચારિત્ર્ય !

મારો સમાજ દર્શનનો અનુભવ છે કે જે બાપ કે કુટુંબના વડિલો મદ્યપાનનું સેવન કરે છે અથવા તો અન્ય કોઈ વ્યસન સેવે છે એના જ સંતાન મોટા થતાં એવાં વ્યસનોમાં ગળાડૂબ ડૂબેલાં હોય છે. તમારા બાળકને તમે ખોટા આડંબર બતાવશો તો એજ સંતાનો તમારો નમુનો ધારણ કરવામાં જ. એમાં લગીરે ય શંકા નથી.

ઘણીવાર ઘરનું સારું ને સાચું શિક્ષણ મળવા છતાં પોતાનું સંતાન ધાર્યું ફરજંદ નથી નિપજતું ! આમ કેમ ? એનું કારણ છે ઘર સિવાયની એની બાહ્ય સંગત ! જો બાળક ઘરમાં સારું શિક્ષણ

મેળવે પણ એની સાથે હળતાં-મળતાં બાળકો કે મોટેરાંઓ અસંસ્કારી ને અધર્મી હશે તો બાળક પણ એવા સંસ્કાર ધારણ કરવાનો જ. એટલે મા-બાપે માત્ર ઘરમાં જ સારું શિક્ષણ આપીને છટકી નથી જવાનું હતું પરંતુ ઘર બહારનું વાતાવરણ પણ કેવું છે? એનો ખ્યાલ રાખવો અતિ આવશ્યક છે.

શેરી કે ફળિયામાં બાળકો - મોટેરાંઓ ગાળો બોલતાં હશે, ઝઘડાખોર હશે. ઈર્ષાળુ હશે, ચોરીની વૃત્તિવાળા હશે કે વારંવાર જુઠ્ઠીવાણી બોલતાં હશે તો એની સંગતમાં રહીને તમારું બાળક પણ એ કુસંસ્કાર આચારવાનાં જ ! માટે ઘર બહાર પોતાનું બાળક કેવા વાતાવરણમાં હરે છે - ફરે છે. એનું પણ લક્ષ્ય રાખવાનું ચૂકશો નહીં. તમારું બાળક એ તારું છે એટલે તમારી એના પ્રત્યેની સંપૂર્ણ જવાબદારી છે કે ઘરમાં અને બહારની દુનિયામાં શું શિક્ષણ પ્રાપ્ત કરે છે. ક્યો નમૂનો ધારણ કરે છે એની કાળજી લેવાનું કદાપિ ચૂકશો નહિં. સાચું સંસ્કારધન આપીને બાળકને ચારિત્ર્યવાન બનાવવું એ જ એનું સાચું ધર્મશિક્ષણ છે. નહીં કે તમે પૂજાપાઠ કરીને કે દેવમંદિરે લઈ જઈને આપો છો એ શિક્ષણ ! હા, એમ કરવું એ પણ અતિ આવશ્યક છે, જરૂરી છે. છતાં એટલી કાળજી પણ જરુર રાખજો કે પોતાનું બાળક અસત્યનું આચરણ કરનાર ન નિવડે. એ સદા સત્યનો આગ્રહી રહે અને ગમે તેવા સંજોગોમાં પણ અડગ મેરૂની જેમ ટકી રહે એવું સત્યમય ધર્મશિક્ષણ આપવા પ્રયત્ન કરજો. જો તમે તમારા બાળકને સાચું માનવીય શિક્ષણ દેશો તો એ એવું બાળક બની રહેશે જે પોતાને, સમાજને, દેશને અને વિશ્વને આશીર્વાદરૂપ બની રહેશે. દુનિયાની પ્રત્યેક જીવસૃષ્ટિને એ પ્રેમથી ચાહશે ને સમગ્ર વિશ્વને માટે મંગલમયને આનંદરૂપ બની રહેશે.

## ૨૯. હજી માનવતા મરી પરવારી નથી.

મારી પત્નીની નાદુરસ્ત તબિયત હોવાથી હું એને લઈને સયાજી હોસ્પિટલમાં જઈ રહ્યો હતો. રોડ પર ટ્રાફિક જામ હોવાથી અમે સાયકલ પરથી ઉતરીને ઘડીક શોભ્યાં. નજીકમાં પંચમુખી હનુમાનનું મંદિર આવેલું હતું. મંદિરના પ્રાંગણમાં દર્શનાર્થીઓની પણ એટલી જ ભીડ વર્તાતી હતી. આબાલ-વૃદ્ધ સૌ અમારી નજરે આવતાં હતાં ત્યાં અચાનક મારી પત્નીએ અંગુલીનિર્દેશ કરી કહ્યુંઃ જુઓ પેલો માણસ કંઈક વહેંચી રહ્યો છે. મારી દ્રષ્ટિએ તરફ જતાં જોયું તો જરાક દુર જર્જરીત અવસ્થામાં દરિદ્રનારાયણોનો સારો એવો સમુહ એકત્રિત થયેલો જોવા મળ્યો. જેમાં રક્તપિત્તિયા હતાં. અંધજનો હતાં તો કોઈ ખોડ-ખાંપણવાળા લઘર-વઘર અવસ્થામાં કૈંક પામવાની આશા લઈને બેઠાં હતાં. કૈંક સામાન્યપણે વ્યવસ્થિત બેઠેલાં આ ગરીબ-ગુરબાં વચ્ચે શ્વેત વસ્ત્રાચ્છાદિત બૂઝર્ગ પુરુષ મીઠાઈ વહેંચી રહ્યા હતા. રોજીંદા ધમાલિયા અને પોતાનામાં જ વ્યસ્ત રહેતા માણસો વચ્ચેની દુનિયામાં જીવતી મારી પત્નીથી સાહજિકપણે બીજો સવાલ પૂછાઈ ગયો. “તેઓ કોણ છે? શું કરે છે?”

હજી માણસ પ્રત્યેની માણસની લાગણી નથી મરી પરવારી એનાં દર્શન-પ્રતીતિ કરાવે છે. માર્મિક વાણીમાં મેં મારી પત્નીના સવાલનો જવાબ દઈ દીધો. પછી થોડુંક અટકીને આગળ વાત ચલાવી “આપણે આપણા રોજીંદા વ્યવહારમાં વ્યસ્ત છીએ, આજુબાજુની દુનિયા પણ મોટેભાગે એ જ વ્યવહારમાં છે એટલે આવી બધી બાબતો સમજતાં આપણને વાર લાગે એ સ્વાભાવિક છે. પરંતુ

બીજા એવા મનુષ્યો પણ વસે છે જે પોતાની સાથે અન્યની પણ ચિંતા-કાળજી રાખે છે. પોતાની યથાશક્તિ પ્રમાણે માણસના નાતે માણસને મદદ કરે છે. દુનિયાનો બધો જ વ્યવહાર કઈ સ્વાર્થમાં જ નથી સમાપ્ત થતો. પરમાર્થનો સુમેળ પણ એમાં જોવાં મળશે જ!"

આ તો એક નાનકડો પ્રસંગ થયો. પરંતુ આપણે જોઈશું તો સમગ્ર વિશ્વમાં ઘણા એવા પ્રસંગો બનતા રહે છે જેમાં માનવતાની મહેંક મહેંક્યા વિના નહીં રહે! માણસ જો નર્યા સ્વાર્થમાં જ ડૂબ્યો રહે તો પછી આ દુનિયાનો વ્યવહાર કેમ ચાલે? જો કે સમગ્ર વિશ્વનો દોરી સંચાર તો ઈશ્વરના હાથે છે. છતાં એક એવું તત્વ પણ વિલસી રહ્યું છે જ્યાં જરૂર પ્રતીતિ થશે કે 'હજી લાગણી નથી મરી પરવારી!' કર્મ કરવું, ધનોપાર્જન કરવું અને પોતાના તથા પોતાના સ્વજનો અર્થે એનો સંચય કરવો ને યથાસમય મુજબ એનો કુટુંબ કલ્યાર્થે ઉપયોગ કરવો એ પ્રત્યેક માણસ માટે સ્વાભાવિક વાત છે. આમ પોતાની અને પોતાનાની કાળજી તો સૌ કોઈ રાખી શકે છે પરંતુ વિશ્વમાં એવી પણ વ્યક્તિઓ છે કે જે પોતાના ભોગે પણ અન્યની કાળજી રાખે છે. એમના માટે કૈંક કરી છુટવાની અંતરમાં વિશુદ્ધ ભાવના ભરેલી છે. જેની સાથે કોઈ સંબંધ નથી, માત્ર અજાણ્યાં જન સિવાય કંઈ જ નથી છતાં પણ પોતાનાં એમને પોતાનાં બંધુજન ગણીને મદદ કરવાની તમન્ના વાળા માણસોની કંઈ ખોટ નથી.

જો કે ઘણાં પોતાનો માન-મરતબો વધે, દાનેશ્વરી તરીકે ગણના થાય, સમાજમાં સજ્જન બનીને જીવી શકે એટલા માટે અન્યને મદદ કરાનારાં માણસોની અહીં હું વાત નથી કરતો. પરંતુ સૃષ્ટિના સંચાલનમાં પોતાની ફરજ સમજી નિસ્વાર્થભાવે માત્ર પરહિતયાર્થે કાર્ય કરતી વ્યક્તિઓની વાત કરું છું. સૃષ્ટિમાં નજર નાખીશું તો વૃક્ષો, નદી, હવા, દિવસ-રાત નિરંતર પ્રકાશ વેરતા શશી-રવિ તથા તારલા અન્યોન્ય માટે જ પોતાનું અસ્તિત્વ ધરાવે છે એવું પ્રતીત નથી થતું? જાણે સેવા પરમાર્થ એ જ એમનો ધર્મ હોય એવું જોવા નથી મળતું? એ બધાનું અસ્તિત્વ પરહિતાયાર્થે જ છે ને? નહીં કે પોતાને વાસ્તે! એ જ રાહે વિશ્વમાં ઘણાં જીવંત મનુષ્યોએ પોતાનું જીવન જોતર્યું છે. નદી વહે છે એ શું પોતાના માટે વહે છે? શું સાગર પોતાનું વિશાળ જળપોતાના માટે સમાવી રહ્યો છે? વૃક્ષોને કદી પોતાનાં ફળ પોતે આરોગતાં જોયાં છે? વર્ષાનાં અમી છાંટણા ઝીલી-ધરા જેટલી ધન્ય બને છે એના કરતાં વિશેષ ધન્ય આપણે નથી બનતાં? મતલબ કે આપણા ગૌરવ તથા ઉત્કર્ષમાં જાણે એમનું સઘળું સમાયેલું હોય એવો એમનો વ્યવહાર ચાલે છે. "વસુધૈવ કુટુમ્બકમ્" નો મંત્ર એમના અંતરગત તત્વમાં પ્રાણ બનીને ટકી રહ્યો છે. જ્યારે આપણે તો આપણા માનવબંધુ સાથે જ ઉદ્ધત વર્તન રાખીને જીવીએ છીએ. જાણે આપણને એમની સાથે કોઈ નાતો જ ન હોય. આપણે આપણા માનવબંધુ પ્રત્યે લાગણીહીન બની જઈએ છીએ. ઉપેક્ષા કે બેદરકારી સેવીએ છીએ. પરંતુ ઉપરોક્ત તત્વો ક્યારેય એવું નથી કરતાં કેમકે એમની ભીતર હજી લાગણી જીવતી છે. એટલે જ સર્વ સાથે સાયજ્ય સાધી અવિરત પ્રેમ કરે છે. પ્રેમ છે એટલે તો એમનામાં ત્યાગભાવના છે. સૃષ્ટિના સર્જનકાળથી માંડીને આજ લગી ઘણી વિભૂતિઓ થઈ ગઈ છે જેમણે પરહિતાયાર્થે પોતાનો પ્રાણ રેડ્યો છે. દેશ સ્થળ કાળની આબાધિત સીમા વટાવીને એમણે સર્વ સાથે પોતાનો નાતો જોડ્યો છે. પ્રકૃત્તિમાં એકમય બનીને જીવ્યા છે. મર્યા છે. એટલે તો આપણી નજરમાં એમની કિંમત ઘણી ઉંચી અંકાઈ છે! આજન સંજોગોમાં મધર ટેરેસા એક જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ છે. પોતે વિદેશ હોવા છતાં ભારતવર્ષને

પોતાની કર્મભૂમિ બનાવી ગરીબો અને અનાથોની, તન-મન-ધનથી સુશ્રુષા કરે છે. કરુણામય પ્રેમમૂર્તિ બનીને વિશ્વ બંધુત્વની ભાવનાથી જગતથી હડધૂત થયેલાં માનવોની સાચા દિલથી, બદલાની ભાવના કે કીર્તિની ખેવના રાખ્વા વિના વિશ્વ બંધુત્વની ભાવનાથી જગતથી હડધૂત થયેલાં માનવોની સાચા દિલથી, બદલાની ભાવના કે કીર્તિની ખેવના રાખ્યા વિના આબાલવૃદ્ધ સૌની સેવા કરે છે. પ્રેમ અને સેવાને જ પોતાનું જીવનકર્મ ગણી આપણી વચ્ચે જીવતાં મા ટેરેસા સાચે જ માનું વાત્સલ્ય ઢોળી રહ્યા છે! આવી તો કેટલીય વિભૂતિઓ જેવી કે શ્રી માતાજી, ડૉ. એનીબેસન્ટ વિદેશી હોવા છતાં આપણે પ્રેરણારુપ બન્યાં છે.

સંસારમાં જો કે જગતકલ્યાર્થે જ જાણે જન્મ ધર્યો ન હોય એવી ઘણી વિભૂતિઓ થઈ ગઈ છે કે જેમણે સંસારમાં રહીને પણ લોકોની ચિંતા સેવી છે! પોતાની જાતને અીન્યમાં વહેંચી નાખી છે. જગતના માનવીઓ પર પોતાનો અસીમ પ્રેમ ઢાળ્યો છે. ધન્ય છે આવી વિભૂતિઓને! જેમનાં અંતર સદાય ઉજળાં છે. પ્રેમ-કરુણા થકી માનવતાનો અમીકૂપ અવિરત ઢોળતાં રહ્યાં છે. છતાં બદનસીબીની વાત એ છે કે આ જગતે તેમને કનડ્યાં છે. રીબાવ્યાં છે. એમના પવિત્ર કર્મયજ્ઞમાં બાધક બનીને કેટલીયે વિપત્તિઓ ઠાલવી છે. લગીરી અફસોસ રાખ્યા વિના નિર્દયપણે કષ્ટોની કાતિલ છરી ચલાવી છે, છતાં હસતે મુખે એ સઘળું સહીને આપણને માફ કર્યા છે! આપણા અપરાધોને લક્ષમાં ન રાખતાં જીસસ ક્રાઈસ્ટની જેમ સદાય એમનું અંતર કહેતુ રહ્યું છે. કે "પિતા! તેમને માફ કર કેમકે તેઓ શું કરી રહ્યા છે એની તેમને ખબર નથી!"

એમના દિલની ભવ્ય વિશાલતાને કારણે તો હજી લગી એમની પ્રેરણા પામીને ક્યારેક એમના કાર્યને આગળ ધપાવતાં માનવોને આપણી વચ્ચે જોઈએ છીએ ત્યારે આપણી જાતને માત્ર સ્વાર્થમાં જ જીવતી જોઈને શરમથી ઝૂકી જઈએ છીએ! માન અપમાનની પણ પરવા કર્યા વિના નિર્મલભાવે જીવનમાં કર્મરત રહેતાં આ સેવાભાવી પરમાર્થી માનવોને અમારાં લાત લાખ વંદન હજો!

## ૩૦. વ્યક્તિમાં વાસ્તવિક્તા કેટલા પ્રમાણમાં ?

જર્મન ફિલસૂફ ફ્રેડરિક નિત્સેને કોઈકે પૂછ્યું કે "તમે સદા હસતા જ કેમ રહો છો? આટલી બધી પ્રસન્નતા ક્યા કારણે છે?" નિત્સેએ જવાબ આપ્યો, તમે પૂછો છો તો તમને કહું છું પરંતુ આ વાત તમે બીજા કોઈને કહેશો નહીં. હું એટલા માટે સદા હસતો રહું છુ કેક્યાંક રડવા ન માડું. મારા અંતરમાં રુદન તો ચાલુ જ હોય છે તેથી જ હું હસતો રહું છું કે મારા રુદનની કોઈને ખબર ન પડી જાય! જો હું હસવાનું બંધ કરું તો મારા અંતરનું રુદન બહાર આવે. એટલે એ રુદનને ભૂલવા માટે જ હું સદાય હસ્યા કરું છું. માર્ગમાં જતા હસતા ચહેરાઓ જોઈને તમે એવા ભ્રમમાં ન રહેતા કે જગત હાસ્યમય છે. આપણી વચ્ચે રહીને જીવતા સ્મિતભર્યા ચહેરા વાસ્તવમાં તો રુદનને છૂપાવવાનો ઉપાય છે, તેથી બીજાઓને હસતા જોઈએ આપણે ભૂલવામાં પડી જઈએ છીએ. આપણે એમ માનીએ છીએ કે હું જ દુઃખી છું અને બીજાઓ ખૂબ જ આનંદમાં જીવે છે. પણ ખરેખર તો કોઈ સાચા આનંદમાં જીવતું જ નથી. માત્ર હસતા ચહેરાવાળું મહોરું જ પહેરી રાખે છે. દુઃખો વચ્ચે તમે હસતો ચહેરો જોઈને

અન્ય વ્યક્તિને પણ એવો જ ભ્રમ થાય છે. ધનવાન પણ પોતાના વૈભવપૂર્ણ નિવાસસ્થાનમાં કેટલીક મુશ્કેલીઓ વચ્ચે જીવન વિતાવે છે એની આપણને ખબર પડતી નથી. ચકચકિત મોટરમાં અને મોભાદાર ઠસ્સામાં એ બહાર નીકળે ત્યારે આપણને ઈર્ષા થાય છે. એક ઉંડો નિસાસો આપણા પ્રાણોમાંથી સરે છે અને વેદનાનું તીર હૃદયમાં ભોંકાય છે. આપણને એમ થાય છે કે ધનવાન કેવા આનંદથી રહે છે? પરંતુ તેમનો જ બાહ્ય દેખાવ છે તે ઉપરછલ્લો નકાબ છે. એક પ્રકારની છલના છે, આપણો ભ્રમ છે.

એક રાજનિતિજ્ઞ મનુષ્ય એના દેશનો રાષ્ટ્રપતિ કે પ્રધાનમંત્રી બને છે, ત્યારે આપણને એના ભાગ્યની ઈર્ષા આવે છે. પરંતુ એનું અંતર તો કંઈક જુદું જ અસ્તત્વ ધરાવતું હશે એનો આપણને ક્યાંથી ખ્યાલ રહે? કોઈના અંતરમાં ડોકિયું કરી શકીએ ત્યારે જ આપણને ખબર પડે કે એના અંતરમાં શું છે?

આપણી આસપાસ જીવંત વ્યક્તિ કંઈ સપૂર્ણ સાચું જીવન નથી જીવતી. એમનું અસલી સ્વરૂપ તો કંઈ અલગ જ હશે! જેનો તાગ મેળવવા કે પામવા આપણે અસમર્થ છીએ. એટલે જ આપણે નકલી ચહેરાઓને પણ અસલી ચહેરા માની બેસીએ છીએ ને પોતાના દુઃખમાં એક વધારાના દુઃખનો ઉમેરો કરીએ છીએ. આપણી ભ્રમણા જ આપણને દુનિયામાં વધુ દુઃખી કરે છે.

એક સમયે મારે આણંદ એક મિટીંગમાં જવાનું હતું. જવું જરૂરી હતું. મારા વિસંવાદિત વાતાવરણમાં જવાનો મૂડ નહોતો છતાં ગયા વિના ચાલે એમ નહોતું. સ્ટેશન પર વખતસર પહોંચી ગયો. ટ્રેન આવવાને હજી વાર હતી. રેલ્વેની બંને બાજુ માણસોની ચહલ-પહલ થતી હતી. કોઈ એકલું હતું. કોઈ વાતોમાં મશગૂલ હતું. અહીં કૈંક જાણ્યા-અજાણ્યા ચહેરા મારી આસપાસ હતા. હું જ્યાં ઉભો હતો ત્યાં એક એસ.આર.પી. જવાન સાથે એક ભાઈ ચર્ચા-ગોષ્ટિમાં નિમગ્ન હતા. જનારા પાસે-જઈને ઉભો તો જણાયું કે વાત વ્યક્તિમાં વાસ્તવિક્તા કેટલા પ્રમાણમાં? વિષય પર ચર્ચાતી હતી. હું રસ દાખવી એમાં સામેલ થયો. કોઈ માણસને પૂછીએ કે તમારું વ્યક્તિત્વ ક્યું તો એ શું બતાવશે? જવાને પ્રશ્ન કર્યો.

બસ, એ પોતાની ખાસયિતો દર્શાવવાનો. પોતે કેવો હોંશિયાર છે એનું પાસું આપવા પ્રયાસ કરશે. મતલબ કે એનું એવું પાસું રજૂ કરશે જેમાં એ સારો દેખાવાનો પ્રયાસ કરશે. બાકી બીજું બધું પડતું મૂકશે.

તમારી વાત સાચી છે. એ માણસ જે પ્રગટ કરશે એમાં મોટાભાગનું નકલી સ્વરૂપ બતાવશે. એ ક્યારેય એનું ઉધાર પાસું નહીં બતાવે! જે બતાવશે એ બાહ્યરૂપનું જમા પાસું બતાવશે. કહી જુવાને આગળ કહ્યું કેઃ તમે એનું સાચું વ્યક્તિત્વ કેવી રીતે જાણી શકશો? ત્યાં અચાનક ઘટાધારે આમ્રઘટામાં એકાએક કોયલ ટહુકી ઉઠે એમ સાથે ઉભેલી વ્યક્તિએ કહી દીધુંઃ એના મિત્ર દ્વારા નકલી સ્વરૂપ છે એ જાણવા મળશે. આપણે પણ એવું જ કરીશું. આપણા અસલી-નકલી સ્વરૂપનો સાચો પરિચય તો આપણી નિક્ટમાં રહેલી વ્યક્તિ પાસેથી જ સાંપડી શકે. કેમકે આપણા નિક્ટના સહવાસથી એ

આપણી બાબતો વિષે કૈંક પ્રમાણમાં પરિચિત હશે જ.

મતલબ કે આપણે બધા કરચોરો છીએ. આપણા ચોપડાનું જમા-ઉધાર પાસું એક જ ચોપડામાં નહીં રાખીએ પરંતુ જેમ અસલી આવક-જાવક છુપાવીને સંઘળું ગુપ્ત રાખવા કરચોર વેપારી પ્રયાસ કરે છે, બે નંબરના ચોપડા રાખે છે તેમ આપણે સહુ આપણું જમા-ઉધાર પાસું એક જ ચોપડામાં નહીં રાખતાં બીજા ચોપડાની જેમ ગુપ્ત રાખીશું. કહી મેં માણસની મૂળ આદતની વાત કરી.

આમ આપણે હસતા ચહેરા વચ્ચે ય આપણી વેદનાની છુપાવી રાખીશું. આપણાં આંસુ કોઈ જોઈ ન જાય એ માટે સતત સાવધ રહીશું. આ વૃત્તિ પ્રત્યેક માણસમાં વત્તે-ઓછે અંશે છૂપાયેલી તો છે જ. આપણું અંતર્ગત તત્વથી અન્યને વાકેફ નહીં જ થવા દઈએ. આપણી જાતને છૂપાવવા માંગીશું. કેમ કે એક જાતનો અસલામતીનો ભય આપણને એવું કરવા ફરજ પાડશે. કેમ કે સૌને ગૌરવથી, માનભર્યું ને બને એટલા સારા બનીને જીવવું છે. આ કારણે જ આપણે સત્યથી વેગળા રહીને આપણે એવા ચહેરાઓ બનાવીએ છીએ જે આપણે ખરેખર નથી હોતા. આપણો સ્વ ઢંકાઈ ન જાય એ માટે સતત જાગૃત રહીને જ વર્તાવ, વ્યવહાર કરીશું, કેમ કે આપણો સ્વ ક્યાંક ઢંકાઈ કે દબાઈ ન જાય એનાથી ડરીએ છીએ.

ક્રોધી માણસ શાંત માણસ હોવાનો પ્રયાસ કરે છે. દુષ્ટ માણસો પોતે સજ્જન છે એવી વાતો કરે છે. અત્યાચારી પોતે અત્યાચારી છે એવું ક્યારેય નહીં કહે. ઈર્ષાળુ માણસ, પોતે પ્રેમાળ હોવાનો દાવો લગાવી બેસશે. દીલનો કપટી માણસ પોતાનું કપટ ક્યારેય જાહેર નહીં કરે. હંમેશા એ પોતાની જાતને બચાવવા પ્રયાસ કરશે. ભલાઈ કે મજબૂરીનો દુરપયોગ કરનાર કે વિશ્વાસઘાતી માણસ બહુ જ પ્રેમાળ છે તો વર્તાવ કરી આપણી સાથે રહેશે. જીવશે. કદાચ હશે એ અલ્પ હશે. સચ્ચાઈનો રણકો તો જુજ વ્યક્તિઓમાં જ જોવા મળશે. અને એ તો તેમના વર્તન અને સહવાસ દ્વારા જ આપણને ફલિત થશે.

આમ વિશ્વમાં જે કંઈ છે એ જેટલા સત્ય-સ્વરૂપમાં છે એના કરતા અસત્યના સ્વરૂપમાં વિશેષ હશે. એટલે હકીકત થોડી છે, સ્વપ્નનું પ્રમાણ વધુ છે. નિત્સેની આ ફિલોસોફી જીવનની વાસ્તવિકતા સમજવા કેટલી સહાયક બને છે. આપણા નિજી વ્યક્તિત્વથી પણ આપણે કેટલા અજ્ઞાન છીએ, આપણી જાત પ્રત્યે પણ આપણે કેટલી ભ્રમણા અને છલનામાં જીવીએ છીએ એનું વાસ્તવિક દર્શન કરાવે છે. વાસ્તવિકતાથી આપણે કેટલા દૂર છીએ એનો ખ્યાલ આવે છે.

## ૩૧. સ્વતંત્રતા

સ્વતંત્રતા એક એવી બાબત છે જેને સૌ કોઈ ઝંખે છે. પછી એ સ્વતંત્રતા વ્યક્તિગ હોય કે સામુહિક, માનવી તો ઠીક પરંતુ સૃષ્ટિ પરનાં પશુ-પંખી કે નિમ્નકોટિના જીવો પણ સ્વતંત્રતા ચાહક હોય છે. પરાધિનતા કોઈનેય પસંદ નથી. કુદરતે પણ સૃષ્ટિ સ્વતંત્રતાના મૂલ્યે સર્જી છે. કુદરત રચિત ઘણી બધી બાબત એવી છે કે જે મુક્તતાનો પર્યાય પૂરો પાડે છે. વનશ્રીમાં વિચરતાં હિંસક કે

અહિંસક જીવો, જલરાશિ પર નિર્ભર જીવો કે પૃથ્વીના પટ પર નિર્ભય જીવો કે પૃથ્વીના પટ પર નિર્ભય જીવોને માટે પણ કુદરતે મુક્તતાનો અવસર પૂરો પાડ્યો છે. જીવમાત્રમાં કુદરતે અંતર્ગત ભાવતત્વ એ માટે પ્રેરબ બની રહે છે. આમ તમામ જીવસૃષ્ટિ બંધનરહિત જીવન જીવવાની આકાંક્ષા સેવે છે.

પરંતુઆ બધામાં માનવ એક એવું બુદ્ધિગમ્ય પ્રાણી છે જેણે પોતાના સ્વાર્થ ખાતર અવનવી તરકીબોની અજમાયશ કરીને કોઈને કોઈ પ્રકારનું બંધનનું વર્તુળ રચી પરતંત્રતા ઊભી કરી દીધી છે. પોતાની જ હકૂમત કે આણ વર્તાય અને એનો અધિપતિ સ્વયં હોય એવી પેરવી એણે કરી છે. એટલે જ સૃષ્ટિ પર કૈં કેટલીયે જાતના સવાલો ઉદભવ્યા છે. ક્યારેક પોતે રચેલી જાળમાં જ એ ખુદ કે એની ઓલાદ ફસાઈ પડી છે. એના ઉપાયો છે પણ મોંઘામુલા થઈ પડ્યા છે. જે કેવળ વિનિપાત જ સર્જે છે ! વળી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એની દૂરગામી અસર પણ વર્તાયા વિના રહેતી નથી. વ્યક્તિ માત્રને સ્વતંત્ર રહેવું છે પણ બીજા પર એનો અધિકાર પ્રસ્થાપિત કરવા માગે છે. એટલે તો સર્જાઈ ગઈ સરમુખત્યારશાહી, રાજાશાહી વગેરે. જ્યારે જ્યારે વ્યક્તિ પરના અન્યોન્યના વિવિધ જુલ્મોએ માઝા મૂકી છે અને પરાધિનતા પરાકાષ્ટાએ પહોંચી છે ત્યારે એની સામે સ્વતંત્રતાનો ભાવઅંશ યુદ્ધે ચડ્યો છે જ. ઈતિહાસ એનો સાક્ષી છે.

જ્યારે વ્યક્તિ સ્વતંત્ર હોય છે ત્યારે એનું જીવન શાંત અને સૌમ્ય હોય છે. એના વિકાસની તક ઉજળી તથા આસાન રહે છે. પછી એ વિકાસ ભૌતિક હોય કે આધ્યાત્મિક પણ એ હાંસલ કરી શકે છે. વિશ્વમાં જે જે મહાન વિભૂતિઓ થઈ એમાં કેટલીક વિભૂતિઓએ જીવનના વિકાસ માટે (પછી એ વ્યક્તિગત હોય કે સાર્વત્રિક) જે જે બંધનો આડે આવ્યાં એનો ત્યાગ કર્યો છે. મહાવીર કે બુદ્ધ જેવી આપણા દેશની વિભૂતિઓ કે વિશ્વની અન્ય વિભૂતિઓ આ બાબતમાં ઉત્તમ દ્રષ્ટાંતો છે. બંધનોનો ત્યાગ કર્યો છે અને સ્વતંત્રતા - મુક્તિનો માર્ગ અખત્યાર કર્યો છે. પોતાને માટે અને બીજાઓ માટે પણ ! મધર ટેરેસાએ સંસાર ત્યાગ્યો અને નન (સાધ્વી) બન્યાં. પરંતુ સાધ્વી જીવનાં ય તેમને મઠના બંધનો આડે આવ્યાં. ઉત્કર્ષ માટે નડતરરૂપ એવો પરિવેશ સાપની કાંચળીની જેમ ત્યાગી પોતાનો માર્ગ મોકળો કર્યો. સ્વતંત્ર થયાં ને નવસર્જન કર્યું. જેમાં કલ્યાણકારી તત્ત્વ મહત્તમ બની રહ્યું. સ્વાર્થ ક્ષુદ્ર બની ગયો. ગણવા બેસીએ તો આવા નામી-અનામી કેટલાંય નામ મળી આવે.

સ્વતંત્રતાનો સાચો અર્થ-મૂલ્ય જે વ્યક્તિ આંકી જાણે એ જ આ માર્ગે સાફલ્યને વરી છે. કેવળ નીમ્નસ્તરે એનું માળખું આવૃત્ત રહે તો ક્યારેક એમાંથી ગેરલાભ પણ થાય છે. સામાન્ય જીવનમાં તો સ્વતંત્રતાનો દુરુપયોગ થતો જોવા મળે છે. સ્વતંત્રતા મનમાની  કરવા માટે નથી.એમાં શ્રેય અને પ્રેયનું તત્તવ પણ આવશ્યક છે. જેમાં સર્વનું હિત હોય. દરેકને સમાનપણે જીવવાનો અધિકાર છે છતાં આજે વિશ્વમાં જોઈશું તો કોઈપણ દેશ કે રાષ્ટ્ર એવું નહિ હોય જ્યાં પૂરેપૂરી રીતે આ માળખું જળવાઈ રહ્યું હોય, યેનકેન પ્રકારી વ્યક્તિ પર બંધનો લદાયાં છે કેમ ? એમાં મારી દષ્ટિએ એ બાબતો ધ્યાનમાંઆવે છે (૧) વ્યક્તિનો સ્વાર્થ તથા (૨) વ્યક્તિ સ્વતંત્રતાના નામે મનમાની ન કરી દે. જેથી વિકૃતિ ન સર્જાય તથા એનું માઠું પરિણામ ભોગવવું ના પડે. જો પ્રત્યેક વ્યક્તિ એટલું બરાબર સમજે

અને વર્તે કે મને જેટલો સ્વતંત્ર જીવન જીવવા માટેનો અધિકાર છે એટલો અને એવો અધિકાર બીજાઓને પણ છે જ. માટે મારે મારી સ્વતંત્રતામાં એવી રીતે જીવવું જોઈએ કે જેના દ્વારા અન્યને નુક્શાન  ન થઈ બેસે. મારી સ્વતંત્રતા બીજા માટે બાધક કે અવરોધક ન બની બેસવી જોઈએ. છતાં પણ આજે ઉપર જોયું તેમ કેટલીયે પ્રકારનાં બંધનોમાં વ્યક્તિઓ સબડે છે. બીજાઓની મર્યાદા કે પરવશતાનો ગેરલાભ ઉઠાવી જીવવામાં આખરે નૈતિક્તાનું અધ:પતન જ છે. પણ આજે કોણ એ સમજે છે ? આમ ન બને એ માટે નિયમો-કાયદાઓ ઘડાયા છતાં પરિસ્થિતિ તો બસ વોહી રફ્તાર...!! સમાજમાં જાત જાતના વાડા તથા સંપ્રદકાયોના જે ભેદ સર્જાયા છે એ ન હોત. પુરુષની જેમ જ મુક્તજીવન અધિકાર કુદરતીરીતે જ સ્ત્રીઓ પણ પ્રાપ્ત કરીને જન્મે છે. પણ પુરુષવર્ગની ક્રુર તરાપ દબાવ બનીને એના માથે આજ લગી ઝઝુમી રહી છે. જો કે એમાં સ્ત્રીઓ પણ ઓછી જવાબદાર નથી. સામાજિક ધોરણે રચાયેલ વર્ગો કે ધાર્મિક રીતે ઉદભવેલા વિવિધ વાડાઓ પણ ઉપરોક્ત બાબતનું જ પરિણામ છે આજે ભલે આપણે એને દુર કરવા પ્રયાસ કરીએ પણ જયાં સુધી વ્યક્તિઓમાં આ બાબતની સાચી સમજ નહિ કેળવાય તથા અધિકારોની બાબત વચ્ચે લાવી ‘સ્વ’નો છેદ નહીં ઉડાડી દેવાય ત્યાં લગી આ પ્રકારની વિકૃત્તિઓ આપણી મધ્યે દ્રષ્ટિગોચર થવાની જ.

આપણને મન-લાગણી છે. તેમ બીજાઓને પણ છે. કોઈપણ પ્રકારનું સુખ-દુ:ખ આવે અને એની અસર જેમ આપણને વર્તાય અનુભવાય એમ બીજાઓને પણ અનુભવાય છે એ સ્પષ્ટ સમજવા છતાં આપણે સમય આવ્યે કાચબાની સ્થિતિ ધારણ કરી બેસીએ છીએ. આપણે આ વૃત્તિ-પ્રવૃત્તિનો ત્યાગ કરીશું અને સાચેસાચ સમ્યક દ્રષ્ટિ કેળવીશું તો જ સ્વતંત્રતાનો સાચો અર્થ પામીશું અને સૃષ્ટિ પર સ્વર્ગનું અવતરણ કરી શકીશું. માનવતાની મ્હેંક મ્હેંકાવી શકીશું. વિશ્વને પ્રેમ, શાંતિ અને સલામતીની અનુભૂતિ કરાવી સાર્વત્રિક અને સનાતન કુદરતે દીધી સ્વતંત્રતાની શીતલતાનો સ્પર્શ કરાવી શકીશું.

## ૩૨.   આપણે બીજાને મદદ કરીએ ત્યારે

એક દિવસ મારા એક મિત્રે મારી પાસે આવીને કહ્યું : ‘માણસ બીજાને માટે કૈંક કરે છે ત્યારે એણે કેરલી મદદને એ શા માટે વધુ યાદ રાખતો હશે ? શું આપણે બીજા ઉપર કૈંક ઉપકાર (?) કરીએ - ફરજ અદા કરીએ ત્યારે સદભાવનાથી કરેલી મદદ વડે, મદદ પામનાર વ્યક્તિને દબાવમાં રાખવી સારી વાત છે ?’ પ્રશ્ન સાંભળીને તત્કાલ પૂરતો મેં પ્રત્યુત્તર તો આપી દીધો કે ‘ના’ માણસે બીજા માણસને કરેલી સમય-સંજોગ પ્રમાણેની મદદ યાદ રાખવી ન જોઈએ. કદાચ વ્યક્તિગત સ્વભાવ પ્રમાણે યાદ રહે તો ભલે પરંતુ આપણે કરેલી મદદનો આશરો લઈ ક્યારેય એવું આચરણ ન કરવું જોઈએ કે પેલી વ્યક્તિ સતત હિજરાયા કરે, મદદ પામીને જાણે કે એણે કોઈ મોટો અપરાધ કર્યો હોય એવી દુ:ખદ સ્થિતિમાં એ મૂકાઈ જાય ! તેમાંય સજ્જન માણસ તો ક્યારેય એવું કરતો નથી. એ તો માત્ર પોતાની માણસ તરીકેની, માણસ માટેની સમય-સંજોગ પ્રમાણેની ફરજ હતી. પોતાનું માનવી

તરીકેનું કર્તવ્ય હતુ એ અદા કર્યુ છે. કંઈ જ નવીન નથી કર્યું એટલું જ સમજે છે.' પછી પેલા ભાઈને મેં પૂછયું 'કેમ શી વાત છે ?' ત્યારે મિત્ર પ્રત્યુત્તર વાળ્યો : "આજે મને કોઈની મદદ પામ્યાનો વસવસો થાય છે. અંતરમાં ડંખે છે કે મદદ પામ્યા કરતાં હું મારી મૂળસ્થિતિમાં હોત તો સારું. ખબર નહીં હવે જીવનમાં ક્યાં લગી મારે આ બોજ નીચે દબાયેલા-ક્ચડાયેલા રહેવું પડશે ?"

દુઃખ હતું, સાચું દુઃખ હતું. મદદ પામ્યાનો એનો ડંખ હું જોઈ શક્તો હતો. જો કે મદદ આપનાર વ્યક્તિ પોતે સેવા માટે ગરીબો માટે જીવે છે એવું હંમેશા માનતી હતી. સેવા કાર્ય કર્યાનો ગર્વ ધરતી. વાસ્તવિક્તાનો ખ્યાલ તો એમની મદદ પામીને ઉપકારી થનારને જ આવે. લોકોમાં સેવાભાવી માણસ મનાય. એવી આ વ્યક્તિનો આ વ્યક્તિનો આ બાબતે તો હું પણ કૈંક ઋણી હતો. એટલે ક્યારેક ક્યારેક મેં પણ પેલા મિત્ર જેવો જ અનુભવ કર્યો હતો. એટલે મેં સામો સવાલ કર્યો પણ મદદ પામ્યા પછી શું ? પરંતુ એ ખામોશ રહ્યો. વાતનો દોર આગળ લંબાવતાં મેં કહ્યું : 'ભાઈ ! બંદૂકમાંથી ગોળી નીકળી ગયા પછી કે કમાનમાંથી તીર નીકળી ગયા પછી શું ! એતો વિંધીને જ રહે. ઘાયલ કરે, પરવશ કરે.

ઘણા બધા માણસો હશે જેને આ કડવો અનુભવ થયો હશે. કદાચ તમને પણ થયો હોય ! છતાં આપણે જ ખુદ એને વિસારે પાડી ક્યારેક બીજાને મદદ કર્યાનો ગર્વ લેતાં હોઈએ છીએ અને તક મળ્યે એનો ઉલ્લેખ કરતા રહીએ છીએ. મદદ પામનારને આપણે તેનું ભલુ કર્યું છે એના ભાર નીચે દાબી દઈએ છીએ. એ અમાનુષી આનંદ લુંટીએ છીએ પછી આપણી છાતીને ગજ ગજ ફૂલાવીએ. છીએ. આતો છે આપણા બધાની વાત. સૌની વાત જે આપણામાં રહેલી માણસાઈ માટેનું કાતિલ ઝેર છે એ આપણા શ્રેષ્ઠ વ્યક્તિત્વનો હાસ કરે છે. આપણને મિટાવી દે છે. આપણને પ્રેમીને બદલે સ્વાર્થી ઠરાવે છે. આ વાત વિસારીને આપણે તો જાણે કોઈ મોટો ગઢ જીત્યો ના હોય એવું વલણ-વ્યવહાર દાખવીએ છીએ.

આ લખું છું ત્યારે એક સુંદર વાત યાદઆવે છે. વાત છે સંતજન નસરુદ્દીન પણ કાળજીપૂર્વક ડગ માંડતા માંડતા પસાર થઈ રહ્યા હતા છતાં કમનસીબે તેઓનો પગ લપસ્યો અને સમતોલપણું ગુમાવી બેઠા. પાણીમાં પડે એ પહેલાં જ અચાનક એક માણસે તેમનો હાથ પકડી બચાવી લીધા. પરંતુ વધુ કમનસીબી તોત્યાર પછી જ તઈ. જયારે જયારે પેલો માણસ તેમનેમળતો ત્યારે સીધો કે માર્મિક રીતે કરેલ ઉપકાર યાદ દેવડાવતો. કોઈ સંજોગ એવો જાગે ત્યારે સીધું જ સંભળાવી દેતો : 'કેમ ? તે દિવસે મેં તમને કેવા બચાવી લીધા ? જો હું સમયસર આવ્યો ન હોત તો કંઈક જુદી ન વાત બની જાત. સાચું ને?'

મુલ્લા નસરુદ્દીન. પેલા માણસના વર્તાવથી વાજ આવી ગયા. પરંતુ એક દિવસ જયારે પેલો માણસ નસરુદ્દીનને કંઈક કહેવા જાય છે ત્યાં જ તેનો હાથ પકડીને પેલા તળાવ પાસે લઈ ગયા. અને જે જગ્યાએથી પેલાભાઈએ તમને બચાવ્યા હતા એ સ્થળેથી પાણીમાં ઝંપલાવ્યું. પછી પાણીમાં ઉભા રહીને કહ્યું : 'જુઓ ભાઈ, તે દિવસે તમે મારો હાથ પકડીને બચાવી લીધો ન હોત તો હું ભીંજાઈ ગયો હોત. માટે હવે પછી તું મને ઉગારી લીધાની અને મોતમાંથી બચાવી લીધાની વાતનો કેડી મૂકીશ?

આપણે આજે જે વિકાસ સાધી શક્યા છીએ એતો પરસ્પરના સહકારથી જ સાધી શક્યા છીએ. કેટલોક પ્રત્યક્ષ તો કેટલોક પરોક્ષ સહકાર જો સાંપડતો રહ્યો ન હોત તો આજની કક્ષાએ આપણે છીએ તે ન હોત. જે એક બીજા પર અવલંબિત છે. છતાં એ આપણી આંખે દેખી શકાતો નથી, કેમ કે આપણનજે તો માત્ર એટલો જ ખ્યાલ રહે છે કે આપણે કોને કેટલી મદદ કરી. બીજા માટે કેટલું ભલું કર્યું. માણસ જાતનો ઉત્કર્ષ તો પરસ્પરના સહકારથી મદદથી સર્જાર્યો છે. માણસ તરીકે માણસને માણસ મદદમાં નહીં આવે તો બીજું કોણ આવવાનું છે? આપણે તો માત્ર નિમિત્તરૂપ છીએ. મુખ્ય સૂત્રધાર તો કોઈ અગોચર તત્વ જ છે એનો ખ્યાલ આવતો નથી. માત્ર મેં જ કર્યું છે એવો જ ભાવ મનમાં રમ્યા કરે છે.

આપણી આસપાસ નજર નાખીશું તો ધરતી અને આકાશ વચ્ચે માનવવિહિન અગણ્ય ઉપકારો આપણી ઉપર છવાયેલા છે. જેનો મુખ્ય આધાર માત્ર કૃપા જ છે. સમગ્ર વિશ્વના કેટલાયે અગણિત ઉપકારો આપણા જીવનનો નક્કર પાયો છે. જેના પર આપણા જીવન વિકાસની ઈમારત સર્જાઈ છે. કુદરતનાં તત્વો કોઈપણ જાતની આશા કે અપેક્ષા વિના આપણી વચ્ચે ઉપકારો વરસાવ્યે જાય છે. એનો ગર્વ કુદરતે ક્યારેય ધર્યો નથી. પરંતુ આપણે? આપણે તો ઉપકાર કરીને પણ એના બોજ નીચે બીજાને દફનાવી દઈએ છીએ. તેના વ્યક્તિત્વનું, એના જીવનનું અપમાન કરીએ છીએ, ઉપહાસ કરીએ છીએ.

આપણે આ પોતાના જીવંત શરીરનો જ દાખલો લઈએ તો સમગ્ર દેહના ભિન્ન ભિન્ન અંગો એકબીજાના પૂરક નથી? હાથ ક્યારેય એમ કહેતા નથી કે તમારા માટે મેં આમ કર્યું, પગ ક્યારેય આપણા દેહને ઉપકારવશ બનાવતા નથી. તો પછી શા માટે આપણો વ્યવહાર બીજાઓ પ્રત્યે નઠોર બને છે? કેમ કે માત્ર આપણે આપણો જ વિચાર કરીએ છીએ. આપણા જ વ્યક્તિત્વનો ખાસ ખ્યાલ રાખીએ છીએ. અને બીજાની ઉપેક્ષા સેવીએ છીએ. આપણામાં ઘર કરી બેઠેલી આ ઉદાસીનતા ક્યારે દેશવટો પામશે? અન્યને મદદ કરવા પાછળનો આશય માત્ર એની મુશ્કેલીઓમાંથી એને મુક્ત કરવા માટેનો છે. નહીં કે ઉપકારના ભારણથી એને દાબી દેવા માટે એના વ્યક્તિત્વનો આ રીતે હાસ કરવો એ શું ઉચિત છે? વ્યાજબી છે?'

## ૩૩. મોંસાળની મોંઘેરી મમતા

મારી મા ની મા એટલે કે વા'લી ! નામ પ્રમાણે જ તેના ગુણ અનુભવાય. જોકે મારી મા નું અવસાન થયા પછી તે ક્યારે મારે ગામ કોસિન્દ્રા આવી હશે તે યાદ નથી. પરંતુ પાસેના ગામમાં માસીને ત્યાં આવે ત્યારે જરૂરથી અમને તેડાવે. હોંશનાં ભર્યા અમે ત્રણ ભાઈ-બહેન જઈએ. પોતાની પુત્રીનાં નમાયાં સંતાનોને ભાળી તેનું હૈયું ભરાઈ આવે. જુવાનજોધ દીકરીનું થયેલું મરણ કઈ માનું હૈયું વલોવી ન નાખે ? હું જોઉં તો તેની આંખના ખૂણા ભીના થાય જે પહેરેલા સાળુનાં પાલવથી લૂછી નાખી, અમોને સોડમાં લઈ વ્હાલથી માથે હાથ ફેરવે. 'બેટા' ના મમતાળુ શબ્દ થકી હૈયાના હેતનો દરિયો ઉભરાવે. પછી તો વિવિધ પ્યારભર્યા સવાલો અમારા વિશે, બાપુ વિશે પૂછે. જવાબ સાંભળી

સંતોષ મેળવે.

પાસે માસી બેઠેલાં હોય તેની સાથેય વાત કરી વિશેષ પૂછી લે ને અવારનવાર અમારી સંભાળ લેવા જણાવે. જોકે આટલું વ્હાલ વરસાવતી વાલી 'મારે ઘેર કેમ નથી આવતી ?' પૂછતાં જવાબ દેતી કે 'મામા આવે છે ને ?' પછી રજા પડે ત્યારે મોસાળમાં માસી સાથે કે મામા તેડવા આવે ત્યારે જરૂરથી આવવા આગ્રહ કરે.

મારા નાના એટલે કે મા ના બાપ પાસે જ બેઠેલા હોય. મોટી લાલઘૂમ, બિહામણી લાગે તેવી આંખો, કરડાકી ભર્યો અવાજ. ચહેરો સખત લાગે છતાં હૈયું કૂણું ! માથે ગાંધીબાપુ બાંધતા તેવું ફાળિયું, પોતડી તથા ટૂંકો ઝભ્ભો પહેરે હાથમાં લાકડી રાખે. એટલે તો સ્વજનો અને ગામલોક 'ગાંધી'ના હુલામણા નામથી ઓળખે. નામ પ્રેમાભાઈ રાખેલું તેઓ પણ સોડમાં લેવા અમને બોલાવે. અમે ગભરાતાં ગભરાતાં પાસે જઈએ. સોડમાં લઈ, માથે હાથ ફેરવતા જાય છે ને તે હાથ દ્વારા હૈયાનું હેત વરસાવતા જાય ત્યારે મનમાં રહેલો છૂપો ડર છૂમંતર થઈ જાય.

તેઓ બે દિવસ જેવું રોકાતા ત્યાં લગી અમે પણ સાથે માસીને ત્યાં રહેતાં. રાત્રે અમને મજાની બાળ વાર્તા સંભળાવે. પ્રેમથી ભોજન કરાવે ને રાજી રાખે. ગામમાં માત્ર માટીનું ખોરડું. ખેડવાની જમીન તસુય નહીં. ખેતમજુરી કરીને કે કપાસના જીનમાં જઈને અથવા તો ભઠ્ઠાની ઈંટો પાડવા જતા ને એમ તેમનો જીવનનિર્વાહ ચાલતો. સાદા ને અભાવ વચ્ચેય જીવાતા જીવનમાં બે પૈસા બચાવવાની દાનત. કારણ ઘરમાં દીકરા-દીકરીઓનાં લગ્ન, શીમંત વગેરે કારજ કરવાનાં હોય. ગજા પ્રમાણે દીકરીઓને આપવાની દાનત. ગરીબીની રેખાવાળું કુટુંબ તેમાંય ચાર દીકરા ને ચાર દીકરીઓ પરણાવેલાં ખરાં.

માને મર્યા પછી અમારી સ્થિતિ કંગાળ થઈ જ ગયેલો. વરસાદને વાવાઝોડામાં પંખીનો માળો તૂટી પડેને વૃક્ષ સાથે રહ્યો સહ્યો લટકી રહે તેમ અમારા કુટુંબની હાલત થયેલી. શારીરિક માંદગી આવતાં બાપુજીને અમદાવાદની કેલિકો મિલની નોકરી છોડી વતનના ઘેર આવી જવા લાચાર બનવું પડેલું. પછી તો પ્રસુતિમાં બાનું અવસાન થતાં અવદશાએ આંગણે જ અડ્ડો જમાવી દીધેલો. સર્જનશારની લાલઆંખ થઈ હોય તેમ સીતમ ગુજરવા માંડેલા. બાળવયમાં મિશનરી હોસ્ટેલમાં રહીને ભણવું પડેલું. ગરીબાઈની પણ હદ હોય છે. સાતકોઠાના ચક્રવ્યુહમાં અભિમન્યુ જેમ ફસાઈ ગયેલો તેમ અમારા કુટુંબની દયાજનક પરિસ્થિતિ સર્જાઈ ચૂકેલી.

આવા સંઘર્ષમય જીવનમાં નાના-નાની મળતાં ત્યારે વેરાન રણમાં મીઠી વીરડી ફૂટી નીકળ્યાનું મહેસૂસ થતું. સમય-સંજોગ જાગે ત્યારે અમે મોસાળ જતાં. ખાસ તો ઉનાળાના વિદસો હોય. દૂર કાંઠાગાળાના નાનકડા ગામમાં ટ્રેનમાં જતાં. કઠાણા સ્ટેશનેથી ઉતરી ચાલતાં લોથપોથ થઈ જવાય ત્યારે મામાનું ઘર આવતું. ક્યારેક મામા તેડવા આવે તો થોડું ખભે બેસાડી ઊંચકી લે. ઉનાળાના દિવસોમાં અમે કેરીઓ કે વીણીને ભેગી કરેલી રાયણ પણ સાથે લઈ જતાં કારણકે આ વગે આવાં ફળવૃક્ષ ભાગ્યે જ જોવા મળે. લૂખો-સૂકો રોટલો ખાવા મળતો પણ મામાને ઘેર જવાનો આનંદ ઘણો.

ખાવામાં શું હોય ? શાકભાજીનો ઉનાળાની ઋતુમાં દુકાળ ! ખાસ કરી ડુંગળી-બટાટા, દાળ કે કોડીની (જીવંતી) ભાજી ખાવા મળે. કોઈ જગ્યાએ લગ્ન પ્રસંગ હોય ત્યારે લાડુ સાથે દાળ-ભાત કે અન્ય શાક નિમંત્રણ મળતાં લાવેલાં ખાવા મળે.

સીમ, ખેતરે ફરવાનું ગમતું હોવાથી હું શાક માટે ડોડીની ભાજી વીણવા વાલી સાથે જતો. કહેતો ય ખરો કે : 'અલી મા ! તું તો રોજ ડોડીની ભાજી જ બનાવે છે.' ત્યારે તે કહેતી ય ખરી કે 'બેટા ! તમારા બાજુ જેવું અહીં નહીં કે અવનવું શાક મળે ! મળે તો મોંઘુ મળે વળી પૈસા લાવવા ક્યાંથી ? વળી બધાંને પોં'ચી પણ ન વળાય. ભગવાન જે મેળવી આપે એ ખાઈ લેવું.' જો કે મને દાળમાં નાખીને બનાવેલ ભાજી ગમતી. તેમાં રોટલો મસળીને ખાઈ જતો. પણ ડુંગળીવાળી ભાજી ઓછી ફાવે. એટલે તે ડુંગળી નાખ્યા વગરની ભાજી બનાવતી. ગરીબાઈની જિંદગી છતાં સંતોષભરી જિંદગી. અભાવો વચ્ચે ય મોં મલકાતું જોવા મળે ! સહવાસ, સ્નેહનો સુખસાગર ભીતર બહાર હિલ્લોળાતો દેખાય ! આમને આમ આનંદના એ દિવસો ક્યારે પસાર થઈ જાય તેની ય ખબર ન પડે ! દિવાયની ઘડી આવે ત્યારે કન્યા વિદાય ટાણે મા-બાપ ને કન્યાને જે જુદાઈની પીડા અનુભવાય તેવી વેદના અમારી વચ્ચે અટવાયા કરે.

આજે તો વરસોનાં વા'ણાં વિતી ચૂક્યાં છે. કેટકેટલી વાર સૂરજ-ચાંદને નભનાં નક્ષત્રો ઊગીને આથમી ચૂક્યાં છે. છતાં રોજ એ ઊગે છે ને આથમે છે. કાળના પ્રવાહમાં એ ક્યાંય વહી ગયું. છતાં આજે ય એ સ્મૃતિ તાજી છે.

મા ન હોવાનો અભાવ આમ તો પૂરો થવો અસંભવ છે. છતાં એટલો તો પરિતોષ થતો કે મા નથી પણ માની મા તો છે ને? ક્યારેક વળી અમને તેડીને તેને પિયર તેડી જતી. જયાં મા ના મામાનું વ્હાલ અનુભવવા મળતું. નામ પણ એવું વહાલજી ! ખેતીવાડી ધરાવતું કુટુંબ તેથી ખાવા-પીવા સારું મળતું. ખેતરે જવા મળતું તો. અહીં તો મારા કરતાંય નાનાકડાં બાળકો કે સમોવડિયાં સંબંધમાં મામા-માસી થાય. મને આ બાબતે તાજુબી થતી. વળી મારે નામને બદલે ક્યારેક થતાં સંબંધ મામા કે માસીનો પોકાર કરવો પડતો. આજે પણ એમાંથી જેમને મળું તેમને નામ સાથે મામા કે માસીના સંબંધે જ બોલાવું છું. પછી ભલે ઊંમરમાં નાના હોય !

જો કે મા ની મા કેટલું ભણી હશે એનો અંદાજ બાંધવો મુશ્કેલ છે. કારણકે મારા બાપુજીએ ગામની મિશનરી શાળામાં ધોરણ ચાર સુધીનો અભ્યાસ કરેલો. આ શાળા મેથોડિસ્ટ મંડળી દ્વારા ચાલતી. ખ્રિસ્તીધર્મના શિક્ષણ સાથે અક્ષરજ્ઞાનને ગણિત વગેરે શીખવાડવાતું. જો મારી મા કેટલું ભણી હશે ? તો પછી મારી માની માનું શિક્ષણ કેટલું ? અંદાજ પણ ન લગાવી શકાય. ત્યારે શિક્ષણનું મહત્ત્વ નહીં. વળી ત્યારનો જમાનો પણ બાળલગ્ન અને એવા બીજા રિવાજોમાં માનવાવાળો.

આજે પ્રગતિશીલ ૨૧મી સદી ગણાય છે છતાં મેં કેટલાક એવા સમાજ છે જયાં બાળલગ્ન (કિશોરાવસ્થામાં) થતાં જોયાં છે. અને તેય વળી રંગેચંગે ! પછી ભલેને સરકારી કાયદા-કાનૂન હોય ! તો પછી ત્યારની વાત જ શી કરવી ? સમગ્ર ભારતવર્ષની ત્યારે આજ હાલત હતી. કાયદો હોવા

છતાં આજે ય સતિપ્રથા ક્યાં ખટકી છે ? તેમાંય વળી ધર્મવાળા, રાજકારણવાળા પોતાનો રોટલો શેકવા અનુમોદન આપે જ છેને? ભણ્યા-ગણ્યા લોક પણ મૂંગામંતર બની જાય છે.

માની મા ઓછું ભણેલી અભણ, એ જે હોય તે પણ સહુ સાથે હળીમળીને રહેતી. મલાજો રાખતી, ભોળીને ગામડિયણ કહેવાય છતાં આજનાં ભણ્યાં ને ય ત્રણ ટપલી મારે એવી માણસાઈથી ભરપૂર ! હા, આજે ય મારે કબૂલ કરવું પડે કે ત્યારનાં લોક આજનાં લોક કરતાં વાણીને વર્તનમાં ચઢીયાતા ખરાં. સ્વચ્છંદીને ઉધ્ધતાઈવાળાં જોવા ના મળે. સામાન્ય લોક છતાં અસમાન્ય ગુણોથી ભરપૂર ખરાં. તેમાંનાં આજે કોઈ હયાત નથી. માત્ર હયાત છે મારા સ્મૃતિપેટે તેમનો નિર્મળને નિર્વ્યાજ પ્રેમ ! વ્હાલભર્યાં મલકાતાં મુખડાનું અનુભવેલ નિર્મલ નૂર ! જે મારા અસ્તિત્વની આસપાસ મેઘધનુષી રંગે મઢાઈ ચૂક્યું છે.

## ૩૪. કાગડા વચ્ચે બુલબુલ

આથમણે સૂરજ ઢળી રહ્યો છે. ચકભીલ્લુ રમતાં વરસાદી વાદળો વચ્ચે જાણે તેનેય ઘડીભર નાના બાળકની જેમ રમવાનું મન થઈ આવ્યું હોય તેમ ઘડીકમાં વાદળ પાછળ સંતાઈ જાય છે. તો ઘડીક આછું ઉજાશી સ્મિત ફરકાવતો તેનો ઝગારા મારતો ચહેરો પૃથ્વીવાસીઓને દેખાડતો રહે છે ! થોડા સમય પહેલાં જ આકારથી મોસમનો પહેલો વરસાદ પડ્યો ત્યારે વર્ષાજલ સાથે દોસ્તી બાંધી પૂર્વ દિશામાં સપ્તરંગી મેઘધનુષ રચી પ્રકૃત્તિને અર્પણ કર્યું હતું.

ક્યાંક શ્યામ વાદળને નીજ કિરણ કરે સ્પર્શી રૂપેરી કોરમા ગઈકાલ ઊઠે છે.ક્યારેક સોનેરી રંગે વાદળાંની કોરને શણગારી મૂકે છે. મસ્તીભરી હળુ હળુ હવા લહેરાઈ રહી છે. ઉંચે ગગનમા પવનને ઘોડલો બનાવી તપ્ત ધરાને સૂકીભઠ જોતા પોતાનાં અમૃતવારિથી રસબતર કરવાની ચાહના નજર આવે છે. નૈઋત્યનો મોસમી પવન મારા ખુલ્લા બદનને મઝાથી સ્પર્શી ગેલ કરી રહ્યો છે. વણદેખ્યા ઋજુ સ્પર્શે હર્ષ અનુભવતો હું ગગનની ઓળખ કરી રહ્યો છું. ઘણે દૂર નૈઋુત્ય ખૂણે ચમકતી વીજળી મારી આંખોમાં તેજ ભરી રહી છે.

દૂર ઊભેલાં, અંધારામાં ઓઝલ થવા મથતાં મોરલાનો ટહુકાર જાણે 'મે' આવ, 'મે' આવ નો રણકતો ટંકાર કરી રહ્યો છે. ધીરે ધીરે ઢળ્યે જતી સાંજ વચ્ચે દિવસભર ચણ ચણવા ગયેલાં હોલાં, કબૂતર, પોપટ, બગલાં નીજી પાંખ પ્રસારી રાતભરનો વિશ્રામ કરવા સ્થાનકે જઈ રહ્યાં છે. રોજની જીવનક્રિયાને અનુસરતા કાગડાઓનાં જૂથ કર્કશ રવે ઉડતાં તો ક્યારેક હજી પણ ખોરાક મળી જાય એવી આશા સાથે સિમેન્ટ-કોંક્રિટનાં મકાનોની મુલાકાત લેવાનું ચૂક્તા નથી.

ટોળા વચ્ચેથી વિખૂટા પડી બે કાગ નીચે આવી ઘર ઉપર આવેલા ટી.વી ના એન્ટેના ઉપર અડ્ડો જમાવે છે. નજર નાખું છું તો ત્યાં એક બુલબુલ આજુબાજુ દૃષ્ટિ કરતું બેઠું છે. કાગડાઓ એન્ટેનાના બંને છેડાને કોઈ આક્રમક રાજા, બીજા રાજાનો પ્રદેશ પચાવી પાડે તેમ પોતાની હકુમતમાં પલટાવી દે છે. તોય વચમાં બેઠેલું બુલબુલ નિર્ભય બનીને બેઠું છે ! પણ ક્યાં લગી એ નિર્ભય બની ત્યાં બેસી

રહે ? આખરે તો તે નાનકડું ભોળું પંખીડું જ ને ? કર્કશ બોલી ને આમતેમ ઉડાઉડ કરી પછી બેસતા કાગડા ક્યારે તેને ઝપટમાં લે તે કહેવું મુશ્કેલ. લાગ મળતાં બુલબુલનો શિકાર પણ કરી નાખે ! ને સમજુ બનીને વખત પારખી બુલબુલ ત્યાંથી ઊડી જાય છે. હવે તેનેય ઘરભેગું થવાનું હતું ને ! કાશ ! તેનાં બચ્ચાં રાહ પણ જોતાં હોય.

ઠરીઠામ થઈ, મોજમાં બેઠેલા બીનઉપદ્રવી ભલાં પંખી બુલબુલને આક્રમક, શિકારી કાગડા વચ્ચેનો આ માહોલ હતો. આવો જ માહોલ આ સંસારમા પણ ઘરમાં, સમાજમાં અવશ્ય જોવા મળશે જ. માત્ર પોતાનો જ વિચાર કરીને જીવતાં મનેખ અન્યનો ઝાઝો વિચાર કરતાં જ નથી. જગતનું શ્રેષ્ઠ ગણાતું પ્રાણી મનેખ બુધ્ધિજીવી હોવાથી ઘણુંબધું સમજી શકે છે. વિચારી શકે છે છતાંય આપણે જોઈશું તો ખાસ કરી માનવ કોઈને કોઈ બહાનું આગળ ધરીને નિર્દોષોને પરેશાન કરી દે છે. ક્યારેક જીવવું પણ હરામ કરી મૂકે છે.

યુગોથી જોતા આવ્યા છીએ કે વિના કારણે પોતાના સ્વર્થ ખાતર, સત્તા,, સંપત્તિ કે અન્ય કારણોસર નિર્દોષ મનેખનો જીવ લેતાં પાછીપાની કરી નથી. પછી ધર્મની બાબત હોય, રાજકારણની બાબત હોય, સામાજિક બાબત હોય કે એ સિવાયની બાબત હોય પણ નિર્દોષ માણસો વચ્ચે એણે ત્રાસ ફેલાવ્યો છે. મનેખને તહસ-નહસ કરી દીધો છે. ઈતિહાસ એની સાક્ષી પૂરે છે. દાબી દીધેલી સચ્ચાઈ સમય આવ્યે સમય જ પ્રગટ કરે છે !

આજે, જોઈશું  તો માણસે ઘણો વિકાશ કરેલો જોવા મળે છે. અવનવી વૈજ્ઞાનિક શોધો કરી માનવ જીવનને જીવવા લાયક સુવિધાઓ પૂરી પાડી છે તો એ શોધોનો દુરોપયોગ કરી વિનાશ કરવામાં ઓછો ઉતર્યો નથી ! આવાં હલકટ કૃત્યોથી એ જીવનમાં ખાસ ફેણ્યો નથી. વળી ઉત્તમ કહી શકાય એવું ને જગતને લાભકર્તા બની શકે એવું કંઈ મેળવ્યું નથી. છતાંય માનવીની એ પાશવીવૃત્તિનો અંત આવ્યો નથી.

આજે જોઈશું તો આતંક્વાદે જગતને સખત ઝેરીલો ભરડો લીધો છે. પોતાની જ મતિને પોષવા એણે શેતાનિક રીત-રસમો દાખવી નિર્દોષોનો જીવને જીવન ભયમાં મૂકી દીધાં છે. આતંક્વાદ તો સીધી કે આડક્તરી રીતે સૌ માટે જોખમકારક છે જ. તેમાં કોઈનું ભલું નથી. છતાંય દુનિયાના રાષ્ટ્રો સીધી રીતે કે છાનાછપના તેને ઉત્તેજન આપે જ છે. શામ, દામ, દંડને ભેદભરી કૌટિલ્ય રીતિ વાપરી પોતાનું તે બીજાનું અહિત જ કરે છે.

ઉપર જોયું તેમ આવા કાગડાઓ વચ્ચે બુલબુલ ફસાઈ ગયેલું છે. શહેરમાં કે ગામમાં, સોસાયટીમાં કે ફળિયામાં નજર નાખીશું તો ‘હવનમાં હાડકાં નાખવાની વૃત્તિ’ જરૂરથી જોવા મળશે. કાગડા જેવા ખંધા ને સેજોરી દાખવનારાની રંજાડ સમાજમાં જોવા મળશે જ ! અનિષ્ટ વર્ધક તત્તવો સત્યનો બુરખો પહેરી એક્લો કે જૂથબંધી રચી અસત્યનો આશરો લઈ બેઠા છે. પછી તે ગમે તે ક્ષેત્ર હોય. સત્તા અને સંપત્તિ માટે તો માણસ બેહદ બદતર અને નફ્ફટ બનતો જાય છે. જગતના આમવર્ગ કે સાલસ માણસની કોઈ કિંમત નથી. જાતજાતના વાઘા પહેરી, બહુરુપીનો ખેલ કરતા આવા કાગડા જેવા

માણસ માટે ભગવાનને આપણે એટલું જ પ્રાર્થવું રહ્યું કે '.....સન્મતિ દે ભગવાન !'

## ૩૫. મા ની વિદાય

નવાઈ પામ્યાને ? હજી કન્યાવિદાય હોય તો સમજી શકાય પણ માની વિદાય ? અચંબો પમાડે તેવી વાત સાંભળનાર આપણને ગાંડામાં ખપાવે તેવી વાત. છતાં નથી અચંબો પામવાનું કે નથી હર્ષ પામવા જેવું ! પલકતી પાંપણો વચ્ચે અશ્રુધારા વહેવડાવે તેવી ઘટના છે.

ત્યારે બંધ કાળી સમી મારી સમજણ હતી. બુધ્ધિ ઝાઝું સમજી ન શકે તેવી, મારી બાળપણથી કિશોરવસ્થાના પંથે પગલાં ભરતી અવસ્થા હતી. જ્યોતિષીઓ ભલે આખા મલકનું ભવિષ્ય ભાખતા હોય પણ માણસ ક્યા દિવસે કઈ ઘડીએ જગતમાંથી વિદાય લેશે તે કહી શકશે ? કદાપી નહીં. જ્યોતિષી ખુદ તેની બાબતે પણ સ્પષ્ટતા કરી શકતો નથી ત્યાં અન્યની વાત શી કરવી ? છતાંય થોડો ગાડરિયા પ્રવાહને અટકાવી શકાય છે ? તેનાં શાસ્ત્રો કે રીત-રસમ ગમે તે પ્રકારની હોય છતાં જીવનની ગૂઢતાને કોઈ પામી શક્યું નથી. વાતાવરણને આધારે હવામાનશાસ્ત્રી વરસાદ આવવાનો વર્તારો ભાખે. વરસાદ પડેય ખરો ને ન પણ પડે. કદાચ 'કાગનું બેસવું ને ડાળનું ભાંગવું' કહેવત પ્રમાણે બની જાય તો તેનાં્ લ-નગારાં વગાડે ! મલક આખામાં તેના વિશે ગાજવીજ થાય ! સચચાઈના દાવા મંડાય !

દુનિયામાં એવી ઘણી અકળ બાબતો છે જે કદી પણ કળી શકાતી નથી. રહસ્ય માત્ર રહસ્ય જ રહે છે ! માત્ર અનુમાનો કરાય ને કદી ધાર્યું ન હોય તેવી ઘટના ઓચિંતી થઈ જાય. બાપુજીનો હું એકનો એક લાકડવાયો પુત્ર બાપુજીના જીવનમાં આવેલી અણધારી આફતે શહેરની પ્રખ્યાત મિલની નોકરી છોડી વતન આવી જવા મજબૂર બનવું પડ્યું. હું ગામડા ગામની નાનકડી પ્રાથમિક શાળામાં દાખલ થયો. ભગવાનના ભરોશે જીવનનૈયા હાલક-ડોલક થતી સંસાર સાગરમાં ધપ્યે જતી હતી ત્યાં જ અચાનક આંધિ-તૂફાન ઊઠ્યાં. કસ્તી ડૂબવા લાગી. આકાશમાં ઉડતી સારસ બેલડીને મીઠા રણકારે ટહુકતી જોઈ કોઈ શિકારી બાણ મારે ને સારસી વિંધાયેલ બાણે લોહીથી લથબથ થઈ નીચે ભોંય પર તરફડીયાં મારે ને પછી નિષ્પ્રાણ બની જાય તેવું જ બન્યું. મૃત્યુરૂપી બાણ કોઈ અણદીઠા હાથે વાગતાં જ મારી માએ પ્રાણ છોડ્યાં. પોતાનાં પ્યારાં નાનકડાં બચ્ચાંને છોડી દઈ કઈ માને મરવાનું મન થાય ?! ઘરમાં રડોરાળ થઈ ચૂકી હતી. આજનો સૂરજ, જાણે ઉગવા માગતો જ ન હોય તેમ હજી લાગતું હતું. પ્રભાતનો કૂકડો પણ વનમાં તપ કરતા ઋષિની જેમ મૌન હતો. ઘરમાં માતમનો માહોલ ચક્રવાત વંટોળની જેમ ઘરના ખૂણે ખૂણે ચકાઈ રહ્યો હતો. હજી એમને પરમાત્મા પર વિશ્વાસ હતો. પ્રસુતિના ટાણે મા લાશ બનીને પડી હતી છતાંય રડતી સ્ત્રીઓ વચ્ચે ઉદ્ગાર કાયો. 'ડાં. મોહનલાલ તલાટીને કોઈ તેડી લાવો' દિલમાં બંધાયેલા આશાના તાંતણા હજી અકબંધ હતા. 'માનવ યત્ન ઈશ્વર કૃપા' સમજી કુટુંબનું કોઈક જન પાસેના ગામડામાં જઈ પહોંચ્યું. ઘરમાં ટોળે વળેલી દયાળુ સ્ત્રીઓ રૂંધાતા કંઠે નમાયાં બાળકો તરફ દૃષ્ટિ કરી પ્રભુને પ્રાર્થતી હતી.

‘ભગવાન ! જીવીબેનને જિવાડજે. કોઈ તરફ નહીં તો આ નોંધારા થતાં બાળકોનો તો તું થજે જ,

‘ભગવાન ભલો છે. દુઃખી ગરીબોના પોકાર એ જરૂર સાંભળશે.’ એક ભલી સ્ત્રી બોલી ઉઠી.

‘હા, પાની, તું સાચું કે’છ. પરભુ તો મઢદાંને ય બેઠાં કરે. આપણ ન તો એનો વશવાસ. મનેખ કરી કરીને શું કરવાનો ?! - ત્રીજી સ્ત્રીએ મ્લાન વદને કહ્યું’

‘વશવાસ બઉ મોટી વાત છ બૂન’ બધું ધાર્યું ધણીનું થાય છ. એજ બધાં હારાં વાનાં કરશે’. આશાના તાંતણે ભગવાન ભરોશે બીજી સ્ત્રીએ સૂર પૂરાવ્યો.

ત્યાં તો ફટફટીયાનો અવાજ સંભળાયો. ટોળે વળેલ સ્ત્રીઓ વચ્ચે જેમ જેમ ફળિયાનાં લોકે જાણ્યું ત્યારે આબાલવૃધ્ધ સૌ ટોળામાં વધારો કરવા લાગ્યાં. ડૉક્ટર મોહનલાલ આવી પૂગ્યા ને માની પાસે ગયા જે લાશ બનીને ભોંય પર સૂતી હતી. સૂતેલી માની પાસે બેઠેલાં સૌ આઘાંપાછાં જઈ જઈને ડૉક્ટર મોહનલાલને તપાસવા માટેની મોકળાશ કરી દીધી.

ડૉ. મોહનલાલ ઊંચી પડછંદ કાયા, ત્યારના સમયે વિદેશ જઈને ડૉક્ટરની ડીગ્રી મેળવી ઓલી. માંદુ માણસ એમનો હાથ અડતાં જ અડધું સાજું થઈ જાય એવો લોકોને વિશ્વાસ. એમની કુનેહ સારવારને દવાથી દર્દીને સાજુ થવું જ પડે. પૈસા લે ખરા. પણ સ્થિતિ પ્રમાણે. આજના ડૉક્ટરોની જેમ સારવાર પહેલાં જ પૈસાની વાત ન કરે. દર્દીનો જીવ બચાવવો, માંદાને સાજા કરવા એજ પ્રથમ ધ્યેય. દવા-દારૂ કર્યા પછી જ સલાહ સૂચનો આપે ને પૈસાનું પૂછતાં રકમ જણાવે. સગવડ હોય તો આપે એટલા લે. બીજા બાકી રાખે. આમ એમની ‘પૈસાના પૂજારી’ વિનાની ડૉક્ટરી ચાલતી. ઓછાબોલા, સેવાભાવીને ગરીબોના બેલી બની રહેતા. આજની જેમ સરકારી દવાખાનામાં ય ડૉક્ટરો વિચાર્યા વિના જ પાનખર જેમ વૃક્ષનાં પાંદડાં ખંખેરી નાખી બેહાલ બનાવી દે એવું ત્યારના વૈદ્યો કે ડિગ્રીધારી ડૉક્ટરો કરતા નહીં.

ધીરગંભીર બની ડૉક્ટરે મા નો હાથ પકડી નાડ તપાસવા માંડી ત્યારે જોનારાનાં શ્વાસ પણ ઘડીક થંભી ગયા હતા. આશાભર્યા હૈયે બાપુજી પણ ભીતર પોકારતા હશે : ‘મારી નાડ તમારી હાથ, હરિ સંભાળજો રે’.

વિચારમગ્ન ડૉક્ટર થોડી વારે બોલી ઊઠ્યા : ‘બહેચારભાઈ, તમારી વેદના હું સમજી શકું છું પણ ઈશ્વરની ઈચ્છા મોટી વાત છે. તેનું ધાર્યું જ બધે થાય છે. હું આખરે એક માણસ છું. થાય તે તમામ પ્રયત્નો કરવા એ મારી પવિત્ર ફરજ અને ધર્મ છે. મરતા મારણસને મરવા ન દેતાં અંત લગી તમામ બનતા પ્રયત્ન ડૉક્ટર કરવા જોઈએ એવું દૃઢપણે માનું છું અને ડૉક્ટરનો એજ સાચો ધર્મ છે. માનવતાને મરવા ન દેવાય. પ્રભુની બીક રાખી મેં મારી પવિત્ર ફરજ બજાવી છે. પણ જીવીબાઈમાં જીવ રહ્યો નથી. એ તો પ્રભુ પાસે પહોંચી ગઈ છે.’

અને બાપુજીનો વિશ્વાસ નિઃશ્વાસમાં ફેરવાઈ ગયો. ભેગાં મળેલાં સૌ લોક અવાક બની ગયાં.

પછી બારે મેઘ જેમ ખાંગો થઈને ચોધાર વરસી પડે તેમ સૌ સ્ત્રીઓની આંખ દૃશ્ય જોતાં જ વરસી પડી.

હું ત્યાં જ ઊભો હતો. બધાં બાળકોની જેમ મને ય કશું સમજાતું નહોતું. કદાચ લોકોને હૈયાફાટ રડતાં જોઈ હું રડ્યો હોઈશ. કાચી સમજણનું ખાસ યાદ નથી. ડૉક્ટર ફી કે અન્ય કોઈ વાહનખર્ચ લીધા વિનાજ બાપુજીને દિલાસો આપી ચાલ્યા ગયા હતા.

મને એ પણ યાદ નથી કે આવા દુઃખદ પ્રસંગે સમજાવીને ગામની ભાગોળે કોણ તેડી લાવ્યું ? હા, સૌ બાળભેરુ સાથે બેઠો હતો. આજના બાળકને મરણને અર્થ ઝટ સમજાઈ જાય છે ને તેની બાળમાનસ પર અસર થાય છે તેવી અસર મારા મન-હૃદય પર નહોતી થઈ. સરવર પાળે આવેલો ઘેઘુર વડલો તેની લાંબી વડવાઈ પકડી મને રોજ હીંચવા બોલાવતો એ આજે એક્લો-અટૂલો થઈ ઊભો હતો. આજે સરવરનાં પાણી પણ હલન-ચલન કરવાનું ભૂલી ગયાં હતાં ! રોજ વહેલી સવારે બાપુજી સાથે સીમમાં જઈ આંબાવાડિયામાં રાત્રે વાયરે તૂટી પડેલી કાચી-પાકી કેરીઓ વીણવા વગડો હાંક મારતો આજે ન સંભળાયો. કોઈ કવિ પણ ત્યાં હાજર નહોતો કે જે બાપુજીની વિરહ વેદનાને શબ્દોથી પોતાના કાવ્યમાં મઢી સામાન્ય માનવીની વેદનાને વ્યક્તકરવા જગતમાં કોઈ વાલ્મીકી હોતા નથી ! એની વેદના માત્ર વેદના જ બની રહે છે ! જગતને પણ એની ઝાઝી જાણ થતી નથી.

વાંસની બનાવેલી ઠાઠડીમાં કસોકસ બાંધીને લાવતા ડાઘુઓ જ્યારે મારી નજર સામેથી પસાર થયા ત્યારે કોઈકે મને સાથે તેડી લીધો. મા ને દફનાવતાં જ્યારે મેં જોઈ ત્યારે મારું દિલ હચમચી ઊઠ્યું. ત્યારે કૈંક ભાન થયું કે હવે મા નથી. પણ લોકોએ કેમ આમ કરેયું ? ગગનમાં મોજથી વિહરતા ભોળા કપોપ ઉપર જેમ બાજપક્ષી તરાપ મારે તેમ મરણની ઓચિંતી મારેલી તરાપ વિશે હું અબુધ જેવો હતો !

તમો મા છે ? બચપણમાં તમને ચોંધારા મૂકી માત્ર તમારા પિતાજીના ભરોસે મૂકી ભગવાનનું તેડું આવતાં ઝટ દઈને ચાલી જતી જોઈ છે ? જગતના ઓટલે ત્રિવિધ તાપમાં પછીથી સ્વજન કે પરજન વચ્ચે તડપ્યા છો ? હા, તો મા ની વિરહ વેદના તમે જરૂર સમજી શકશો. કદાચ, એટલે જ પ્રેમાનંદે પોતાના આખ્યાનમાં ગાયું છે કે : 'ગોળ વિના મોળો કંસાર; મા વિના સૂનો સંસાર.'

ત્યારે આશ્રમના છોકરાઓ ગામમાં, આવતા પછી ત્રણ ચાર જણની ટોળકલ બનીની બધે માગવા ગામફળિમાં નીકળી પડતા. ત્યારે તેમના દુઃખીકંઠમાં ગાતાં મેં સાંભળ્યા છે કે : "બાળપણમાં, મા કોઈની મરશો નહીં." લોકો તેમના મા વિહોણા બાળકની જગતમાં કેવી દુર્દશા થાય છે એનું હૃદયદ્રાવક ગીત સાંભળીને હચમચી ઉઠતા. પછી ઘેર જઈને થોડુંઘણું દાણાપાણી કે પૈસા લાવીને આપતા. આશ્રમના અનાથ બનેલા એ છોકરાઓ આશિષો આપી બીજે ગામ માગવા જતા. શક્ય હોય તો રાત્રે ચોકમાં ભેગા મળી કસરતના દાવ કરતા. જેમાં લોખંડના લાંબા સળિયાનો છેડો આંખ પાસે મૂકી બેવડ બનાવી વાળી દેતા. નાનકડી રીંગમાંથી પસાર થતા. પ્રાણાયમની શીખેલી રીત પ્રમાણે કોઈ એક છોકરાને જમીનમાં ખાડો કરી દાટી દેતા. અમુક સમય પછી તેને બહાર કાઢે. પછી જે કંઈ દાનપેટે લોકો આપે તે રકમ મેળવ્યાની પાવતી પણ તેમના વડા તરફથી અપાતી.

'એક સરખા દિવસ કોઈના જાતા નથી.' એવું ગીત કોઈ જૂની નાટક મંડળીમાં સાંભળેલું. ઋતુઓનું ચક્ર બદલાયા કરે છે તેમ માનવીનું જીવનચક્ર પણ બદલાય છે. જગતમાં સુખ-દુઃખનું ચક્ર ચાલ્યા કરે છે. પરિવર્તન તો જગતનિયંતાનો ધારો છે. અગ્નિ જેમ કશું લીલું-સૂકું જોતો નથી પણ માત્ર બાળવાનું, રાખ-ખાક કરવાનું જ જાણે છે તેમ પરિવર્તન પણ કશું લીલું-સૂકું જોતુ નથી. અને એ કામ કરે છે સમય ! જડ-ચેતન તમામને સમયને આધીન થવું જ પડે છે.

આજે મા ની લબિ નજર સામે લટકી રહી છે. જાણે માની મમતાભરી મીઠી દુખાઓ વરસાવતી હોય તેમ મૂંગી આશિષો વરસાવતી અનુભવું છું. દિલમાં ય નિરંતર માની અદીઠ છબિ જડાયેલી છે. કુદતરે વીંઝેલા ક્રુર કોરડાનો ડંખ પણ ભારોભાર છે. માનો ખોળો ખૂંદતા કોઈ બાળકને જોઉં છું ત્યારે ભારોભાર તરસ્યા રહી જવાની પીડા રોમરોમ વ્યથિત કરી મૂકે છે. માની વિદાય ! તાજો ઘા થઈ ઉપસી આવે છે મારા માનસપેટે ! શહેરથી ગામ જાઉં ત્યારે ધરતીના ખોળે પોઢેલી માને મારી બહાવરી નજર ઢૂંઢે છે. પણ માત્ર નજર આવે છે ધરતી માનો વિશાળ-અફાટ ખોળો ! જેમાં આખરે સહુએ સમાઈ જવાનું છે.

## ૩૬. મારા બાપુજી

મારા બાપુજી એટલે જાણે કે ગાતું પંખી ! તેઓ ગમે ત્યાં હોય પણ ચૌકા કર્યા વિના તેમને ચાલે નહીં. યુવાનીમાં વિધુર બન્યા પછી જાણે કે દુઃખને હળવું કરવા કે પછી તેમનો વ્યક્તિગત સ્વભાય હોય, પણ ગાયા વિના ન ચાલે !

પરોઢ થયું નથી કે વનરાજિમાં કે આપણી આસપાસ પંખીડાં તેનો મધુરો કલરવ કરી મૂકે છે. જો આપણે વન-વગડામાં હોઈએ તો, નીરવ વગડામાં આપણને સંભળાય છે માત્ર વિવિધ પ્રકારના પંખીટૌકા ! કર્ણપ્રિય અવનવા અવાજો સાંભળી આપણું મન નાચી ઊઠે છે, ઝૂમી ઊઠે છે. તેમાંય વળી બદલાતી મૌસમ પ્રમાણે તો પંખીના ટૌકાનો મધુરો રવ પણ બદલાતો જણાઈ આવે. વસંતઋતુમાં જેમ કામણગારી કાળી કોયલ આમ્રઘટાકુંજમાં અથવા તો અન્ય કોઈ વૃક્ષ ઉપર ઠાઠમાઠથી બીરાજીને તેના પંચમસૂર રેલાવતી અચૂક સાંભળવા મળે જ ! તો વળી વર્ષાઋતુને હેતભર્યું વધાવતા મોરલાનો મધુરો કેકારવ કેમ કરી ભૂલી શકાય ? વર્ષાનાં અમીછાંટણાં થયાં નથી કે જાણે મોરલાનો કંઠ સળવળ્યો નથી ! જાણે કે વરસાદ માટે ગગનને આહ્‌વાન કરતા, મધુરા મંત્રો સમા એના માધુર્ય છલકાવતો અવાજ દિશાઓને પડઘાવતા જરૂર સંભળાય. સાથે સાથે તેની રળિયામણી પીંછકલા પ્રસારી, થૈ... થૈ... તાલે નાચંતા મયુર આપણી નજર્યુંને નજરાવતા ખચિત અનુભવાય કુદરતી સૌદર્યને આકંઠ લગી ઘટ-ઘટ પી લેવા હૈયું ત્યારે કેટલું આતુર બની જાય છે!

તો વળી શિયાળાની બર્ફીલી મૌસમને કેમ કરી વિસરી મેલાય? ત્યારે તો મોંઘેરાં મહેમાન બનીને આપણે આંગણે ઉતરી આવતાં, વિધ વિધ પરદેશી પ્રવાસી પંખીડાં આપણા દિલમાં કેવો રોમાંચ ખડો કરી દે છે ? તેમા અવનવા વાસંતી રંગો, વિવિધ પ્રકારના મધુરા રવ, તેમનાં કદ અને આકાર

કોને ભલા એકાકાર નથી કરી દેતા ?! હિલ્લોળાતાં, આપણી ધરતીનાં જળાશયો વચ્ચે જાણે રૂપાની ઘંટડીનો રણકાર રણક્તો હોય એવું ક્યો મનુષ્ય અનુભૂતિ ન પામે ?

શું સવાર કે સાંજ કે શું બળબળતો બપોર ! પંખોડાંને તો હર સમય, હર ઋતુ ગાવું જ ગમે. મારા બાપુજી ,પણ એમ જ ! ના ઋતુભાન કે ના સમયભાન. માત્ર પંખીની જેમ ગાવું જાણે. પંખીડાંની જેમ કે સાધુપુરૂષની જેમ તેઓ પરોઢિયે જાગી જાય. પ્રભુસ્મરણનાં ગીતોથી જ તેમની દિનચર્યાનો આરંભ થાય. તેમાં હોય ભજનો, પ્રભાતિયાં કે અન્ય ભક્તિરચના. પણ ભાવથી ગાય. ક્યારેક જાણે કે દિલની છૂપી વેદના ન વ્યક્ત કરતા હોય એવાં ક્વનો કે ગઝલો ગાતા ય સાંભળવા મળે ! ભલે ગમે તે હોય છતાં ગાવું તેમને ખૂબ ગમતું.

ક્યારેક તો તેમને કોઈ નરસિંહ મહેતાની જેમ વાટમાં રોકીને પ્રેમથી આવકારી મનપસંદ ભજન સંભળાવવા અનુગ્રહ કરે તો સામાના મનને રાજી રાખવા ગાઈ લેતા. ત્યારે તો રસ્તે કે ચોકમાં થતી ચહલ-પહલ પણ ઘડીક થંભી જાય. જતાં-આવતાં લોકોને તેમનું ગાયન કે ભજન સાંભળવાનું અચૂક મન થાય જ. ફૂલને જેમ પોતાની ફોરમ ફેલાવીને બીજાને રાજી રાખવાનું મન થાય તેમ મારા બાપુજીને પણ ગીત કે ભજન ગાઈને બીજાને રાજી રાખવું ગમે. ક્યારેક હું તેમની સાથે હોઉં તો મને થોડો સંકોચ થતો પણ મનમાં રાજીપો ય થતો.

મારા એક પાડોશી ભાઈને તો સવારે તેઓ ગાતા ત્યારે ઊંઘમાં ખલેલ પડવાથી ઓછું ગમે. તેની વાત બાપુજીને જણાવે તો હસતાં હસતાં સમુચિત જવાબ આપી દે. પણ તેઓ તો વે'લી સવારનાં ઘમ્મર વલોણાંના નાદ વચ્ચે, દળણાં દળાતી ઘંટીઓના રણક્તા અવાજ સાથે તદ્રુપ થઈ તેમનો કંઠ પણ રણક્યે જાય ! માથે ત્રણ નાનાં બાળકોની જવાબદારી, બોજ બનીને ઊભી હોય. તેમાંય બે પુત્રીઓ તેમને નવડાવી-ધોવડાવી માથાના વાળ હોળવાના હોય, દૂર કૂવેથી દોરડા વડે ખેંચી પાણી ભરી લાવવાનું હોય, ઘરની ઘંટીએ હાથે દળણું દળવાનું હોય, કપડાં ધોવા ગામતળાવે જવાનું હોય, ધૂળીયા ઘરને વાળી ઝૂંડી સાફ કરવાનું હોય ને આમ આવી રોજિંદી ફરજ બનાવી પછી ખેતમજૂરી કરવા કે તમાકુની ખળીમાં વૈતરું કરવા જવાનું હોય. પોતાના ખેતરનું કામકાજ હોય એ અલગ.

આમ, સ્ત્રીકાર્ય તથા પુરૂષ તરીકેના કર્તવ્યની બેવડી જવાબદારી ભગવાને કઠણ દિલના બનીને જાણે કે તેમને સોંપી દીધી ન હોય ?! છતાં હસતે ચહેરે બધું કામ કરતા. ગાતા જાય ને કામ કરતા જાય.

ત્યારે અમારા ખેતરમાં આંબાનું એકેય ઝાડ નહીં. કેરીની મોસમમાં બાળકોને કેરી ખાવાની મળી રહે એટલે ઉનાળામાં વહેલી સવારે જ્યારે અંધારું હોય ત્યારે મને ય જગાડી દે. પછી અમે બેઉ બાપ-દીકરો ખેતરની વાટ પકડીએ. બીજાના ખેતરમાં આવેલાં આંબાવાડિયે પહોંચી જઈએ. રાત્રે પવનથી કે પક્ષીઓ-પશુઓથી વૃક્ષ નીચે પડેલી કાચી-પાકી કેરીઓ વીણી લઈને ભેગી કરીએ. પણ આંબાડાળે લટક્તી કેરીઓ ના પાડે. જો કોઈ ખેતરમાલીક આવા અંધારે આંબા નીચે ફરતા મનેખ ભાળીને પૂછી બેસે : 'અલ્યા, કોણ છો ? તો ઝટ દઈને જવાબ આપી દેતા : એ તો હું, બહેચર.' ત્યારે વૃક્ષમાલીક નિરાંત અનુભવતો કહે : ' ભલે, કારણ ખેતરમાલીકને પાકી હૈયાધારણ કે મારાં વૃક્ષ કે

તેનાં ફળને જફા નહીં પહોંચે.

આમ, તૂટેલી કે સાજી, કાચી-પાકી આંબા નીચે પડેલી કેરીઓ અમે લઈ આવતા. સમય હોય તો મહુડાં તથા રાયણ પણ વીણી લાવતા. જેની ઉજાણી અમે ભાઈ-બહેનો બાપુજી સાથે કરતા. વૃક્ષપ્રેમી હોવાથી પછી તો અમે બંને બાપ-બેટાએ અમારા ખેતર શેઢે આંબા રોપેલા જે આજે તો કેરીઓથી લચી પડે છે. જેનાં મીઠડાં ફળ અમારાં બાળકો તથા અન્ય લોક પણ હોંશથી ખાય છે તે બાપુજીને યાદ કરે છે.

આંગણે આવેલા અભ્યાગતોની સાધુઓ કે માગવા ફરતા તૂરી-તરગાળા કે પછી બ્રાહ્મણો હોય અથવા કોઈ દુઃખી જન હોય તો હરખભેર જે હોય તે ખાવા આપે ને કહે : ‘જે દેહને તે દેવને.’ મતલબ કે આશાથી આંગણે આવેલાને કદી ધુત્કારતા નહીં.

જીવનમાં પોતે દુઃખી એટલે બીજાઓનું દુઃખ પણ સમજે. સામેની વ્યક્તિનું દુઃખ હળવું કરવા સામેથી ચાલીને મદદ કરતા. કોઈપણ દુઃખી વ્યક્તિ હોય પણ પોતાના ભોગે શક્ય હોય તેટલી અચૂક મદદ કરતા. આવો હતો તેમની સેવાભાવી જીવ !

ફૂલો તથા સ્વચ્છતાના તેઓ ભારે શોખીન. કપડાંને ધોઈ, ઈસ્ત્રી કરી હોય, તેમ વાળીને રાખે. પછી અવસર પ્રમાણે પહેરે. પોતાનાં બાળકો ભણે-ગણે ને હોશિંયાર બની સુખી થાય એટલે સમય જતાં અમે ત્રણે ભાઈ-બહેનને મિશનરી છાત્રાલયમાં ને એક બેનને આશ્રમશાળામાં મૂકી દીધેલાં.જેથી સંસ્કારી અને ધાર્મિક ઘડતર થાય. ફી થોડી હતી છતાંય ત્રણેની અલગ અલગ ફી ભરવાનાંય ફાંફાં ! ફી ન ભરી શકવાની સ્થિતિ સર્જાતાં મારે સાતમા ધોરણ પછી ઘેર રહીને ભણવાનો વારો આવ્યો. ત્યારે બે માઈલ દૂર નજીકના શહેરમાં ગામનાં બાળકો સાથે ચાલીને હું ભણવા જતો. આ ક્રમ ધોરણ ૧૧ મા સુધી હાઈસ્કૂલમાં રહેલો.

આ સમયગાળા દરમ્યાન હું બાપુજીના ટેકણ લાકડી સમો થયેલો. હું ભણવાની સાથે રસોઈ કરવી, તળાવે જઈ કપડાં ધોવાં, વાસણ માંજવા, દૂરના કૂવેથી દોરડા વડે પાણી ભરી લાવવું, ઘંટીએ દળવું તથા અનાજ ખાંડવું, છડીને સાફ કરવું વગેરે કામમાં બાપુજીને મદદ કરતો. રજામાં ખેતરના કે ખળીના કામે જતો.

એક નાનકડી નાવડી, અફાટ તોટાની સાગરમાં ઝોલાં ખાતી સફર કરી રહી હોય તેવી બાપુજીની જીવનનૈયા હોંશથી તોફાનો સહી સહીને મંઝિલ ભણી ધપતી રહેતી હતી. ગાતાં ગાતાં પેલી ગીતપંક્તિની જેમ જ

‘ગીત ગાતા ચલ, મુસાફિર ગુનગુનાતા ચલ’

બાપુજીએ તો અમને માતા અને પિતાના બેવડા સ્નેહનું સિંચન કરી ઉછેર કરેલો. આજે પણ હું શહેરથી કુટુંબ સાથે ગામ જાઉં છું ત્યારે ગામલોક મને તેમનું ભીનું સ્મરણ કરાવે છે. ખેતરે જાઉં તો શેઢાનાં આમ્રવૃક્ષોને માટીનાં કણકણ મને જાણે મૂંગા સાદે તેમનું નામ પોકારતા સંભળાય છે.

# સમાજ હિતાર્થે પાંગરેલો પરાગ

રસાથે જોડણીકોશમાં વિચારના આઠ અર્થો અપાયા છે. (૧) મનથી ચિંતવવું તે, મનન (૨) અભિપ્રાય (૩) ઉદ્દેશ, આશય (૪) કલ્પાના, મનસુબો (૫) નિશ્ચય (૬) વિવેક, મર્યાદા (૭) પરિણામનો ખ્યાલ અને (૮) ચિંતા

એ જ રીતે નિબંધના અર્થો અપાયા છે, મુદ્દાસર લેખ. કાયદો - ધારો બંધન, પ્રતિરોધ, બેડી એ લખે તેને નિબંધકાર કહ્યો છે ને એના સ્ત્રીલિંગને નિબંધિકા તરીકે ઓળખાવી છે.

આ અર્થો વિચારીએ તો 'નિબંધ'એટલે પાધચ્છિક વિચાર વિહાર નહીં. પરંતુ વિચારોની સંપૂર્ણ સજ્જતા સાથે ગહન મનન થકી એક નિશ્ચિત ઉદ્દેશને વિવેકતૂલા દ્વારા પરિણામગામી બનાવવો તે.

અંગ્રેજી સાહિત્યમાં લોર્ડ બેકને નિબંધની કેડીકંડારી એમ કહેવાય છે. ત્યારથી માંડી ગુજરાતી સાહિત્યમાં અનોખું પ્રદાન કરનાર આપણા મૂર્ધન્ય સારસ્વત સ્વ.શ્રી ઉમાશંકર જોશી સરીખા અનેક પંડિતપ્રવરોએ 'નિબંધ'ને વ્યાખ્યાયિત કર્યો છે. પરંતુ આ 'નિબંધ' વિષય જ એવો છે કે એ કોઈનોય બાંધ્યો ક્યાંય નથી બંધાયો બલ્કે કાળક્રમે એણે યથેચ્છા વિહારયાત્રા ચાલુ રાખી સાહિત્યજગતમાં અનેરાં ભર્યો સ્થાપિત કર્યા છે.

નિબંધલેખનનાં અનેકવિધ પ્રકારાંતરો છે. અધ્યાત્મને ચિંતવતા ચિંતનાત્મક નિબંધ, ઈતિહાસ સ્થાપત્ય, સંસ્કૃતિને લગતા ગળેણાત્મક નિબંધ, તથા સાહિત્યિક નિબંધ જેમાં પ્રકૃતિ એની લીલાઓ, પ્રવાસવર્ણનો અને ચરિત્ર નિબંધો, સાહિત્યિક ભાષામાં એ લલિતની વિશેષતા પામ્યા છે. ગુજરાતી સાહિત્યમાં સૌથીવધુ લોકપ્રિયતા પામ્યા છે. હાસ્યનિબંધો અને ચરિત્ર નિબંધો આમેય વાચક ગહન-ગંભીર વિશદતાવાળું વાચન ઓછું પસંદ કરે છે.

અંગ્રેજી કેળવણીના અનુસરણમાં આપણે ત્યાં પ્રાથમિકથી માંડી કોલેજકક્ષા સુધીના અભ્યાસક્રમમાં ભાષાઓમાં નિબંધ અનિવાર્યરૂપે શીખવાય છે. મૂળે શિક્ષકો સક્ષમ નહીં હોવાને કારણે ભાષાશિક્ષક હોવા છતાં સાહિત્યનો લગાવ ન હોવાને કારણે આરંભથી જ વિદ્યાર્થીઓ નિબંધ પ્રત્યે નિરસ બની જાય છે. પરિણામે એમનામાં સુષુપ્ત પડેલી મૌલિક સર્જનાત્મકતાના વિકાસ થતો નથી. મારા સાડાચાર દાયકાના શિક્ષક તરીકેના અનુભવથી મેં જોયું છે કે સાહિત્યિક ગતિવિધિઓમાં જીવંત રસ ધરાવતા અને નિત્ય નૂતન વાચનમાં રત રહેતા શિક્ષકો અન્યોની અપેક્ષાએ પોતાના વિદ્યાર્થીઓમાં મૌલિક શક્તિઓનો અદભૂત વિકાસ પણ કરી શક્યા છે ને એમના જીવનરસને વિધાયક બુલન્દી પર લઈ જવામાં સફળ નીવડ્યા છે. મારા વાચકોમાં અનેક ડોક્ટરો, એન્જીનિયરો, વકીલો, ન્યાયધીશો અને ઉધોગવીરો છે. જેઓએ મારો નિકટ પરિચય સાધ્યો છે ને ગૌરવથી સાક્ષી પૂરી છે કે અમને ધાર્યા ધ્યેય હાંસલ કરવામાં અમારા ગુરુજીનો ભાષાશિક્ષકનો અનેરો ફાળો છે. એક સત્ય યાદ રહે : જેની માતૃભાષા ઉત્તમ એના બાકીના સઘળા વિષયો સર્વોત્તમ ! એક શિક્ષણવિદે કહ્યું છે : "હરેક શિક્ષક, પછી તે ગણિતનો હોય કે વિજ્ઞાનનો, ઈતિહાસનો હોય કે અંગ્રેજીનો સર્વ પ્રથમ તે માતૃભાષાનો શિક્ષક છે તેનામુખે અભિવ્યક્ત થતી ભાષા અણિશુધ્ધ તથા પ્રાસાદિક હોવી જ ઘટે !"

આ પ્રસ્તાર મેં એટલા માટે કર્યો કે ભાઈ ફ્રેડરિક ક્રિશ્ચિયનને મેં મારા નીવડેલા શિક્ષકરૂપે પ્રમાણ્યા છે. એ ગરીબીમાં ઉછર્યા છે અને દુ:ખોએ એમને માંજ્યા છે. પરિશ્રમ, હિંમત અને આશા એમના સદાનાં સંગાથી રહ્યા છે પરિણામે વિઘ્નો વળોટીને એ અભ્યાસમાં આગળ ધટ્યા અને પ્રાપ્ત યોગ્યતાથી જીવનને ઉજાગર કરવા એમણે શિક્ષકનો વ્યાસંગ સ્વીકાર્યો. હું પોતે આજીવન શિક્ષક રહ્યો છું. વિદ્યાર્થીઓમાં ઉત્તમ, ચારિત્ર્યનું નિર્માણ કરવા એક જીવંત શિક્ષકે સૌપ્રથમ પોતાની જાતનું સુપેરે ઘડતર કરવું પડે છે. જો તે જાત ઘડતર કરવામાં સફળ થાય તો જ વિદ્યાર્થીઓમાં પડેલા સુષુપ્ત સંસ્કારોનું પરિમાર્જન કરી આદર્શ ચારિત્રય ઘડતર કરી શકે. ફ્રેડરિકભાઈએ આ કર્તવ્યને ધર્મ માની ગ્રહણ કરી નિભાવ્યું - નિહાળ્યું છે. પરિણામે તેઓ વિદ્યાર્થી પ્રીતિ-પ્રતીતિ સંપાદન કરી શક્યા છે.

એક આદર્શ શિક્ષક લેખે ફ્રેડરિકભાઈએ જાતને ઘડવામાં જહેમત કરી છે ને એ માટે ખૂબ વાંચ્યું છે. વાંચન વિશાળ હોવાને કારણે જ એ વિદ્યાર્થીલક્ષી અને વિદ્યાર્થી ઉપયોગી લખવા પ્રવૃત્ત થયા. લેખક કહેવડાવવાના હૈત કે અભરખા પૂરા કરવા તેઓએ કલમ નથી ગ્રહી બલ્કે પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ તથા પોતાના સમાજ સમક્ષ કંઈક વિચાર વસ્તુ કાયમી થાપણ તરીકે મૂકી જવાની ઉત્તમ હેતુથી જ તેમણે આ 'પુષ્પ પરાગ' ના લેખો કર્યા છે. વિષયોની તેમની પસંદગી પરથી જ તેમનો એ હેતુ તથા ખેવના વ્યકત થાય છે.

પાંત્રીસ જેટલાં વિષય વૈવિધ્યવાળાં આ લખાણોમાં ફ્રેડરિકભાઈ એક વિચારવંત માનવલેખે તો ખરા જ, પણ એથીયે આગળ વધીને સમાજચિંતક તરીકે ઉભરી આવ્યા છે. એક શિક્ષકને સૌથી વધુ ચિંતા હોય બાળકોની. અહીં બાળમાનસ બાળમનોવૃત્તિ, બાળમનની ગતિવિધિ વિશેએ ચિંતા-ચિંતનના પરિપાકરૂપે અવતરી આવી છે.

એ જ રીતે આજની યુવાપેઢીને અનુલક્ષીનેય લેખકને આંગળી ચીંધવા જેવી લાગી છે. પારિવારિકને પારસ્પરિક સંબંધો વિશે, પ્રેમ વિશે, નારીના પ્રશ્નો વિશે તેમજ જીવન વ્યાપારો વિશે આ લેખનને ઠીક-ઠીક વિચાર્યુ છે તે પણ દેખાઈ આવે છે.

દેશ-દુનિયા, સમજ અને સ્થળકાળ અંગેની ખેવના કરનારા જયાં સુધી જીવંત રહેશે ત્યાંસુધી આ સંસારમાં લાખ બુરાઈઓ ભલે હોય, સંસાર જીવવા જેઓ લાગશે. આ લેખકમાં વસતો સાચુકલો 'માણસ' આટલી હૈયાધારણ આપે છે એ ઓછા આનંદની વાત નથી.

હું પ્રેમથી ભાઈશ્રી ફ્રેડરિકનું સ્વાગત કરું છું તે મંગલ શુભકામનાઓ વ્યક્ત કરું છું કે, તેઓ સમાજ માટે વિચારોનું આવુ રસાયણ વારંવાર પીરસતા રહે.

આણંદ

તા. ૨૮-૫-૨૦૦૬ - જોસેફ મેકવાન